તમામ દુન્યા માટેના

મહાન પેગમ્બરના

મુબારક ફરમાનો

પ્રસિદ્ધ કર્તા

[illegible]

[illegible] (ગુજ.)

૭૮૬

તમામ દુન્યા

માહેના મહાન

પેગમ્બરના

મુબારક ફરમાનો.

(જે જાણુવા માનવા અને તે મુજબ અમલ કરવાની દરેક ઇનસાન પર ફરજ).

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

અબદુલ્લાહ અલાદીનભાઇ.

અલાદીન બીલ્ડીંગસ—ઑક્ષફર્ડ સ્ટ્રીટ.

સીકંદરાબાદ. (દખન.)

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

ઇસ્વી ૧૯૧૫. હીજરી ૧૩૩૩.

કીંમત. મફત.

અમદાવાદ.

ટંકશાળમાં ધી યુનિયન પ્રિન્ટિંગ પ્રેસ કંપની લિમિટેડમાં
મોતીલાલ શામળદાસે છાપી.

દીબાચો.

બીસમીલ્લા હીર રહમાન નીર રહીમ નહમદહુ નસલ્લે અલા રસુલ અલકરીમ.

કોરાને શરીફ—ખુદાતઆલાના પાક ફરમાનોની અને ઇસ્લામ મઝહબના અહકામોના કીતાબ છે. એ કીતાબમાં ખુદાતઆલાના ફરમાનો ૧૩૦૦ વરસ ઉપર હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.) ઉપર વહી મારફતે નાઝીલ થયા હતા. ત્યારથી એમાં એક કાના માતરનો બી વધારો યા ઘટાડો થયા વીના યા બીજા કશી તરેહના શક વગર સહી સલામત રહેલી કીતાબ છે. જેની અસંખ્ય સાબેતીઓ છે. ખુદાતઆલા ફરમાવે છે જે **"આ તે કીતાબ છે કે જેમાં કોઈ (તરેહનો) શક નથી."** (કુરાન પ્રકરણ ૨+૧) વળી ફરમાવે છે **"બેશક અમે આ ઝીકર (કોરાન) નાઝીલ કરયું છે અને બેશક અમે તેના સંભાળનાર છૈએ"** (કુરાન પ્રકરણ ૧૫×૯). હવે ખુદાતઆલાએ આ કીતાબને કેવી રીતે સંભાલી છે• તેનો જીવતો જાગતો પુરાવો એ છે જે ૧૩૦૦ વરસ દરમ્યાન હમેશાં દુનયાના હરેક નાહના મોહટા શહેરોમાં ખુદાતઆલાએ એવા હાફીઝો પેદા કરયા છે જે તેઓની માદરી ઝબાન અરબી ન હોવા છતાં આખી કીતાબ તેઓને મોહડાપર યાદ હોય છે. અને ઘણાખરા હાફીઝો તો આંધળા હોય છે પણ તેઓની યાદદાસ્ત શક્તિ એવી તીક્ષ્ણ હોય છે જે એક બે વાર સાંભલ્યા પછી હમેશાં તેઓને મોહડે યાદ રહી જાય છે જે સરવેને રોશન છે. અગર આખી દુનયાની સરવે કીતાબોનો નાશ થઈ જાય તો ફક્ત ઇસલામની એ ખુદાઇ કીતાબ સીવાય સરવે નાબુદ થઇ જાય જ્યારે કોરાનેશરીફ દુનીયાના ૪૦ કરોડ ઇસલામીઓમાંથી એવા લાખો હાફીઝો મારફતે એક બી બોલના વધારા યા ગટાડા વગર પાછી આખી અસલી હાલત પ્રમાણે તૈયાર થઇ શકે છે. એ એક ઇસલામનો અને તેના મહાન પેગમ્બર હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.)ની સચાઇ સાબેત કરનારો કયામત સુધી કાયમ રહેનારો મોજેઝો છે. માટે દરેક ઇનસાનને લાઝમ છે કે ખુદાતઆલાના ફરમાનો વાલી એવી પાક કીતાબ પર કશી તરેહનો શક લાવ્યા વગર પુરેપુરો ઇમાન રાખી તેના દરેક ફરમાનને ખરો ચશમથી માન આપી તાબે થવાને, પોતાને બંધાયલો

સમજે. જ્યારે બીજી મઝહબી કીતાબોવાળા પોતાની કીતાબની અસલી ભાશામાં તથા તેના તરજુમામાં વખતો વખત મનગમતા ફેરફાર કરતા રહ્યા છે. તેથીજ ખ્રીસ્તીઓની બાઇબિલ જોશો તો વખતો વખત છપાયલી બાઇબલોમાં ફેરફાર થતોજ આવ્યો છે જ્યારે કોરાનેશરીફ કોઇ બી ઝમાનામાં છપાયલી કીતાબ સાથે સરખાવશો તો હરગીઝ તેમાં એક હરફનો બી ફેરફાર જોવામાં ન આવશે. એ કીતાબમાં કોઇબી ઇનસાનના મતનો દખળજ નથી. તેથીજ એ ખુદાઇ ફરમાનોને આપણને માનવા અને તાબે થવાની ફરજ છે.

ઇનસાન—ખુદાતઆલા ફરમાવે છે જે **"અને મેં નથી પેદા કરયા જીન્નાત અને ઇનસાનોને પણ એટલા માટે કે તેઓ મારી ઈબાદત કરે"** (કુરાન પ્રકરણ ૫૧×૫૬) આ ઉપરથી દરેક ઇનસાને ધ્યાનમાં રાખવું જોઇએ કે ખુદાતઆલાએ તેને ફક્ત દુનયાદારી કામોમાંજ ચકચુર રહેવા ખાતર નહી પણ ખાસ ખુદાતઆલાની ઇબાદત માટે પેદા કરયો છે એની એ મતલબ નથી કે તે નોકરી ધંધો ન કરે, યા સંસાર તજી દઇને જંગલમાં સાધુ થઇ બેસે નહી. તેવી રીત અખત્યાર કરવાની સખત મનાઇ છે. પણ એની મતલબ એ છે જે બંદગીના વખતો મુકરર કરવામાં આવ્યા છે તે તેના વખતોપર બરાબર બજાવવી. અગર તબીયત ઠીક ન હોય તો બેસીને યા લેટીને પણ નેમેલે વખતે તે ફરજ બરાબર અદા કરવી. અગર મુસાફરીએ જવું થયું તો ત્યાં પણ એટલુંજ નહી પણ અગર આપણે લશકરી નોકરીમાં હોઇએ અને લડાઇના મેદાન પર જવું થયું તો ત્યાં બી સગવડ કરી એ ફરજ અદા કરવી મતલબ એ કે જેમ આપણે ખાવા પીવાનું કોઇ પણ ઠેકાણે અને કોઇ પણ હાલતમાં જીંદગી ખતમ થાય ત્યાં સુધી છોડી દેતા નથી તેવીજ રીતે એ બંદગી બી જીંદગીના છેડા સુધી કોઇ બી હાલતમાં તરક કરવી નહી. કેમકે શરીર તથા આત્મા બેઉની આપણને જીંદગીના છેડા સુધી જરૂર છે. એ તો નેમેલા વખતની બાબદ થઇ. એ ઉપરાંત જ્યારે બી કોઇ કામ શરૂ કરો યા ખાઓ, પીઓ, ફરો, હરો વગેરે ત્યારે બી ખુદાનુ નામ લઇ તે કામ શરૂ કરો મતલબ એ કે આપણી દરેક હીલચાલમાં ખુદાતઆલાની યાદ આપણા દીલમાં તાજી રાખવી જોઇએ ઇનસાન એ ફરજ અદા કરે યા ન કરે તેમાં ખુદાને જરાએ લાભ યા નુકસાન નથી. પણ તે પોતાના બંદાનીજ બહેતરી માટે એ કાનુન શીખવવા માગે છે. જેથી ઇનસાનના દીલમાં હમેશાં ખુદાની યાદ રહેવાથી કોઇ બી બુરૂ

કામ તેનાથી ન થવા પામે એ એક તેને લાભ થયો ઉપરાંત પોતાના પેદા કરનાર તરફથી નેમાયેલી ફરજ અદા કરવાનો તેના દીલને સંતોશ મળે છે. અને જે શખસ એ બાબતની ગફલતી કરે છે તેનું દીલ રફતે રફતે સખત થઇ જાય છે તેથી તેનાથી બુરાં કામો થવા પામે છે ઉપરાંત પોતાના પેદા કરનાર તરફથી નેમાયેલી ફરજનો અનાદર કરી પોતાને તેનો ગુનેહગાર ઠેડવે છે. એ બાબેની ઇનસાનોને સમજ આપવા ખુદાતઆલાએ જયારથી આ દુનયા શરૂ કરી છે ત્યારથી પેગમ્બરો મોકલવાનો રીવાજ જારી રાખ્યો છે તેથીજ દુનીયાની દરેક કોમમાં બંદગી વીસેની સખત તાકીદ તેઓના પેગમ્બરો તરફથી ફરમાવવામાં આવી છે.

પેગમ્બર—દુનયાની દરેક કોમનો પેગમ્બર ખુદા તરફથી હોય છે માટે ઇસલામ દરેક કોમના પેગમ્બરને માનવાનો હુકમ ફરમાવે છે. કેમ કે ખુદા ફરમાવે છે જે "**અને નથી કોઈ કોમ પણ તેમાં ચેતવણી આપનાર (પેગમ્બર) પસાર થયો છે** (કુરાન પ્રકરણ ૩૫×૨૪) વલી ફરમાવે છે કે "**અને અમે નથી મોકલ્યો કોઇ પેગમ્બર પણ તે લોકોની ભાષા સાથે કે જેથી તે તેઓને ખુલ્લુ. સમજાવી આપે** (કુરાન પ્રકરણ ૧૪×૪) આ પરથી જણાશે કે દુનયાની જુદી જુદી ભાષાઓ વાલી કોમોમાં ખુદાતઆલા તરફના પેગમ્બરો દુનયાના જુદા જુદા દેશોમાં પસાર થઈ ચુકયા છે. હવે સવાલ એ ઉભો થાય છે કે જયારે જુદી જુદી કોમોમાં ખુદાતઆલા તરફથીજ પેગમ્બરો મોકલવામાં આવ્યા છે ત્યારે દરેક કોમની બંદગી એકમેકથી જુદી હોવાનો શો સબબ ? કોઇ મુરતીઓને પૂજે છે કોઇ સુરજ યા આતશનો સીજદો કરે છે કોઇ વફાત પામેલા પેગમ્બરોનેજ ખુદાના છોકરા બનાવી બેઠા છે શું ત્યારે ખુદાતઆલા તરફના પેગમ્બરોએ તેઓને જુદી જુદી તાલીમ શીખવી હતી ? નહી. હરગીઝ નહી. ખુદાતઆલાએ પોતાના સરવે પેગમ્બરોને એકજ હીદાયત સાથે મોકલ્યા હતા કે એકલા ખુદા સીવાય બીજા કશાની બંદગી કરવી નહી. જેમ કે તે ફરમાવે છે "**અને નથી મોકલ્યો અમોએ પેહલે તારેથી (હઝરત મહમદ (સ) થી) કોઈ પેગમ્બર પણ વહી કરવામાં આવતી હતી તેની તરફ કે ખચીત ખુદા સીવાય તમારો કોઇ પુજય (માબુદ) નથી માટે ઇબાદત કરો તમો મારી (ખુદાની)** (કુરાન પ્રકરણ ૨૧×૨૧). આ ખુદાઇ ફરમાનથી સાબીત થયું કે ખુદાતઆલાએ પોતાના સરવે બંદાઓ

માટે એક સરખીજ હીદાયત આપનારા પેગમ્બરો મોકલ્યા હતા પણ અફ્સોસ કે લોકો રફતે રફતે પોતાના પેગમ્બરોની અસલ તાલીમ ભુલી જઇ તેની પેદા કરેલી ચીજોને પુજવા લાયક સમજી તેમની પરસતીસ કરવા લાગ્યા.

ખુદાની બંદગીમાં ખોટા પુજ્ય—ખુદાતઆલા ફરમાવે છે "**ખચીત ખુદા સીવાય તમો જેની બંદગી કરો છો તે એક માખ બી ઉત્પન્ન કરી શકતા નથી જો કે તે માટે સરવે ભેગા થયા અને અગર તે માખ તેઓ પાસેથી કંઇ છીનવી લઇ જાય તો તેઓ તે મેલવી શકતા નથી**" (કુરાન પ્રકરણ ૨૨×૭૨) વળી ફરમાવે છે "**સુરજ તથા ચંદનો સેજદો કરો નહીં પણ સેજદો કરો ખુદાને જેણે તેઓને પેદા કર્યા છે અગર તમો ખુદાની બંદગી કરનારા હો તો**" (કુરાન પ્રકરણ ૪૧×૩૭) વલી ખુદા ફરમાવે છે "**અને યાહુદીઓએ કહ્યું કે ઓઝાઇર ખુદાનો દીકરો છે અને ખ્રીસ્તીઓએ કહ્યુ કે મસીહ ખુદાનો દીકરો છે આ તેઓના મોહની વાતો છે. જેઓ આગળ કાફર થયા હતા તેઓના શબ્દોને આ લોકોના શબ્દો મળતા આવે છેઃ ખુદા તેઓને લઅનત કરે તેઓ (ખરી બંદગીથી) કેવા ફરી જાય છે. તેઓએ (યાહુદીઓએ અને ખ્રીસ્તીઓએ) પોતાના ધરમ ગુરૂઓ અને આબીદોને અલ્લાહ સીવાય ખુદા તરીકે લીધા છે અને તેમજ મરયમના દીકરા મસીહને પણ; જયારે તેઓને આ સીવાય (બીજો) હુકમ કરવામાં આવ્યો ન હતો કે તેઓ એકલા ખુદાની બંદગી કરે**" (કુરાન પ્રકરણ ૯×૩૦–૩૧) આ પરથી જણાશે કે દરેક કોમના લોકોમાં કેવો ગંભીર બીગાડો થવા પામ્યો છે. તેનું કારણ એ છે જે લોકો ખુદાના અસલ ફરમાનની કીતાબ તપાસવાની દરકાર કરતા નથી જેથી તેઓ આલીમો અને તેઓના ધરમગુરૂઓના હાથમાં શીકાર બની જાય છે જે માટે ખુદા ફરમાવે છે "**ઓ ઇમાનદારો ખરેખર ઘણાખરા ધરમગુરૂઓ અને ઝાહેદો માણસોના માલને અન્યાયથી ખાઈ જાય છે અને તેઓને (માણસોને) ખુદાના (ખરા) રસ્તાથી ફેરવી નાખે છે** (કુરાન પ્રકરણ ૯×૩૪) ખુદાતઆલા હવે યાહુદીઓ અને ખ્રીસ્તીઓ જેઓએ ઓઝાઇર (અ) ને તથા ઇસા (અ) ને ખુદાના દીકરા તરીકે પુકારે છે અને બીજાઓ પોતાના ધરમગુરૂઓને તથા આબીદોને મદદના માટે પુકારે છે અને માનતાઓ કરે છે તે-

ઓના માટે ફરમાવે છે **"અને જેઓ ખુદા સીવાય બીજાને પુકારે છે તેઓ કંઈ પેદા કરી સકતા નથી અને તેઓ પોતેજ પેદા થયલા છે. તેઓ મુએલા છે જીવ વગરના છે અને તેઓ જાણતા નથી કે ક્યારે તેઓને ઉઠાડવામાં આવશે"** (કુરાન પ્રકરણ ૧૬×૨૦–૨૧–૨૨) ખુદાતઆલાની નઝરમાં એ ગુનાહ સૌથી મોટો છે કેમકે જ્યારે તે એક લોજ પુજ્ય અને તમામ જહાનનો પાળનહાર અને મદદગાર છે ત્યારે તેની પેદા કરેલી ચીજો યા ઇનિસાનોને પુજવા લાયક સમજવા યા તેઓની મારફતે મદદની આશા રાખવી એ ખુદાની સાથે તેઓને ભાગ્યો બનાવવું થયું–તે માટે ખુદાતઆલા ફરમાવે છે **"ખચીત ખુદા તેની સાથે બીજાઓને શરીક કરવાનો (ગુનાહ) કદી માફ ન કરશે અને આ સીવાય બીજુ તે જેને ચાહશે તેને માફ કરશે પણ જે કોઇ ખુદાની સાથે કાંઇપણ શરીક કરશે તેણે ઘણો મોટો ગુનાહ ઘડી કાહડયો છે"** (કુરાન પ્રકરણ ૪×૫૧) જેમ કે એક મોટી શહેનશાહતના મહાન શેહનશાહની બાજુમાં તેના એક અદના ગુલામનેબી તેના જેવુંજ માન આપી ભાગીદાર બનાવવો તે એક પળવાર બી સાંખી ન સકે ત્યારે ખુદાતઆલા જે તમામ આસમાન અને ઝમીનનો મહાન શહેનશાહ છે તેની સાથે તેની પેદા કરેલી ચીજો યા ઇનિસાનોને પુજવું કે તેની પાસેથી મદદ ચાહવી તે તે કેમ સાંખે ? અને એ કામ ઘણુંજ ખોટું છે તે વીસે પોતાના બંદાઓને પોતાના દરેક પેગમ્બર મારફતે સખત તાકીદ સાથે ચેતાવ્યું છે અને તે છતાં લોકો તેના હુકમનો અનાદર કરે ત્યારે તેઓ ખુદાની સખત સઝામાં આવી જાય તેમાં કાંઈ નવાઈ છે ? જે માટે ખુદા ફરમાવે છે **" અને ખચીત એની પેહલે અમે તને (હઝરત મહમદ (સ૦ ને) તથા જેઓ કે તારી પેહલે હતા (તે પેગમ્બરોને) વહી કરી હતી જે ખચીત તું ખુદા સાથે કાંઇ પણ જોડશે (શરીક કરશે) તો તારા (નેક) અમલો ખચીત ફોકટ જશે અને ખચીત તું (આખરતમાં) નુકસાન ઉપાડનારાઓમાંનો થશે** (કુરાન પ્રકરણ ૩૯×૬૫) (શીરકના ગુનાહ વીસે વધુ વીગત જાણવા આ કીતાબનો ૯ મો પ્રકરણ જુઓ)

આ પરથી જણાશે કે ખુદાતઆલાના પેગમ્બરોએ પોતાની દરેક કોમને ફક્ત એકલા ખુદાનીજ બંદગી કરવા, તેને એકલાનેજ પુજ્ય સમજવા, અને તેના એકલાથીજ મદદ માગવાનો એક સાદો મઝહબ શીખાવ્યો હતો છતાં

તે કોમોએ રફતે રફતે પોતાના પેગમ્બરની અસલ તાલીમ ભુલી જઈમુર-તીઓને સુરજને આતશને પેગમ્બરોને ધરમગુરૂઓને વલીઓને આબીદોને ખુદાતઆલાની ઝાતમાં સીફાતમાં તથા ઈબાદતમાં શરીક કરવા લાગ્યા. અને એ મુજબ ખુદાના એક સાદા મઝહબના જુદી જુદી રસમોના મઝહબો બનાવી પોતાને અસંખ્ય કોમો અને ફીરકાઓમાં વેહેચી નાખી ખુશાલ બેઠા છે. જે માટે ખુદા ફરમાવે છે **"અને ખરેખર તમારો આ મઝહબ એકજ મઝહબ છે અને હું તમારો પરવરદીગાર છું માટે તમો મારાથી ડરો પણ તેઓએ એ કામના પોતા દરમ્યાન કટકા કર્યા ને દરેક કોમ પોતે જે કીધુ તેમાં ખુશ છે"** (કુરાન પ્રકરણ ૨૩+૫૪–૫૫)

પેગમબરોનો ઇનકાર—હવે લોકોને એ ખરાબીમાંથી બચાવવા અને તેઓને પાછા પોતાના એકજ મઝહબમાં લઈ આવવા ખુદાતઆલાએ એક પછી એક પેગમ્બરો મોકલવાનું ચાલુ રાખ્યું પણ દુનયાનો મોટો ભાગ દુનયાદારીમાં ચકચુર હોવાથી તેઓને માનતા નહી એટલુંજ નહી પણ તેઓની મશકરી કરી હસી કાહડતા સબબ તેઓમાં પોતાના વડવાઓથી ઉતરી આવેલી ખોટી રસમોનો મઝહબ જડ ઘાલી બેસી ગયો હતો અને તેઓ તેનેજ ખરો મઝહબ સમજવા શીખ્યા હતા તેથી ખુદા તરફનો પેગમ્બર જ્યારે બી તેઓને ખરો મઝહબ સમજાવવા આવતો તો તેઓ તેનો ઇનકાર કરતા જે માટે ખુદા ફરમાવે છે **"પછી અમે અમારા પેગમ્બરો એક પછી એક મોકલ્યા પણ જ્યારે બી લોકો પાસે તેઓનો પેગમ્બર આવતો તેઓ તેને માનવાનો ઇનકાર કરતા** (કુરાન પ્રકરણ ૨૩×૪૬) વળી ફરમાવે છે **"અમે તારી (હઝરત મહમદ (સ) ની અગાઉ પ્રાચીન (અસલી) કોમોમાં પેગમ્બરો મોકલ્યા પણ જ્યારે બી તેઓ પાસે કોઇ પેગમ્બર આવતો તો તેઓ તેની મશકેરી કરી હસી કાહડતા** (કુરાન પ્રકરણ ૧૫+૧૦) વલી ફરમાવે છે **"એવી રીતે તારી (હઝરત મહમદ (સ) ની) અગાઉ એવો કોઈ મુલક નથી કે જેમાં અમોએ ચેતવણી આપનાર ન મોકલ્યો હોય પણ તેઓમાંના મોટેરાઓ કહેતા જે બેશક અમે અમારા પીતાઓને એક મઝહબપર અમલ કરતા જોયા છે અને બેશક અમે તેઓનેજ પગલે ચાલીશું** (કુરાન પ્રકરણ ૪૩×૨૩) જ્યારે ખુદાતઆલાનુ ફરમાન એ છે જે **"અને અમે કોઇ પેગમ્બર નથી મોકલતા પણ એટલા માટે કે**

ખુદાના હુકમથી તેને તાબે થવામાં આવે (કુરાન પ્રકરણ ૪×૬૭) એ તો દેખીતું જ છે કે કોઇ પાદશાહ પોતાના તાબા હેઠળની પ્રજામાં પોતાનો વાઇસરાય એટલા માટે જ મોકલે છે કે લોકો તેને તાબે થાય. પ્રજાની તાકાત નથી કે તે વાઇસરાયને માનવાનો ઇનિકાર કરે યા તેની મશકેરી કરી તેને હસી કાહડે યા એમ કહે જે "અમો અમારા વડવાઓને તેઓના ઝમાનામાં આવેલા વાઇસરાયના કાનુન મુજબ અમલ કરતા જોયા છે માટે અમો બી તેઓનેજ પગલે ચાલી તેઓના ઝમાનાના વાઇસરાયના કાનુન મુજબ અમલ કરીશું. માટે અમો તમોને યા તમારા કાનુનને માનવાનો ઇનિકાર કરયે છીએ."

એવી કોઇ ચાલ દુનયાદારી પાદશાહના વાઇસરાય સાથે ચલાવે તો તે રાજ્ય સામેનો ફીતુરી ઠડે અને તેના બીજા ગમે તેવા સારા કામો હોય છતાં સરકાર તેની દરકાર કરયા વગર કાયદામાં જણાવેલી વધુમાં વધુ ફાંસી સુધીની સજા ફરમાવે છે. કેમકે જ્યારે વાઇસરાયને માનવાનોજ ઇનકાર કરવામાં આવે તો તે પાદશાહનો રાજ્ય કારોબાર ચાલીજ કેમ સકે? અને તેમજ એ કહેવું બી કેટલું ખોટું છે કે અમારા પીતાની વખતમાં ફલાણા વાઇસરાય હતા, માટે અમો બી તેજ વાઇસરાયના કાનુન મુજબ ચાલીશું! તેવીજ રીતે ખુદાતઆલા તરફના પેગમ્બરોને લોકો માનવાને ઇનકાર કરી બેસે તો ખુદાતઆલાનો ખરો મઝહબ કેમ જાહેર થાય? પણ જેવી રીતે અત્રેના વાઇસરાયને માનવાને ઇનકાર કરવામાં આવે કે તરતજ તેને સજા કરવામાં આવે છે તેવીજ રીતે ખુદાતઆલા તરફથી તેને તરત સજા થતી નથી. ખુદાતઆલા ઘણો દયાલુ હોવાથી ઇનસાનની જીંદગી સુધી તેને મોહલત આપી છે. અને ઇનસાનને દુનયામાં એક અજમાયશ સારૂ મોકલવામાં આવ્યો છે જેથી એ ખુદાતઆલાના ફરમાનોને કેવી રીતે માન આપી તાબે થાય છે યા કેવી રીતે ઇનકાર કરી તેનો નાફરમાન થાય છે તે મુજબનો તેને આખેરતમાં બદલો મળશે: જેમકે ખુદાતઆલા ફરમાવે છે **"અને જે લોકોએ ઇનકાર કરયું છે તેઓ વાસ્તે જંહનમની આગ છે (ત્યાં તેઓને) મોત નથી કે તેઓ (અઝાબથી બચવા) મરી જાય અને (તેમ) તેઓ પરથી અઝાબ ઓછો કરવામાં ન આવશે અમો દરેક ઇનકાર કરનારાને એવોજ બદલો આપ્યે છીએ અને તેઓ (દોઝખમા) રડીને પુકારશે, કે અએ અમારા રબ તું અમોને બાહેર કાઢ કે અમે નેક અમલ કરયે (આગળ) અમલ કરયા**

હતા તેવા નહી. (ખુદાતઆલા તરફથી જવાબ મળશે) શું (મેં તમોને પુરતી) ઉમર ન આપી હતી કે જે કોઈ નસીહત લેવા ચાહતે તો લઇ સકતે ને તમારી પાસે ચેતવણી આપનારો આવ્યો (તેને માની લેતે) માટે તમો અઝાબ ચાખો." (કુરાન પ્રકરણ ૩૫×૩૫)

આ ઉપરથી જણાશે કે જેવી રીતે દુનયાદારી પાદશાહના વાઇસરોયનો ઇનકાર કરવાથી કાયદા માંહેલી સખતમાં સખત ફાંસીની સજા ફરમાવવામાં આવે છે તેવીજ રીતે ખુદાતઆલાના પેગમ્બરનો ઇનકાર કરનારાને સખતમાં સખત નીરંતર દોઝખમાં રહેવાની સજા ફરમાવવામાં આવે છે.

કેમકે ખુદાતઆલાએ જ્યારથી દુનયા શરૂ કરી ત્યારથી પેગમ્બરો મોકલવાનો રીવાજ જારી રાખ્યો ને તેવા પેગમબરોને ઇનકાર કરનારાઓને સખત આગની સજા થશે તે બી જાહેર કરી દીધું જેમ કે તે ફરમાવે છે.

" ઓ આદમના છોકરાંઓ જ્યારે તમારી પાસે તમારામાંથી પેગમ્બરો આવે કે જેઓ તમને મારા ફરમાનો બયાન કરે ત્યારે જેણે પરહેઝગારી કરી અને પોતાના કામ સુધારયા તેઓને કંઇ ધાસ્તી નથી અને તેઓ દલગીર થશે નહી પણ જેઓએ અમારા ફરમાનોને (નીશાનીઓને) જુઠા કહયા અને મગરૂરી બતાવીને તેનાથી મોંહ ફેરવ્યું છે તેઓ આગમાં રહેનારા છે તેઓ તેમાં સદાકાળ રહેનારા છે (કુરાન પ્રકરણ ૭×૩૫–૩૬).

આ મુજબ આગલા ઝમાના લોકો જેઓએ પોતાના ઝમાનામાં આવેલા ખુદાતાલાના પ્રતીનીધીને માનવાને ઇનકાર કરયો તેઓના ઉપર મુજબના હાલ થશે. કેમકે ખુદાતઆલા પોતાના કાયદામાં કદી ફેરફાર કરતો નથી. જેની ખાત્રી તેના પોતાના બોલોમાં એ છે જે " ખુદાના **શબ્દોમાં કંઈ ફેરફાર થશેજ નહીં** (કુરાન પ્રકરણ ૧૦×૬૩) **"અને તું કદી ખુદાના નીયમમાં કંઇ અદલબદલ જોઇશ નહીં"** (કુરાન પ્રકરણ ૩૫×૪૨).

ઇસલામ–ખુદાતાલાએ પોતાના સરવે બંદાઓને પાછા એકજ મઝહબમાં લાવવા સારૂ ૧૩૦૦ વરસ ઉપર હઝરત મહમદ મુસતફા (સ.અ.સ.) ને તમામ દુનયા માટેના પેગમબર નેમી ઇસલામ મઝહબ તમામ આદમ જાત માટે મુકરર કરયો. જે માટે ખુદાતઆલા ફરમાવે છે **" મેં આજે**

તમારો મઝહબ તમારા સારૂ પુરો કરયો છે અને મારી મહેરબાનીઓ તમારી પર ઉતારી છે અને હું તમારા સારૂ ઇસલામ મઝહબ પસંદ કરૂં છું" (કુરાન પ્રકરણ ૫×૫) વળી ફરમાવે છે **"અને જે કોઇ ઇસલામ સીવાય બીજા કોઇ મઝહબ પ્રમાણે ચાલશે તો તેની પાસેથી તે કબુલ કરવામાં આવશે નહી અને તે (આખેરતની) આવતી ઝીંદગીમાં નુકસાન ખમનારાઓમાંનો થશે."** (કુરાન પ્રકરણ ૩×૭૯).

ઇસલામ શબ્દ એક મઝહબી નામ તરીકે મશહુર છે પણ તેનો ખરો અર્થ કોઇ દીકશનરીમાં બી જોશો તો જણાશે જે તે " ખુદાતઆલાનો મરજીને પુરેપુરી રીતે આધીન થવું " છે. કોઇ બી ઇનસાનને ખુદા તઆલાની મરજીને આધીન થવાનો મઝહબ અખત્યાર કરવામાં શું વાંધો છે ? દરેક મઝહબવાળાની મકસદ એજ હોય છે કે ખુદાની મરજીને આધીન થવું, તો ખુદાતઆલાના આ ખુલ્લો ફરમાન મોજુદ છે તેને માન આપો ને તાબે થાઓ. અગર કોઇને હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.) તમામ દુનયા માટેના પેગમ્બર છે તે વીસે શક હોય તો તે વીસે ખુદાતઆલાના ફરમાનો નીચે મુજબ છે.

હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.) તમામ દુનયા માટેના પેગમ્બર છે તે વીસે ખુદાતઆલાના ફરમાનો.

(૧) **"(ઓ મહમદ તું) કહે ઓ તમો લોકો હું ખુદાતઆલા તરફથી તમો સરવે માટે પેગમ્બર છુ"** (કુરાન પ્રકરણ ૭×૧૫૬).

(૨) **"(ઓ મહમદ) તું ફકત એક ચેતવણી આપનાર છે અને દરેક કોમ માટેનો હીદાયત કરનાર છે. "** (કુરાન પ્રકરણ ૧૩×૮)

(૩) **"(ઓ મહમદ) અને અમે તને નથી મોકલ્યો પણ (એટલા માટે કે તું) આખી દુનયાના સારૂ રહેમત થાય** (કુરાન પ્રકરણ ૨૧×૧૦૭.)

(૪) **"(ઓ મહમદ તું કહે) અને આ કોરાન મારા પર નાઝીલ થયું છે કે જેથી હું તમોને તથા જેઓને આ પહોચે તેઓને ચેતવણી આપું.** (કુરાન પ્રકરણ ૬×૧૪.)

(૫) "મુબારક છે તે (ખુદા) જેણે પોતાના બંદા (પેગમ્બર હઝરત મહમદ (સ)) પર કોરાન ઉતારયો છે કે જેથી એ સરવે દુનયાને ચેતવણી આપનાર થાય." (કુરાન પ્રકરણ ૨૫×૧)

(૬) અને અમે તને નથી મોકલ્યો (ઓ મહમદ) પણ સામાન્ય રીતે તમામ માણસ જાતને એક ખુશખબર આપનારને ચેતવણી આપનાર પેગામચી તરીકે પણ ઘણાખરા લોકો તે સમજતા નથી (કુરાન પ્રકરણ ૩૪×૨૭).

(૭) ખચીત આ ફકત સરવે આલમો (તમામ પ્રજા) સારૂ એક ચેતવણી છે (કુરાને પ્રકરણ ૮૧×૨૭)

(૮) અને (ખુદા) તે છે જેણે તેના પેગમ્બર (હઝરત મહમદ (સ))ને હીદાયત સાથે સચાઇના મઝહબ સાથે મોકલ્યો છે કે જેથી તે સરવે મઝહબો ઉપર સર્વોપરી કરે અને ખુદા શાક્ષી તરીકે બસ છે. (કુરાન પ્રકરણ ૪૮×૨૮.)

ઉમેદ છે જે ઉપલા ખુદાઇ ફરમાનોથી કોઇબી શખસ આસાનીથી સમજી સકશે કે બેશક **હઝરત મહમદ મુસતફા (સ. અ. સ) આખી દુનયા માટે ખુદાતઆલા તરફથી નેમાયલા એક મહાન પેગમ્બર** છે. અને ખુદા તઆલાએ એબી જાહેર કરી દીધું છે જે ઇસલામ મારો તમામ દુનયા માટે પસંદ કરેલો અને મુકરર કરેલો મઝહબ છે અને તેથી કોઇ **બી ઇનસાન ઇસલામ સીવાય બીજા કોઇ મઝહબ પર ચાલશે તે આખેરતમાં સઝા પામશે.**

ગેર ઈસલામીઓ પર અજમાયશ—જેવી રીતે ખુદા તઆલાએ આગલા ઝમાનાના લોકો પાસે પોતાના પેગમ્બર મોકલી તેઓ તેને માને છે યા નહી તેની અજમાયશ લીધી તેવીજ રીતે તમામ ગેર ઇસલામી કોમ ઉપર હઝરત મહમદ (સ) ને માની ઇસલામ કબુલવાની અજમાયશ મુકવામાં આવી છે અને જેવી રીતે આગલા ઝમાનાના લોકો પોતાના વડવાઓથી ઉતરી આવેલા ખોટી રસમોના મઝહબને સાચો મઝહબ સમજી તે પરજ ચીટકી બેઠા હતા ને ખુદાના નવા આવનારા પેગમ્બરને તાબે થઇ તેના ફીરકામાં શામીલ થવાનો ઇનકાર કરતા હતા તેવીજ રીતે તમામ ગેર

ઇસલામી કોમા બી તેજ કારણસર હઝરત મહમદ (સ) ને તમામ દુનયા માટેના પેગમ્બર તરીકે માનવાનો ઇનકાર કરે છે અને તેથી ઇસલામ મઝહબમાં દાખલ થતા નથી જ્યારે ખુદા તઆલાના એ વીસે કેવા ખુલા ફરમાનો છે તે ઉપર જણાવેલા ખુદાઈ ફરમાનોથી હર કોઇને રોશન થઈ સકાશે. જ્યારે ખુદાતઆલા ને ઇસલામ સીવાય બીજો કોઈ મઝહબ મંજુર જ નથી ત્યારે હરેક ઇનસાનને લાઝમ છે કે પોતાના પેદા કરનારના એ હુકમને તાબે થાય પણ લોકોને પોતાની કોમના વડવાઓનો ડર ઘણો મોટો હોય છે પણ દરેક શખસે ધ્યાન રાખવું જોઇએ જે મુઆ બાદ તેને ખુદા સાથેજ કામ છે વડવાઓ કોઈ કામ આવનાર નથી. માટે આ ચાર દાહડાની દુનયા સારૂ પોતાને અંત વગરના અઝાબ અને પસ્તાવાથી બચાવે જેમકે ખુદા તઆલા ફરમાવે છે **"બચીત ખુદા ઇમાન ન લાવનારાઓ પર લાનત કરી છે અને તેઓ સારૂ ઢગઢગતી આગ તૈયાર કરી છે જ્યાં તેઓ હમેશાં ને હમેશાં રહેશે. તેઓને ત્યાં પોતાનો કોઇ મુરબી યા મદદગાર ન મળશે અને તે (કયામતના) દીવસે તેઓના ચેહરા આગમાં ચોળાશે જ્યારે તેઓ કેહશે અરે કેવું સારૂ થતે કે અમે ખુદાને અને તેના(મુકરર કરેલા) પેગમ્બરને માની લેતે અને તેઓ કહેશે ઓ અમારા પરવર દીગાર બચીત અમે અમારાઅકાબરો અને વડવાઓના તાબે રહયા અને તેઓ અમને આડે મારગે દોરવી લઇ ગયા.** (કુરાન પ્રકરણ ૩૩×૬૪)

જેવી રીતે પાદશાહના પ્રતીનીધી યા વાઇસરાયને માનવુ યા ઈનકાર કરવું તે ખુદ પાદશાહને માન્યા યા ઇનકાર કરવા બરાબર છે તેવીજ રીતે ખુદાનાતઆલા પ્રતીનીધી યા પેગમ્બરને માનવું યા ઇનકાર કરવું તે ખુદ ખુદાતઆલા ને માનવા યા ઇનકાર કરવા બરાબર છે જેની સાબેતી માટે ખુદાતઆલા ફરમાવે છે **"જે કોઇએ પેગમ્બરની તાબેદારી કીધી તેણે ખુદાની તાબેદારો કીધી"** (કુરાન પ્રકરણ ૪×૮૨)

તેજ મુજબ પાદશાહના પ્રતીનીધીને સ્વીકારવા એ બહાનુ કહાડવું કે અમારા વડવાઓના વખતમાં ફલાણા વાઇસરાય હતા તેનેજ અમે પણ માનતા રહીશું એ કહેવું પાદશાહ હરગીઝ સાંખી ન સકે તેવીજ રીતે ખુદા તઆલાના પ્રતીનીધીને ન સ્વીકારવા એ બહાનુ કહાડવું કે અમારા વડવાઓના વખતમાં ફલાણા પેગમ્બર હતા તેનેજ અમે પણ માનતા રહીશું

બીજા નવાની અમને જરૂર નથી તે ખુદા તઆલા હરગીઝ સાંખી ન સકે. અને તેજ મુજબ જેવી રીતે પાદશાહ પોતાની તમામ પ્રજાને વખતને અનુસરતા પોતાની મરજી મુજબ એકજ રાજ્યકાનુન મુજબ ચલાવવાનો એખત્યાર રાખે છે અને પ્રજા તેને તાબે થવા બંધાયલીજ છે તેવીજ રીતે ખુદા તઆલા પોતાના તમામ બંદાઓના માટે પોતાનો એકજ પસંદ કરેલો ઇસલામ મઝહબ મુકરર કરવાનો એખત્યાર રાખે છે અને તેના તમામ બંદાઓ તેને તાબે થવા બંધાયલા છે. અને તેજ મુજબ પાદશાહના વાઇસરાયને માનવાનો ઇનકાર કરવો તે રાજ્ય સામે ફીતુર છે અને તેની ફાંસી સુધીની સખત સજા છે તેવીજ રીતે ખુદા તઆલાના પેગમ્બરને માનવાનો ઇનકાર કરવો તે કુફરનો સખત ગુનાહ છે અને તે માટે નીરંતર દોઝખમાં રહેવાની સજા છે.

ગેર ઇસલામી કોમ ઉપર એ ખુદાતઆલા તરફથી અજમાયશ છે કે જેવી રીતે આગલા ઝમાનાઓવાળા ઉપર બી એવીજ અજમાયશ હતી અને દુનીયા ખતમ થાય ત્યાં સુધી દરેક ઇનસાન પછી તે કોઇબી કોમનો હોય તવંગર હોય યા ગરીબ, મરદ હોય યા ઓરત સરવેને એ અજમાયશમાંથી પસાર થવું છે. માટે આ ચાર દાહડાની ફાની જીંદગીની દરકાર કરયા વગર ખુદાતઆલાના ફરમાનને તાબે થવામાંજ તેની આખેતરના માટે સારૂં છે. ઇસલામ મઝહબની ખુબીઓનો કાંઇક ખ્યાલ લેવો હોય તો આ કીતાબની આખેરીમાં Teachings of Islam નામની બુકની જાહેર ખબર આપવામાં આવી છે તે વાંચી જોવી કે જેથી ખાત્રી થશે કે ઇસલામ તમામ કોમોને માફક આવે એવો મઝહબ છે.

ઇસલામીઓ પર અજમાયશ—ઇસલામીઓ બી અજમાયશમાંથી બાકાત નથી. ખુદાની નઝરમાં તો પોતાના સરવે બંદા એક સરખા છે. તેથીજ ખુદાતઆલા ફરમાવે છે જે

“ શું માણસો એમ સમજે છે તેઓને એમજ છોડી દેવામાં આવશે એ કહેવાથી જે “ અમે ઇમાન લાવ્યા છૈએ ” અને જ્યારે અમોએ એઓથી જેઓ આગળ હતા તેઓની અજમાયશ લીધી છે. (કુરાન પ્રકરણ ૨૯×૧–૨)

જેવી રીતે આગલી તથા ગેર ઇસલામી કોમોએ પોતાના પેગમ્બરની ખરી તાલીમ ભુલી જઈ ખોટી રસમોને ખરો મહઝબ સમજી જુદા જુદા ફીરકાઓમાં વેહચાઈ ગયા તેવીજ રીતે ઇસલામીઓ બી આખર કરે ને તેઓના જેવા ઇનસાનજ હોવાથી તેઓ બી એજ ખસલતના ભોગ થયા તેનુ કારણ એ છે જે તેઓ ખુદાના ફરમાનો વાલી પાક કીતાબ કોરાને શરીફનુ પઢવા સમજવા તથા અમલ કરવાનું છોડી દીધું જો કે તેનો જુદી જુદી ભાષામાં તરજુમો થયો છે છતાં ઘણા ખરા તો વાંચેજ નહી. જે થોડા વાંચે તે સમજે નહી. ને જે જુજ સમજે તે તે મુજબ અમલ કરે નહી. ઘણા ખરા તો એનો અર્થ સમજવાજ ગુનાહ સમજે છે એ બાહને કે એ ઘણી ભારી કીતાબ છે વખતે ખોટું અરથ સમજીશું તો ગુનાહ થશે. અગર એ કીતાબ એટલી ભારી ને સમજવાને મુશકેલ હતે તો ખુદાતઆલા એવી કીતાબ (પોતાના બંદાની શકતી ઉપરાંતની) નાઝીલ કરતેજ શું કામ? અને તે વીસે પેગમ્બર સાહેબ એટલી તાકીદ ફરમાવતેજ શું કામ? જ્યારે ખુદાતઆલા તો ફરમાવે છે જે **“ અને બેશક અમોએ કોરાન નસીહત લેવા માટે આસાન બનાવ્યું છે પણ છે કોઇ નસીહત લેનાર?** (કુરાન પ્રકરણ ૫૪×૧૭) વળી ફરમાવે છે **“ શા માટે તેઓ કોરાન વીસે ધ્યાન કરતા નથી શું તેઓના દીલ પર તાલાં છે?”** (કુરાન પ્રકરણ ૪૭×૨૫) આ પરથી સાફ જણાશે કે લોકોના ખ્યાલો ખુદાતઆલાના ફરમાનથી કેટલા વિરૂધ છે અને તેથીજ તેઓ એવી ખોટી તાલીમ આપનારા આલીમોના હાથમાં શીકાર થયા અને તેઓની શીખવેલી ખોટી રસમોનેજ ખરો મઝહબ સમજી જુદા જુદા ફીરકાઓમાં વહેંચાઈ ગયા પણ ખુદાતઆલાને જુદા જુદા ફીરકા રાખવાનું અસલથી મંજુરજ ન હતું તેથી આખી દુનયાની તમામ કોમોના ફીરકાઓના એકજ ઇસલામીક ફીરકામાં દાખલ થવાનું ફરમાન બાહેર પાડયું છતાં ખુદ ઇસલામીઓજ ખુદાના એકજ મઝહબના ટુકડા કરી જુદા જુદા ફીરકાઓમાં વેંહચાઇ જાય તે ખુદાતઆલા કેમ કબુલ ફરમાવે? તેથીજ હઝરત મહમદ (સ) ફરમાવ્યું કે આગલી ઉમતે પોત પોતામાં ૭૨ ફીરકા કીધા પણ તમો તમારામાં ૭૩ ફીરકા કરી નાખશો પણ યાદ રાખજો કે તેમાંનો એકજ ફીરકો જે મારા અને મારા સહાબીઓના તરીકાપર હશે (કે જે ખુદાતઆલાના ફરમાનો મુજબ અને પેગમ્બર સાહેબની સુનત મુજબ અમલ કરવાને તરીકો છે.) તે સીવાય બાકીના સરવે ફીરકા દોઝખી થશે. છતાં અફસોસ ઇસલામીઓએ

એ ચેતવણી બી ધ્યાનમાં રાખી નહી અને જુદા જુદા ફીરકાઓમાં પ્રરે-ખર વેંહચાઈ ગયા અને આ મુજબ પેગમ્બર સાહેબની ઉપલી પેશગોઈ આબાદ ખરી પડેલી દરેક ઇસ્લામી ફીરકો પોતાની નઝરો નઝર જુએ છે.

હવે ગેરઇસ્લામી કોમોએ એ પરથી વિચારવું જોઇએ કે ઇસલામીઓ જેઓ ખુદાને તથા તેના મહાન પેગમબર હઝરત મહમદ (સ) ને માને છે છતાં તેઓ માંહેલા ૭૩ ફીરકામાંથી એકજ ફીરકો જે ખુદા તથા પેગમ્બરને **માનવા** ઉપરાંત તેઓના ફરમાનોને **તાબે થનારો** ફીરકો હશે તેજ જનતી થશે અને બાકીના તમામ ફીરકા દોઝખી થશે.ત્યારે ગેરઇસલામી કોમો જે ખુદા ઉપરાંત બીજાને પુજ્ય બનાવે છે અને ખુદાના દુનયા માટેના મહાન **પ્રતિનિધિને તાબે** થવાનું રહ્યું પણ તેને **માનવાનો** વટીક ઇનકાર કરે છે તેઓના કેવા હાલ થશે તે લખવા કરતાં કોઇબી આસાનીથી સમજી સકશે.

દુનયાનો મોટો ભાગ આડે મારગે છે—ખુદાતઆલા ફરમાવે છે **"અને જેઓ પૃથ્વી પર છે તેઓમાંના ઘણાખરાના પ્રમાણે જો તું ચાલીશ તો તેઓ તને ખુદાના રસ્તેથી આડે માર્ગે લઈ જશે તેઓ અનુમાન સીવાય કશા પ્રમાણે ચાલતા નથી તેઓ માત્ર અટકલો બાંધે છે"** (કુરાન પ્રકરણ ૬×૧૧૬) કેમકે દુનયાનો મોટો ભાગ દુનયાદારીમાં તથા તેની મોજ મજાહમાં ચકચુર છે જે થોડો ભાગ મઝહબ તરફ ધ્યાન આપે છે તે ફક્ત પોતાના વડવાઓની ખોટી રસમો-નેજ ખુદાનો ખરો મઝહબ સમજી બેઠો છે અને ખુદાતઆલાના અસલ ફરમાનો જાણવા અને તે મુજબ અમલ કરવાની દરકાર કરતો નથી તે માટે ખુદાતઆલા ફરમાવે છે **"અને બેશક અમે દોઝખ માટે ઘણા ખરા જીન્નાત અને ઇનસાનો પેદા કરયા છે તેઓને એવા અંત:કરણ છે કે તે વડે તેઓ કંઇ સમજતા નથી અને તેઓને એવી આંખો છે કે તે વડે તેઓ જોતા નથી અને તેઓને એવા એવા કાન છે કે તે વડે તેઓ સાંભળતા નથી તેઓ ઢોર જેવા છે બલ્કે તેઓ તે કરતાં વધારે ખોટે રસ્તે ગયલા છે તેઓ ગાફેલ માણસો છે** (કુરાન પ્રકરણ ૭×૧૭૮).

ખુદાને ખરે મારગે આવવાનો તરીકો:—ખુદાતઆલાના ફરમાન મુજબ ઇસલામ કબુલવું તેના મહાન પેગમ્બરને તમામ દુનયા માટેના ખુદા

તરફના પ્રતીનીધી તરીકે માનવું. અને તેઓના ફરમાનોને તાબે થવું એજ ખુદાતઆલાનો ખરો મારગ છે. હવે દરેક ઇસલામી ફીરકો કહે છે જે અમે ખરે મારગે છૈએ બાકીના સરવે ખોટે મારગે છે ત્યારે એક સચાઈ તલબ કરનારો શખસ કોણનું ખરૂં માને અને કયા ફીરકામાં દાખલ થાય? અને એ ઇસલામના વીખરાઈ ગયલા ફીરકાઓ કેવી રીતે પાછા એકંત્ર થાય અને ખુદાનો ખરો મઝહબ અને ખરો ફીરકો કેવી રીતે આશકાર થાય? બે ચાર ઝનુની માણસોને બી સમજાવીને સુલેહ કરાવવી એ ઘણું મુશકીલ કામ છે તો કરોડો માણસો જેઓ જુદા જુદા ફીરકાઓમાં વેંહચાઇ ગયા છે અને દરેક ફીરકો પોતાનો ફીરકો ખરો હોવાનુ ઝનુન રાખે છે ત્યારે એ કરોડો માણસો એકજ ફીરકામાં કેવી રીતે એકંત્ર થાય? એ કામ ખુદા સિવાય બીજો કોઈ કરી શકે નહી. તે માટે પેગમ્બર સાહેબે ફરમાવ્યું જે "બેશક ખુદાતઆલા હરસદીની શરૂઆતમાં આ ઉમતના માટે એક શખસને ઉભો કરશે જે દીનને તાઝો કરશે" અને તે મુજબ એ મહાન પેગમબર સાહેબની વફાત પછી દર ૧૦૦-૧૦૦ વરસે એવા ખુદાતઆલાના પ્રતીનીધીઓ ઝમાનાના ઇમામ તરીકે જાહેર થતા ગયા અને ઇસલામ મઝહબમાં પેવસ થયલી બદીઓ દુર કરી ખુદાતઆલાનો ખરો મઝહબ જગ આશકાર કરતાં રહયા અને વીખરાયલા ફીરકાઓને પોતાને માની પોતાને તાબે થવા ફરમાવતા ગયા પણ જેવી રીતે આગલા લોકોને તથા ગેર ઇસલામીઓને પોતાનો ફીરકો છોડી ખુદાના નવા આવતા પ્રતીનીધીઓને તાબે થવા અને તેઓના ફીરકામાં શામીલ થવા ભારી લાગતું તેવીજ રીતે ઇસલામીઓને બી ભારી લાગતું. ભારી તો સરવેને લાગેજ પણ એ તો ખુદાતઆલાની દુનયા શરૂ થઇ ત્યારથી પોતાના પ્રતીનીધીઓને માનવાની અજમાયશ જારી થયલી છે અને દુનયા ખતમ થાય ત્યાં સુધી દરેકે દરેક ઇનસાનને એ સખત અજમાયશમાંથી પસાર થવું છે. અને જ્યારે આપણા પેદા કરનાર માલેકે આપણને પોતાની તાબેદારી માટેજ પેદા કરયો છે ત્યારે આપણે ખાકસાર બંદાઓએ દુનયાનો ડર કરયા વગર તેને તાબે થવુંજ જોઇએ દુનયાના લોકો આખરતમાં કામ આવનાર નથી. માટે દુનયાના ડરને મોટો સમજો નહી અને ખુદાતઆલાના ફરમાનને મોટો સમજો નહીકા છેવટે અંત વગરનો પસ્તાવો અને નીરંતર અઝાબ ખમવાની સઝા જે ખુદાતઆલાએ જાહેર કરી આપી છે તે આ ચાર દહાડાની ગફલતી સારૂ ખમવી પડશે.

જે માટે મોલાના મોલવી મહમદ ઇસમાઇલ સાહેબ (શહીદ) રહેમ તુલા

અલેહી ફરમાવે છે "અગર કોઇ (ગેર ઇસલામી) શખસ હઝાર તરેહથી ખુદાની મારેફત તથા નફસની ઇસલાહ સારૂ કોશેશ કરે અને (તેની) ખરી કોશેશ કરે છતા જ્યાં સુધી ખુદાતઆલાના રસુલ (હઝરત મહમદ સ.) પર ઇમાન ન લાવશે નજાતે આખરી હરગીઝ નસીબ ન થશે ને ખુદાના ગઝબથી તથા જંહનમના અઝાબથી ખલાસી ન પામશે તેવીજ રીતે અગર કોઇ (ઇસલામી શખસ) શરીઅતી ઇબાદત તથા દીની ફરમાન બરદારી બજાવી લાવે અને ઇસલામી અહકામોમાં પુરેપુરી કોશેશ કરે પણ જ્યાં સુધી પોતાના **વખતના ઇમામની** તાબેદારીમાં ગરદન ન મુકશે અને તેની ઇમામતનો એકરાર ન કરશે હરગીઝ તેની મઝકુર ઇબાદત આખેરતમાં કામ ન આવશે અને રએ ખદીરની પકડથી ખલાસી ન પામશે જેવી રીતે નબી કરીમે (સ) ફરમાવ્યું છે કે "જે કોઇ પોતાના ઝમાનાના ઇમામને ન ઓળખશે અને મરશે તે બેશક જહાલતની મોતે મુઓ" (એટલે ઇસલામની પેહેલાંની જહાલતના ઝમાનાના કાફરોની જેવી મોતે મુઓ) (એ માટે જુઓ એઓની કીતાબ મનસબે ઇમામત) આ ઉપરથી મઝહબ એક કેવી ગંભીર બાબત છે અને દરેક ઇસલામી તથા ગેર ઇસલામી શખસના માથે કેવી ગંભીર ફરઝ લટકેલી છે તે આસાનીથી સમજી શકાશે.

નવી સદીનો ખુદાતઆલા તરફનો પ્રતીનીધી–ઇસલામીઓનો આ ૧૩૩૩મો સાલ છે એટલે નવી સદી શરૂ થઇને ૩૩ વરસ થઇ ચુકા છે અને ખુદાતઆલાના વાયદા મુજબ અને એના મહાન-પેગમ્બર સાહેબની પેશગોઇ મુજબ આ સદીની શરૂઆતમાં પણ ખુદાતઆલાના નીયમ મુજબ એનો પ્રતીનીધી જાહેર થઇ ચુકો છે. એ મહાન શખસ તે છે કે જેના વીસે દુનયાની તમામ મઝહબી કોમોના આગલા પેગમ્બરોએ આગાહી કરી હતી જેની તફસીલ વાર વીગત આ કીતાબને ૪૫ ને ૪૬ને પ્રકરણમાં દરશાવવામાં આવી છે.

છેલ્લા બે બોલ–હવે ભાગ્યશાળી છે તે શખસ કે જે ઉપલા સત્તાવાર ખુદાઇ ફરમાનો સાથેના ખુલાસાપર ગંભીરાઇથી ધ્યાન આપે ને એની સચાઇ વીસે પોતાની ખાત્રી થાય ત્યાં સુધી એ બાબતની પુરેપુરી તપાસ કરે અને તે પછી દુનયાના લોકોનો ડર કરયા વગર ખુદાના ફરમાન મુજબ તેના: તમામ દુનયા માટેના મુકરર કરેલા મહાન પેગમ્બર હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.) ને માની ખુદાના પસંદ કરેલા ઇસલામ મઝહબમાં અને તેના ફરમાનોને તાબે થનારા ખરા ઇસલામી ફીરકામાં શામીલ થાય

જેથી તે ખુદાના કરમો ફઝલથી પોતાને આખેરતના અઝાબથી બચાવી આખેરતનું અમ્મર સુખ હાંસલ કરી શકસે એટલુંજ નહિ પણ તેના એકના સારા પગલાથી તે પોતાનું ભલું કરવા ઉપરાંત પોતાની અવલાદનું પોતાના આખા કુટુંબનું પોતાના સગાવાહલાઓનું પોતાના દોસ્ત આશનાવોનું બલકે પોતાની આખી કોમ યા ફીરકાનું અંત વગરનું ભલું કરવાનો સવાબ હાસલ કરશે આમીન.

આ કીતાબમાં એ મહાન પેગમ્બર સાહેબના થોડાક જુદી જુદી બાબતોના મુબારક ફરમાનો મોતેબર હદીસોમાંથી ઉતારો કરી દાખલ કર્યા છે.

છેલ્લે મારા ઇસલામી તથા ગેર ઇસલામી બીરાદરોની ખીદમતમાં મારી અદના અરજ એ છે જે આ કીતાબમાં અગર કોઇ પોતાના અકાયદ (માન્યતા) વીરૂધના દાખલા જોવા પામે તો તુછકાર દેખાડવું નહી બલકે તે પર ગંભીરાઇથી ધ્યાન આપવું કેમકે મેં બનતા સુધી દરેક બાબતમાં ખુદાતઆલા તથા પેગમ્બર સાહેબના ફરમાનો તેની શહાદત સાથે ટાંકી બતાવ્યા છે ઉપરાંત મેં એ કામ કશું જર યા જશ ખાટવા ખાતર નહી પણ ફક્ત ખુદાતઆલા તથા પેગમ્બર સાહેબના ફરમાનો મુજબ મારાપરની ફરજ અદા કરવાની કોશેશ કરવા ખાતર કરયું છે. અગર કોઇ બી સાહેબને આમાં જણાવેલી બાબનો વીસેનો વધુ ખુલાસો જોઇતો હોય તો મને સુખેથી લખે હું તેમની ખીદમતમાં હાજર છું.

અગર કોઇ સાહેબની એ કીતાબના સુધારા વધારા માટેની કશી સુચના હશે તો તે મહેરબાનીની રાહે મને જણાવ્યાથી હું તેમનો અહેસાન મંદ થઇશ અને બીજી આવૃત્તિમાં તે વિસે ઘટતુ ધ્યાન આપીશ.

આ કીતાબ કોઇબી ઇસલામી યા ગેરઇસલામી બાનુ યા ગ્રહસ્થને ફકત એક કારડ લખવાથી મારી ભલી દુઆઓ સાથે ભેટ મોકલવામાં આવશે.

ઓ સરવે આલમોના પાક પરવરદીગાર ઓ રહમાનો રહીમ સરવે તારીફ તનેજ લાયક છે તુંજ આખેરતમાં તારી તમામ મખલુકાતનો ઇનસાફ કરનાર પાદશાહ છે આ કીતાબ લખવાની તારા ખાકસાર આજીઝ બંદાને તારાજ ફઝલો કરમથી તવફીક મળી છે અને તારાજફઝલથી તે પુરી થઇ છે જે માટે તે તારા કરોડો શુકર અદા કરે છે અને ખરા અંતઃકરણથી તારી ખીદમતમાં દુઆ ગુજારે છે જે તારા નાચીઝ બંદાની કોશેશ ને કબુલ ફર-

માવ અને ઇસલામી તથા ગેરઇસલામી આલમના હકમાં એ તારી રહેમત થઈ પડે એવા અહેસાનથી સરફરાઝ ફરમાવ. એ અમારા સરતાજ અમારા દીલોમાંથી દુનયાના લોકોનો ડર દુર કર અને ફક્ત તારાજ એકલાનો ડર અમારા જીગરમાં મકમ રીતે ઠસાવ કે જેથી અમો તારા તથા તારા તમામ દુનયા માટેના મહાન પેગમ્બર હઝરત મહમદ મુસતફા (સ. અ. સ.) જેઓ પર બેશુમાર દરૂદ હોજો તેઓના ફરમાનોને અમારી ગરદન નમાવી તાબે થઇએ આમીન સુમ્મ આમીન યા રબ્બીલ આલમીન.

ખાકસાર,

અબદુલ્લાહ અલાદીનભાઇ.

સાંકળ્યું.

—x—

શુદ્ધિપત્ર.

પૃષ્ઠ.	લાઇન.	અશુદ્ધ.	શુદ્ધ.
૩ [illegible]	૨	અહકામોના	અહકામોની
૪ [illegible]	૧૪	એસે	એસે.
૧૦ [illegible]	૧૯	ઝમાના	ઝમાનાના
૧૩ [illegible]	૧	કોમા	કોમો
૨	૨૩	વાદલો	વાહલો
૫	૧૫	મારો	તારો
૧૦	૧૮	મને	મન
૧૭	૭	૫૨	૫૯
૧૯	૧૨	લાબાનત	લાઅનત
૨૧	છેલી	બનવાને	બનવાનો
૨૯	૫	તેને	તેનો
૩૦	૨	ઇસમામમાં	ઇસલામમાં
૩૦	૧૪	પામેલાઓને	પામેલાઓનો
૩૦	૧૭	સુરમાની સલી	એ વખત છપાણું છે તે એક વખત જોઇએ.
૩૦	૧૯	સફેરે	સફરે
૩૫	૪	રસુલુલ્લા	રસુલુલ્લાહ
૩૭	૭	તા	તો
૩૯	૫	કાકા	કાકાના દીકરા ભાઈ
૭૨	૧૨	બુખારી મુસલીમ	(એ શબ્દો છેલે જોઇએ) પહેલે ન જોઇએ
૭૪	૧૦	એટલે પાએઝબને	જેમકે અવાજવાળા પાએઝબને
૯૦	૬	જંઉનમા	જંનતમાં
૯૪	૮	કરશે	કરશે "
૯૫	૨૨	રહેભત અલ્લાહ	રહેમત અલ્લાહ
૯૬	૨૩	ઝમાનના	ઝમાનાના
૧૦૨	૧૨	કરીને	કરી. ને
૧૦૩	૮	જને	જતે

૧૦૪	૧૯	થશે	થશે,''
૧૦૫	૩	નાફરમાન	નાફરમાની
૧૦૬	૨૧	૩રવા	કરવા
૧૦૭	૧૦	ને।	તે।
૧૦૭	૧૩	રએસે	રહેસે
૧૦૮	૧૮	ગુનાહને	ગુનાહને।
૧૧૦	૪	ને	તે
૧૨૫	૧૧	થશે.	થશે
૧૩૧	૨	તજ	તેજ
૧૪૪	૨૨	અવીજ	એવાજ
૧૪૬	૪	એમાં	એમ

તમામ દુન્યા માટેના

મહાન

પેગંબરના ફરમાનો.

બીસમીલ્લા હીર રહમાન હીર રહીમ

૧

ઈસલામ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાંવ્યું કેઃ—

"ઈસલામ આ છે કે તું શાક્ષી આપે કે અલ્લાહ સીવાય કોઈ પુજ્ય નથી. અને મોહમદ (સ) અલ્લાહના રસુલ છે, અને નમાઝને કાયમ રાખે અને ઝકાત આપે અને રમઝાનના રોઝા રાખે અને બૈતુલ્લાહની હજ કરે જો તને તેના માર્ગની શકતી હોય તો" આ હઝરતે (સ) જીબરઈલ (અલે)ને ફરમાવ્યું જ્યારે તેવણ એક ઈ-નસાનના રૂપમાં આવ્યા ત્યારે. ફરી જીબરઈલે જવાબ આપ્યો સાચું કહ્યું. જીબરઈલે પુછયું હવે મને ઈમાન વીસે ખબર કરો હઝરત (સ) ફરમાવ્યું કે તે આ છે કે તું ઈમાન લાવે અલ્લાહપર તથા તેના ફીરેશતાઓ પર તથા તેની કીતાબોપર તથા તેનો પેગમ્બરો પર તથા પાછલા દીવસ (કયામત) પર અને તું ઈમાન લાવે ભલી અને બુરી તકદીર પર જીબરઈલે જવાબ આપ્યો તેં સાચુ કહ્યું. જીબરઈલે પુછયું હવે મને એહસાનની ખબર કરો હઝરતે (સ) ફરમાવ્યું તે આ છે કે તું તેની બંદગી એવી રીતે કરે જાણે કે તું તેને (અલ્લાહને) જુએ છે પણ જો તું તેને એવી રીતે જોઈ નથી સકતો તો એમ જાણ

કે તે તને જુએ છે જીબરઇલે પુછયું હવે મને કયામતની ખબર કરો હઝરતે (સ) ફરમાવ્યું કે સવાલ થયલો તેના વીસે સવાલ કરનારથી વધારે જાણકાર નથી. (પણ કેટલીક નીશાનીઓ જણાવી)

(બુખારી અને મુસલીમ)

(૨) જ્યારે તમારામાંના કોઇએ પોતાના ઇસલામને સણગારયું તો જે નેકી કરસે તે દસથી તે સાતસો ઘણી લખાશે અને જે બદી કરસે તે તેટલીજ લખાસે તે એટલા સુધી કે ખુદાની મુલાકાત કરે. (બુખારી મુસલીમ)

૨

ઈમાન

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

ત્રણ ચીજો જેનામાં હશે તે ઇમાનનો મીઠાસ મેલવશે

(૧) તે શખસ કે જેની નજદીક અલ્લાહ તથા તેના રસુલ સરવે જહાનથી વધારે પ્યારા હોય (એટલે તેઓની ફરમાબરદારીમાં)

(૨) આ કે કોઈ શખસની સાથે મોહબત કરે તો તે અલ્લાહનેજ માટે કરે (એટલે મોહબતમાં દુન્યાનો લગાવ રાખે નહી)

(૩) આ કે અલ્લાહે કુફરથી છોડાવ્યા પછી તેમાં પાછુ જવાને જેમ આગમાં પડવું નાપસંદ કરે છે તેવી રીતે નાપસંદ જાણે (એટલે આગની જેમ કુફરથી દુર રહે).

(બુખારી મુસલીમ)

(૨) તેની કસમ કે જેના હાથમાં મારો જાન છે તમારામાનો કોઈ પુરો ઇમાનદાર થતો નથી જ્યાં સુધી કે હું તેની નજદીક તેના બાપથી અને તેના છોકરાથી વધારે વાહલો (ફરમાબરદારીમાં) નહી હોઉં. (બુખારી)

(૩) જેણે દોસ્તી રાખી કોઈ સાથે વાસ્તે અલ્લાહને અને જેણે દુશમની રાખી કોઈ સાથે વાસ્તે અલ્લાહને અને જેણે આપ્યું અલ્લાહને વાસ્તે અને જેણે ન આપ્યું અલ્લાહને વાસ્તે તો અલબતા તેણે પોતાનો ઈમાન બરાબર સાચવ્યો.

(અબુ દાઉદ)

(૪) એક ઈમાનદાર બીજા ઈમાનદાર માટે ઈમારત સરખો છે કે તેનું એક બીજાને પુસ્ટી આપે છે. (બુખારી મુસલીમ)

(૫) ઈમાનવાલો ઈમાનવાલાનો ભાઈ છે. (મુસલીમ)

(૬) તમારામાંથી કોઇનુંબી ઈમાન કામીલ ન થશે જ્યાં સુધી પોતાના મુસલમાન ભાઈ સારૂ તે ચીજને પસંદ ન કરો જે પોતાના સારૂ પસંદ કરો છો. (મીશકાત)

(૭) જ્યારે નેકી કરવાથી તારૂં દીલ ખુશ થાય અને ગુનાહ કરવાથી નાખુશ થાય ત્યારે તું (એમ સમજ કે તું) ઈમાનવાલો છે. (મીશકાત)

(૮) તમારામાંનો કોઈ બુરી વાત (શરીઅત વીરૂદ્ધ) જુએ તો તેને જોઇએ કે તે તેને પોતાના હાથથી બગાડે ફરી જો શકતી ન હોય તો ઝબાનથી (તેની બુરાઈ લોકોને બયાન કરે) ફરી જો શકતી ન હોય તો તેને દીલથી (બુરૂ જાણે) અને આ (ત્રીજી બાબત) ઘણો જઇફ (નબલો) ઈમાન છે (શરીઅત વીરૂદ્ધ કામને દીલથી બુરૂ ન જાણે તો તેનામાં કાંઈ પણ ઈમાન નથી.) (મુસલીમ)

(૯) નીરબલ ઈમાનદાર કરતાં મજબુત ઈમાનદાર અલ્લાહની નજદીક ઘણો બહેતર તથા પ્યારો છે અને દરેક ઈમાનદારમાં બહેતરી છે જે વસ્તુ તને લાભ આપે તેમાં લોભ કર અને અલ્લાહની મદદ માંગ અને ન થાક અને જો કઈ વસ્તુ (દુખ મુસીબત) પોંહચે તો એમ ન કહે **જો** હું ફલાણું કરતે તો આવું આવું થાતે પણ એમ કહે કે ખુદાએ એમ ઠેરવ્યું હતું તથા તેણે ચાહ્યું તે થયું કારણ કે **જો** નો શબ્દ શેતાની કામનો દરવાજો ખોલે છે. (મુસલીમ)

(૧૦) ઈમાનવાલાનો અજબ મામલો છે તેના તો દરેક કામમાં લાભ છે અને ઈમાનવાલા સીવાય બીજા કોઈને એ નથી જો તેને ખુશી પોંહચે તો શુકર કરે તો તેને માટે બહેતર છે અને જો તેને દુખ પોંહચે તો તે સબર કરે તો તે તેને માટે બહેતર છે. (મુશલીમ)

૩

નમાઝ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કે:—

બંદા અને કુફ્રમાં નમાઝનું છોડવું છે (નમાઝ છોડવાથી મુસલમાન અને કાફરમાં ફરક રહેતો નથી). મુસલીમ

(૨) હુકમ કરો પોતાની અવલાદને નમાઝ સારૂ જ્યારે સાત વરસનો થાય અને દસમે વરસે નમાઝ છોડે તો તેઓને મારો. અને તેઓના બીછાના જુદા કરો (એ ઉમર પછી ભાઈ બેન તથા છોકરા છોકરીને સાથે સુવાડો નહી).

(૩) કયામતના દીને સૌથી પેહલે બંદા પાસેથી નમાઝનો હીસાબ લેવામાં આવશે. મીશકાત

(૪) વારૂ તમો બતાઓ જો તમારા કોઈના દરવાજા પર નહેર હોય ને તેમાં દરરોજ પાંચ વખત ગુસલ કરે તો શું તેનો મેલ કંઈ રહેવાનો ? હઝરતે (સ) ફરમાવ્યું કે નમાઝની એવીજ મીસાલ છે. (જેવી રીતે દરરોજ પાંચ વખત નહાવાથી બદન ઉપર મેલ રહેતો નથી તેવીજ રીતે પાંચ વખતની નમાઝથી ગુનાહ રહેતા નથી પણ જેમ ફક્ત પાણી નાખી દેવાથી મેલ છુટતો નથી બદનને મસલવું જોઇએ તેવીજ રીતે નમાઝ પણ સમજીને અદબથી આજીજીથી હુઝુર દીલથી પરવરદીગારની સાંમે હાઝર થઈ અરજ કરતાં હોઇએ તેવી રીતે નમાઝ પઢીએ તોજ દીલમાંથી ગુનાહનો મેલ દુર થાય) (બુખારી મુસલીમ)

(૫) એકલા નમાઝ પઢવાથી જમાઅતની નમાઝ સતાવીસ દરજ્જે અફઝલ છે (ઓછામાં ઓછા બે માણસ હોય તો જમાઅતની નમાઝનો લાભ મલે છે) (બુખારી મુસલીમ)

(૬) જ્યારે ઈમામ આમીન કહે તો તમો પણ આમીન કહો કારણ કે જેનું આમીન કહેવું ફીરશતાઓના આમીન કહેવા માફક થશે તો તેના આગલા ગુનાહ બખશાઈ જશે. (બુખારી મુસલીમ)

(૭) શું તમારામાંનો કોઇ ડરતો નથી કે જ્યારે ઈમામથી પ્રથમ (નમાઝમાં) માથું ઉઠાવે તો અલ્લાહ એના માથાને ગધેડાના માથા સરખું બનાવશે (નમાઝમાં નમાઝ પઢાવનાર ઈમામથી કોઈબી કામ પહેલે ન કરવું જોઇએ) (બુખારી મુસલીમ)

(૮) જ્યારે તમારાંમાંનો કોઈ મસજીદમાં જાય તો કહે "અલ્લા હુમ્મ ફતહલી અબવાબ રહમતેક" (ઓ અલ્લાહ તું મારે માટે રહેમતના દરવાઝા ખોલ) અને જ્યારે નીકલે તો કહે "અલ્લા હુમ્મ ઈન્ની અસઅલોક મીન ફદલેક" (ઓ અલ્લાહ ખચીત હું તારેથી મારો ફઝલ માગું છું. (મુસલીમ)

(૯) જ્યારે તમારામાંનો કોઈ મસજીદમાં દાખલ થાય તો તે બેસવા પહેલાં બે રકાત નમાઝ (તહીયતુલ મસજીદની) પઢે. બુખારી).

(૧૦) જે કોઈ અલ્લાહને માટે મસજીદ બનાવે અલ્લાહની રજામંદી ચાહવાને માટે તો અલ્લાહ તઆલા તેને માટે તેવું ઘર જનતમાં બનાવશે (બુખારી મુસલીમ)

(૧૧) મસજીદમાં થુકવું ગુનાહ છે અને તેને માટીમાં ઢાંકવું તે ગુનાહનો ઉતાર છે. (બુખારી મુસલીમ)

(૧૨) જે કોઈ સવાર સાંજ મસજીદમાં આવ્યા કરશે તો અલ્લાહ તેને માટે જનતમાં સવાર સાંજ મહેમાની તૈયાર કરશે. (બુખારી મુસલીમ)

(૧૩) સરવે ઝમીન મસજીદ છે (દરેક જગાએ નમાઝ પઢી શકાય છે) સીવાય કબ્રસ્તાન તથા હમામખાનું.
(તીરમઝી અબુ દાઉદ)

(૧૪) અઝાન દેનારા કયામતના દીને (બીજા) લોકો કરતાં લાંબી ગરદન વાલા (ઈઝત વાલા) થશે. (મુસલીમ)

(૧૫) અઝાનમાં તથા પેહલી સફમા જે સવાબ છે તેને જો લોકો જાણી લે ફરી તે ચીઠી નાખવા વગર નહી મળે તો તેઓ **ચીઠી** નાખતે. અને ઝોહરના પેહલા વખતમાં નમાઝ પઢવાનો જે સવાબ છે તેને જો જાણતે તો દોડાદોડી કરતે અને ઈશા અને સુબોહની (જમાઅતની) નમાઝમાં જે સવાબ છે તેને જો જાણી લે તો ઢગરા ઘસતા પણ આવતે. (બુખારી મુસલીમ)

(૧૬) જ્યારે તમે અઝાન દેનારનો અવાઝ સાંભલો તો જેમ તે તે કહે છે તેમ કહો ફરી મારી પર દરૂદ પઢો કેમ કે જે શખસ મારાપર એક વાર દરૂદ પઢે છે તેનાપર અલ્લાહ દસવાર રહેમત મોકલે છે ફરી તમો મારે માટે અલ્લાહથી વસીલો માગો ખચીત તે એક ઉમદા ઠેકાણું છે જનતમાં. અને ખુદાના બંદાઓમાંથી એકજ બંદાને યોગ્ય છે અને હું આશા રાખું છું કે તે હુંજ થઈશ તો જે કોઈ મારે માટે (અઝાન પછી) વસીલો માંગસે તેને માટે મારી શફાઅત જરૂર થશે. (મુસલીમ)

(૧૭) જે કોઈ અઝાન સાંભલીને કહેશે " અલ્લા હુમ્મ રબ્બ હાજી હીદદ આવતી તામ્મતે વરસલા તીલ કાએમતે આતે મોહમદનીલ વસીલતવલ ફઝીલત વબઅસહો મકામે મહમુદની લ્લજીવ અદત હુ " તો તેને માટે કયામતમાં મારી શફાઅત પોહચશે. (બુખારી)

(૧૮) નમાઝમાં તમો સફ સીધી રાખો કારણ કે સફ સીધી કરવી નમાઝને સંપુરણ કરે છે. (બુખારી મુસલીમ)

(૧૯) જરૂર તમો તમારી સફો બરાબર કરો (વચમાં જગા ન રાખો) નહી તો ખુદા તમારા દીલોમાં ફુટ નાખશે. (બુખારી મુસલીમ)

(૨૦) જ્યારે ખાનુ તૈયાર હોય અને નમાઝની તકબીર થઈ હોય તો તમો ખાનાની પેહેલ કરો (પેહલે ખાઈ ને ફરાકત થઈ પછી ચેનથી નમાઝ પઢો) (બુખારી મુસલીમ)

(૨૧) ખાનુ હાઝર હોવા છતાં નમાઝ (પેહલે પઢવી) નહી અને જાય ઝરૂર પેશાબની ઝરૂરત છતાં તે (પેહલે નમાઝ પઢવી) નહી. (મુસલીમ)

(૨૨) જો નમાઝ પઢનારની આગલથી ચાલી જનાર જાણી લે કે તેના પર (કેટલો અઝાબ) છે તો તેની આગલથી ચાલી જવા કરતાં ત્યાં ઠેહવું ચાલીસ (વરસ કે મહીના કે ઘડી) બહેતર થાત. (તેની આગલ જો લાકડી વગેરેની આડ હોય તો ગુનાહ નથી) (બુખારી મુસલીમ)

(૨૩) જુમાના દીવસે ગોસલ કરવું દરેક બાલેગ શખસ ઉપર વાજીબ છે અને મીસવાક (દાતણ) કરવું તથા ખુશબો લગાડવી જો મલી આવે. (બુખારી મુસલીમ).

(૨૪) જ્યારે જુમાના દીવસે ઈમામ ખુતબો પઢતો હોય અને તું તારા સાથીને કહે " તું ચુપ રહે " તો તે નકામી વાત કરી. (બુખારી મુસલીમ)

(૨૫) ખચીત જુમા (ની નમાઝ) ને છોડવાથી લોકો બાઝ રહે નહી તો જરૂર અલ્લાહ તેઓના દીલો પર મોહર કરશે ફરી જરૂર તેઓ ગફલત કરનારાઓમાં થશે. (મુસલીમ)

(૨૬) જે કોઈ જુમાના દીવસે ગોસલ કર્યું અને તેનાથી બની આવે તેટલી સફાઈ કરી ફરી તેલ લગાડયું અથવા ખુશબો લગાડી ફરી તે સુરજ નમતા (મસજીદે) ચાલ્યો અને બે બેઠેલાનાં જુદાઈ પાડી નહી (એટલે સફ ચીરી નહી) ફરી તેના નસીબમાં હતી તેટલી નમાઝ પઢી ફરી જ્યારે ઈમામ નીકલ્યો ત્યારે ચુપ રહ્યો તો તે જુમાથી બીજી જુમા સુધી તેની બખશીશ થઈ. (બુખારી)

(૨૭) નમાઝમાં દોઆ વખતે આસમાન તરફ આંખ ઉઠાવ્યાથી

લોકો જરૂર અટકે, નહીં તો જરૂર તેઓની આંખો છીણવાઈ જશે. (મુસલીમ)

(૨૮) આ સદકો છે (સફરમાં અમન હોવા છતાં કસર નમાઝ પઢવી તે) અલ્લાહે તમારા પર એનો સદકો કર્યો છે માટે તમે તેના સદકાને કબુલ કરો. (મુસલીમ)

(૨૯) તમે સીજદામાં ઠીક બરાબર થાઓ (એટલે ઝડપમાં માથુ મારી ઉચકી ન લેઓ) અને તમારામાંનો કોઈ પોતાના હાથ ને કુતરાના બીછાવવા પ્રમાણે બીછાવે નહી (સીજદામાં કોણી જમીનથી અને પેટ ને રાનથી જુદા રાખે)
(બુખારી મુસલીમ)

(૩૦) તું ઉભો રહીને નમાઝ પઢ, ફરી જો શકતી ન હોય તો બેસીને પઢ, ફરી જો બેસવાની શકતી ન હોય તો લેટીને પઢ. (નમાઝ વીસે કેટલી તાકીદ છે કે ઘરમાં હો યા સફરે હો સાજા હો યા બીમાર હો પણ એ ફરજ અદા કરો લોકો ચેતો, ચેતો.) (બુખારી)

(૩૧) જ્યારે સુરજની કોર નીકલે તો નમાઝ પઢો નહી (સુરજ) નીકલી આવે ત્યાં સુધી થોભો અને જ્યારે સુરજની કોર ડુબે તો તમો નમાઝ પઢો નહી અને ડુબવા સુધી થોભો (સુરજ ઉગતી વેલા તથા અસ્ત પામતી વેલાએ નમાઝ પઢવી હરામ છે) (બુખારી મુસલીમ)

(૩૨) જ્યારે તમારામાંનો કોઈ પોતાની નમાઝમાં શક કરે (રકાત વગેરેમાં ભુલની) તો તે ઠીક વાતની અટકલ કરે ફરી તે પર આધાર રાખી ને બે સીજદા (સહોના) કરે.
(બુખારી મુસલીમ)

(૩૩) તમારામાંનો કોઈ લોકોને નમાઝ પઢાવે તો તે હલકી (ટુંકી) નમાઝ પઢે કારણુ કે તેઓમાં નીરબલ માંદા અને જઈફ લોકો હોય છે અને જ્યારે એકલો પોતાને માટે નમાઝ પઢે તો ગમે તેટલી લંબાવે. (મુસલીમ)

(૩૪) અફ્ઝલ નમાઝ તે છે કે જેમાં લાંબુ કેયામ (ઉભુ રહેવું) હોય (મુસલીમ)

(૨૫) કોઈ પણ મુસલમાન બંદો દરરોજ ફરઝ સીવાય બાર રકાત નફ્લ નમાઝ અલ્લાહને માટે પઢશે તો તેને માટે જંનતમાં ઘર બંધાસે (એ બાર રકાત સુન્ત નમાઝ છે. બે સુબોહની છ ઝોહરની બે મગરીબની અને બે ઈશાની)

(૩૬) ઓ અબદુલ્લાહ ! તું ફલાણા જેવો નહી થા કે તે રાતના (તહજુદની નમાઝ સારૂ) ઉઠતો હતો ફરી તેણે રાતનું ઉઠવું તજયું (બુખારી મુસલીમ)

(૩૭) વધારે પસંદ અમલો અલ્લાહ પાસે તે છે જે હમેશા થનાર છે અગર જો તે (ભલે) થોડા હોય (મીશકાત)

(૩૮) અબદુલ્લાહ સારો માણસ છે જો તે તહજુદની નમાઝ પણ પઢતો હોય (બુખારી મુસલીમ)

(૩૯) શું હું તમને એવી ચીજ નહી બતાવું કે જે તમારેથી આગળ થયા તેઓના મરતબાને મેલવો અને જે તમારેથી પાછલ છે તેઓથી તમો વધી જાઓ અને જે તમે કર્યું તેવું જે કરે તેના સીવાય કોઈ તમારેથી અફ્ઝલ થશે નહી? સહાબાએ કહ્યું કેમ નહી? (એટલે અમને બતાવો) હઝરતે (સ) ફરમાવ્યું કે દરેક નમાઝ પછી ૩૩–૩૩ વાર સુબહાન અલ્લાહ અલ હમ્દો લીલ્લાહ—અલ્લાહો અકબર કહો.

(બુખારી મુસલીમ)

(૪૦) જે કોઈ અસરની નમાઝ છોડશે તો તેનું કરેલું બરબાદ થશે (આ વખતે ફીરેશતાઓ અમલનામુ આસમાન પર લઈ જાય છે) (બુખારી મુસલીમ)

(૪૧) જે કોઈએ ઉભા રહીને નમાઝ પઢી તો એ અફ્ઝલ છે અને જેણે બેસીને નમાઝ પઢી તેને ઉભા રહેનારનો અરધો સવાબ

છે અને જેણે સુઇને નમાઝ પઢી તેને બેસનારનો અરધો સવાબ છે. (બુખારી)

(૪૨) જે કોઈને પાછલી રાતમાં ન ઉઠવાનો ડર હોય તો તેને જોઇએ કે પ્રથમ રાતના વીત્ર પઢે અને પાછલી રાતમાં ઉઠવાની આશા હોય તો તેને જોઇએ કે તે પાછલી રાતના વીત્ર પઢે. કેમકે પાછલી રાતની નમાઝમાં ફીરેશતા હાજર હોય છે. (વીત્રની નમાઝ ૩ રકાતની છે) (મુસલીમ)

(૪૩) જે કોઇએ ઈશાની નમાઝ જમાઅતથી પઢી અને જે કોઇએ સુબોહની નમાઝ જમાઅતથી પઢી તેણે જાણે પુરી રાતની તહજુદ પઢી. (મુસલીમ)

(૪૪) જે કોઇએ એવી નમાઝ પઢી કે તેમાં અલહમ્દો પઢી નહી તો તે (નમાઝ) અધુરી છે અધુરી છે અધુરી છે. (મુસલીમ)

(૪૫) ખચીત સુરજ તથા ચાંદ બંને અલ્લાહની નીશાનીઓમાંની નીશાનીઓ છે તે કોઈના મરવાથી કે જીવ્યાથી ગ્રહણ થતા નથી ફરી જ્યારે તમે ગ્રહણ જુઓ તો તે છુટે ત્યાં સુધી અલ્લાહથી દુઆ કરો અને નમાઝ પઢો. (બુખારી મુસલીમ)

(૪૬) જે માણસ કવખતે નમાઝ પઢે અને વઝુ સારી પેઠે ન કરે અને મને લગાડી ન પઢે અને રૂકુ સીજદો સારી રીતે ન કરે તો તે નમાઝ કાલી નુર વગરની થઈ જાય છે. અને એમ કહે છે કે ખુદા તને બરબાદ કરે જેવી રીતે તેં મને બરબાદ કરી એટલે સુધી કે જ્યારે તે ખાસ જગાએ પોંહચે છે જ્યાં અલ્લાહને મંજુર હોય તો જુના લુગડાની પેઠે લપટાઇને તે નમાઝીના મોંપર મારવામાં આવે છે. (મીશકાત)

(૪૭) જે માણુસ નમાઝમાં ઉભો રહી આમ તેમ જુએ અલ્લાહ

તેની નમાઝને તેની ઉપર ઉલટી ફેંકે છે. (મીશકાત)

(૪૮) તમારામાં રાતના ફીરેશતા અને દીવસના ફીરેશતા આગળ પાછળ આવજા કરે છે. અને અસરની નમાઝમાં તથા ફજર ની નમાઝમાં ભેગા થાય છે. ફરી જે (ફીરેશતા) તમારામાં રાત કાઢી છે તે ઉપર ચઢે છે તો અલ્લાહ તેઓને પુછે છે અને જો કે તે તમને સારી રીતે જાણે છે, કેવી રીતે તમે મારા બંદાઓને છોડ્યા છે ? તો તેઓ કહે છે અમે તેઓને છોડ્યા અને તેઓ નમાઝ પઢતા હતા અને અમો તેઓની પાસે આવ્યા અને તેઓ નમાઝ પઢતા હતા.

(બુખારી મુસલીમ)

(૪૯) અલ્લાહ તઆલા ફરમાવે છે હમેશા મારો બંદો નફલ ઈબાદતોના લીધે મારાથી નજદીક થાય છે તે એટલા સુધી કે હું તેને મારો માહબુબ કરૂ છું ફરી હું તેનો કાન થાઊં છું જેનાથી તે સાંભલે છે અને આંખ થાઉ છું તેનાથી તે જુએ છે. અને હાથ થાઉ છું જેનાથી તે પકડે છે અને પગ થાઉ છું જેનાથી તે ચાલે છે અને જો તે મારાથી માગે તો જરૂર તેને હું આપું અને જો તે મારી પનાહમાં આવે તો જરૂર હું તેનો પોતાની પનાહમાં લઊં.

(બુખારી)

(૫૦) જે ઘરમાં અલ્લાહની યાદ થાય છે અને જે ઘરમાં અલ્લાહની યાદ થતી નથી તેનો દાખલો જીવતા તથા મુરદા સરખો છે. (મુસલીમ)

(૫૧) નમાઝનુ મગઝ દુઆ છે. (મીશકાત)

(૫૨) દુઆ કરવાથી બલા રદ થાય છે અને સદકો (ખેરાત) કરવાથી ખુદાઈ ગઝબનો આતશ થંડું થઈ જાએ છે.

(મીશકાત)

(૫૩) સીજદાની હાલતમાં બંદો પોતાના પરવરદીગારથી, ઘણોજ નજદીક થાય છે માટે સીજદામાં ઘણી દોઆ કરયા કરો.
(મુસલીમ)

(૫૪, હું મારા બંદાના ગુમાનની નજદીક છું અને જ્યારે તે મને યાદ કરે છે તો હું તેની સાથે છું.

(૫૫) જે શખસ અલ્લાહથી ન માંગે અલ્લાહનો ગઝબ ઉતરે છે તેના પર. (અલ્લાહથી દુઆ ન માંગવી તકોબરી દેખાડે છે)
(તીરમઝી)

(૫૬) દરેક રાત્રે પેહલા આસમાન તરફ અમારો પરવરદીગાર ઉતરે છે જ્યારે ત્રીજો ભાગ પાછલી રાતનો રહે છે તે કહે છે કોઈ મને પુકારે છે કે હું તેની દોઆ કબુલ કરૂં (પાછલી રાતના ખુદાને પુકારવું એટલે તાહજ્જુદની નમાઝ પઢવી ને તેમાં દોઆ માંગવી તેમાં ખાસ ઘણી બરકત છે પણ અફ સોસ તે ટાંકણું ઘણાખરા ઉંઘણસી લોકો ગફલતમાં પસાર કરી નાંખે છે) કોઈ મારેથી માંગનાર છે કે હું તેને આપું કોઈ મારેથી બખશીશ માંગે છે કે હું તેની બખશીશ કરૂં.
(બુખારી મુસલીમ)

(૫૭) નમાઝ મોમીનની મેઅરાજ છે (ખુદાતઆલા પાસે પોહચવું છે).

(૫૮) બેશક મોમીન જ્યારે નમાઝમાં હોય છે તો તે પોતાના પરવરદીગારથી વાતચીત કરે છે. (બુખારી મુસલીમ) (નમાઝમાં ખુદાતઆલાથી દુઆ માંગવી ઘણી ફઝીલત છે જેમ કે રૂકુમાં 'સુબહાન રબીઅલ અઝીમ' ત્રણવાર કહીને આપણને જે દુઆ માગવી હોય તે અરબી ન જાણતા હો ઇએ તો જે ભાશા આવડતી હોય તેમાં દુઆ માંગવી તે વીજ રીતે સીજદામાં 'સુબહાન રબીઅલ આલા' ત્રણવાંર કહીને પછી જે દુઆ માંગવી હોય તે માંગી લઇએ.)

હઝરત રસુલલ્લાહ (સ. અ. સ.) નમાઝ શરૂ કરતી વખતે તથા રૂકુમાં તથા સીજદામાં ઘણી દુઆઓ કરતા હતા જે માંના થોડાક નમુના નીચે મુજબ છે.

(૫૯) (૧) "ખુદાવંદા તુ મારામાં અને મારા ગુનાહોમાં આટલી દુરી નાખી દે જેટલી પુરવ અને પશચીમમાં નાખી છે. ખુદાવંદા મને ગુનાહોથી એવી રીતે પાક કરી દે જેવી રીતે સફેદ કપડો મેલથી પાક સાફ કરવામાં આવે છે. ખુદાવંદા મને ગુનાહોથી પાણી, બરફ, ઓલા સાથે ધોઈ નાખ." (બુખારી–મુસલીમ)

(૨) ખુદાવંદા મારા સરવે ગુનાહ નાહના અથવા મોટા શરૂના તથા આખરના ખાનગી તથા જાહેર તમામ બખશી આપ. (મુસલીમ)

(૩) ખુદાવંદા મેં તારા સારૂ રૂકુ કરયો અને તારાપર ઈમાન લાવ્યો અને તારી આગલ ગરદન જુકાવી અને તારા પર ભરોસો કરયો તુજ મારો પરવર દીગાર છે. મારા કાન મારી આખો મારો ગોશત મારો લોહી મારા હાડકા સરવે પરવરદીગારે આલમની આગલ જુકેલા છે. (મુસલીમ)

(૪) ઓ અલ્લાહ તારે માટે મે સીજદો કરયો અને તારા પર ઈમાન લાવ્યો અને તારો તાબેદાર થયો. મારા મોએ તેને સીજદો કરયો જેણે તેને પેદા કર્યું અને રૂપ આપ્યું અને તેના કાન તથા આંખ ચીરીને બનાવ્યા તો અલ્લાહ બરકત વાલો છે સારો પેદા કરનાર છે. (મુસલીમ)

(૬૦) નમાઝ પઢાવનાર પેશ ઈમામ કેવો હોવો જોઈએ તે વીસે હઝરત (સ) ફરમાવે છે કે તે

"અલ્લાહની કીતાબને વધુ પઢનાર તમારામાનો ઈમામત

કરાવે ફરી જો તેઓ કીરાઅત (પઢવામાં) સરખા હોય તો સુનતને વધારે જાણનાર (ઈમામત કરે) ફરી જો તેઓ સુનતમાં સરખા હોય તો હીજરતમાં પ્રથમ જનાર (એટલે બદીથી પહેલે પરહેઝ કરનાર) (ઈમામત કરે) ફરી જો તેઓ હીજરતમાં બરાબર હોય તો વધારે ઉમર વાલો (ઈમામત કરે) અને કોઈ શખસની હકુમતની જગ્યામાં કોઈ શખસ તેના હુકમ વગર ઈમામત કરે નહી. અને તેના ઘરમાં તેની માનની જગ્યામાં વગર હુકમે બેસે નહી. (મુસલીમ)

હઝરત રસુલુલ્લાહે (સ) નમાઝ પઢાવનાર પેશ ઈમામ વીસે ઉપર મુજબ જે તાકીદ ફરમાવી તેનું સબબ એ જે નમાઝ મોમીનની મેરાજ છે. ખુદાતઆલા સાંએ હાજર થવું છે. માટે નમાઝ પઢાવનારો જે આખી જમાતનો પ્રતીનીધી બને છે તે ઘણો પરહેઝગાર હોવો જોઈએ. જ્યારે હમણા તો મસજીદોમાં પગારદાર પેશ ઈમામો મુકરર થઈ બેઠા છે. રસુલુલ્લાહ (સ) તથા સહાબાની સુનત એ હતી જે તેઓ માંહેલાઓએ ખુદા વાસ્તે નમાઝ પઢાવવી. પણ હમણાના મોલવીઓ તો નમાઝને પાંચ વખતની દુકાનદારી કરી બેઠા છે. જે બીદઅત છે મુસલમાનો તેને જાણુ યા અજાણુ ટેકો આપે છે. રસુલુલ્લાહ (સ) એ એજ મતલબનું ફરમાવ્યું જે આખરી ઝમાનામાં લોકો પગાર લઈ નમાઝ પઢાવશે તે આબાદ ખરૂ પડયું. ઈસલામીઓ ચેતો ને સુધારો.

૪

રોઝા

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કે:—

જે કોઈ રમઝાનના રોઝા રાખે ફરી (ઈદ પછી) છ રોઝા શવવાલના રાખે તો જાણે તેણે આખા વરસના રોઝા રાખ્યા. (મુસલીમ)

(૨) રમઝાન પછી અફઝલ રોઝા અલ્લાહના મોહરમના મહીનાના છે. અને ફરઝ પછી અફઝલ નમાઝ તે રાતની નમાઝ (તહજ્જુદની) છે. (મુસલીમ)

(૩) દરેક મહીનાના ત્રણ રોઝા અને રમઝાનના રોઝા બીજી રમઝાન સુધી આ આખા વરસના રોઝા છે. અને અરફાના દીવસનો રોઝો હું ધારૂ છું અલ્લાહથી કે એ એક વરસ આગલાનો તથા એક વરસ પાછલાનો કફારો છે. અને આશુરા (દસમી મોહરમ)નો રોઝો હું ધારૂ છું અલ્લાહથી કે તે એક વરસ આગલાનો કફારો છે. (મુસમીમ)

(૪) આ દીવસ આશુરો છે. અલ્લાહે એનો રોઝો તમને ફરઝ કરયો નથી. પણ હું રોઝદાર છું. માટે જેને રોઝો રાખવો પસંદ હોય તે રોઝો રાખે અને જેને રોઝો રાખવો નહી પસંદ હોય તો તે રોઝો ન રાખે. (બુખારી મુસલીમ)

(૫) રોઝાઓમાં વધારે પસંદ અલ્લાહની નજદીક દાઉદ (અ) ના રોઝા છે. તેવણ એક દીવસ રોઝો રાખતા હતા અને એક દીવસ રોઝો તોડતા હતા. અને નમાઝમાં વધારે પ્યારી નમાઝ દાઉદ (અ) ની નમાઝ છે. તેવણ અરધી રાત સુતા હતા અને તેહાઈ રાત નમાઝ પઢતા હતા અને છઠો ભાગ સુતા હતા. (બુખારી)

(૬) જેણે ફક્ત અલ્લાહ તઆલાનાજ વાસ્તે રમઝાનના રોઝા સવાબ સમજીને રાખ્યા તો તેના આગલા તમામ ગુનાહો બક્ષી દેવામાં આવશે.

(૭) રોઝદાર માણુસના મોની વાસ અલ્લાહ તઆલા આગલ કસ્તુરીની સુગંધી કરતાં પણ પ્યારી છે.

(૮) ખચીત રોઝદાર માટે બે ખુશી છે. જ્યારે તે રોઝો ખોલસે ખુશી થશે અને જ્યારે તે અલ્લાહની મુલાકાત કરસે ખુશી થશે. (મુસલીમ)

(૯) ખચીત જન્નતમાં એક દરવાજો છે જેને રૈયાન કહે છે તેઓ (રોઝદારો) સીવાય કોઈ તેમાંથી દાખલ થશે નહી. (તેઓ માટે) કહેવાશે ક્યાં છે રોઝદારો ? ફરી તેઓ ઉભા થશે. તેઓ સીવાય કોઈ તેમાં દાખલ થશે નહી.

(બુખારી મુસલીમ)

(૧૦) તમે સહેરી ખાઓ કે સહેરી ખાવામાં બરકત છે (એટલે રોઝાનો સવાબ તથા સહેરીની સકતી) (બુખારી મુસલીમ)

(૧૧) જ્યાં સુધી લોકો રોઝાને જલદી ખોલ્યા કરસે ત્યાં સુધી ખેરમા રહેસે. (બુખારી)

(૧૨) જે કોઈ રોઝદાર હોય અને ભુલથી ખાય અથવા પીએ તો તેને જોઈએ કે તે પોતાનો રોઝો પુરો કરે (એટલે તેનો રોઝો તુટયો નહી) કેમકે તેને તો ખુદાએજ ખવાડયું અને પીવાડયું છે. (બુખારી મુસલીમ)

(૧૩) જે કોઈ (રોઝામાં) બોહતાન આપવાને જુઠી વાહી તબાહી વાતો ને તથા તે પર અમલ કરવાને નહી છોડે તો તેના ખાણાપીણાના છોડવાની અલ્લાહને કશી પરવા નથી (એટલે રોઝો કબુલ નથી) (બુખારી)

(૧૪) બે દીવસો બકરી ઈદના દીવસે તથા રમઝાન ઈદના દીવસે રોઝો દુરૂસ્ત નથી. (મુસલીમ)

(૧૫) જુમાના દીવસથી એક દીવસ આગલ અથવા પાછલ રોઝો રાખવા સીવાય જુમાને દીવસે તમારામાંનો કોઈ રોઝો રાખે નહી. (બુખારી)

(૧૬) (સફરમાં રોઝા રાખવા વીસે) અલ્લાહ તરફની છુટી છે. અને જે કોઈ રોઝો રાખવા માટે ચાહે તો તેના પર દોષ નથી. (મુસલીમ)

(૧૭) સફરમાં રોઝો રાખવો કંઈ નેક કામ નથી.

(બુખારી મુસલીમ)

(૧૮) એક પછી એક વગર ખોલે (વચમાં વગર ખાધે) રોઝા રોખવાથી તમે બચતા રહો. (બુખારી મુસલીમ)

(૧૯) શું મને ખબર થઈ નથી કે તું રોઝો રાખ્યા કરે છે અને ઈફ્તાર કરતો નથી અને આખી રાત નમાઝમાં રહે છે ? તેમ તું ન કર. કારણ કે તારી બંને આંખોનો પણ હીસ્સો છે. અને તારા જાનનો પણ હીસ્સો છે માટે રોઝો રાખ અને ન પણ રાખ. રાતના નમાઝ પર અને સૂ પણ. અને દર દસ દીવસમાં એક રોઝો રાખ. અને તને તે દીન સીવાય બાકી નવ દીનનો સવાબ મળસે (બુખારી મુસલીમ)

(૨૦) જે વખતે તમારામાનો એક (સવારની નમાઝની) અઝાન સાંભલે ને તેના હાથમાં વાસણ હોય (ખાવા પીવાનો) ન મુકી દે વાસણને જ્યાં સુધી કે પોતાની હાજત બર લાવે (સહેરી છોડી ન દે) (અબુ દાઉદ)

(૨૧) મોમીનની સારી સહેરી ખજુર છે. (અબુ દાઉદ)

(૨૨) જ્યારે તમારામાંનો એક ઈફ્તાર કરે તો તેણે ખજુરથી ઈફ્તાર કરવું જોઈએ ખચીત ખજુર બસબબ બરકત છે. અગર ખજુર ન મલે તો પછી પાણીથી ઈફ્તાર કરે અને ખચીત તે પાણી પાક કરનારૂં છે. (તીરમઝી અબુ દાઉદ)

(૨૩) હમેશા દીન ગાલીબ રેહસે જ્યાં સુધી કે લોકો ઈફ્તાર કરવામાં જલદી કરસે એ સારૂ કે યાહુદી અને નસારા ઈફ્તાર કરવામાં મોડુ કરતા હતા.

(અબુ દાઉદ—ઈબ્ને માજા)

(૨૪). જ્યારે રસુલુલ્લાહ (સ. અ. સ) ઈફ્તાર કરતા ત્યારે ફરમાવતા 'યા ઈલાહી તારાજ સારૂ મેં રોઝો રાખ્યો અને તારાજ રીઝખ પર મેં ઈફ્તાર કરયો (અબુ દાઉદ)

(૨૫). જે શખસ રોઝાની નીયત ન કરે ફજરની પેહલે, તો તેના સારૂ રોઝો નથી (એટલે રોઝો લેખાશે નહી)

(તીરમઝી અબુદાઉદ ઈબ્ને માજા)

(૨૬) ખચીત તમારામાંના કેટલાકની ધારણા એ છે કે લૈલેતુલ કદર (શબે કદર) પેહલી સાત રાતોમાં છે (૨૦ મા રોઝા પછી) અને કેટલાકનો ગુમાન પાછલી સાત રાતોમાં છે (૨૦ મા રોઝા પછી) તો તમો તેને પાછલી દસ રાતોમાં (૨૧ થી ૩૦ સુધીમાં) સોધો (બુખારી મુસલીમ)

(૨૭) બે શખસો જેઓ રોઝદાર હતા એક વખત નમાઝ પઢી ચુકયા પછી તેઓને રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કે તમો પાછો વઝુ કરો ને પાછી નમાઝ પઢો અને એ રોઝો તો કાયમ રાખો પણ એની બદલે બીજો રોઝો રાખી લેજો. બેઉએ સબબ પુછયું તો ફરમાવ્યું કે તમોએ ફલાનાની ગીબત કરી (એ હદીસથી જણાયું જે ગીબત કરવાથી વઝુ નમાઝ ને રોઝો તુટી જાય છે)

(૨૮) જેણે માહે રમઝાનમાં રોઝા રાખ્યા ઈમાનથી સવાબની ગરજ સારૂ (ન કે લોકોના ડરથી યા ન લોકોને દેખાડવા સારૂ) તો તેના આગલા કીધેલા ગુનાહોથી બખશાઈ જશે અને જે કોઈ (તરાવીહ વગેરે ઈબાદત સારૂ) ઉભો રહ્યો રમઝાનમાં ઈમાનથી સવાબની ગરજ સારૂ તો તે આગલા ગુનાહોથી માફી પામશે અને જે કોઈ ઉભો રહ્યો ઈમાનથી શબે કદરે સવાબની ગરજ સારૂ તો તે આગલા કીધેલા ગુનાહોથી બખશાઈ જશે. (બુખારી મુસલીમ)

૫

ઝકાત

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કે:—

કોઈ પણ સોના ચાંદી વાલો જે તેની ઝકાત ન આપતો હશે તો તેને માટે કયામતના દીવસે તે આગમાં ગાલીને પતરૂ બનવાસે ફરી તે જહનમની આગમા તાતવાસે ને તેનો દામ તેની પાંસલીપર

કપાલપુર અને પીઠપર દેવાસે. જ્યારે તે પતરાં ઠંડા થશે તો ફરી તાતવાસે. આ અઝાબ તે દીવસમાં થશે જેનો અંદાજો પચાસ હજાર વરસનો છે. તે એટલા સુધી કે બંદાઓમાં ફેસલો થશે. ફરી તેને તેનો માર્ગ દેખાડાશે કાંતો જંનત તરફ કાંતો દોઝખ તરફ (પોતાના બીજા અમલોના બદલે) (મુસલીમ)

૬

હજ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કે:—

જે હજ ગુનાહો અને બુરાઈઓથી પાક (રહીને અદા કરી) હોય તેનો બદલો જંનત વગર બીજુ કંઈજ નથી હજ અને ઉમરો બંને ગુનાહોને એવા દુર કરે છે કે જેવી રીતે ભઠી લોઢાના મેલને દુર કરે છે.

૭

વ્યાજ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કે:—

લાબાનત છે વ્યાજ લેનારને અને દેનારને તથા લખનારને અને શાક્ષી થનારને અને ફરમાવ્યું (ગુનાહમાં) બરાબર છે (સબબ સરવે એક બીજાને એ કામમાં મદદ કરી) (મુસલીમ)

(૨) શબે મેઅરાજમાં એક કોમ પાસેથી હું પસાર થયો જેઓના પેટ ઘડા જેવા હતા તેમાં સાંપ હતા જે તેઓના પેટની બાહેરથી દેખાતા હતા ત્યારે મે કહ્યું એ લોક કોણ છે, અએ જીબરઈલ? (તો) કહ્યું એ વ્યાજ ખાનારાઓ છે.

(ઈબને માજા. આહમદ)

૮

કોરાન

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

આ કોરાનને હમેશા પઢયા કરો કારણ કે તેની કસમ કે જેના હાથમાં મહમદનો જાન છે. રસીમાં બંધાયલા ઉંટ કરતાં ખચીત એ ઘણું નાસનારૂં છે. (ચાલુ ન પઢયાથી ભુલી જવાસે)

(બુખારી–મુસલીમ)

(૨) તમારામાં બહેતર તે છે કે જે કોરાનને સીખે અને તેને (લોકોને) શીખવે. (બુખારી)

(૩) કોરાન સમજ્યા પછી દુન્યાથી તથા શેઅર સખુનથી બે પરવાહ નહી થાય તે અમારામાંથી નથી. (બુખારી)

(૪) જે લોકો કોરાનની આયતોને એક બીજાથી ઉલટી સાબેત કરવા જગડો કરતા હતા તેઓને રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કે તેઓ સીવાય કોઈ લોકો હલાક નહી થયા જેઓ તમારી પેહલે ખુદાની કીતાબને એક બીજા પર મારતા હતા (એટલે ઉલટી ઠરાવતા હતા) જ્યારે ખુદાની કીતાબ એ સીવાય નાઝલ થઈ નથી કે સાચી ઠેરવે એક ને બીજા પર માટે તમે એક (આયતને) બીજાથી જુઠલાવો નહી અગર તમો જાણુતા હો તો, અગર ન જાણુતા હો તો સોંપો તે જાણુનારા પર. (મુસલીમ ઈબ્ને માજા)

(૫) ખચીત આ કોરાનના લીધે કેટલાક લોકોને વધારે છે (ઉંચો દરજો આપે છે) અને એના લીધે કેટલાંકને ગટાડે છે (નીચા કરે છે) (મુસલીમ)

(૬) કોરાનનો માહીતગાર પવીત્ર લખનાર ફીરેશતાઓની સાથે છે. અને જે કોરાન પઢે છે અને તેમાં ઝબાન અટકે છે અને તેના પર ઘણુ કઠણુ છે તો તેને બેવડો સવાબ છે

(એટલે એક તો પઢવાનો સવાબ અને બીજો તકલીફ ઉઠાવવાનો સવાબ) (બુખારી મુસલીમ)

(૭) જે શખસ કોરાન પઢે અને જે તેમાં છે તે સાથે અમલ કરે તો કયામતના દીને તેના માબાપને તાજ પેહરાવવામાં આવશે જેની રોશની ઘણી સરસ હશે જેવી કે આફતાબની રોશની દુન્યાના તમારા ઘરોની અંદર હોય ત્યારે તમો શું ધારો છો તે શખસ (નો પોતાનો શું દરજ્જો હશે) જેણે કોરાન સાથે અમલ કીધો. (અબુ દાઉદ)

૯

શીરક (કદી ન માફ થનારો ગુનાહ).

(ખુદાની ઝાતમાં યા ઈબાદતમા યા સીફાતમાં બીજા કોઈને જોડવો એ કદી ન માફ થનારો ગુનાહ છે.)

હઝરત રસુલુલ્લાહ સ. અ. સ. ફરમાવ્યું કે:—

તું કોઈ પણ વસ્તુને ખુદાનો ભાગ્યો ન બનાવ અગર જો તું મરાયો જાય અને બાલ્યો જાય.

(૨) એક શખસે કહ્યું ઓ રસુલુલ્લાહ (સ) કયો ગુનાહ અલ્લાહની નજદીક ઘણો મોટો છે. હઝરતે (સ) ફરમાવ્યું કે તું કોઈને અલ્લાહના જેવો (સકતી ધરાવનારો હાઝેર નાઝર) ઠેરવીને પુકારે અને જુઓ તો અલ્લાહેજ તેને પેદા કરયો છે. (મુસીબતની વખતે પેગમ્બર યા ઈમામ યા પીર યા બુઝરગને હાઝર નાઝર ખુદાના જેવી જોવા તથા સાંભળવા વાળી સકતી ધરાવતા સમજવું તેને શીરક કહે છે (શીરક એટલે ભાગ) ખુદાની સકતીમાં કોઈને ભાગ્યો સમજવો એ ન માફ થાય એવો ગુનાહ છે) બુખારી મુસલીમ.

(૩) અલ્લાહની કસમ હું અલ્લાહનો રસુલ હોવા છતાં જાણતો નથી કે મારી સાથે અને તમારી સાથે શો મામલો બનવાને

(જ્યારે એવા મહાન પેગમ્બરનો એ હાલ છે તો બીજો કોણ છે જે ગૈબ જાણી સકે) બુખારી.

(૪) ઇબ્ને અબ્બાસ (રદી)થી રીવાયત છે તેવણે કહ્યું કે " હું એક દીવસ રસુલુલ્લાહ (સ) ની પાછલ હતો તો તેવણે ફરમાવ્યું ઓ છોકરા અલ્લાહને યાદ રાખ તે તને યાદ રાખસે. તું અલ્લાહને યાદ રાખ તે તને તારી સામે મલસે. અને જ્યારે તું માગણી કરે તો અલ્લાહથી માંગ અને જ્યારે તું મદદ ચાહે તો અલ્લાહથી મદદ ચાહ અને તું જાણ બેશક જો સઘલા લોકો તને કોઈ વસ્તુનો લાભ આપવા ભેગા થાય તો અલ્લાહે તારે માટે લખ્યું છે તેટલોજ લાભ આપશે અને જો તેઓ તને નુકશાની પુગાડવા ભેગા થાય તો અલ્લાહે જે લખ્યું છે તેટલીજ નુકશાની પોંહચવશે.

(તીરમઝી)

(૫) આદમીના દીલનો દરેક મેદાન માટે એક માર્ગ છે. તો જે શખસ પોતાના દીલને દરેક માર્ગ ઉપર નાખશે તો અલ્લાહ ને પરવા નથી કે કયા મેદાનમાં તેને હલાક કરે. અને જે શખસ અલ્લાહ ઉપર ભરોસો કરે તો તે સઘલા માર્ગોથી તેને બસ થશે. (ઇબ્ને માજા)

(૬) જ્યારે " વ અનઝેર અશીરતકલ અકરબીન " (તારા સગાઓને ડરાવ)ની આયત ઉતરી તો નબી સાહેબ (સ) આવી રીતે ખાસ ખાસ ટોલાનુ નામ લઇને પુકારચા.

ઓ બની કઅબ બીન લોવૈ તમો પોતાના જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહિ. અને ઓ બની મુરો બીન કઅબ તમો તમારા જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહી અને ઓ બની અબદે મનાફ તમો તમારા જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહી. અને ઓ બની અબદે

શમ્સ તુમો તમારા જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહી. અને એ બની હાશમ તમો તમારા જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહી. અને એ બની અબદુલ મુત્તલીબ, તમો તમારા જાનોને આગથી બચાવો કારણ કે હું અલ્લાહને ત્યાં તમને જરાએ કામ આવીશ નહી, અને એ ફાતેમા તું તારા જાનને આગથી બચાવ તું મારા માલમાંથી (અત્રે આ દુન્યામાં) જે જોઈએ તે માંગ કારણ કે હું અલ્લાહને ત્યાં તને જરાએ કામ આવીશ નહી. (બુખારી મુસલીમ)

(૭) જે શખસને સારૂં લાગે કે લોકો તેની આગળ તસવીરની તરેહ (હાથ બાંધીને વગર હાલચાલે ને વગર અહીં તહીં જુએ અદબથી ઉભા રહે જેવી રીતે નમાઝમાં અલ્લાહની સાંમે ઉભું રહેવાય છે) તો તેને જોઈએ કે પોતાનું ઠેકાણું આગમાં ઠેડવે. (તીરમઝીમ)

(૮) જે (શખસ) અલ્લાહ સીવાય બીજા કોઈ માટે (કુરબાની) ઝબાહ કરે તો તેને ખુદાએ લઅનત કરી છે. (મુસલીમ)

(૯) જ્યાં સુધી મારી ઉમતના કેટલાક કબીલા મુશરીકોની સાથે મલસે નહી તથા મારી ઉમતના કેટલાક કબીલા સ્થાનો પુજશે નહી ત્યાં સુધી કયામત થશે નહી. (તીરમઝી)

(૧૦) જે કોઈ (શખસ) ખબર બતાવનાર (એટલે નજુમી–રમલવાળો–ફાલ જોનારા વગેરે ગૈબ જાણવાનો દાવો કરનારા લોકો) પાસે જાય તો તેની ચાલીસ દીવસની નમાઝ કબુલ થશે નહી. (મુસલીમ)

(૧૧) તમો નહી કહો "જે અલ્લાહ ચાહે ને મોહમદ ચાહે" પણ તમે ફકત કહો "જે અલ્લાહ ચાહે."

(૧૨) ખચીત રસુલુલ્લાહ (સ) મોહાજેર તથા અનસારના કેટલાક લોકોમાં બેઠા હતા એવામાં એક ઉંટ આવ્યું ને તેણે પેગ

મ્બર (સ) ને સીજદો કરયો. તો સહાબાએ કહ્યું ઓ રસુ લુલ્લાહ (સ) તમને મુગા પ્રાણીઓ તથા ઝાડ સીજદો કરે છે તો અમને જરૂર છે કે તમને સીજદો કરયે તો હ ઝરત (સ) ફરમાવ્યું કે તમારા પરવરદીગારની તમો બંદગી કરો ને તમારા ભાઈની (મારી) તાઝીમ કરો.

(૧૩) કૈસ બીન સઅદ (રદી) થી રીવાયત છે કે હું " હીરા " માં આવ્યો તો તેઓને (લોકોને) જોયા કે પોતાના મરઝ બાનને સીજદો કરે છે તો મેં કહ્યું બેશક રસુલુલ્લાહ (સ) સીજદો કરવાને વધુ લાયક છે ફરી હું રસુલુલ્લાહ (સ) પાસે આવ્યો ને મેં કહ્યું કે મેં ' હીરા ' જોયું છે ફરી તેઓને જોયા જેઓ પોતાના મરઝબાનને સીજદા કરે છે તો આપને હું સીજદો કરૂં એ વધુ લાયક છે. ત્યારે હઝરતે (સ) ફરમાવ્યું કે વારૂ વીચાર કર જો તું મારી કબર ઉપર ગુજરે તો તું શું તેને સીજદો કરસે ? મેં કહ્યું નહી. હઝરતે ફરમાવ્યું તો (હમણા બી સીજદો) નહી કરો.

(અબુદાઉદ)

(૧૪) અલ્લાહે ફરમાવ્યું કે તમારામાંનો કોઈ કહે નહી " મારો બંદો " અને " મારી બંદી " તમો સઘલા અલ્લાહના બંદા છો અને તમારી ઓરતો સઘલી અલ્લાહની બંદી છે. અને ગુલામ પોતાના શેઠને મૌલા કહે નહી કારણ કે તમારો મૌલા અલ્લાહ છે. (મુસલીમ)

(૧૫) મોતરેફ બીન અબદુલ્લાહ બી શખ્ખીર (રદી) થી રીવા યત છે તેવણે કહ્યું કે હું બની આમીરના વફદ (ડેપ્યુટેશન) માં રસુલુલ્લાહ (સ) તરફ ચાલ્યો ફરી અમે કહ્યું " તમો અમારા સરદાર છો " ત્યારે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું સર દાર અલ્લાહ છે ફરી અમે કહ્યું બુઝરગીમાં અમારા મોટા છો. અને ઘણા સખી છો. તો તેવણે કહ્યું એવી વાત કહો અથવા એથી થોડી ઓછી કહો જેથી તમને શેતાન બેઅ દબ ન કરે. (અબુદાઉદ)

(૧૬) જેવી રીતે ખ્રીસ્તીઓએ ઇસાં (અલે) ને હદથી વધારયા તેવી રીતે તમો મને હદથી વધારો નહી કારણ કે હું બંદોજ છું. તમો મને અલ્લાહનો બંદો તથા તેનો રસુલ કહો. (બુખારી. મુસલીમ)

(૧૭) ખચીત હું ઈચ્છુ છું કે જે મરતબો અલ્લાહ તઆલાએ મને ઇનાયત કરયો છે તેથી વધુ મને વધારો નહી. હું મોહમદ બીન અબદુલ્લા તેનો બંદો છું તથા તેનો રસુલ છું.

(૧૮) ગેબના ખઝાના પાંચ છે જેને અલ્લાહ સીવાય કોઇ જાણતું નથી. અલ્લાહ સીવાય કોઇ જાણતું નથી કે કાલે શું થશે અને કોઇ જાણતું નથી કે ગર્ભસ્તાનમાં શું છે અને કોઇ જીવ જાણતો નથી કે કાલે શું કરસે અને કોઇ જીવ જાણતો નથી કે કઇ ઝમીનમાં મરસે અને કોઈ જાણતું નથી કે કયારે વરસાદ વરસશે. (બુખારી)

(૧૯) જે કોઈ પોતાના બાપને મુકીને બીજાને બાપ બનાવે અને તે જાણતો પણ હોય કે તે તેનો બાપ નથી તો તેના ઉપર જંનત હરામ છે. (બુખારી મુસલીમ)

(૨૦) એકની બીમારી બીજાને લાગતી નથી અને અપસુકન લેવું નથી. અને દેવ ભુત નુકસાન કરવાના માલક નથી. (બુખારી મુસલીમ)

(૨૧) અપસુકન શીર્ક છે.

(૨૨) નઝર (માનતા) કરો નહી. કારણ કે નઝર તકદીરને કંઈ ટાલતી નથી અને નઝરના લીધે તો ફકત બખીલનો માલ ખરચ થાય છે. (મુસલીમ)

(૨૩) અલ્લાહ અઝઝ વજલ્લ ફરમાવે છે કે જે કોઇ એક નેકી લાવશે તેને માટે દસ ઘણું છે. અથવા (એથી પણ) હું વધારસ. અને જે કોઇ બદી લાવશે તો બદલો બદીનો એકજ છે, અથવા હું તેને માફ કરસ. અને જે કોઇ મારેથી વેંત પાસે થાય છે તો હું તેને એક હાથ પાસે થાઉં

છું અને જે કોઇ મારેથી એક હાથ પાસે થાય છે તો હું તેને એક વામ પાસે થાઉં છું અને જે કોઇ મારી પાસે ચાલતો આવે છે તો હું તેની પાસે દોડતો આવું છું. અને જે કોઇ જમીન ભરીને ગુનાહોની સાથે મારી મુલાકાત લેસે અને તેણે કોઇ ચીજ ને મારી શરીક કરી નહી હશે (મારી ઝાતમાં યા ઇબાદતમાં યા સીફતમાં કોઇને જોડયો ન હશે) તો હું તેટલીજ મગફેરત (બખશીશ) ની સાથે મુલાકાત કરીશ. (મુસલીમ)

(૨૪) જે કોઇએ અલ્લાહની મુલાકાત એવી હાલતમાં કરી કે તેની (અલ્લાહની) સાથે કોઇને શરીક કરયો નહી તો તે જંનતમાં દાખલ થશે. અને જે કોઈ તેની મુલાકાત એવી હાલતમાં કરશે કે તેની સાથે કોઇને શરીક કરયો છે તો તે દોઝખમાં જશે એટલે જે (મરતાં દમ સુધી) ખોદાનેજ (નફા નુકસાનનો) માલીક જાણશે તો તે જંનતી છે અને જે ખુદા સીવાય બીજા કોઇને નફા નુકસાનનો માલીક જાણશે તો તે મુશરીક દોઝખી છે. (મુસલીમ)

(૨૫) (લોકોના) દેખાવ માટે (તેઓથી ડરીને યા તેઓની તારીફ માટે) થોડું પણ કામ કરવું શીર્ક છે.

૧૦

બીદઅત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

હમ્દ તથા સલાત પછી વાત તો આ છે કે ખચીત બહેતર બાત ખુદાની કીતાબ છે. અને સારો માર્ગ મોહમદનો માર્ગ છે. અને બુરાં કામો તે નવા નીકળેલા (બીદઅત) છે અને દરેક બીદઅત ગુમરાહી છે. (મુસલીમ)

(૨) દરેક બીદઅત ગુમરાહી છે ને દરેક ગુમરાહી આગ છે.

(૩) બીસમીલ્લા પઢીને "ઇનના આ તૈના" ની પુરી સુરા પઢીને ફરમાવ્યું (કે) તમો જાણો છો કૌસર શું છે? અમે કહ્યું અલ્લાહ તથા તેનો રસુલ સારી રીતે જાણે છે. હઝરતે (સ) ફરમાવ્યું કે તે એક નેહર છે. મારા પરવરદીગારે મને તેનો વાયદો આપ્યો છે. તેનાપર ઘણી ખૈર છે તે હોઝ પર કયામતના દીને મારી ઉમત આવશે તેના વાસણ તારાઓની ગણત્રી એ છે. ફરી એક બંદો તેઓમાંનો અટકા વાસે. હું કહીશ એ મારા પરવરદીગાર ખચીત તે મારી ઉમતમાંથી છે ત્યારે (મને) કહેવામાં આવશે કે તું જાણતો નથી તારી પછી તેણે કેવો નવો માર્ગ કાઢયો. (એટલે બીદઅતી થયો.) (મુસલીમ)

(૪) હું તમને વસ્યત કરૂં છું જે ખુદાથી ડરો અને હાકેમોને કબુલ કરો અને તેઓની ફરમાબરદારી કરો અગર તે હાકમ હબશી ગુલામ હોય તે છતાં, તે પછી મારી બાદ તમારામાંથી જે કોઇ જીવતા રહેશે તેઓ આખેરીમાં ઘણો એખતેલાફ (ગેર સમજુતી) જોશે તો તમો લાઝમ જાણો પોતા ઉપર મારો રવઇઓ તથા મારા ખલીફાઓનો રવઇઓ કે જેઓ ખુબીઓવાલા તથા નેક રાહ પામેલા છે. એ રવઇઆને મજબુત પકડો ને જોરથી તેને દાંતોથી પકડો. અને નવા કામોથી બચો એટલા સારૂ જે હરનવાં ચીઝ (રસમ) બીદઅત છે અને બીદઅત ગુમરાહી છે. (અબુ દાઉદ)

(૫) મારાથી આગળ કોઇ પણ પેગમ્બરને અલ્લાહે કોઇ ઉમતમાં મોકલ્યા છે તો તેમને માટે તેમની ઉમતમાંથી હવારીયો (ચોખા જાન ફીદા કરનાર) તથા સહાબીઓ થયા કરે છે જે તેઓની સુંન્ત પકડે છે. અને તેમના હુકમની તાબેદારી કરે છે ફરી તેઓ પછી એવા નાલાએક નીકળે છે કે જે કહેલું છે તે કરતા નથી અને જેનો હુકમ નથી તે કરે છે. (એટલે સુંન્ત છોડી નવી રસમો બીદઅત

પકડે છે) તો જે કોઇ તેઓથી હાથથી જેહાદ કરે છે તે મોમીન છે. અને જે કોઇ તેઓની સાથે જીભથી જેહાદ કરે તે મોમીન છે. અને જે કોઇ તેઓ સાથે પોતાના દીલથી જેહાદ કરે તે મોમીન છે. આ ત્રણ કામો સીવાય ફરી તો રાઇના દાણા બરાબર ઈમાન નથી. (મુસલીમ)

(૬) જે શખસ મારી સુન્તોમાંની કોઇ સુંન્ત જે ભુલાઇ ગઇ હશે તે જારી કરશે તો તે શખસને બરાબર તેના પ્રમાણમાં સવાબ મલસે કે જેપર અમલ થશે. અને અમલ કરનારાઓનું સવાબ ઓછું થશે નહી. અને જેણે ગુમરાહીની નવી બીદઅત કાઢી તેનાથી અલ્લાહ અને રસુલ રાઝી નહી અને તેનાપર ગુનાહ બરાબર તે પ્રમાણે થશે કે જે પર (લોકો) અમલ કરસે ને અમલ કરનારાઓના ગુનાહ જરાબી ઓછો થશે નહી. (તીરમઝી)

(૭) જેઓ મારી સુંનત પર અમલ કરશે ફસાદના વખતે (જે વખતે બીદઅતી રીવાજ ફેલાયલો હશે) તો તેને સો શહીદોનો સવાબ મલસે.

(૮) જે કોઈ અમારા આ કામમાં એટલે દીનમા અને શરીઅતમાં નવી વાત કાઢે કે જે તેમાં ન હોય તો તે નવી વાત (રસમ) અથવા તેનો કાઢનાર મરદુદ છે. (બુખારી. મુસલીમ)

(૯) જે કોઇ એવું કામ કરે કે જેના વીસે અમારો હુકમ નથી તો તે કામ મરદુદ છે. (મુસલીમ)

(૧૦) અલ્લાહની નાફરમાનીમાં કોઈની તાબેદારી નથી તાબેદારી તો સારા કામમાંજ છે (ઇમામ અથવા ઉસ્તાદ અથવા મા બાપની તાબેદારી સારા કામમાં કરે અને શરીઅત વીરૂધ કામમાં તાબેદારી નજ કરવી જોઇએ.) (બુખારી મુસલીમ)

(૧૧) અલ્લાહ લાનત કરે તેના પર કે જે પોતાના મા બાપ પર લાનત કરે અને અલ્લાહ લાનત કરે તેના પર કે જે ખુદા

સીવાય બીજા કોઇના માનમાં ઝબાહ કરે અને અલ્લાહ લાનત કરે તેનાપર કે જે બીદઅતી ને આશરો આપે અને અલ્લાહ લાનત કરે તેનાપર કે જે ઝમીનની હદો મીટાડે.

(મુસલીમ)

(૧૨) ઇનસાનની પરીક્ષા તેના ઘરવાળાઓમાં તેના માલમાં તેના જાનમાં તેની અવલાદમાં તથા તેના પાડોસીમાં થાય છે તેને કફ્ફારો નમાઝ-રોઝા–સદકો–સારા કામોનો હુકમ કરવો અને બુરા કામોથી મના કરવામાં છે.) (બુખારી મુસલીમ)

(૧૩) આદમીઓનો દાખલો જાણે સો ઉંટ છે કે તેમાં સવારીને લાયક એક પણ તમને મળશે નહી (તેવીજ રીતે સો આદમીઓમાં એક બી કામીલ મોમીન સંગતને લાયક મળતું નથી મતલબ કે સુંનતપર અમલ કરનારા ને બીદઅતને છોડનારા જુજ હોય છે) (બુખારી મુસલીમ)

(૧૪) હું જે જાણું છું તેને જો તમો જાણો તો તમો ઘણા રડો ને થોડા હસો. (બુખારી મુસલીમ)

(૧૫) **થોડીક બીદઅતોના નમુના.**

૧ કબરોપર ઉરૂસ વગેરેનો ધામધુમથી મેળો ભરવો–બતી બાલવી, બુઝરગોની કબરને ચુમવું, ચાટવું, તવાફ કરવો, સીજદો કરવો વગેરે.

૨ મરણ પછી ત્રીજુ, દસમુ, વીસમુ, ત્રીસમુ, ચાલીસમુ, છ મસી, વરસી કરવી.

૩ મરણ પામેલાઓના હકમાં સવાબ પોંહચાડવા સારૂ અવાર નવાર ગરીબોને ખવાડવું યા કપડા આપવા યા કાંઇબી ખેરાત યા સદકો આપવો મના નથી, બલકે તાકીદ છે. પણ મુકરર તારીખેજ કરવું એ ખોટી રસમ છે. પોતા પાસે હોય યા ન હોય વ્યાજે કરજ કઢાવી બી મુકરર તારીખે પોતાના સગાવાહલાં યા દોસ્તોમાં સારૂ લાગવા

કરવું યા ન કરવાથી લોકો ટીકા કરશે તે ડરથી કરવું એવી ઇસમામમાં ફરજ છેજ નહી. એ બીદઅત છે. પોતા પાસે હોય યા ન હોય મરહુમ સારૂ ખુદાતઆલાથી હમેશા દુઆ આહવી એ સૌથી ઉતમ છે.

૪ શેહાદી વગેરે ટાંકણે નાચ વાજા ગાજાનો જલસો કરવો.

૫ સલામની બદલે આદાબ બંદગી કહેવું.

૬ વીધવાની નીકાને એબ સમજવું.

૭ શેહાદીમાં નકામા ખરચ તથા બેહુદી રસમો કરવી.

૮ મરણ ટાંકણે પુકારીને રડવું. મોંપર તથા છાતીપર પીટવું.

૯ માહેતમ કરવી. મુરદાના વખાણ કરીને રડવું.

૧૦ દેર જેઠ વગેરે નામહેરમની સાંબે બે ધડક આવવું.

૧૧ ઓરતોએ ઘણુંજ બારીક કપડું પેહરવું. અવાજ કરતુ ઘરેણું પહેરવું.

૧૨ મરદોના જલસામાં જવું.

૧૩ ઓછું રડવા માટે બાળકને અફીમ ખવરાવું.

૧૪ ખાસ ખાસ તારીખોએ મરણ પામેલાઓને ગમ પાછો તાજો કરવો.

૧૫ મકાનમાં તસવીરો લટકાવવી.

૧૬ સણગાર સારૂ દીવાલ પર ફેન્સી પરદા લટકાવવા.

૧૭ ખાસદાન. અત્તરદાન સુરમાની સલી. સુરમાની સલી સોના ચાંદીની વાપરવી.

૧૮ મરદોએ સોનો પહેરવો તથા રેશમી કપડા પેહરવા.

૧૯ સફેરે જતાં યા પાછા આવતાં પગે લાગવું.

૨૦ મુછો વધારવી ને દાહડી બોડાવવી. વગેરે વગેરે.

(ઉપલી સરવે ખોટી રસમો હરામ છે)

—x—

૧૧

શાદી.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

ખચીત ઘણી બરકતવાળી નીકાહ તે છે કે જે તકલીફમાં સહેલ હો.

(૨) બુરૂ ખાનું તે વલીમા (શાદી) નું ખાનું છે. જેમાં તવંગરો નોતરાય અને ફકીરો તજાય. અને જે દાવત (સુંનત તરીકાની હોય ને એ) કબુલ નહી કરે તો તેણે અલ્લાહની તથા તેના રસુલની નાફરમાની કરી. (બુખારી મુસલીમ)

(૩) ખાનુ આપવું પેહલે દીનનો હક છે. અને બીજા દીવસનો દસ્તુર છે અને ત્રીજા દીવસનો મશહુર થવા સારૂ છે અને જેણે પોતાને મશહુર થવા ચાહ્યું તેને અલ્લાહ રૂસ્વા કરશે. (તીરમઝી)

(૪) જે લોક બદલા સારૂ તથા નામ સારૂં ખાનું કરે તો તેઓનું ખાનું કબુલ કરો નહી અને ખાઓ નહી.

૧૨

રાગ-વાજું.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

(૧) મને મારા પરવરદીગારે વાજા ગાજા મટાડવાનો હુકમ કીધો છે.

(૨) હરામ થઈ છે શરાબ. જુગાર અને કુબા (વાજા) અને જે ચીજ નીશા લાવે તે હરામ છે. (મીશકાત)

(૩) ઘુંઘરો કે ઘાટરડી શૈતાનનુ વાજુ છે. (મુસલીમ)

(૪) રાગ દીલમાં નીફાક ઉગાડે છે જેવી રીતે પાણી ઉગાડે છે ખેતી. (મીશકાત)

(૫) તમારામાનાં કોઈના પેટનું પરૂથી ભરાવું તે એટલે સુધી કે તેના ફેફસાને લાગે એ બહેતર છે આથી કે તેનુ પેટ શેઅરથી ભરાય. (મુસલીમ)

(૬) નાફે (રદી) થી રીવાયત છે કે હું ઇબને ઉમર (રદી) સાથે હતો. રસ્તામાં તેઓએ એક વાજુ સાંભલ્યું તો તેઓએ પોતાની બેઉ આંગલીઓ પોતાના બેઉ કાનોમાં નાંખીને તે રસ્તાપરથી બીજે તરફ ચાલ્યા ગયા જ્યારે દુર નીકળી ગયા ત્યારે કહ્યું અએ નાફે ભલા તું કાંઈ સાંભળે છે મેં જવાબ દીધો કે નહી. ત્યારે તેઓએ બેઉ કાનોમાંથી આંગલીઓ કાહડી અને કહ્યું કે હું રસુલુલ્લાહ (સ. અ. સ.) સાથે હતો ને તેઓએ એક વાંસલીનો અવાઝ સાંભલ્યો તો એમજ કરયું જેવું મે કરયું. (અબુ દાઉદ)

૧૩

સોનું.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

"તમારામાંનો જે કોઇ આગનો અંગારો લેવા ધારે છે અને ફરી તેને પોતાના હાથમાં મુકે છે." હઝરતે (સલ) એક શખસના હાથમાં સોનાની વીંટી જોઇ ત્યારે તેઓએ ઉપર મુજબ ફરમાવ્યું ફરી તે વીટી (તે શખસના હાથમાંથી) કાઢીને ફેંકી. ફરી રસુલુલ્લાહ (સ) ના ગયા પછી તે શખસને કેહવાયુ કે તારી વીટી લે અને તેથી લાભ લે. તો તેણે કહ્યું કે નહી. ખુદાની કસમ રસુલુલાહે જે (ચીજ) ને ફેંકી તેને કદી લઈશ નહી. (બુખારી મુસલીમ)

(૨) જે કોઇએ સોના ચાંદીના વાસણમાં પીધું તેણે પોતાના પેટમાં જહનમની આગ ઉતારી. (મુસલીમ)

૧૪

રેશમી કપડા.

જે કોઇ (મરદ) દુન્યામાં રેશમી કપડુ પેહરસે તો તે કયા મતમાં (રેશમ) પેહરશે નહી. (બુખારી મુસલીમ)

(૨) આ રેશમને તો તેજ શખસ પહેરે જેનો (આખેરતમાં) હીસ્સો નથી. (મુસલીમ)

૧૫

શરાબ વગેરે નીશો.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

દરેક પીવાની વસ્તુ જે નીશા લાવે તે હરામ છે. (બુખારી મુસલીમ)

(૨) જે ચીઝ નીશો લાવનારી હોય તે થોડી યા ઘણી હરામ છે. ખુદાતઆલાએ શરાબ પીનારા વેચનારા ને ખરીદનારા પર લઅનત કરી છે.

(૩) દરેક નીશો લાવનાર વસ્તુ હરામ છે. ખચીત ખુદાએ પોતાપર ઠેડવ્યું છે કે જે નીશાવાલી વસ્તુ પીએ તેને તે “ તીનતુલ ખબાલ ” પીવડાવશે. સહાબાએ કહ્યું “ તીનતુલ ખબાલ ” શી ચીજ છે એ રસુલુલ્લાહ ? હઝરતે (સ) ફરમાવ્યું કે જે દોઝખીઓનો નીચોડ (પરૂ) છે. (મુસલીમ)

૧૬

આપઘાત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ, સ.) ફરમાવ્યું કેઃ—

જે ફાંસો ખાઇને મરે છે તે જંહનમમાં ફાંસો ખાયા કરસે અને જે ભોંકીને મરે છે તે પોતાના જીવને આગમાં ભોકયા કરશે. (બુખારી)

(૨) જેણે પાહાડપરથી પોતાને ફેંકીને મારી નાખ્યો તો તે જંહનમમાં હમેશા ઊંચેથી પડયા કરશે ત્યાં હમેશા રહ્યા કરશે અને જે કોઇ ઝહેર પીને પોતાને મારશે તો તેનું ઝહેર તેના હાથમાં રહેસે તેને તે દોઝખમાં પીતો રહેસે અને જે કોઇ પોતાના જાનને લોઢાથી એટલે હથીઆરથી મારશે તો તે હથીઆર તેના હાથમાં હશે તેને દોઝખમાં પોતાના પેટમાં હમેશા ભોકયા કરશે. (બુખારી મુસલીમ)

૧૭

કોઈની તારીફ કરવા વીસે.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

જ્યારે તમો ઘણી તારીફ કરવાવાલાઓને જુઓ તો તેઓના મોઢામાં ખાક ભરી દેઓ. (મુસલીમ)

(૨) જ્યારે કોઇ બદકારની તારીફ કરવામાં આવે છે તો તે ખુદાના ગઝબમાં આવે છે ને તેથી અરશ કાંપે છે.

(૩) એમ ન કહો કે જે ચાહે અલ્લાહ અને મહમદ પણ ફક્ત કહો જે ચાહે અલ્લાહ.

(૪) જેવી રીતે ખ્રીસ્તીઓએ ઇસા (અલ) ને હદથી વધારેયા તેવી રીતે તમો મને હદથી વધારો નહી. કારણ કે હું બં-

દોઝખ છું. તમો મને અલ્લાહનો બંદો કહો તથા તેનો રસુલ કહો. (બુખારી મુસલીમ)

(૫) ખચીત તમે તે શખસને હલાક કરયો અથવા તે શખસની પીઠ તોડી નાંખી. હઝરત રસુલુલ્લા (સ) તે શખસને ફરમાવ્યું કે જેણે બીજાની ઘણી વખાણ કરી. (બુખારી મુસલીમ)

૧૮

તસવીર.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

તારો નકશવાલો પરદો મારી આગળથી દુર કર કારણ કે તેની તસવીરો હમેશ મારી આગલ નમાઝમાં આવ્યા કરે છે. (બુખારી)

(૨) અલ્લાહ ફરમાવે છે મારી બનાવેલી તસવીરોની જેમ જે બનાવવા લાગે તેથી વધુ કોણ ઝાલીમ છે? તેઓને જોઇએ કે એક રજને કે એક દાણાને કે એક જવને પેદા કરે. (મુસલીમ)

(૩) દરેક તસવીર બનાવનાર કે ચીતરનાર દોઝખમાં છે. (બુખારી મુસલીમ)

(૪) હઝરત આએશા (રદી) થી રીવાયત છે. ખચીત તેણીએ એક ગાલીચો ખરીદયો જેમાં તસવીરો હતી. ફરી જ્યારે રસુલ્લાહ (સ) તેને જોયો તો દરવાજા ઉપર ખડા થયા અને માંહે આવ્યા નહી જેથી તેમના ચહેરાનો અણગમો તેણીએ પીછાંન્યો. તેણીએ કહ્યું હું અલ્લાહની તથા તેના રસુલની રૂબરૂ તોબા કરૂં છું મેં કયો ગુનાહ કરયો છે? રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે આ ગાલીચો કેવો છે? તેણી

કહે છે મેં કહ્યું આપને માટે મેં એને ખરીદયો છે કે આપ એની ઉપર બેસો તેથી તકયો કરો. જયારે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે આ તસવીરોવાળાઓને કયામતના દીને અઝાબ થશે અને તેઓને કહેવામાં આવશે જે તમે બનાવી તેમાં જાન નાખો. અને તેવણે કહ્યું જે ઘરમાં તસવીરો હોય બચીત તેમાં (રેહમતના) ફીરેશતા દાખલ થતા નથી.

(બુખારી)

(૫) કયામતના દીને ઘણો સખત અઝાબ તેને છે જેણે નબીને કતલ કરયો અથવા નબીએ જેને કતલ કરયો અથવા જેણે પોતાના મા બાપને કતલ કરયો અને તસવીરો બનાવનારને અને તે આલીમને કે જેના ઇલમથી કંઈ લાભ નહી આપે.

(૬) જે ઘરમાં કુતરૂ હોય તથા જાનદારની તસવીર હોય તેમાં (રહેમતના) ફીરેશતા દાખલ થતા નથી. (બુખારી)

(૭) જે કોઇ ખેતી તથા ગાય બકરીની રખવાલ સીવાય કુતરાને રાખશે તો દરરોજ તેની નેકીમાંથી એક કીરાત (પાંચ પાંચ જવ) ગટસે. (બુખારી મુસલીમ)

૧૯

મોત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

તમે મરવા પડેલાને લાઈલાહા ઇલ્લલ્લાહની તલકીન કરો. (મરવાની વખતે લા ઇલાહા ઇલ્લલ્લાહ પુકારીને કહો કે જેથી મરનાર પણ તે સાંભલીને બોલે. પણ તેને મોડેથી બોલવાની ફરજ પાડો નહી કદાચ તે ના પાડી બેસે.) (મુસલીમ)

(૨) જયારે તમો મૈયતની પાસે ભેગા થાઓ તો સારી વાત

કહો. કારણુ કે જે તમે કહો છો તે પર ફીરેશતા આમીન કહે છે. (મુસલીમ)

(૩) મૈયતની પાછલ ત્રણુ ચીજ જાય છે તેની અહલ (ઘર વાલા) માલ અને અમલ. ફરી તેમાંના બે (ઘરવાલા અને માલ) પાછા ફરે છે. અને એક (અમલ તેની સાથે) રહી જાય છે. (બુખારી મુસલીમ)

(૪) જનાઝાને જલદી લઇ જાઓ. જો તે નેકબખત છે તો તમે તેને ભલાઇની તરફ નજદીક કરયો (એટલે કબરમાં જઇને સવાબ મેળવશે) અને જો તે બીજો કંઇ છે (બુરો છે) તો તમે તે (બુરા) ને પોતાની ગરદનપરથી ઉતારયો. (બુખારી મુસલીમ)

(૫) જ્યારે માણુસ મરયો તો તેના અમલ કપાઇ ગયા (એટલે અમલ હાંસલ કરવાનું બંધ થયું) પણુ ત્રણુ તરેહના અમલ મોત પછી બી કપાતા નથી. (૧) સદકો ખેરાત જેનો લાભ હમેશા જારી હોય. (૨) તે ઇલમ કે જેથી લોકો લાભ લે. (૩) નેક અવલાદ જે બાપને માટે દોઆ કરે. (મુસલીમ)

(૬) તમે મુરદાને ગાલો ન ભાંડો (બુરૂ ન કહોં) કેમકે તેઓ પોતાનાં કરતુકે પોંહચી ગયાં છે. (બુખારી)

(૭) તમારામાંનો દરેક અલ્લાહની સાથે સારી ધારણા રાખતો હોય એવી હાલતમાં મરે (મરતી વેળા અલ્લાહને રહીમ, કરીમ, ગફાર વગેરે જાણીને બખશીશની આશા દીલમાં રાખે કે જેથી ખુશી અને શોખની સાથે અલ્લાહની તરફ જાય. અને હાઝર રહેનારાબી અલ્લાહની રહીમી કરીમીની સીફત બ્યાન કરયા કરે.) (મુસલીમ)

(૮) જ્યારે કોઇ (મોમીન) બંદાનો ફરઝંદ મરે છે અલ્લાહ તઆલા ફીરેશતાઓને ફરમાવે છે (શું) તમોએ મારા બંદાના

ફરઝંદની રૂહ કબઝ કરી ? કહે છે હા. પાછું અલ્લાહ તઆલા ફરમાવે છે શું તમોએ તેના દીલના મેવાને કબઝ કરયો ? ફરી કહે છે હા. પાછું અલ્લાહ તઆલા ફરમાવે છે મારા બંદાએ શું કહ્યું ? કહે છે તારી તારીફ કરી અને "ઇન્ના લીલ્લાહે વઇન્ના ઇલે હે રાજેઉન" કહ્યું. પછી અલ્લાહ તઆલા ફરમાવે છે મારા બંદા સારૂ બહેશતમાં એક મોટું મકાન બનાવો અને તેનું નામ રાખો બએતુલ હમ્દ. (તીરમઝ આહમદ)

(૯) જે મુડદો મરે ને પછી કોઇ રડનારા ઉભા થાય ને કહે હાય મારા પાહાડ અને ઓ મારા સરદાર વગેરે વાતો કહે તો અલ્લાહ તઆલા બે ફીરેશતા મુકરર કરે છે તેના સારૂ જેઓ મુડદાને છાતીપર ઠોંસા મારે છે અને કહે છે શું તું એવોજ છે ? (કે જેવી તારી તારીફ રડીને ગવાય છે.) (તીરમઝી)

(૧૦) જે જનાઝા સાથે નોહો કરનારી ઓરત હોય તે સાથે જવાની મના છે. (ઇબને માજા)

(૧૧) પુકારીને રડનારીઓની દોઝખમાં બે સફ બનાવવામાં આવશે. એક સીધી બાજુ બીજી ડાબી બાજુ. ત્યારે (તેઓ ત્યાં) દોઝખીઓપર નોહા કરસે જેવી રીતે કુતરા રડે છે. (તીબરાની)

(૧૨) હું તેનાથી બેઝાર છું જે માથું બોડાવે અને પુકારીને રડે અને ગીરેબાન ફાડે. (બુખારી મુસલીમ)

(૧૩) ચાર બાબત મારી ઉમતમાં કુફરના લોકોની છે જેને તેઓ છોડશે નહી. તેમાંની એક (મુડદા પર) પુકારીને રડવાની છે અને ફરમાવ્યું જે પુકારીને રડનારી ઓરત પોતાના મરણની આગમજ તોબા ન કરી હશે તો કયામતના દીને તેણીને તેલનો પેહરન અને ખારશની (ખુજલીની) ઓઢણી પેહરાવવામાં આવશે. (મુસલીમ)

(૧૪) લઅનત છે ચીલ્લાઇને રડનારી ઓરતપર અને સાંભલ-નારી પર. (અબુ દાઉદ)

(૧૫) તું જા અને તે ઓરતોના (એટલે જાફર. બીન અબુ તાલીબ (રદી) ની ઓરતોના) મોંમાં ધુલ નાખ. (જાફર તૈયાર (રદી) જેઓ હઝરતના કાકા હતા જેઓને હઝરતે (સ) લડાઇ ઉપર મોકલ્યા હતા જ્યારે તેમની શહાદતની ખબર આવી તો હઝરત (સ) ને ઘણો ગમ થયો અને જાફરના ઘરની ઓરતો વીલાપ કરવા લાગી. એક શખસે એ બાબતની હઝરત (સ) ને ખબર કરી. હઝરતે ફરમાવ્યું જઇને તેઓને રોકો. તેણે જઇને મનાઇ કરી. ઓરતોએ માન્યું નહી. ફરી હઝરત (સ) ને અરઝ કરી કે તેઓ માનતી નથી. હઝરતે કહ્યું ફરી જા અને મનાઈ કર એવી રીતે ત્રણવાર તે શખસને મોકલ્યો તેણે કહ્યું ઓ હઝરત ઓરતો માનતી નથી અને અમારેથી ચઢી ગઇ છે. ત્યારે હઝરતે ગુસ્સો કરી ઉપલી હકીકત ફરમાવી.)

(બુખારી મુસલીમ)

(૧૬) શું તમે સાંભલ્યું નથી કે અલ્લાહ અઝાબ નથી કરતો આંખમાંથી આંસુ નીકલવાથી અને દીલમાં ગમ થવાથી પણ અઝાબ કરે છે આ કારણસર એમ કહીને જીબને દેખાડી ઇશારો કરયો (એટલે એનાપર જરૂર અઝાબ થાય છે ઘરવાળાઓના રડવાથી પણ જો ઝબાનથી ઇન્ના લીલ્લાહે વઇન્ના ઇલૈહે રાજેઉન" કહેવાથી અને સબર કરવાથી રહેમ થાય છે. (બુખારી મુસલીમ)

(૧૭) આંખ વહે છે અને દીલ ગમ કરે છે અને અમારો પરવરદીગાર રાજી થાય તેજ અમે કહીએ છીએ (ઇન્ના લીલ્લાહે વઇન્ના ઇલૈહે રાજેઉન) ખુદાની કસમ ઓ ઈબરાહીમ (હઝરત (સ) ના ફરઝંદને તેના આખરી વખતે હઝરતે કહ્યું) અમે તારે લીધે ગમગીન છૈએ. (મુસલીમ)

(૧૮) ખચીત જીવતાના રડવાથી મૈયતને જરૂર અઝાબ થાય છે.
(બુખારી)

(૧૯) મૈયતને તેનાપર વીલાપ (નોહા) કરવાને લીધે તેની કબરમાં અઝાબ થાય છે (અઝાબથી બચવા ઘરવાળાઓને આગળથી વીલાપ ન કરવાની વસ્યત કરી રાખવી જોઇએ)
(બુખારી મુસલીમ)

(૨૦) જો મને એવો ડર ન હતે કે તમો મુડદાને દફ્‌ન નહી કરો તો હું અલ્લાહથી દોઆ કરતે કે તમને કબરનો અઝાબ સંભલાવે (એટલે કબરનો અઝાબ એવો સખત છે કે તે તમે સાંભલો તો બેભાન થઇ જાઓ અને મુડદાઓને દફ્‌ન ન કરો.) (મુસલીમ)

(૨૧) મુસલમાન જ્યારે કબરમાં પુછાય છે તો તે આ શાક્ષી આપે છે કે "લા ઇલાહા ઇલ્લલ્લા મોહમદન રસુલુલ્લાહ તો ખુદાનુ કોરાનમા છે "જે લોકો ઇમાન લાવ્યા તેઓને અલ્લાહ સીધ વાતપર ઠરાવે છે" તે આ એજ લોકો છે.
(બુખારી મુસલીમ)

(૨૨) જ્યારે તમે જનાઝાની પાછળ જાઓ તો જ્યાં સુધી તે ઝમીનપર મુકાય નહી (ત્યાં સુધી) તમારે બેસવું નહી.
(મુસલીમ)

(૨૩) એક યાહુદી ઓરત મરી ગઇ હતી તેના સગાં રડતા હતા ત્યારે હઝરત (સ) ફરમાવ્યું કે ખચીત વાત તો આ છે કે તેના ઉપર રડાય છે અને તેને કબરમાં અઝાબ થાય છે. (બુખારી મુસલીમ)

(૨૪) ઝીંદાની (જીવતા લોકોની) દુઆથી મરણ પામેલાઓનો અઝાબ રફા થાય છે (ઉપાડી લેવામાં આવે છે) (હઝરતે (સ) એક ઠેકાણે ફરમાવ્યું કે મરણ પામેલાઓ છે તે જી-

વતાઓના મોહતાજ છે અને એ આશા રાખે છે કે એ-ઓના પ્યારાઓ એઓના હકમાં મગફેરતની દુઆ કરશે પણ અફસોસ દુન્યાના લોકોની એવી ઉલટી સમજ છે કે એઓના હકમાં દુઆ કરવાનું છોડી ઉલટું એઓની પા-સેથી પોતાની બહેતરીની આશા રાખે છે (યા તેની પછવાડે માહેતમ કરીને અઝાબનો તોહફો મોકલે છે.)

(૨૫) જે વખત ઇનસાન ખેરાત કરે છે મુરદાની નીયતથી તો અલ્લાહ તઆલા જીબરઇલ (અલે) ને હુકમ કરે છે કે મારી રહેમત લઇને મુરદાની કબર પર જાઓ.

૨૦

કબર.

હઝરત રસુલુલ્લાહ (સ. અ સ.) ફરમાવ્યું કેઃ—

અલ્લાહ યાહુદોપર લાનત કરે તેઓએ પોતાના પેગમ્બ-રોની કબરોને મસજીદ (સીજદાની જગયા) બનાવી. (મુસલીમ)

(૨) રસુલુલ્લાહ (સ) એ લાનત કરી તે ઓરતો પર કે જે-ઓએ કબરોને મસજીદ બનાવી (એટલે કબરોને સીજદો કરયો યા ત્યાં નમાઝ પઢી) તથા જેઓએ કબરો પર બ-તીઓ રોશન કરી (આ હદીસથી ઉરૂસ ભરનારાઓપર બી લાનત થઈ). અબુદાઉદ તીરમઝી

(૩) તમો જાણો કે ખચીત તમારાથી આગળ જે હતા તેઓ પોતાના પેગમ્બરો તથા સારા લોકો (બુઝરગો વલીઓ) ની કબરોને મસજીદ ઠેરવતા હતા તમો સાંભલો કે તમારે કબરોને મસજીદ બનાવવી નહી. ખચીત હું તમોને એથી મનાઈ કરૂં છું (અફસોસ જે બાબતની નબી સાહેબે આવી સખત મના કરી તેજ બાબતને લોકો સવાબે દારેન સ મજે છે). મુસલીમ

(૪) ન બનાવો મારી કબરને ઈદગા (એટલે જેમ દર વરસે ઈદ આવે છે ને બધા લોકો જમા થઈ ઉરૂસ વગેરેની ધામધુમથી મેળો કરે છે તેમ મારી કબર પર કરશો નહી) અને દરૂદ મોકલો મારાપર એટલા માટે કે તમારી દરૂદ મને પોંહચાડવામાં આવે છે તમો ક્યાંબી હોવો

(૫) કબર પર બેસો નહી અને તેઓ તરફ નમાઝ પઢો નહી (જ્યારે તેથી ઉલટુજ લોકો મુજાવરો બની કબર પાસે બેસે છે ને ત્યાં નમાઝ સીજદા બજાવે છે) મુસલીમ

(૬) ખચીત જ્યારે તેઓમાંનો કોઈ સારો માણસ મરી જતો તો તેઓની કબર ઉપર મસજીદ બનાવતા અને ત્યાં તેની સુરતો ચીતરતા તે લોકો ખુદાને ત્યાં બુરી મખલુક છે.

બુખારી મુસલીમ

(૭) અલબુતા તમારામાંનુ કોઈનું અંગાર પર બેસવું ફરી તેના કપડા બલવા કે તેની ચામડીને લાગવું એ કબર ઉપર બેસવા કરતાં બહેતર છે. (મુસલીમ)

(૮) (કબરોની ઝયારત એ કારણુસર કરી શકાય છે કે નીયત હોય ઈબરત લેવાની ને દીલ નરમ કરવાની જે વીસે રસુલુલ્લાહ (સ) ફરમાવે છે) કબરોની ઝયારત કરવાની મેં તમોને મના કરી હતી પણ કબરોની ઝયારત કરતા રહો ખચીત ઝયારત કરવી દુન્યાથી બેદીલ કરે છે ને આખેરત યાદ દેવાડે છે. (ઈબને માજા)

(૯) મના થઈ છે કબરને ગચી કરવાની તથા કબર પર ઈમારત બનાવવાની તથા તેપર બેસવાની. મુસલીમ

(૧૦) મના થઈ છે કબરો પર ગચી કરવાની અને કબર પર લખવાની અને કબરને રૂંદવાની (તે ઉપર ચાલવાની.)

(તીરમઝી)

(૧૧) અબુ ઇલ્યાંજને હઝરત અલી (રદી) એ ફરમાવ્યું ભલા હું તને એવા કામ ઉપર ન મોકલું કે જે કામ ઉપર રસુલુલ્લાહ (સ) મને મોકલ્યો હતો તે એ કે તું ન છોડે કોઈ તસવીર પણ તેને મટાડી નાખે ને ન છોડે કોઈ ઊંચી કબર પણ તેને બરાબર કરી નાખે (એક બાલીશતથી ઉંચી કબર બનાવેલી હોય તો તોડી નાખવી જોઇએ.

(મુસલીમ).

૨૧

વગર ઝરૂરતે મુસાફરી ન કરવી જોઈએ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

સફર અઝાબનો એક ટુકડો છે તે તમને ઉંઘવાથી ખાવાથી પીવાથી રોકે છે. માટે જ્યારે કોઈ કેથે ગયો હોય (તો) તે કામ પુરૂ થયે જલદી ઘરવાલા પાસે આવે (વગર ઝરૂરતે સફર કરવી મકરૂહ છે કેમકે એમાં તકલીફ છે ઉપરાંત જમાતની નમાઝ જુમાની નમાઝ જતી રહે છે) (બુખારી મુસલીમ)

(૨) ત્રણ મસજીદો મસજીદે હરામ (એટલે અદબવાલી મસજીદ મકાની) મસજીદે રસુલ (મદીનાની) અને મસજીદે અકસા (બૈતુલ મુકદસ જેરૂસલમની) સીવાય કજાવા બંધાય નહી. (એટલે સફર કરવી નહી) જે લોકો ઝયારત કરવા દુરના મુલકોમાં જાય છે તેઓએ ચેતવું જોઇએ સબબ સવાબ પોહચાડવા રસુલુલ્લાહ (સ) ફરમાવી ચુકા છે જે "દરૂદ મોકલો મારા પર એટલા માટે કે તમારી દરૂદ મને પોંહચાડવામાં આવે છે તમો કયાં બી હોવો"

૨૨

દુન્યા

હઝરત રસુલુલ્લાહ (સ. અ સ) ફરમાવ્યુ કેઃ—

ખચીત દુન્યા મીઠી તથા હરીભરી છે અને ખચીત અલ્લાહે એક ટોલાં પછી તમને તેમાં માલેક બનાવે છે. ફરી તે જુએ છે કે તમો કેવી રીતે અમલ કરો છો (દુન્યામાં ઈનસાનની અજમાયશ લેવાય છે.) (મુસલીમ)

(૨) તું દુન્યામાં એક મુસાફર સરખો થા. અથવા જાણે એક રસ્તાના ચાલનાર સમાન થા. અને તું પોતાને એક કબરવાળાઓમાં ગણી રાખ. (બુખારી મુસલીમ)

(૩) દુન્યા મુરદાર છે. તેને તલબ કરનાર કુત્રા છે.

(૪) દુન્યા મોમીનનો કેદખાનો છે અને કાફરોનો બગીચો છે. (મુસલીમ)

(૫) કોઈ શખસ પોતાની કલેમાની આંગલી દરયામાં નાખે ફરી તે જુએ કે તેને કેટલું પાણી લાગું તે પ્રમાણે દુન્યા આખેરતનો મુકાબેલામાં છે. (મુસલીમ)

(૬) આદમી કહે છે મારો માલ મારો માલ પણ તારો માલ તો તેજ કે જે તેં ખાધો અને ફનો કરયો અથવા પેહરયો અને તેને પુરાનો કરયો અથવા સદકો કરયો અને તેને ચાલુ કરયો (ખાધું અને પેહરયું તે અત્રે ફના થયું સખાવતમાં ખરચેલું આખેરતનો ખઝાનો બની સાથે ચાલ્યું). (મુસલીમ)

(૭) જો ઘણી એક બકરીઓમાં બે ખુની વરૂ છોડવામાં આવે કે જે ખુબ ચીરી ફાડીને ખાય પણ તેમનાથી એ એટલી બરબાદી નથી પોંહચતી કે જે માણુસના દીનને પૈસાના લોભે અને નામના ઈચ્છાના લીધે થાય છે.

(૮) દુન્યામાં જેણે મશહુર થવાને કપડો પેહરયો (જેવી રીતે આલીમો–સૈયદો–હાજીઓ–અમીરો–મશાએખો–દરવેશો પોતે તેવા છે એમ ઓળખાવા સારૂ ખાસ લેબાસો પહેરે છે) તો તેને ખુદા કયામતના દીને રૂસ્વાઇનો કપડો પેહરાવશે.

(અબુ દાઉદ ઇબ્નેમાજા)

(૯) જે શખસ પોતાને દુન્યાથી દોસ્ત રાખે છે (જેથી તે) પોતાની આખરેતને નુકશાન પોંહચાડે છે અને જે શખસ પોતાને આખરેતથી દોસ્ત રાખે છે (જેથી તે) પોતાની દુન્યાને નુકશાન પોંહચાડે છે તો એખત્યાર કરો તે ચીજ કે જે કાયમ રહેનાર છે (એટલે આખેરતને એખત્યાર કરો) ઉપર તે ચીજની કે જે ફાની છે (એટલે દુન્યા ફાની છે તેને છોડો.)

(૧૦) લાનત કરવામાં આવી છે યા લાનત કરવામાં આવે (જે) બંદો દીનારનો યા બંદો દીરહમનો (હોય) (દુન્યાના પૈસા ટકા પર મશગુલ રહેનારા ઇનસાનો પર લાનત કરવામાં આવી છે) (તીરમઝી)

(૧૧) એક શખસ આવ્યો અને કહ્યું યા રસુલુલ્લાહ મને એવા કામની ખબર આપો કે જે વખતે હું તે કરૂં અલ્લાહ મને દોસ્ત રાખે અને લોકો (બી) મને દોસ્ત રાખે ફરમાવ્યું નીફરત કર અને દુન્યામાં ખાહેશ ન રાખ તને ખુદા દોસ્ત રાખશે અને જે ચીજ લોકોની પાસે છે માલ મોટાઈ તે તરફ ખાહેશ ન રાખ્યાથી લોકો તને દોસ્ત રાખસે (લોકો સાથે પૈસા ટકા તેમજ માન ઇઝત મેલવવામાં હરીફાઈ ન કરવામાં આવે તો લોકો બી દોસ્ત રાખશે)

(તીરમઝી ઇબ્નેમાજા)

(૧૨) શું કોઈ એવો છે જે ચાલે પાણી પર પોતાના પગો ભીજવ્યા વગર ? સહાબાએ જવાબ આપ્યો એવો કોઈ નથી જે પોતાના

પગોને ભીજવ્યા વગર પાણીપર ચાલે. હઝરતે (સ) ફરમાવ્યું કે એવીજ રીતે (દુન્યાની મોહબત રાખનાર) દુન્યાદાર ગુનાહોથી સલામત નથી. (મીશકાત)

(૧૩) દુન્યા તે શખસનું મકાન છે જેના સારૂ (આખરતમાં) મકાન નથી અને (દુન્યામાં) તે શખસના સારૂ માલ છે જેના સારૂ (આખેરતમાં) માલ નથી. અને જે શખસ તેને જમા કરે છે તેના સારૂ અકલ નથી. (મીશકાત)

(૧૪) જ્યારે ઈનસાન મરે છે ફીરેશતા પુછે છે (શું નેક અમલો) આગળ મોકલ્યા છે ઈનસાન કહે છે જે (માલ) પાછલ છોડયું (ફીરેશતા નેક અમલ સારૂ પુછે છે તો ઈનસાન જે માલ છોડયુ તે બતાવે છે) (મીશકાત)

(૧૫) જે દુન્યામાં વગર લાલચ અપાયલો છે (દુન્યાની મોહબત રાખનાર નથી) ને ફુઝુલ વાતો ઓછી કરનારો છે તો તેની નજદીકી સોધો ખચીત તેને (ખુદા તરફથી) હીકમત સીખવવામાં આવે છે અને અપાય છે. (મીશકાત)

૨૩

હઝરત·અલી (અ) દુન્યા વીસે શું ફરમાવે છે.

(૧) દુન્યાથી ખુશ થવું બેવકુફી છે.

(૨) દુન્યા ઝેર છે તેને એ ખાય જે ઓળખે નહી.

(૩) દુન્યા એવી છે કે જે તેને ચાહે તેને અને ન ચાહે તેને પણ ખુદા આપે છે પણ **દીન** એવું છે કે તે નથી આપતો પણ તેને કે જે તેને ચાહે.

(૪) ઝમાનો ગુજરી જાય છે તે અજબ છે પણ લોકોની ગફલત એ કરતાં પણ વધારે અજબ છે.

(૫) દુન્યાની સફાઈમાં મેલ મલેલો છે. અને તેમાં આરામ છે તે બીમારી સાથે મેલેલો છે.

(૬) અએ દુન્યાના બંદાઓ દીવસના લેવા વેચવા મશગુલ થાઓ છો અને રાતના પોતાના બીછાના પર આરામ કરોછો. અને પડખા ફેરવો છો અને સુવોછો. અને આખેરતના કામથી ગાફીલ થાઓછો અને ઈબાદતના કામોથી સુસ્તી કરોછો તો આખેરતના કામ કયારે કરશો ? અને મુસાફરીની તૈયારી કયારે કરશો ?

(૭) દુન્યાના લોકો સાથે વધારે મોહબત ન કર. કેમકે તેઓની સોબતથી તું આજીઝ રહીશ. અતે તેઓ તારા દુશમન થશે. કેમકે એ લોકો આગ જેવા છે તેઓથી ફાયદો થોડો થાય છે અને બાળે વધારે છે.

(૮) દુન્યાને બદલે આખરેતને વેચ નહી. અને અમ્મરને બદલે ફાનીને લે નહી.

(૯) લોકો સાથે સોહબત ઓછી રાખ કેમકે તું ગરીબ થઈ જશે તો તારા ઉપર ફખર કરશે અને અગર તવંગર થઈશ તો તો હસદ કરશે.

(૧૦) અએ લોકો માહીતગાર થાઓ કે દુન્યા એક ફાની થનાર મુસાફર ખાના સમાન છે અને હમેશાં બાકી રહેનાર આખેરત છે. તમોને લાઝીમ છે કે આ મુસાફરખાનાથી કાંઈ હાસીલ કરો. એટલે નેક અમલ કરો કે તમોને આખેરતનું ભાતુ થાય. અને જેની સામે તમારા તમામ કામ જાહેર અને ખુલ્લા છે તેની સામે શા માટે પરદો કરોછો ? માટે પરહેઝ કરો.

(૧૧) અએ લોકો મરવાની પહેલે પોતાના દીલ દુન્યાથી જુદા કરો. અને દુન્યામા તમોને ફક્ત અજમાઈશ માટે મોકલ્યા છે. અને તમો આખરેત માટે પેદા થયા છો.

(૧૨) ઈનસાન જ્યાં સુધી દુન્યાને તુચ્છ નહી સમજે ત્યાં સુધી બુઝરગ નહી થાય.

(૧૩) દુન્યામાં ખુશ હશે તે આખેરતમાં હલાક થશે અને દુન્યામાં ગમગીન હશે તે આખેરતમાં ખુશી થશે.

(૧૪) મને એ શખસથી અજબ લાગે છે કે દુન્યાથી જવાવાળો છે અને મુસાફરીનો સામાન તઈયાર કરતો નથી.

(૧૫) જેના માટે દુન્યામાં મુસીબતો અને સખતીઓ નથી તેના માટે આખેરતમાં નેઅમતો નથી.

(૧૬) અફસોસ છે જીંદગાની તમામ થઈ અને ગુનાહ સીવાય આખેરત માટે બીજુ કાંઈ ભાતું ભેગુ કરયું નહીં અને હજી પણ તારી ગફલતનો એવો હાલ છે કે નફસની લીઝતો કે જે ફાની છે અને હવા તથા હવસમાં ગીરફતાર છો અને હીસાબના દીવસ અને પોતાના ખાલીકના મતલબથી બીલકુલ ગાફીલ છો.

(૧૭) અએ ઉંચી ઉંચી મેડી અને મંહેલના રહેનારાઓ હુશયાર થઈ જાઓ કે નજીક છે કે તમો માટીમાં મલી જશો અને જમીનમાં દફન થશો અને અએ લોકો હુશીઆર થઈ જાઓ કે એક ફીરેશતો હમેશા ખુદા તરફથી જમીનવાળાઓ અને દુન્યાવાળાઓને અવાજ આપીને કહે છે કે અએ ગાફેલો ગફલતમાં કેમ પડયા છો ? અને શા માટે સારી ઈમારતો બનાવવામાં મશગુલ થાઓછો ? કેમકે એ તો ફક્ત પોતાના વખતને બરબાદ કરવાનુ છે અને તમો પેદા નથી થયા પણ મરવા માટે અને આજે ઉમદા ઉમદા ઈમારતો બનાવો છો તે ટુક મુદતમાં ખરાબ વીરાન અને બરબાદ થઈ જશે.

(૧૮) અએ લોકો તમે જાણુતા નથી કે દુન્યામાં ખુશી કરવી તે ફરેબ ખાવાનુ છે છેવટે શરમીંદગી વીના બીજું કંઈ નથી

અને અએ આરામ ચાહવાવાળાઓ તમારૂ હમેશા દુન્યામાં રહેવાનુ બનવાજોગ નથી. અને એવો ખ્યાલ ખોટો છે અએ ગાફેલો ગફલતની ઉંઘથી જાગો અને આખેરતનો તોશો હાસીલ કરો કેમકે એક દીવસ જરૂર દુન્યાથી જવું છે માટે આખેરતનો ભાતો મેળવવા જલદી કરો કેમકે મોત તમારી તાકમાં છે અને એક દીવસ જરૂર નાઝીલ થશે. અએ લોકો દુન્યા મુસાફરખાના સમાન છે કે મુસાફર ત્યાં રાતના થોભે છે અને સવારના ચાલતો થાય છે.

(૧૯) અએ દુન્યા ચાહવાવાળાઓ હુશયાર થઈ જાઓ કે દુન્યા બેઈઝતીનુ મકાન છે અને દુન્યાની મીઠાસ ઇંદ્રા રાવન કરતાં પણ વધારે કડવી અને ખરાબ સ્વાદવાલી છે પણ દોલતમંદોને દોલત ખુબ ફરેબ આપી રહી છે અને ખુબ તકબુર અને અંહકારવાળા બનાવે છે. માટે અએ લોકો તેનાથી પરહેઝ કરો કે તે ફાની છે અને આખેરત જે બાકી રહેનાર છે તેના માટે કોશીશ અને મહેનત કરો કે તેથી હમેશા ફાયદો થશે.

(૨૦) જેણે દુન્યાપર ભરોસો રાખ્યો તે બદબખત અને કમનસીબ છે.

(૨૧) જે શખસ ખુદાના દીનને રમત સમજશે તેને ખુદા જહનમમાં દાખલ કરશે.

(૨૨) જે શખસની જીંદગીથી કોઈને ફાયદો ન પોંહચે તે શખસની ગણત્રી ઓરતોમાં છે.

(૨૩) જે શખસ ખુદાથી ડરસે તેને ખુદા હરેક ચીજથી બેડર રાખશે.

(૨૪) જે શખસ લોકોથી ડરશે તેને ખુદા દરેક ચીજથી ડરાવશે.

(૨૫) જેણે ખુદાનો ખોફ કરયો તેને કોઈનો ખોફ નથી.

(૨૬). દુન્યાની મોહબતથી ડરો કે તે શેતાનની જાળ અને ઈમાનની ખરાબી છે.

(૨૭) પોતાના નફસ સાથે જેહાદ કરવો તે બેહીશત ખરીદવા જેવું

છે. તે જેણે પોતાના નફ્સ સાથે જેહાદ કરી તેણે બેહીશત ખરીદ્યું અને આતો બહુજ બહેતર સવાબ છે.'

(૨૮) અએ લોકો જાણો કે દુન્યા અને આખેરત બે ઓરતો સમાન છે કે એક મરદના ઘરમાં હોય તો એકને રાજી રાખે તો બીજી નારાજ થઈ જાય છે.

(૨૯) અએ લોકો જાણો કે એક ફીરેશતો હમેશા નીદા કરે છે કે અએ લોકો જણો મરી જવા માટે ઈમારતો બનાવો ખરાબ થવા માટે ભેગું કરો મુકી જવા માટે.

(૩૦) અએ લોકો જાણો કે દુન્યા ખરાબ છે કેમકે તેમાં નેકી થોડી છે અને બદી વધારે છે. લીઝત ઘણી ઓછી છે અને પસ્તાવો બહુજ છે અને તેની રાહત છે તે સખતી અને ઈજા સાથે મલેલી છે અને તેની ઉમદગી નહસ સાથે મલેલી છે અને તેનો ફાયદો નુકસાન સાથે મલેલો છે અને તેની મીઠાસ કડવાસ સાથે મલેલી છે. માટે તેણીથી બચો.

(૩૧) માલ ભેગો ન કર. કેમકે તને ખબર નથી કે કેના માટે ભેગો કરે છે.

(૩૨) જે જીવતાથી કોઈને ફાયદો પહોંચે નહી તે મુરદા સમાન છે.

(૩૩) અએ મોમેનો જાણો કે તમારો માલ અને તમારી અવલાદ ફીતનો છે જેમકે તે વીસે ખુદાએ કોરાનમાં ફરમાવ્યું છે. તો કયામતના દીવસે માલ અને અવલાદ કાંઈ પણ કામ નહી આવે પણ જે શખસ સાફ દીલથી રાહે ખુદામાં વાપરશે તેનુ ફળ ત્યા પામશે.

(૩૪) અએ લોકો તમારી પાસે માલ ઓછો હોય તો ખુદાનો શુકર કરો કેમકે માલ જેટલો વધારે હશે તેટલો હીસાબ દેવો પડશે.

(૩૫) ઈનસાન જે દમ લે છે તે મોત તરફ ઉતાવલેથી જવા દગલા ભરતો હોય તે સમાન છે.

૨૪

વાએઝ કરનારા અને કોરાન પઢનારા પણ તે મુજબ અમલ ન કરનારાઓનો હાલ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

શબે મઅરાજમાં કેટલાએક શખસોને મેં જોયા કે તેઓના હોઠ આગની કાતરથી કપાતી હતી મેં કહ્યું અએ જીબરઈલ એઓ કોણ છે (જીબરઈલે) કહ્યું કે એ લોકો તારી ઉમતના વાએઝ કરનારાઓ છે જે ચીજ (અમલ) કે તેઓ (લોકોને કરવા) કહેતા હતા પણ તેઓ પોતે તેમ કરતા નહતા. ખુદાની કીતાબ (કોરાન) પઢતા હતા અને અમલ નહી કરતા હતા. (મીશકાત)

(૨) કયામતના દીવસે એક શખસને લાવવામાં આવશે ફરી તે આગમાં નખાશે તો તેના પેટની આંતરડીઓ નીકળશે ફરી જેવી રીતે ગધેડુ ઘંટીમાં ફરે છે તેવી રીતે તે તે આંતરડીઓ સાથે ફરસે. ફરી તેની પાસે દોઝખ વાળા ભેગા થશે અને કહેશે કે ઓ ફલાના તને શું થયું? શું તું અમને ભલી વાતની નસીહત કરતો નહતો અને બુરી વાતથી રોકતો નહતો? તો તે કહેશે હા હું તમને ભલી વાતની નહસીત કરતો હતો પણ હું તે કામ કરતો નહતો તથા બુરી વાતની મનાઈ કરતો હતો પણ હું પોતે તે કામ કરતો હતો.

(બુખારી મુસલીમ)

૨૫

બીમારી

હઝરત રસુલુલ્લાહ સ. અ. સ. ફરમાવ્યું કેઃ—

અલ્લાહે કોઈબી બીમારી મોકલી છે તો તેના માટે દવા પણ મોકલી છે. (બુખારી)

(૨) કોઈ પણ મુસલમાન (મોમીન)ને બીમારીથી કે તે સીવાય બીજા કંઈથી દુખ અને મુસીબત પોંહચે તો જેવી રીતે ઝાડ પાંદડાંને ખેરવે છે તેમ તેને લીધે અલ્લાહ તેના ગુનાહોને ખેરવે છે (એટલે દરેક રંજ અને તકલીફથી ઈમાનદાર મુસલમાનના ગુનાહ દુર થાય છે તે એવી શરતથી કે તે તેપર સબર કરે ને ઈનના લીલ્લાહે વ ઈનના ઈલેહે રાજેઉન કહેતો રહે) (બુખારી મુસલીમ)

(૩) રસુલુલ્લાહ (સ) ની આગળ એક ઓરતે તાપને બુરૂ કહ્યું તો હઝરતે (સ) ફરમાવ્યું કે તાપને બુરૂ ન કહો એનાથી ગુનાહ માફ થાય છે.

(૪) જે કોઈ (મોમીન) માંદાની બીમાર પુરસી કરસે તે હમેશા જંનતના બગીચાઓમાં મેવો ચુંટશે. (મુસલીમ)

(૫) જો તું ચાહે તો સબર કર અને તારે માટે જંનત છે અને જો ચાહે તો તારે માટે અલ્લાહથી દુઆ કરૂં કે તે તને સાજી કરે (એક બીમાર ઓરતને હઝરતે (સ) ફરમાવ્યું. (બુખારી મુસલીમ)

(૬) જ્યારે બંદો બીમાર થાય છે અથવા સફર કરે છે તો તંદરૂસ્તી અને ઘરમાં બેસવાની હાલતમાં જે કામ કરતો હતો તે (સવાબ) તેને માટે લખાય છે. (બુખારી)

(૭) તાઊન (પલેગ) અઝાબ હતી અલ્લાહ પોતાના બંદાઓમાંથી જે પર ચાહે તે પર મોકલે છે ફરી અલ્લાહે તેને ઈમાન વાલાઓ માટે રહેમત કરી છે. કોઈ પણ બંદો જે ગામમાં પલેગ હોય ત્યાં (તે) હોય અને તેમાં સબર કરીને થોભી રહે સવાબની આશા કરીને નીકલે નહી તે જાણે છે કે અલ્લાહે જે લખ્યું છે તે સીવાય કંઈ તેને થનાર નથી તો તેને માટે શહીદનો સવાબ છે. (મુસલીમ)

(૮) જ્યારે તમે કોઈ ઝમીનમાં પલેગનુ સાંભલો તો ત્યાં ન જાઓ અને જે ઝમીનમાં તમો હોવો અને ત્યાં પલેગ આવે તો ત્યાંથી ન નીકલો. (બુખારી મુસલીમ)

(૯) ખચીત રસુલ્લાહ (સ.) એક જુઝામવાલાનો હાથ પકડયો અને પોતાની સાથે એક (ખાનાના) વાસણમાં મુકયો ફરી કહ્યું ખા અલ્લાહ પર ભરોસો મુકીને અને તેના પર આધાર રાખીને અમને અલ્લાહ ઉપર ભરોસો છે અને તેની ઉપરજ આધાર છે. જેને ચાહે બીમાર કરે જેને ચાહે તંદરૂસ્ત કરે કોઈ બીમાર સાથે ખાવામાં અમો પરહેઝ કરતા નથી અને બીમારી લાગી જવાની (વાત) માનતા નથી.

(ઈબ્ને માજા)

૨૬

કસમ

હઝરત રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કેઃ—

તમે જાણો કે જે શખસ કસમ ખાય તો ખુદા સીવાય કોઈની ન ખાય.

(૨) વેપારમાં ઘણા કસમ ખાવાથી બચતા રહો કારણ કે તે સોદાનુ ચલણ કરે છે પણ બરકતને મટાડે છે. (મુસલીમ)

(૩) જે શખસ અલ્લાહ સીવાય બીજાની. કસમ ખાધી તેણે શીરક કરયું (ખુદાની કસમ ખાવી એટલે ખુદાને સાક્ષી રાખવું થયું ને ખુદાજ બધે ઠેકાણે હાઝર નાઝર છે ને બધુ જોઈ તથા સાંભલી શકે છે. પેગમબર યા ઈમામ યા પીર હાઝર નાઝર નથી તેમ અલ્લાહની જેમ કશુ જોતા યા સાંભલી શકતા નથી તેથી જે કોઈએ પેગમ્બર યા ઈમામ યા પીરની કસમ ખાધી તો અલ્લાહની જેવી શકતીમાં તેને જોડયો એટલે તે કસમ ખાનારે શીરક કરયું) (તીરમઝી)

(૪) તમો ખોટા માબુદો (ખુદા સીવાય સરવે ખોટા માબુદો છે) તથા તમારા બાપદાદાઓની કસમ ખાઓ નહી.

(મુસલીમ)

(૫) અલ્લાહે તમારા બાપદાદાની કસમ ખાવાની મનાઈ કરી છે. જે કોઈ કસમ ખાનાર હોય તેને જોઈએ કે અલ્લાહની કસમ ખાય. અથવા ચુપ રહે. (બુખારી મુસલીમ)

(૬) ખોટા કસમોથી મકાનો વેરાન થઈ જાય છે.

(૭) જે કોઈ કસમ ખાઈ બેસે ફરી તેને તે વાત સીવાય બીજી વાત (શરીઅત મુજબની) સારી લાગે તો તેને જોઈએ કે પોતાના કસમનો કફારો આપી ફરી જે કામ બહેતર હોય તે કરે (દસ માણસોને બે વાર સારૂ ખાનુ ખવરાવવું યા કપડા પેહરાવવા તે કસમનો કફારો છે)

(બુખારી મુસલીમ)

(૮) જે કોઈ મુસલમાનના માલને કસમ ખાઈ નાહક લેશે તો અલ્લાહની એવી હાલતમાં મુલાકાત કરશે કે તે તેના ઉપર ગુસ્સો કરનાર હશે. ફરી રસુલુલ્લાહ (સ) તેને લગતી. કોરાનની (આયાત) અમારી આગળ પઢી "બેશક જે લોકો અલ્લાહને દરમ્યાનમાં (શાક્ષી) રાખીને તથા જુઠી કસમ

ખાઇને થોડો દુન્યાનો માલ લઈ લે છે તે લોકો માટે આ ખરેતમાં કંઈ હીસ્સો નથી અને ન તેઓથી કયામતના દીવસે અલ્લાહ વાત કરશે અને ન તેઓને (ગુનાહોથી) પાક કરસે અને તેઓને માટે દુખની માર છે."

(બુખારી મુસલીમ)

૨૭

સ્વપનુ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

જ્યારે તમારામાંના કોઇને ખરાબ સ્વપનુ દેખાય તો શેતાનના ખેલની કોઇને ખબર કરે નહી. (મુસલીમ)

(૨) જ્યારે તમારામાંનો કોઈ અણગમતુ સ્વપનુ જુએ તો તે ડાબી બાજુએ ત્રણવાર થુકે અને શેતાનથી ખુદા પાસે ત્રણ વાર પનાહ માગે (અઉઝો બીલ્લાહે મીનશ શેતાનની રજીમ" કહે).

(૩) જ્યારે તમારામાંનો કોઈ નાપસંદ સ્વપનુ જુએ તો ઉભો થાય અને નમાઝ પઢે અને તે સ્વપનાની વાત કોઇને કહે નહી. (બુખારી મુસલીમ)

(૪) જ્યારે ઝમાનો કરીબ થશે તો ઈમાનવાળાઓના સ્વપના જુઠા થવા લાગશે નહી. (બુખારી મુસલીમ)

(૫) તમારામાં ઘણું સાચું બોલનાર ઘણા સાચા સ્વપનાવાલો છે. (મુસલીમ)

(૬) સારા સ્વપનો અલ્લાહ તરફથી છે ને પરેશાન સ્વપનો શેતાન તરફથી છે (બુખારી)

(૭) જે કોઈ વગર જુએ બનાવટ કરીને સ્વપનુ બ્યાન કરે તેને એવો હુકમ થશે કે તે બે જવને ગાંઠ મારે અને એ કદી થઈ સકસે નહી (તેવી રીતે તેનાપર અઝાબ પણ બંધ થશે નહી) (મુસલીમ)

(૮) નેક આદમીનો સારો સ્વપનો તે નબુવતના ભાગોમાં છેતાલીસમો ભાગ છે. (બુખારી)

(૯) જેણે મને સ્વપનામાં જોયો તે મને જાગતામાં જોશે અથવા તો તેણે મને જાગતામાં જોયો શેતાન મારી સુરત ધારણ કરી સકતો નથી (બુખારી મુસલીમ)

(૧૦) તમારાથી પેહલે બની ઈસરાઈલના કેટલાક શખસો હતા જેઓ પેગમ્બર ન હતા છતાં તેઓ (ખુદા સાથે વહી ઈલિહામ મારફતે) વાતો કરતા હતાં તો તેવો મારી ઉમતમાં થશે તો ઉમર ફારૂક થશે (જ્યારે આગલી ઉમતના લોકોને વહી ઈલિહામ થતા હતા તો રસુલુલ્લાહ (સ) ની આ ઉમત સરવેથી અફઝલ ઉમત છે તો તેમાં એવા શખસો જરૂર થશે કે જેઓની સાથે ખુદા વહી ઈલિહામથી વાતો કરશે) (બુખારી)

૨૮

યતીમ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

જે માણુસ યતીમને માથે હાથ ફેરવશે અને ફક્ત અલ્લાહને જ માટે ફેરવશે તો તેનો હાથ જેટલા વાલો ઉપર ફરયો હશે તેટલી નેકીઓ તેને મલસે અને જે માણુસ કે તેની પાસે રહેલા યતીમ છોકરો કે છોકરી પર ઉપકાર કરયો તો તે અને હું જંનતમાં એવી રીતે રહીશું જેવી રીતે શહાદતની આંગલી અને વચલી આંગલી છે.

(૨) કયામતમાં કેટલાક માણુસ કબરમાંથી એવી રીતે ઉઠશે કે તેમના મોઢામાંથી આગના ભડકે ભડકા નીકળતા હશે. કોઇએ આપને પુછયું ઓ રસુલુલ્લાહ (સ) તે કોણુ હશે? આપે ફરમાવ્યું તમને ખબર નથી! અલ્લાહ તઆલાએ કોરાનમાં ફરમાવ્યું છે કે જે લોકો યતીમનો માલ નાહક ખાય છે તે લોકો પોતાના પેટમાં આગ ભરી રહ્યા છે.

(૩) હું અને યતીમને પાળનાર જંનતમાં આ બંનેની જેમ છૈએ અને હઝરત (સ) કલેમાની આંગલી તથા વચલી આગલીના તરફ ઈશારો કરયો (મુસલીમ)

૨૯

સલામ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

તેની કસમ કે જેના હાથમાં મારો જાન છે જ્યાં સુધી તમો ઈમાન લાવશો નહી જંનતમાં જશો નહી અને જ્યાં સુધી આપસમાં મોહબત પેદા કરશો નહી ત્યાં સુધી પુરા ઈમાનદાર થશો નહી

શું હું તમને એક એવી ચીજ નહી બતાવું કે જ્યારે તમો કરશો તો આપસમાં દોસ્ત થશો. તમો સલામ કરવાનો આપસમાં રીવાજ આપો. (મુસલીમ)

(૨) એક શખસે પુછયું કે ઈસલામની કઈ ખસલત સારી છે? તેને હઝરતે (સ) ફરમાવ્યું કે “ ખાનુ ખવરાવે અને જેને તું ઓળખે અને જેને તું નહી ઓળખે તેને તું સલામ કરે ” (બુખારી મુસલીમ)

(૩) (જે શખસ) સવાર (હોય તે) ચાલનાર પર સલામ કરે અને (જે શખસ) ચાલનાર (હોય તે) બેસનાર પર સલામ કરે અને થોડા (શખસો હોય તે) ઘણા પર સલામ કરે. (બુખારી મુસલીમ)

૩૦

જે ચીઝ પોતા સારૂ પસંદ કરે તેજ બીજાઓ સારૂ બી પસંદ કરવી જોઈએ

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કે:—

તેની કસમ કે જેના હાથમાં મારો જાન છે કોઈ બંદો જ્યાં સુધી પોતા માટે જે ચીજ પસંદ કરે છે તે પોતાના પાડોસી માટે અથવા પોતાના ભાઈ માટે પસંદ નહી કરસે ત્યાં સુધી પુરો મોમીન થતો નથી. (મુસલીમ)

(૨) અફઝલ ઈમાન તે છે કે તું દોસ્તી રાખે અલ્લાહને વાસ્તે ને દુશમની રાખે અલ્લાહના વાસ્તે ને જારી રાખે ઝબાનને અલ્લાહની ઝીકરમાં. અને તું લોકો સારૂ ભલુ તે જાણે કે જે તું તારા પોતાના જાન સારૂ ભલુ જાણે અને બુરૂં જાણે તું લોકો સારૂ જે તું તારા પોતાના સારૂ બુરૂ જાણે. (મીશકાત)

૩૧

અલ્લાહની ઝીકર અને પસંદગી.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

અલ્લાહના ઝીકર શીવાય બીજી વાતો વધારે કરયા કરો નહી. કેમકે અલ્લાહતઆલાની ઝીકર સીવાયની બહુ વાતો દીલને સખત કરી નાંખે છે અને લોકોમાંથી તે માણસ અલ્લાહથી વધારે દુર છે કે જેનું દીલ સખત છે.

(૨) જે માણસ અલ્લાહને વાસ્તે તવાઝો (નમનતાઇ) કરે છે અલ્લાહતઆલા તેનો મરતબો વધારી દે છે અને જે માણસ અભીમાન કરે છે અલ્લાહ તઆલા તેની ગરદન ભાગે છે.

(૩) સાત સખસોને અલ્લાહ પોતાના સાયામાં રાખશે કે. તે દીવસે કે જ્યારે તેના સાયા વગર કોઇનો સાંયો હશે નહી. (કયામતના દીને)

૧ ઇમામ અદલ કરનાર.

૨ જુવાન જે ઉગતી જવાનીથી અલ્લાહની બંદગીમાં રહયો.

૩ તે શખસ કે જેનું દીલ મસજીદો તરફ લાગેલું છે.

(૪) તે બે શખસો કે જેઓએ અલ્લાહને માટે દોસ્તી કરી હોય, ભેગા થયા હોય તો એ પર, અને જુદા પડે તો એ પર.

(૫) તે શખસ કે જેને માલવાલી ઇઝતવાલી અને ખુબસુરતીવાલી ઓરત (બદકારી માટે) બોલાવે અને તે કહે કે (હું) ખુદાથી ડરૂં છું.

(૬) તે શખસ કે જે કંઈ સદકો કરે ફરી તેને એવી રીતે છુપાવે કે તેનો ડાબો હાથ નહી જાણે કે તેના જમણા હાથે શો સદકો કરયો છે.

(૭) તે શખસ કે જે ખાલી ઘરમાં અલ્લાહની યાદ કરે ફરી તેની બંન્ને આંખો વહે (એટલે એકાંતમાં ખુદાના ખોફથી રડે)

(બુખારી મુસલીમ)

૩૨

ઉમદા કલામ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

બે શબ્દો (ઇનસાનની) જીભ ઉપર ઘણા હલકા છે (પણ તે ખુદાની) તરાજુમાં ભારી છે (અને) ખુદાને પ્યારાં છે.

(૧) સુબહાનલ્લાહે વ બે હમ્દેહી.

(૨) સુબહાનલ્લાહીલ અઝીમ.

(બુખારી મુસલીમ)

(૨) તેની કસમ કે જેના હાથમાં મારો જાન છે ખચીત "કુલ હોવલ્લાહ" (નો સુરો) કુરાનના ત્રીજા હીસા બરાબર છે (એ સુરો ત્રણ વખત પડયાથી આખા કુરાન પડવા જેટલો સવાબ છે.)

(૩) ઓ અબદુલ્લાહ શું જંનતના ખઝાનાઓમાંના એક ખઝાનો તને હું નહી બતાવું? તે "લા હવલવલા કુવ વત ઇલ્લા બીલ્લાહીલ અઝીમ" છે (એ આયતથી ખુદાતઆલા પાસે બંદો આજીજી જાહેર કરે છે જે તારી સકતી વગર મારામાં તાકત નથી કે હું કોઇ નેકી અખત્યાર કરી શકુ યા કોઇ બદીથી બચી સકુ.)

(૪) ઘણી પસંદ વાત અલ્લાહની નજદીક ચાર છે "સુબહાન અલ્લાહ" " અલહમ્દો લીલ્લાહ " "લાઇલાહા ઇલ્લલ્લાહ" ને "અલ્લાહો અકબર" આ ચારમાંથી જેથી તું શરૂ કરે કંઇ હરકત નથી. (મુસલીમ)

૩૩

દુન્યાંમાં એક બીજાપર જે ઝુલમ થયો હોય તે અત્રેજ માફ કરાવી લેવું જોઈએ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

જે કોઇની પાસે પોતાના (કોઇ બી મુસલમાન) ભાઈની આબરૂ અથવા ચીઝનો ઝુલમ (થયો) હોય તો તેને જરૂર છે કે દીનાર દીરહમ ન હશે તે પેહલા (એટલે કયામત પેહલાં) આજના દીવસે તેનાથી માફ કરાવી લે (નહી તો) તે દીવસે જે સારા કામો તેના હશે તે ઝુલમના પ્રમાણમાં લેવાશે (ઝુલમ કરનાર ઝાલીમની નેકી લઇ ઝુલમ ખમનાર મઝલુમને અપાશે) અને જો (ઝાલીમની પાસે) નેકી ન હશે તો ઝુલમ ખમનારના ગુનાહ એના પર (ઝાલીમ પર) લદાશે એટલે તે પછી તે લદાએલા ગુનાહ સાથે દોઝખમાં જશે. (બુખારી)

૩૪

તોબાહ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ, સ.) ફરમાવ્યું કેઃ—

તમો અલ્લાહ આગલ તોબા કરયા કરો કારણ કે હું દર રોજ અલ્લાહ આગલ સો વાર તોબાહ કરૂં છું. (મુસલીમ)

(૨) ખુદાની કસમ હું દીવસમાં શીતેરવારથી વધુ ખુદા પાસે બખશીશ માંગું છું (ઇસ્તીગફાર કરૂં છું) અને તેની તરફ તોબાહ કરૂં છું. (નબી સાહેબ જ્યારે દીવસમાં ૭૦ બળકે ૧૦૦ વાર તોબાહ કરતા હતા ત્યારે આપણા જેવા ગુનેહગારોએ કેટલીવાર તોબાહ કરવી જોઇએ તેનો ખ્યાલ દરેકે કરવો જોઇએ.) (બુખારી)

૩૫

દુઆ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કે:—

નથી ફેરવાતી તકદીર પણ દુઆથી અને નથી ઉમર વધારે થતી પણ નેકીઓથી. (તીરમઝી)

(૨) તમારામાંથી જે શખસના સારૂ દુઆનો દરવાઝો ખોલવામાં આવ્યો (એટલે જેને દુઆ માંગતા રહેવાની સમજ મલી) તેના સારૂં રહેમતનો દરવાઝો ખોલવામાં આવ્યો અને નથી સવાલ કરવામાં આવતી અલ્લાહથી કોઇ ચીજ પણ સવાલ કરવામાં આવે આફીઅત (એટલે આફતોથી સલામતી માગવામાં આવે તે અલ્લાને રાજી કરે છે.)

(તીરમઝી)

(૩) ત્રણ (શખસોની) દુઆઓ કબુલ થઇ જાય છે તેમાં શક નથી. દુઆ બાપની દુઆ મુસાફરની દુઆ મઝલુમની.

(તીરમઝી અબુદાઉદ)

(૪) (મોડે વેહલે) દુઆ દરેકની કબુલ થાય છે જ્યાં સુધી તે આવી રીતે જલદી કરે નહી કે મે મારા પરવર દીગારથી દુઆ કરી પણ તેણે કબુલ કરી નહી.

(બુખારી મુસલીમ)

(૫) તમો અલ્લાહ પાસે પનાહ માગો. બલાની મશક્કતથી બદબખતી મલવાથી. તકદીરની બુરાઇથી અને દુશમનોના ખુશ થવાથી. (બુખારી મુસલીમ)

(૬) મુસલમાન શખસની દુઆ પોતાના (ગેરહાજર) ભાઇ માટે પીઠ પાછલ મકબુલ છે. તેના માથાની પાસે એક ફીરેશતો નેમાયો છે. જ્યારે તે પોતાના ભાઇ માટે ભલી

દોઆ કરે છે તો તેની સાંથે નેમાયલો ફીરેશતો આમીન કહે છે અને તારે માટે પણ તે દોઆ જેટલો લાભ છે.

(મુસલીમ)

(૭) જયારે તમારામાંનો કોઇ છીંકે અને અલહમ્દો લીલ્લાહ કહે તો તેને માટે સારી દોઆ કરો (યા રહમોક અલ્લાહ કહો) પણ જો તે અલહમ્દો લીલ્લાહ ન કહે તો તમો દોઆ ન કરો. (મુસલીમ)

(૮) જો મુસલમાનોમાંનો કોઇ પોતાની અહલ (ઘરવાલી) પાસે આવવાનો ઇરાદો કરે અને કહે "બીસમીલ્લાહે અલ્લાહુમ્મ જંને બનશશૈતાન વ જંને બીશ શૈતાન મારજ કતના (એટલે ઓ અલ્લાહ તું અમને શૈતાનથી બચાવ અને જે તું અમને આપે તેથી શૈતાનને દુર રાખ) તો જો ધણી ધણીઆણી વચે એ મીલાપમાં કાંઈ બચ્ચુ કીસમતમાં હશે તો શૈતાન કદી નુકશાન પોહચાવશે નહી.

(બુખારી મુસલીમ)

(ખુદા કોરાનમાં જે ફરમાવે છે કે મેં ઇનસાનને મારી ઇબાદત માટે પેદા કરયો છે તેની મતલબ એ કે ઇનસાન દરેક કામમાં ખુદાની યાદ કરે ને હરેક કામ માટે તેનાથી દુઆથી મદદ ચાહે.)

૩૬

વઝુ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

કયામતના દીને વઝુની અસરથી મારી ઉમતના મોં તથા હાથ ચમકતા થશે. (બુખારી મુસલીમ)

(૨) એક શખસે વઝુ કરયુ અને પોતાના પગંપર તેણે નખ જેટલું કોરૂ રાખ્યું તેને હઝરત (સ) ફરમાવ્યું "પાછો ફર અને સારી રીતે વઝુ કર" (મુસલીમ)

(૩) હઝરતે (સ) કેટલાક શખસોને જોયું કે તેઓએ વઝુ કરયું પણ તેઓની એડી સુકી રહેલી છે ત્યાં પાણી લાગ્યું નથી ત્યારે ફરમાવ્યું કે (તમારી) એડીઓની આગથી ખરાબી છે." (બુખારી મુસલીમ)

(૪) તમારામાંનો કોઇ શખસ વઝુના પાણીને પાસે રાખશે ફરી કોગલા કરસે નાકમાં પાણી લેસે અને નાક છણકસે તો તેના ચેહરાના મોના અને નાકના ગુનાહ ખરે છે. ફરી જ્યારે તે પોતાના મોંને ધોએછે ખુદાના હુકમ કરયા પ્રમાણે તો તેના મોંના ગુનાહ દાઢીના કીનારાથી પાણીની સાથે ખરે છે ફરી તે પોતાના હાથને કોણી સુધી ધોએ છે તો તેના હાથોના ગુનાહ પાણીની સાથે તેરવાથી નીકલે છે. ફરીને પોતાના માથાનો મસહ કરે છે તો તેના માથાના ગુનાહ પાણીની સાથે વાલના કીનારાથી નીકલે છે. ફરી તે બંને પગને ઘુંટી સુધી ધોએ છે તો તેના પગના ગુનાહ તેના તેરવાથી પાણીની સાથે ખરે છે ફરી જો તે ઉભો રહયો ને નમાઝ પઢી અલ્લાહનીહમ્દ કરી તેની ખુબીઓ બ્યાન કરી અને તેની બુઝરગી બ્યાન કરી જેવી તેને લાયક હતી અને પોતાના દીલને અલ્લાહને માટે ખાલી કરયુ (એટલે હુઝુર દીલથી નમાઝ પઢી) તો તેની માએ જણયો હોય તેવી હાલતમાં તે ગુનાહોથી ફરસે.

(બુખારી મુસલીમ)

(૫) તમારામાંથી કોઇ વઝુ કરે ફરી તે પુરી તોરથી વઝુ કરે અથવા વઝુને પુરૂ કરે ફરી કહે "અશહદોઅન લાએ-લાહા ઇલ્લલ્લાહો વહદહુલા શરીકલ હુ વ અશહદોઅનન

મોહમદન અબ્દોહુ વ રસુલોહુ" તો તેના માટે જંનતના આંઠે દરવાજા ખુલી જશે જેમાંથી ચાહે દાખલ થાય.

(મુસલીમ)

(૬) જે શખસનું વઝુ તુટે તે જ્યાં સુધી (પાછુ) કરે નહી ત્યાં સુધી તેની નમાઝ કબુલ થતી નથી.

(બુખારી મુસલીમ)

(૭) હમેશા વઝુથી રહેવાની તાકાત હોય તો હમેશા વઝુથી રહો કેમકે મલકલમોત જે વખતે બંદાની રૂહ કબઝ કરે છે તે વખતે તે વઝુથી હશે તો શહીદનો મરતબો મેળવશે.

૩૭

સબર અને સંતોષ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

જે મુસલમાન થયો અને જરૂરત જોગુ રીઝક મલ્યું અને અલ્લાહે જે તેને આપ્યુ તે પર સંતોશ કરયો તે મતલબે પોંહચ્યો. (ઈનસાનની પેહલી ફરજ ખુદાના ફરમાન મુજબ ઈસલામના અહકામ માની મુસલમાન થવું છે) (મુસલીમ)

(૨) ગનીપણું (તવંગરી) દુન્યાના અસબાબના વધારાથી નથી પણ ગનીપણું તો નફસની બેપરવાઇથીજ છે (જ્યારે દીલથી દુન્યાના અસબાબનો વધારો કરવાની વગેરે મોહબત ગઇ તેજ તવંગરી છે જેમકે 'તવંગરી બ દીલ અસ્ત ન બમાલ') (બુખારી મુસલીમ)

(૩) બંધાયલી મુદત માટે તથા ગણાયલા દીવસો માટે તથા

ઠેડવાયલી રોઝી માટે તેં અલ્લાહથી માંગણી કરી. (તે) કદી કોઇ ચીજને તેની ઠેડવેલી મુદતથી જલદી કરશે નહી અને કોઇ ચીજને તેની ઠેડવેલા મુદતથી પાછલ નાખશે નહી. જો તું અલ્લાહથી માંગણી કરતે કે તે તને આગના અઝાબથી અથવા કબરના અઝાબથી પનાહ આપે તો તે બહેતર હતું અથવા સરસ હતું. (મુસલીમ)

(૪) આદમી સબરથી વધારે બોહલી રોઝી અપાયલો નથી (સબર ને સંતોશ ન હોય તો ગમે તેટલી દોલતથી લોભ્યો ધરાસે નહી.) (બુખારી મુસલીમ)

(૫) જ્યારે (તું) કોઇને માલમાં અને ખુબસુરતીમાં પોતાથી વધેલાને જુએ તો તને જોઇએ કે પોતાથી ઘટેલા તરફ નઝર કરે. (બુખારી)

(૬) જે તમારાથી નીચો હોય તેને જુઓ અને જે તમારાથી ઊંચો હોય તેને ન જુઓ. કારણ કે આ તારે લીધે બહેતર છે કે તું અલ્લાહની નેએમતોને હલકી ન ગણે. (બુખારી મુસલીમ)

(૭) અલ્લાહ જેના વીસે બહેતરી ધારે છે તેના ઉપર મુસીબત નાખે છે. બહેતરી માટે. (તેથી એવા વખતમાં ખુશીથી સબર કરવી જોઇએ.) (બુખારી)

(૮) પેહલા સદમાની નજદીક સબરનો સવાબ છે (દુઃખની શરૂઆતમાં સબર કરવું તેનુંજ નામ સબર છે ને તેનાજ સારૂ સવાબ છે. રફતે રફતે તો આદત થઇ જાય છે તેનું નામ સબર નથી.) (બુખારી મુસલીમ)

(૯) અલ્લાહતઆલા ફરમાવે છે જ્યારે હું મારા (મોમીન) બંદાને તેની બે પ્યારી (આંખો) માં સપડાઉં (એટલે તેની બંને આંખો જતી રહે) અને તે સબર કરે તો હું તેને તેના બદલામાં જંનત આપીશ. (મુસલીમ)

(૧૦) અલ્લાહતઆલા ફરમાવે છે 'મારાં મોમીન બંદાની તેની પ્યારી ચીજ જ્યારે હું કબજે કરૂં છું અને ફરી તે તેપર સબર કરે છે તો તેને માટે જંનત સીવાય કંઇ બદલો નથી.

(બુખારી)

૩૮

દીન બાબેનો ઈલમ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવે છે કેઃ—

ઇલમ હાંસલ કરવો દરેક મુસલમીન મરદ ઓરતપર ફરઝ છે.

(૨) જેના વીસે અલ્લાહ બહેતરી ધારે છે તેને દીનમાં સમજ આપે છે (શરીઅતના ભેદ તેના ઉપર ખુલે છે.)

(બુખારી મુસલીમ)

(૩) અય અબુઝર જો તમો દરરોઝ સવારમાં કુરાનનું એક પ્રકરણ વાંચો તો તે તમારા માટે સો રકાત (નફલ) નમાઝ પડવા કરતાં બહેતર છે અને જો દરરોઝ સવારમાં ઇલમનું એક પ્રકરણ શીખવાડો તો તે હઝાર રકાત નમાઝથી બહેતર છે.

(૪) જેણે કોઇને ઇલમનું એક પ્રકરણ શીખવાડયું કે તે બીજાઓને શીખવાડશે તો ખુદાતઆલા તેને સીતેર નબીઓનો સવાબ બખશશે.

(૫) તેઓ (આલીમો) મારી ઉમતના દુન્યા તથા આખેરતના ચેરાગ છે. તે લોકો ઘણાજ સારા છે કે જેણે આલીમનો દરજ્જો જાણી લીધો છે અને જેઓએ આલીમના દરજ્જાનો અનાદર કીધો અને જેણે તેમના તરફ અભાવ રાખ્યો અથવા તેમની બેઅદબી કીધી તેમના માટે અઝાબ છે.

(૬) મારી ઉમતના આલીમો બની ઇસરાઈલનાં નબીઓ જેવા છે.

(૭) ખુદાતઆલાએ ઉંચા આસમાન તળે એક શહેર વસાવ્યું તેના દરવાજાપર એમ લખ્યું કે જેણે આલીમોની ઝયારત (મુલાકાત) કીધી તેણે જાણે નબીઓની ઝયારત કીધી.

(૮) આલીમની ફઝીલત આબીદપર એટલી છે કે જેટલી મારી ફઝીલત તમારા એક અદના ઉપર

(૯) જે માણસ ઇલમને સંભાલી રાખવાનો ઇરાદો કરે તેણે પાંચ ખસલતો અખત્યાર કરવી જોઇએ.

(૧) રાત્રીની (તહજ્જુદની) નમાઝ પઢે ભલે તે પછી બે રકાતજ હોય.

(૨) દરેક વખતે વઝુથી રહેવું.

(૩) જાહેર તથા બાતીનમાં પરહેઝગાર રહેવું.

(૪) ખોરાક નેક કામો માટે ખાય શહેવત માટે ન ખાય.

(૫) દાતણ કરવું.

(૧૦) ખુદાતઆલાએ હઝરત ઇબ્રાહીમ (અલે) પર વહી મોકલી કે હું આલીમ છું અને આલીમોને દોસ્ત રાખું છું.

(૧૧) તું શીખવનાર (યા) શીખનાર (યા) સાંભળનાર થા અને ચોથો ન થા. જો થઇશ તો હલાક થઇ જઇશ.

(૧૨) કોઇએ પુછ્યુ યા રસુલુલ્લાહ (સ) કયું કામ અફઝલ છે? ફરમાવ્યું દીની ઇલમ. કેમકે થોડુ અમલ ઇલમની સાથે (સમજીને કરેલું) લાભ કરે છે પણ વધુ અમલ જાહેલીઅત (વગર સમજીને કરેલું) સાથે લાભ આપતું નથી.

(૧૩) આલીમો પેગમ્બરોના વારસ અને જાનશીન છે.

(૧૪) યાદ રાખો કે દીનની પુરેપુરી સમજ ઇલમને મેળવવામાં અને તેપર અમલ કરવામાં છે, માલ એકઠો કરવા કરતાં

ઇલમ હાંસલ કરવો તમારા'પર વધુ વાજીબ છે કેમકે માલ તો કીસમતમાં લખેલો (છે) અને ખુદા તેનો ઝામીન છે. ઇલમ આલીમો પાસે એકઠુ થયલું છે અને તમોને હુકમ કરવામાં આવ્યો છે કે આલીમ પાસેથીજ મેળવવો.

(૧૫) જે ઇલમ હાંસલ કરવા માટે બાહેર જાય છે તેને ખુદા બદરના શહીદોમાંના એક શહીદનો સવાબ બખશે છે.

(૧૬) જેને કોઈ ઇલમની વાત પુછવામાં આવે તે જો તેને છુપાવે તો કયામતના દીને તેને આગની લુગામ પેહરાવવામાં આવશે.

(૧૭) જે કોઇ ચાલીસ હદીસો યાદ કરી મારી ઉમતને પોંહચાડશે તો તે કયામતના દીને આલીમો સાથે ઉઠશે.

(૧૮) યાદ રાખો કે સૌથી બુરામાં બુરૂ થવું તે એક બુરો આ-લીમ થવું છે અને સૌથી સારામાં સારૂ થવું તે એક સારો આલીમ થવામાં છે.

(૧૯) આલીમનું સુવું જાહેલની બંદગીથી બહેતર છે.

(૨૦) ઈલમ હાંસલ કરો ભલે પછી તે (ઇલમ) ચીન દેશમાં હોય (એટલે ઈલમ હાંસલ કરવા દુરવેર જાઓ.)

(૨૧) ઇલમ તલબ કરનારને ખુદા દોસ્ત રાખે છે, ફરીશતાઓ દોસ્ત રાખે છે, અંબીઆઓ (પેગમ્બરો) દોસ્ત રાખે છે, જે લોકો ઇલમને ચાહે છે તે તેમના માટે ઇબાદતનું કારણ છે. કયામતના દીને તેમની ઘણી સારી હાલત થશે.

(૨૨) હઝરતઅલી (રદી) ફરમાવે છે કે " હું હઝરત પેગમ્બર (સ) ની ખીદમતમાં બેઠો હતો તેટલામાં હઝરત અબુ-ઝર પણ આવી પોંહચ્યા અને અરઝ કીધી કે યા રસુલુલ્લાહ આબીદના જનાઝામાં શામેલ થવું આપને વધુ પસંદ છે કે આલીમની સોબતમાં બેસવું ? આપે ફરમાવ્યું ઇલમી ઝીકરમાં એક કલાક બેસવું ખુદાતઆલાની નઝરમાં એક

હઝાર શહીદોના જનાઝાઓમાં શામેલ થવાથી વધારે પ્યારૂં છે. અને ઇલમી ઝીકર વખતે એક કલાક બેસવું ખુદાતઆલાની નજદીક હઝાર દીની લડાઇઓમાં શામેલ થવા અને સઘલા કુરાને શરીફની તીલાવતથી બેહતર છે વલી આપે ફરમાવ્યું અય અબુઝર ઈલમી ઝીકર વખતે એક કલાક બેસવું ખુદાતઆલાને બાર હઝાર વખત કુરાન મજીદને પડવા કરતાં વધારે પ્યારૂં છે. તમો લોકોને લાઝીમ છે કે (દીની) ઇલમી ઝીકર કરયા કરો કે જેથી હલાલ અને હરામને ઓળખી તેમાં તફાવત કરી શકો.

(૨૩) જે કોઇ ઇલમે દીન શીખવા માટે કોઇ માર્ગમાં ચાલ્યો તો તેની બરકતથી અલ્લાહ તેના ઉપર જંનતનો માર્ગ આસાન કરશે. (બુખારી)

૩૯

ઓરત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કે:—

સરવેથી સારો ખઝાનો નેકબખ્ત ઓરત છે કે જેના જોવાથી ખાવીંદ ખુશ થાય અને જ્યારે ખાવીંદ તેણીને કંઇ કામ બતાવે તો હુકમ બજાવી લાવે. અને જ્યારે ખાવીંદ ઘેર નહી હોય તો ઇઝત આબરૂ સંભાલીને બેસે. (મીશકાત)

(૨) જે ઓરત પાંચ વખતની નમાઝ પઢયા કરે અને રમઝાન મહીનાના રોઝા રાખે અને પોતાની આબરૂને બચાવે (એટલે પવીત્રતા રાખે) અને પોતાના ધણીની તાબેદાર છે અને દરેક (શરીઅતના) હુકમને માને તો તેણાને એખત્યાર છે કે જે બારણાથી ચાહે તે બારણાથી જંનતમાં દાખલ થાય.

(૩) જે ઓરતની મોત એવી હાલતમાં થાય કે તેણીનો ધણી તેણીથી રાજી હોય તો તે ઓરત જંનતી છે.

(૪) જો હું ખુદા સીવાય કોઈ બીજાને સીજદો કરવાનો હુકમ આપત તો ઓરતોને જરૂર આપત કે પોતાના ધણીને સીજદો કરે. (ખુદા સીવાય કોઇને સીજદો કરવાનો હુકમ નથી છતાં લોકો કબરોને સીજદો કરે છે બુઝરગોને પગે લાગે છે એ શીરકનો ન માફ થનારો ગુનાહ છે અને એની દોઝખ સીવાય બીજી કશી સઝા છેજ નહી પણ અફસોસ લોકો તદન બેખબરીમાં કેટલું ખોટું કરે છે તેનો તેમને ખ્યાલ વટીક નથી. ચેતો હજી બી ચેતો.)

(૫) એવી ઓરતોપર અલ્લાહતઆલાની રહેમત ઉતરે કે જે રાતના ઉઠી 'તહજ્જુદ' (ની નમાઝ) પઢે અને પોતાના ખાવીંદને પણ જગાડે કે તે પણ નમાઝ પઢે. (મીશકાત)

(૬) કેઇ માણસે હઝરત (સ) ને પુછ્યું કે સૌથી સારી ઓરત કોણ છે ત્યારે આપે ફરમાવ્યું કે "તે ઓરત (સૌથી સારી છે) કે જ્યારે તેનો ધણી તેની તરફ જુએ ત્યારે તેને ખુશ કરી દીએ અને જ્યારે કંઇ કહે ત્યારે તેનો હુકમ માને અને પોતાની જાન અને માલમાં કંઇ પણ તેના હુકમથી ઉલટુ ન કરે કે જે તેને પસંદ ન પડે.

(૭) જ્યારે ધણી પોતાની ઓરતને પોતાના કામ સારૂ બોલાવે તો જરૂર તેણી તેની પાસે જાય. જો ચુલા પાસે બેઠી હોય ત્યારે પણ પોતાનું કામ છોડીને તેની પાસે જાય.

(૮) તેની કસમ કે જેના હાથમાં મારો જાન છે કોઇ પણ શખસ પોતાની ઓરતને બીછાના તરફ બોલાવશે ફરી તે (ઓરત) ના પાડશે તો જ્યાં સુધી તે શખસ તેણીથી રાજી નહી થાય ત્યાં સુધી આસમાનવાલો તેણીપર ગુસે છે.

(બુખારી મુસલીમ)

(૯) ઓરત પોતાનો ખાવંદ હાઝર હોવા છતાં તેના વગર હુકમે (નફ્લ) રોઝા રાખે નહીં અને ધણીના હોવા છતા તેના વગર હુકમે તેના ઘરમાં કોઇને આવવાનો હુકમ આપે નહી અને ધણીની કમાઇમાંથી વગર તેના હુકમે અલ્લાહ વાસ્તે ખેરાત કરશે તો તેનો અરધો સવાબ તેના ખાવંદને મલસે. (મુસલીમ)

(૧૦) જે ઓરતનો ધણી મરી ગયો હોય અથવા સફરે ગયો હોય તેની પાસે કોઈ શખસ એક બે શખસો સાથે રાખ્યા વગર આજદીન પછી જાય નહી. (ઓરત મરદ એકલા થવામાં મોટા ફસાદનો ભય છે માટે એવી રીતે બેસવાની મનાઇ થઈ છે) (મુસલીમ)

(૧૧) ઓરતો પાસે જવાથી બચતા રહો. અનસારીઓમાં એક શખસે પુછયું ઓ રસુલુલ્લાહ ખાવંદના સગાઓને હાલ બતાવો ? હઝરતે (સ) ફરમાવ્યું કે ખાવંદની સગાઇ-વાળાઓ તો મોત છે (ઓરતનું દેર જેઠ વગેરે સાથે પરદો કરવો જોઇએ.)

(૧૨) બુખારી મુસલીમ રસુલુલ્લાહ (સ) પાસે એકવાર તેવણની બે બીબીઓ બેઠાં હતાં (એટલામાં) એક નાબીના (આંધલા) સહાબી આવવા લાગ્યા. હઝરતે (સ) બંનેને પરદામાં જવાનો હુકમ કરયો બંનેએ તાજુબ થઈને અરઝ કરી તે તો આંધલા છે. હઝરતે (સ) ફરમાવ્યું તમો તો આંધલા નથી તમો તો એને જુઓ છો. (અફસોસ આ ઝમાનાની ઓરતો રસુલુલ્લાહ (સ) ના હુકમનો કેવો અનાદર કરે છે તેઓનો કયામતના દીને શું હાલ થશે.) (મીશકાત)

(૧૩) જે કોઇની પાસે મુતા કરેલી ઓરતમાંથી હોય તો તેને જોઇએ કે તેણીને છોડી દે (એટલે હવે મુતા હરામ છે) (મુસલીમ)

(૧૪) મુસલમાન ઓરત કે જે અલ્લાહ અને પાછલા દીવસ (કયામત) ઉપર ઈમાન રાખતી હોય તેને હલાલ નથી કે તે ત્રણ દીવસથી વધુ શોક પાલે (કોઇના બી મરણ પર) પણ પોતાના ખાવંદ ઉપર ચાર મહીના ને દસ દીવસનો શોક કરે. (મુસલીમ)

(૧૫) વીલાપ કરનારી ઓરત જો તોબાહ નહી કરસે તો કયામતના દીવસે એવી રીતે ઉભી કરવામાં આવશે કે તેના બદન ઉપર કુડતાની જેમ એક તેલથી ખરડવામાં આવશે જેમાં આગ જલદી લાગે છે અને કુડતાની જેમ તેના સઘલા બદનમાં ખુજલી થશે એટલે તેને બે દુખ થશે ખુજલીથી સઘલુ બદન ઘવડશે અને દોઝખની આગ લાગસે એ જુદુ.

મીશકાત.

(૧૬) લાનત છે ચીલ્લાઈને રડનારી ઓરતપર અનેં સાંભળનારી પર. (અબુ દાઉદ)

(૧૭) ખુદાતઆલાની પાસે બે અવાઝો બુરા છે. એક મુસીબત વખતે પુકારીને રડવું બીજુ ખુશીમાં ગીત ગાવા (મુસીબત વખતે સબર કરવી ઈન્નાલીલ્લાહે વઈનના ઈલેહે રાજેઉન કહેવું ખુશીના વખતે શુકર કરવું અલહમ્દો લીલાહ કહેવું)

(૧૮) અલ્લાહ લાનત કરે બાલમાં બાલ જોડનારી પર અને જોડાવ નારી પર અને છુંદણુ પાડનારી પર તથા છુંદણું પડાવનારી પર. (બુખારી મુસલીમ)

(૧૯) કેટલીક ઓરતો (બારીક) લુગડાં પેહરેલી દેખાય છે પણ ખરૂ જોતાં તે નાગી છે. એવી ઓરતો બહેશતમાં જશે નહી અને તેની ખુશબો પણ સુંગવા પામસે નહી.

(૨૦) જે ઓરત અત્તર લગાડીને ગેરમરદોની પાસેથી જાય તો તે આવી આવી છે (એટલે બદકાર ભુંડી છે)

(૨૧) મે એવી દોઝખી ઓરતોને જોઈ નથી. એટલે મારા ઝમાના પછી એવી ઓરતો પેદા થશે કે કપડુ પહેરેલુ હશે અને નાગી હશે એટલે બદન પર નામનુ કપડું હશે પણ કપડુ એવું બારીક હશે કે સઘલું બદન દેખાશે અને ઈતિરાઈને ઢગરાં હીલાવતી ચાલશે. અને વાલોમાં મુબાફ અથવા કપડુ નાખીને વાલને લપેટી બાંધશે કે જેથી વાલ ઘણા જણાય જાણે ઉંટની ખુંધ એવી ઓરતો જંનતમાં જશે નહી. એટલુંજ નહી પણ તેની ખુશબો પણ મળશે નહી. (મીશકાત)

(૨૨) અલ્લાહતઆલા દુશમન રાખે છે ગુંગરૂવાલા ઘરેણાને (એટલે પાએઝબને) જેવી રીતે દુશમન રાખે છે ગાનતાનને અને અઝાબ કરશે પેહરવાવાલીને જેવી રીતે અઝાબ કરશે ગાના રીને. અને ગુંગરૂવાલુ ઘરેણું નથી પેહરતી પણ તે મલુન ઓરત જેની પર અલ્લાહની લાનત હોય છે. (મીશકાત)

(૨૩) લાનત કરી અલાહે મરદોપર જેઓએ ઓરતો જેવી મુશાહેબત કરી અને ઓરતો પર જેઓએ મરદો જેવી મુશાહેબત કરી (એટલે લીબાસ અને ચાલચલનમાં એક બીજાની નકલ કરી) (બુખારી)

(૨૪) ઓ ઓરતોની જમાત તમે સદકો (ખેરાત) કરો કેમકે દોઝખવાલાઓમાં ઓરતો મને ઘણી દેખાઈ છે.

(બુખારી અને મુસલીમ)

(૨૫) બચીત જંનતમાં રહેનારાઓમાં ઓરતો ઘણી ઓછી છે.

(મુસલીમ)

(૨૬) ઓ આઈશા અગર તું ચાહતી હોય મારી સાથે જોડાઈને રહેવા તો અલબત્તા તને દુન્યા આટલી બસ છે કે જેવી રીતે મુસાફર સવારને તેનો તોશો અને બચો મોટા લોકોની પાસે બેસવાથી અને પોતાના કપડાને જુનો ન જાણો જ્યાં સુધી તેના પર થીગડુ ન લાગવામાં આવે. (તીરમઝી)

(૨૭) તમારામાંથી મારી સાથે જલદી મલનાર તે બીબી છે કે જેનો હાથ વધારે લાંબો છે. (ઓરતો પોતાના હાથો માપવા લાગી પણ વફાત પછી લાંબા હાથવાલી નહી પણ સખી હતી તેની વફાત થઈ જેથી લાંબા હાથની એ તાવીલ જણાઈ કે ઘણી સખાવત કરનાર) (બુખારી મુસલીમ)

(૨૮) ત્રણ ચીજો છે તે સારૂ જલદી કરવી જોઇએ વાર ન લગાડવી જોઇએ (૧) નમાઝનો વખત આવે તો જલદી નમાઝ અદા કરવી જોઇએ (૨) કોઈ મુસલમાનનુ મરણ થયુ હોય તો તેને દફન કરવાની જલદી કરવી જોઇએ (૩) બેવાહ ઓરતના નીકાહ કરવામાં જલદી કરવી. (બેવાહ ઓરતની નીકાહ બાબત તાકીદ કરવામાં આવી છે જ્યારે હાલના ઝમાનામાં તેની વીરૂદ્ધ બેવાહ ઓરતોના નીકાહને એબ સમજે છે જેથી કમઉમરની જવાન છોકરીઓ ઉમરભરનો રંડાપો નાહક ભોગવે છે. અજબ ઝમાનો છે પોતાના પેગમ્બરની સુનતથી ઉલટીજ રીતે અમલ કરવાનો જાણે કસદ કર્યો હોય તેમ અમલ કરે છે. અફસોસ)

(૨૯) જે શખસ કોઈ ઓરતની ખુબસુરતી પર શહેવતની નઝરથી જોશે તેની બંને આંખોમાં કયામતના દીને સીસું (ગરમ કરીને) ભરવામાં આવશે.

(૩૦) જે શખસ પારકી ઓરતની હથેલીને હાથ લગાડશે (શેકહેંદ કરશે) તેની હથેલી પર કયામતના દીને આગ મુકવામાં આવશે.

(૩૧) (પારકી ઓરત પર) એક (અચાનક) નઝર બાદ બીજી નઝર ન નાખ પહેલી નઝર તારે માટે છે બીજી નઝર તારે માટે નથી (બીજી નઝરથી બચશે તો સવાબ થશે પણ તેની વીરૂદ્ધ બીજી નઝર નાખશે તો અઝાબ થશે)

(અબુદાઉદ તીરમઝી)

(૩૨) હમલ પાડેલા બચાઓ તથા મારી નાખેલા બચાઓ કયામત તને દીને પોતાની માતાઓને પકડીને વીજલી જેવા અવા ઝથી ખુદા પાસે ફરયાદ કરશે કે ઓ અમારા પરવરદીગાર અમારી માતાઓને પુછ કે શા સારૂ અમને કતલ કરવામાં આવ્યા? ખુદાતઆલા તેઓને પુછશે શા સારૂ એઓને તમોએ કતલ કરયા? મારી ઇઝત અને જલાલના કસમ છે મેં એ ઓને નથી પેદા કરયા પણ ઈબાદત સારૂ અને ખચીત કો ઈની બી જાનની કતલને હરામ ઠેડવ્યુ હતુ સીવાયે ઇનસાફે અએ ફીરેશતાઓ એ ઓરતોને માલીકના હવાલે દોઝખમાં લઈ જાઓ.

૪૦

પરચુટણ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ સ) ફરમાવ્યુ કેઃ—

અલ્લાહ ફરમાવે છે ઓ મારા બંદાઓ તમારામાંથી જેને હું હીદાયત આપુ તેના સીવાય દરેક ગુમરાહ છે. માટે તમો મારાથી હીદાયત માંગો તો હું તમને હીદાયત આપીશ. ઓ મારા બંદાઓ તમારામાંથી જેને હું ખવરાવું તેના સી-વાય દરેક ભુખ્યો છે માટે તમો મારાથી ખાણું માંગો હું તમને ખવરાવું. ઓ મારા બંદાઓ તમારામાંથી જેને હું પેહરાવુ તેના સીવાય દરેક નાગો છે માટે તમો મારાથી વસ્ત્ર માંગો હું તમને વસ્ત્ર આપું. ઓ મારા બંદાઓ ખચીત તમોં રાત દીવસ ગુનાહ કરયા જાઓ છો અને હું સઘલા માફ કરૂં છું માટે તમે મારાથી બખશીશ માંગો હું તમને માફી બખશું ઓ મારા બંદાઓ ખચીત તમો મારી નુક

સાનને કદી પોંહચી સકતી નથી કે તમો મને નુકસાન કરો અને કદી મારા લાભને પોંહચી સકતા નથી કે તમો મને લાભ કરો. ઓ મારા બંદાઓ તમારા આગલા અને પાછલા અને તમારા ઇનસાન અને જીનન તમારામાંના એક ઘણા પર હેઝગાર શખસના દીલ જેવા થઈ જાઓ તો તે મારી સલતનતમાં જરાએ વધારો કરશે નહી. ઓ મારા બંદાઓ જો તમારા આગલા અને પાછલા તમારા ઈનસાન અને જીનન તમારામાંના એક ફાસીક (બદકાર) મરદના દીલ સરખા બને તો તે મારી સલતનતમાં જરાએ નુકસાન પોંહચવશે નહી. ઓ મારા બંદાઓ જો તમારા આગલા અને પાછલા તમારા ઈનસાન અને જીનન એક મેદાનમાં ઉભા રહે ફરી તેઓ મારેથી માંગણી કરે ને હું દરેકને તેની માંગણી આપુ તો જેવી રીતે દરયામાં એક સોય ગટાડશે તેવું છે (એટલે આટલું આપવા છતાં મારી કુદરતના ખઝાનામાં જરાએ કમી થતી નથી) ઓ મારા બંદાઓ આ તો તમારા આમાલ છે (માટે તમે જે કાંઈ કરો છો) હું તેને ગણી રાખું છું ફરી હું તેનો પુરો બદલો આપીશ. તો જે કોઈ સારો બદલો મેલવે તેને જોઇએ કે ખુદાની હમ્દ કરે (કે તેણે પોતાના અમલનો સારો ઇનામ મેળવ્યો) અને જે કોઇને એ સીવાય બીજો બદલો મળે તો તે પોતાના જીવ સીવાય બીજા કોઇને ઠપકો આપે નહી. (કેમકે તેણે જેવું કરયું તેવું મલ્યું)

(મુસલીમ)

(૨) અલ્લાહ ફરમાવે છે ઓ આદમના બેટા હું બીમાર થયો તો તેં મારી બીમાર પુરસી કરી નહી. બંદો કહેસે ઓ મારા પરવરદીગાર હું કેવી રીતે તારી ખબર લેઉ જ્યારે તું તો સઘલી જંહાનનો રબ છે. અલ્લાહ કહેશે શું તેં જાણ્યું નથી કે મારો ફલાણો બંદો બીમાર થયો તો તેં તેની ખબર લીધી નહી. શું તેં જાણ્યું નથી કે જો તું તેની ખબર લેતે તો

મને તું તેની પાસે મેળવતે. (એટલે તેની બદલી મારી રહમત તથા સવાબ મેળવતે) એ આદમના બેટા મૈં તારી પાસે ખાણું માગ્યું તો તેં મને ખવરાવ્યું નહી. બંદો કહેશે એ મારા પરવરદીગાર હું કેવી રીતે તને ખવરાવું ? જ્યારે તું તો તમામ સંસારનો પાલનહાર છે. અલ્લાહ કહેશે શું તેં જાણ્યું નથી કે મારા ફલાણા બંદાએ તારી પાસે ખાણું માંગ્યુ હતું તો તેં તેને ખવરાવ્યું નહી શું તેં જાણ્યું નથી ખચીત જો તું તેને ખવરાવતે તો (તેનો બદલો) મારી પાસે મેળવતે. એ આદમના બેટા મેં તારા પાસે પાણી માંગ્યું તો તેં મને પાયું નહી. બંદો કહેસે એ મારા પરવરદીગાર કેવી રીતે હું તને પાણી પાઉં જ્યારે તું તો સઘલી દુન્યાનો પાલનહાર છે અલ્લાહ કહેશે તારી પાસે મારા ફલાણા બંદાએ પાણી માંગ્યું ફરી તેં તેને પાયું નહી શું તેં જાણ્યું નથી ખચીત જો તું તેને પાણી પાતે તો જરૂર (તેનો બદલો) મારી પાસ મેળવતે. (મુસલીમ)

(૩) અલ્લાહ ફરમાવે છે જ્યારે મારો બંદો ગુનાહનો વીચાર કરે તો તમો તેના ઉપર લખો નહી ફરી જો તે તે કામ કરેં તો તેને એક ગુનાહ લખો. અને જ્યારે તે નેકીનો કસદ કરે ફરી તે તે કામ ન કરે તો તેની તમે એક નેકી લખો પણ જો તે તે કામ કરે તો તેને દસ નેકી લખો.

(મુસલીમ)

(૪) ખચીત મારી ઉમતના દીલમાં જે ખ્યાલ (બુરા કામનો ખતરો) ગુજરે છે તેની જ્યાં સુધી વાત નહી કરે કે તે પર અમલ નહી કરે ત્યાં સુધી અલ્લાહે તેની માફી કરી છે.

(બુખારી મુસલીમ)

(૫) ખચીત અલ્લાહ તે બંદાથી રાજી થાય છે કે જે કંઈ ખાય

તો તે પર અલ્લાહની હમ્દ કરે અથવા કંઈ પીએ તો તે પર તેની સ્તુતી કરે. (અલ હમ્દો લીલ્લાહ કહે)

(મુસલીમ)

(૬) જે કોઈથી શરૂઆતમાં ખાનુ ખાતાં બીસમીલ્લા કહેવામાં ભુલ થાય તે ફરી કહે " બીસમીલ્લાહે વ અવ્વલ હુ વ આખેરહુ " (ખાનુ ખાતી વેળા કયારે બી યાદ આવે ત્યારે તે કહે)

(તીરમઝી)

(૭) અલ્લાહ તમારે માટે ત્રણ ચીજો પસંદ કરે છે અને તમારે માટે ત્રણ ચીજો નાપસંદ કરે છે.

(૧) તમો તેની બંદગી કરો અને કોઈને તેનો શરીક કરો નહી.

(૨) એ કે તમો બધા મલીને ખુદાની દોરડીને પકડો (કોરાન મુજબ અમલ કરો) અને ફુટ ન નાખો.

(૩) એ કે તમારા મામલામાં અલ્લાહે જેને હાકમ (ઇમામ) ઠેરવ્યો હોય તેની ખરેખાહી કરો.

ખુદાની નાપસંદગીની ત્રણ ચીજો.

(૧) બેફાયદા વાતો કરવી.

(૨) વગર હાજતે ઘણા સવાલ કરવા અથવા નાહક વાતો પુછવી.

(૩) માલને જાએ કરવો (સુંનત વીરૂદ્ધની રસમોમાં ફુઝુલ ખરચ કરવો) (મુસલીમ)

(૮) તમારામાંના એક પાસે શૈતાન (ની ખસલતનો ઈનસાન આવે) અને કહે કે આને કોણે પેદા કરયુ અને આને કોણે પેદા કરયુ તે એટલા સુધી કે કહે કે તારા પરવરદીગારને કોણે પેદા કરયો તો જ્યારે આ હદે પોહચે તો

અઉઝો પઢે (અલ્લાહની પનાહ માંગે) અને અટકી જાય.
(બુખારી મુસલીમ)

(૯) ખચીત શૈતાન માણુસના બદનમાં લોહીની જેમ ફરે છે.
(બુખારી મુસલીમ)

(૧૦) જે માણુસના બે મોંહ હશે કયામતના દીને તેને બે જીભ આગની થશે. (એટલે તે મુનાફેક છે જે મોમીન અને કાફર બેઉને મળતો થાય)

(૧૧) પોતાની આપી દીધેલી ચીજને પાછી લેનાર કુતરા સરખો છે કે જે પોતાની ઓક (ઉલટી) ની તરફ પાછુ ફરે છે (ચાટે છે)
(બુખારી મુસલીમ)

(૧૨) જે કોઈ મોહતાજ કરજદારને મુદત આંપે અથવા કરજમાંથી ઓછુ કરે તો જે દીવસમાં કે ખુદાના છાયા વગર કોઈનો છાયો નથી તેમાં તે તેને પોતાના અરશના છાયામાં આશરો આપશે.
(મુસલીમ)

(૧૩) તમારામાં સારો માણુસ તે છે કે જે સારી રીતે દેણુ (કરજ) અદા કરે.

(૧૪) જે કોઈ માણુસ મરી જાય અને તેને માથે કોઈનુ દીનાર દીરહમ (કરજ) રહી ગયો હોય તો તે દેવું મરનારની નેકીઓથી વાલવામાં આવશે જ્યાં દીનાર–દીરહમ હશે નહી.

(૧૫) જે કોઈ લોકોનો માલ (કરજ) લીએ અદા કરવાની નીયતથી તો ખુદા તેનાથી અદા કરાવશે એટલે અદા કરવાનો સામાન ખુદા કરી આપશે દુન્યામાં તથા આખેરતમાં અને જે કોઈ તે માલને (સુંનત વીરૂદ્ધ રસમોમાં) બરબાદ કર વાના ઈરાદાથી લેશે તો ખુદા તેને બરબાદ કરશે.
(બુખારી)

(૧૬) મજુરને તેનો પરસેવો સુકાતાં પેહલે મજુરી આપતા રહો.

(૧૭) મેં શબે મેઅરાજમાં બહેસ્તના દરવાજા પર લખેલુ જોયું કે ખેરાતનો સવાબ દસ ગણો મળે છે અને કરજ આપવાનો સવાબ અઢાર ગણો.

(૧૮) જે કોઈ વગર હકે એક વેંત જમીન છીણવી લેશે તો તે સાત જમીન સુધી કયામતને દીવસે જમીનમાં ઘસાવાસે. (બુખારી)

વસ્યત તથા મરણ પછી સખાવત વીસે.

(૧૯) તમારામાંથી કોણને પોતાના માલ કરતાં વારસનો માલ વધુ પ્યારો છે? સહાબાએ કહ્યું કે ઓ રસુલુલ્લાહ! અમારા માના દરેકને વારેસના માલ કરતાં પોતાનો માલ વાહલો છે. હઝરતે ફરમાવ્યું તો તેનો માલ તે છે જે આગળ મોકલ્યો (સખાવત કરયો) અને જે પાછલ છોડયો તે વારસનો માલ છે (આપણો માલ તેજ કે જે આપણને કામ આવે કે જે આપણે આપણી હયાતીમાં સખાવત કરયે અને જેઓ પોતાનો માલ સમજીને રોકી રાખે છે તેઓ નાદાન છે તે તેઓનો માલ નથી તે તેઓના વારસનો માલ તેઓના ઉડાવવા સારૂ છે.) (બુખારી)

(૨૦) ઈનસાન પોતાની હયાતીમાં એક દીરહમ ખેરાત કરે તો તે બહેતર છે તેનાથી કે તેના મરણ પછી તેના તરફથી કોઈ સો દીરહમ ખેરાત કરે.

(૨૧) કેટલાક મરદ ઓરત સાઠ વરસ સુધી ખુદાની ઈબાદત કરે છે ફરી મોતનો વખત આવે છે ત્યારે શરીઅત વીરૂદ્ધ વસીઅત કરી (હકદારનુ હક ડુબે એવું વસીઅત કરી) દોઝખને લાયક બને છે.

(૨૨) મુસલમાન મરદને લાયક નથી કે વગર વસ્યત કરે તેની ત્રણ રાતો જાય. (બુખારી મુસલીમ)

(૨૩) એહસાનને બદલે એહસાન કરવાથી સગાઓથી સલુક કરનાર નથી (કોઈ સગો બીજા સગાને તેના હેસાનનાં બદલામાં હેસાન કરે તેમાં ખુબી નથી.) પણ સલુક કરનાર તે શખસ છે કે જ્યારે તેનાથી સગાઈ તોડવામાં આવે અને તે જોડે.
(બુખારી)

(૨૪) મોહતાજોને સદકો આપવો એક સદકો છે. પણ સગા વાહલાઓને સદકો આપવો બે સદકા છે એક તો સદકો બીજુ સગાવાહલા સાથેનો સલુક.

(૨૫) જે કોઈ ભાઈ (મુસલમાન)ની દુન્યાની મુશકેલીમાંની કોઈ મુશકેલી આસાન કરશે તો કયામતની મુશકેલીઓમાંથી તેની મુશકેલી અલ્લાહ આસાન કરશે. (મુસલીમ)

(૨૬) મુસલમાનભાઈની મુસીબત જોઈ ખુશી થાઓ નહી કેમકે અલ્લાહતઆલા તેની ઉપર તો રહેમ કરશે પણ તમને તેમાં ફસાવી દેશે.

(૨૭) જે માણુસ મુસલમાન ભાઈની એબ છુપાવશે તો અલ્લાહ તઆલા કયામતમાં તેની એબ છુપાવશે. અને જે શખસ મુસલમાનની એબ ઝાહેર કરશે અલ્લાહતઆલા તેની એબ જાહેર કરસે તે એટલે સુધી કે ઘરમાં બેઠેલો હશે અને ફજીયત કરશે.

(૨૮) જે શખસ દુન્યામાં મુસલમાન ભાઈનુ ગોશત ખાશે એટલે ગીબત કરસે તો અલ્લાહતઆલા કયામતના દીને મુરદાર ગોશત તેની પાસે લાવશે અને તેને કહેવામાં આવશે કે જેમ તેં જીવતાને ખાધો હતો તેમ હવે મુવેલાને ખા પછી તે શખસ ખાશે અને નાક ભવા ચઢાવતો જશે અને પુકાર કરતો જશે.

(૨૯) મારા સહાબીઓને તમો ગાલો ન આપો મારા સહાબીઓને તમો ગાલો ન આપો કસમ છે તે ઝાતની કે જેના હાથમાં

મારો જાન છે જો તમારામાંના કોઈએ ઓહોદના પાહાડ જેટલું સોનુ ખુદાના માર્ગમાં ખરચ્યું હશે તો તેઓમાના કોઈના એક મુદ (દોઢસર) અથવા અરધા મુદ બરાબર થશે નહી. (મુસલીમ)

(૩૦) જો તમારા પર નકટો હબશી ગુલામ હાકેમ થાય તો જ્યાં સુધી તે તમને અલ્લાહની કીતાબ પર ચલાવે તમારે તેનુ સાંભળવું તથા તાબેદારી કરવી.

(૩૧) ગીબત કે બદગોઈનો ગુનાહ ઝીનાના ગુનાહ કરતાં સખત છે. જે ઝીના કરે છે ને પછી તોબાહ કરે છે તો ખુદાત આલા તેની તોબા કબુલ કરે છે અને ગીબત કર નારના ગુનાહ અલ્લાહ હરગીઝ માફ નથી કરતો જ્યાં સુધી કે તે શખસ કે જેની ગીબત કરવામાં આવી હોય તે બખશે.

(૩૨) ઈબાદતના ૭૦ હીસા છે તેમાં સૌથી મોટો હીસ્સો હલાલ રોઝી તલાસ કરવાનો છે.

(૩૩) કસબ અને હુન્નરથી રોઝી પેદા કરનાર ખુદાનો દોસ્ત છે.

(૩૪) ફરઝ કામો (નમાઝ વગેરે) પછી હલાલ રોઝી સોધવી ફરઝ છે.

(૩૫) જે શખસ હલાલ રોઝી પોતાના તથા પોતાના ઘરના લો કોના ગુઝારા સારૂ તથા પાડાઓસીઓ સાથે સલુક કરવા સારૂ તથા માંગવાથી બચવા સારૂ તલાસ કરે તો એવો દુ ન્યાદાર કયામતના દીને ખુદાથી એવી રીતે મુલાકાત કરશે કે એનો ચહેરો ચૌદમી રાતના ચાંદ જેવો ચમકતો હશે.

(૩૬) જે શખસ હલાલ રોઝી એ કારણસર કમાવે કે ઘણો સરખો માલ જમા કરૂ અને લોકોપર ફખર કરૂ અને (એવા)

દેખાવ સારૂ દુન્યા તલબ કરે તો તે ખુદાને એવી હાલતમાં મળશે કે ખુદા તેના પર ગઝબનાક હશે.

(૩૭) હસદ એવી તરેહ નેકીઓને ખાઈ જાય છે કે જેવી તરેહ આગ સુકી લાકડીને બાળી નાખે છે.

(૩૮) પોત પોતામાં ભેટ મોકલ્યા કરો સબબ એ આદત કીનાને દુર કરે છે.

(૩૯) ગુસ્સો ઈમાનને એવી રીતે બગાડે છે જેવી રીને મધને એલ્યો બગાડે છે.

(૪૦) ચુપ રહે છે તે માણુસ ઘણી આફતોથી બચે છે.

(૪૧) હું તો ઇનસાનજ છું જ્યારે તમને દીનની કોઈ બાબતનો હુકમ કરૂ તો તમો તેને લ્યો (એટલે તે મુજબ અમલ કરો) અને જ્યારે હું કોઈ ચીજ પોતાની અકલથી બતાવું તો હું પણ તો આખર ઈનસાનજ છું. (મુસલીમ)

(૪૨) હું એક (બશર) ઈનસાન છું લોકો મારી પાસે મુકદમા લઈ આવે છે મુમકીન છે કે એક પક્ષ વાત કરવામાં હુશયાર હોય અને તેની વાત પરથી હું તેને સાચો ખ્યાલ કરી તેના લાભમાં ચુકાદો આપુ પણ યાદ રાખો કોઈ શખસને અગર એવી રીતે એક મુસલીમનો હક અપાવી દેઉં તો એ માલ આગનો ટુકડો છે. હવે ચાહે તો ઉપાડે ચાહે તો છોડી દે.

(૪૩) જ્યારે તમારામાંના એકે પોતાના ભાઈ (મુસલીમ)ને કાફર કહ્યો તો બેમાંથી એક પર તે કુફ્ર પલટે છે. (બુખારી)

(૪૪) મઝલુમ (ઝુલમ ખમનાર)ની બદ દુઆથી તમો બચતા રહો અગર જો તે મઝલુમ કાફર પણ હોય

(બુખારી મુસલીમ)

(૪૫) તમો પોતાના, માટે પણ બદ દુઆ કરો નહી. અથવા પોતાની ઓલાદ માટે કામકાજ કે સેવા ચાકરી માટે અને માલ મીલકત માટે પણ બદ દુઆ કરો નહી એવું ન થાય કે તમારા કોસવાની ઘડીજ કબુલ્યતની હોય કે તે વખતમાં ખુદાથી જે માંગો તેજ કરી દે.

(૪૬) બેવાહ અને મોહતાજ માણસની હાજત પુરી કરનાર અલ્લાહના માર્ગમાં જેહાદ કરનાર સરખો છે.

(બુખારી મુસલીમ)

(૪૭) બુઢો બે ચીજની મોહબતમાં જુવાન છે. લાંબી ઉમરની મોહબતમાં અને માલ વધારવાની મોહબતમાં.

(મુસલીમ)

(૪૮) ઓ જુવાન્યાઓ તમારામાંનો જે કોઈ નીકાહ કરવાની શકતી રાખે તે નીકાહ કરે કેમકે એ આંખને વધારે રોકનાર છે. અને શરમગાહને વધારે સંભાળનાર છે અને જે કોઈ એની શકતી ન રાખતો હોય તે પોતે પોતા ઉપર રોજો રાખવો જરૂર જાણે. કારણ કે એ તેના વીશે ખસી કરવા સરખો છે.

(બુખારી મુસલીમ)

(૪૯) તમારામાંનો કોઈ ઉભો રહીને પાણી પીએ નહી. ફરી જો કોઈ ભુલ્યો તો તેને જોઇએ કે ઉલટી કરી નાખે.

(મુસલીમ)

(૫૦) (પાણી) ત્રણ દમમાં પીવું તે પેટમાં સારી રીતે ઉતરનાર છે. ઘણી શફા આપનાર છે. સારી ચાહવટ છે. અને (પ્યાસથી) ઘણી મુક્તી આપનાર છે. (મુસલીમ)

(૫૧) મુરદારનુ તો માત્ર ખાવુંજ હરામ છે (મુરદારના હાડકાં, દાંત, ખાલ, વાળ, રૂવાં, પાંખ દુરૂસ્ત છે)

(બુખારી મુસલીમ)

(૫૨) પેશાબથી (તેના છાંટા શરીર પર ઉડવાથી) ખુબ બચતા રહો કેમકે ઘણું કરી કબરનો અઝાબ એનાથીજ થાય છે.

(૫૩) જે ચીજ લુંગી (કે ઈજાર વગેરે) ઘુંટીથી નીચે હોય તે આગમાં છે. (બુખારી)

(૫૪) અલ્લાહ પોતાના વાયદા વીરૂદ્ધ કરતો નથી ને ન તેના રસુલો. (મુસલીમ)

(૫૫) ખરી હીજરત કરનાર તે શખસ છે કે અલ્લાહની મનાઈ કરેલી ચીજને તજે. (બુખારી મુસલીમ)

૪૧

કયામત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

ખચીત કયામતની આગળ કેટલા દીવસ થશે કે જેમાં જેહાલત ફેલાશે અને ઈલમ ઉપડી જશે અને કતલ ઘણી થશે. (બુખારી મુસલીમ)

(૨) જે દીવસમાં સુરયોદય થાય છે તેમાં જુમાનો દીવસ બહેતર છે. તેમાં આદમ (અલે) પેદા થયા અને તેજ દીવસે તેઓ જંનતમાં ગયા અને તેજ દીવસે તેઓ જંનતથી કઢાયા અને કયામત પણ જુમાનાજ દીવસે ઉભી થશે. (મુસલીમ)

(૩) કયામત કાયમ થનાર નથી જ્યાં સુધી તમો તમારા ઈમામને કતલ કરશો નહી અને તમો મારી નાખશો એક બીજાને તલવારથી ત્યાંસુધી કે તમારા માંહેલા બદકારો દુન્યાનાં વારસ ઠરશે. (તીરમઝી)

(૪) ઝમાનો પાસે થશે અને ઈલમ ઘટી જશે. અને બખીલાઈ નખાશે (ઝકાત જતી રહેશે વ્યાજ ખાવાસે) અને ફીતના જાહેર થશે અને હરજ ઘણી થશે. સહાબાએ કહ્યું કે હરજ શી ચીજ છે ? ઓ રસુલુલ્લાહ ? હઝરતે ફરમાવ્યું કે કતલ કતલ (એટલે ખુનરેઝી ઘણી થશે)

(બુખારી મુસલીમ)

(૫) દરેક બંદો જે હાલતમાં મરયો હશે તે પર તે હશરમાં ઉઠાવાશે. (મુસલીમ)

(૬) કયામતના દીવસે લોકોનો પરસેવો જમીનમાં સીતેર ગજ સુધી જશે અને તેઓના મોંમા જશે તે એટલાં સુધી કે તેઓના કાનોએ પોંહચશે. (બુખારી મુસલીમ)

(૭) કયામતના દીવસે કાફીર લાવવામાં આવશે ફરી તેને પુછવાશે વારૂ તું કહે જો તારી પાસે (હમણા) દુન્યા ભરીને સોનુ હતે તો તું તેને (તારા જાનને હમણા બચાવવામાં) ફીદયો આપતે ? તે કહેશે હા. ફરી તેને કહેવામાં આવશે કે ખચીત તારી પાસે એથી સહેલું માંગવામાં આવ્યું હતું (એટલે દુન્યામાં બહુ આસાન ફરજ નાખવામાં આવી છતાં તેં બજાવી નહી) (બુખારી મુસલીમ)

(૮) તમારો (દુન્યાંનો) ખઝાનો કયામતના દીને ગંજે અઝદાહ થશે. (મુસલીમ)

(૯) કયામતના દીવસે કોઈ માણુસ પોતાની જગ્યાએથી હઠવા પામશે નહી જ્યાં સુધી કે તેને ચાર બાબત પુછવામાં આવશે નહી. એક તો એ કે ઉમર કઈ ચીજમાં પુરી કરી બીજુ એ કે જે મસઅલા જાણ્યા તે ઉપર શો અમલ કરયો ત્રીજું માલ કયાંથી (હલાલ રીતે યા હરામ રીતે) કમાવ્યો અને કયાં (ખુદાની રાહમાં યા ફુઝુલ ખરચોમાં) ખરચ્યો. ચોથી પો

તાની ઝાતને (પોતાને.) કંઈ બાબતમાં (નેકીમાં યા બદીમા) ખુટાડી.

(૧૦) ઈમાન વાલાઓ (પોતાના ગુનાહો માટે) આગથી છુટકારો પામશે ફરી તેઓ તે પુલ પર અટકાવાસે કે જે જંનત અને જંહનમની વચે છે. ફરી એક બીજા સાથે દુન્યામાં જે જુલમ થયો હોય તેનો બદલો લેવાશે તે એટલા સુધી કે જ્યારે તેઓ પાક સાફ થશે. તો તેઓને જંનતમાં જવાનો હુકમ મલશે તેની કસમ કે જેના હાથમાં મોહમદનો જાન છે તેઓમાંનો કોઈ દુન્યામાં પોતાના ઘરનો રસ્તો જાણે છે તે કરતાં તે જંનતમાં પોતાના ઠેકાણાને (વધારે) જાણનાર છે.

(બુખારી)

૪૨

જંનત અને દોઝખ.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ) ફરમાવ્યું કેઃ—

મહેનત તથા તકલીફોની સાથે જંનત રોકાયલી છે (એટલે ઇબાદત અને પરહેઝગારીની તકલીફ ઉપાડવાથીજ જંનત મળે છે) અને ખાહેશ તથા શહેવતની સાથે દોઝખ રોકાયલી છે (એટલે દુન્યાની ચાર દાહડાની જીંદગીમાં મોજ શોખ અને ખાહેશ શહેવત રાખ્યાથી દોઝખ મલે છે)

(બુખારી મુસલીમ)

(૨) જે (ઈનસાનનુ) લોહી અને માસ હરામ માલથી વધ્યા હશે તે બહેશતમાં જશે નહી તેને લાયક દોઝખજ છે.

(૩) અલ્લાહ પાસે જે રહેમત છે તે સઘલીને જો કાફર જાણી લે

તો કદી જંનતથી નીરાશ થાય નહી અને અલ્લાહ પાસે જે અઝાબ છે તે સંઘલાને જો મોમીન જાણી લે તો તે કદી દોઝખથી ન ડર થાય નહી. (બુખારી મુસલીમ)

(૪) મેં જંનતમાં નઝર કરી તો ઘણા ખરા જંનતવાલા ગરીબો હતા અને મે દોઝખમાં નઝર કરી તો ઘણી ખરી ઓરતો હતી. (બુખારી મુસલીમ)

(૫) બે ચીજો બહુ મોટી છે તેને ભુલવી નહી એટલે જંનત અને દોઝખ પછી એ ફરમાવી આપ બહુ રડયા એટલે સુધી કે રીશ (દાઢી) મુબારક ભીંજી ગઈ. પછી ફરમાવ્યું કે કસમ છે તે પાક ઝાતની કે જેના કબજામાં મારો જાન છે આખેરતની વાતો (એટલે દુન્યામાં ઇનસાનો જે ગુનાહ કરે છે તેની કેવી દુખદાયક સજા મળશે તે બાબતો) જે કંઈ હું જાણું છું જો તમોને તે માલમ પડી જાય તો (તમો) જંગલોમાં નાશી જઈ પોતાના માથાઓમાં ખાક નાખતા ફરો.

(૬) જે શખસ ઈનકાર કરે અને નહી માને તેના સીવાય મારી સઘલી ઉમત જંનતમાં જશે. લોકોએ કહ્યું કે ઈનકાર કરનાર નહી માનનાર કોણ છે? હઝરતે (સલ) ફરમાવ્યું કે જેણે મારી તાબેદારી કરી (એટલે જેઓએ એઓની હદીસોના ફરમાનો માની તે પર અમલ કરયો) તે જંનતમાં જશે અને જેણે નાફરમાની કરી તેણે ખચીત ઈનકાર કરયો (બુખારી)

(૭) ખચીત જનતમાં સો દરજા છે. જેને અલ્લાહે તેના રસ્તામાં જેહાદ કરનારાઓ (એટલે ખુદાની રઝામંદી ખાતર પોતાના નફસને મારનારાઓ) માટે તૈયાર કરયા છે. દરેક દરજાની વચે આસમાન જમીન જેટલો ફેર છે. તો જ્યારે માગણી કરો તો જંનતે ફીરદોસની માગણી કરશો કારણ કે તે ઉમદા જંનત છે. અને તેના ઉપર અલ્લાહનો અરશ છે અને ત્યાંથી જંનતની નેહેરો વહે છે. (બુખારી)

(૮) જ્યારે માણુસ મરી જાય છે તો સવાર સાંજ તેને તેનુ ઠેકાણું દેખડાય છે. જો તે જંનતી છે તો જંનત (દેખડાય છે) જો તે દોઝખી છે તો દોઝખ (દેખડાય છે) ફરી (તેને) કહેવામાં આવે છે કે આ તારૂં ઠેકાણું છે કયામતના દીવસે ત્યાં મોકલવામાં આવશે.

(બુખારી)

(૯) અલ્લાહ જંનતવાલાઓને જંનતમ! દાખલ કરશે અને દોઝખવાળાઓને દોઝખમાં. ફરી તેઓમાં એક પુકારનાર ઉભો થશે ને કહેશે કે એ જંનતવાળાઓ (તમને) મોત નથી. એ દોઝખવાળાઓ (તમને) મોત નથી. દરેક જેમાં હોય તેમાં હમેશા રહેનાર છે. (બુખારી મુસલીમ)

૧૦) અલ્લાહ તઆલા ફરમાવે છે મેં મારા નેક બખ્ત બંદાઓ માટે એવી ચીજ તૈયાર રાખી છે જેને કોઈ આંખે જોઈ નથી. કોઈ કાને સાંભલી નથી. અને કોઈ માણસના દીલમાં તેનો ખ્યાલ આવ્યો નથી. (બુખારી મુસલીમ)

૪૩

"દરેક ઈસલામીપર પોતાના વખતના ઝમાનાના ઈમામને માની તાબે થવાની ફરજ."

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

જે શખસ પોતાના ઝમાનાના ઇમામને ઓળખ્યા વગર મરશે તે બેશક જહાલતના મોતે મરશે (એટલે ઇસલામની પેહલે જહાલતના ઝમાનાના કાફરોના જેવી મોતે મરશે) તીરમઝી

(૨) જે શખસ વગર ઇમામે મરી ગયો તો તે જહાલતના મોતે મુઓ અને જેણે ઈમામની તાબેદારીથી હાથ ઉઠાવી રાખ્યો (ઇનકાર કરયો) તેની પાસે કયામતના દીને (પોતાના છુટકારાની) હુજત ન હશે. (અબુ દાઉદ)

(૩) જેણે મારી તાબેદારી કરી તેણે બેશક અલ્લાહની તાબેદારી કરી અને જેણે મારી નાફરમાની કરી તેણે બેશક અલ્લાહની નાફરમાની કરી અને જેણે મારા અમીર (એટલે ઇમામ યા ખલીફા) ની તાબેદારી કરી તેણે બેશક મારી તાબેદારી કરી અને જેણે મારા અમીરની નાફરમાની કરી તેણે બેશક મારી નાફરમાની કરી. (મુસલીમ)

(૪) દરેક મુસલમાન શખસ પર વાજીબ છે કે જ્યાં સુધી (ઇમામ તરફથી) ગુનાહનો હુકમ ન થાય ત્યાંસુધી સાંભળે માને, જ્યારે ગુનાહનો હુકમ થાય તો ન સાંભલવું ન માનવું. (બુખારી મુસલીમ)

(૫) ઇમામ તો એજ માટે ઠેડવાયા છે કે તમો તેની તાબેદારી કરો. માટે તમારે તેનાથી વીરૂધ કરવું નહી. (બુખારી મુસલીમ)

(૬) મુસલમાન શખસ કોઇ બાબતને પસંદ કરતો હોય યા નહી પસંદ કરતો હોય જ્યારે (ઇમામ) ગુનાહનો હુકમ કરતો ન હોય ત્યાં સુધી સાંભળવું તથા તાબેદારી કરવી છે પણ જો ગુનાહનો હુકમ કરે તો સાંભલવું નહી (તેમ) તાબેદારી નહીજ કરવી જોઇએ. (બુખારી મુસલીમ)

(૭) તમો સાંભલો અને તાબેદારી કરો. તેમનાપર જે ફરજ છે તેનો બોજ તેઓપર છે અને જે તમારાપર ફરજ છે તેનો બોજ તમારા પર છે. (મુસલીમ)

(૮) અલ્લાહ ફરમાવે છે જેણે મારા વલીની હલકાઇ કરી યા દુશમની કરી તો તે ખચીત મારી સાથે લડવા નીકલ્યો.
(બુખારી)

(૯) બેશક અલ્લાહતઆલા હરસદીની શરૂઆતમાં આ ઉમત માટે એક શખસને ઉભો કરશે જે દીનને તાઝો કરશે. (મુસલીમ)

(૧૦) ખુશી થાઓ ખુશી થાઓ ખુશી થાઓ મારી ઉમતની મીસાલ તે વરસાદના જેવી છે જેની નીસબત ખબર નથી કે તેની શરૂઆત (ની ઉમત) સારી છે યા આખર (ની ઉમત) સારી છે અને તે ઉમત કેવી રીતે હલાક થઇ સકશે કે જેની શરૂઆતમાં હું છું અને દરમ્યાનમાં મારા પછી ૧૨ ખલીફા થશે આખરીમાં મસીહ ઈસા ઈબને મરયમ.

(૧૧) બેશક મારી પછી થનારા ખલીફાની તેદાદ (ગણત્રી) મુસા (અલે) ના નુકબા (ખલીફા) મુજબ થશે (મુસા અલે પછી ૧૨ ખલીફા થયા તે પછી એઓનો મસીહ ઇસા ઇબને મરીયમ થયા તેવીજ રીતે રસુલુલ્લાહ (સ) પછી ૧૨ ખલીફા થયા તે પછી એઓનો મસીહ.)
(કનઝુલ અમાલ)

(૧૨) ખચીત શાન એ છે જે નજદીક છે કે આ ઉમતની આખરમાં એક કોમ થશે જેના સારૂ સવાબ અવલના સહાબા જેવો થશે જેઓ દીનના હુકમ પોંહચાવશે અને શરીઅતના વીરૂધના કામો મના કરવા સારૂ ફીતનાવાળાઓ સાથે લડશે. (મીશકાત)

૪૪

બઈઅત.

હઝરત રસુલુલ્લાહ (સ. અ. સ.) ફરમાવ્યું કેઃ—

ખચીત હીજરત કરવી હીજરત કરનાર ઉપર ખતમ થઇ પણુ ઇસલામની જેહાદની અને સારા કામની બઇઅત કરવીછે. (બુખારી મુસલીમ)

(૨) (એક વખત એવો આવશે કે જયારે) લોકોના દીલ એવા થઇ જશે કે જે વાત પર ચીટકી બેઠા હશે તે પરથી હઠશે નહી પછી તેઓ સારૂ ગુમરાહી તરફ બોલાવનારા થશે એવી હાલતમાં અગર તું અલ્લાહના ખલીફાને તે વખતે જુએ તો લાઝમ છે (તને) કે તેનો દામન પકડી લે (એટલે તેની સાથે થઇ જા તેની બઇઅત કરી લે) ભલે તારો શરીર હલાક થઇ જાય, અને તારો માલ લુટાઇ જાય અને અગર તને નજર ન આવે (તો તેને શોધવા) બીજી જગ્યા ચાલ્યો જા જોઇએ તો તને મોતજ કેમ નહી આવી જાય અને જોઇએ તો તને ખજુરના જાડપર (કાંય નહી) લટકાવવામાં આવે.

(અબુદાઉદ તીબરાની અહમદ બી. હુંબલ)

(૩) જે શખસ મરી ગયો અને બઇઅત ન કરી મુઓ તો તેની મોત અબુજહેલના મોત જેવી છે. (કનઝલ અમાલ)

(૪) જયારે સાંભળો કે મેહદી આવ્યો છે તો તેની બઇઅતમાં દાખલ થાઓ જો તેથી તમને ભલે હાથથી યા પેટના બલથી બરફપર કાય નહી ચાલવું પડે. (મુસલીમ)

૪૫

ઈસલામીઓનો હાલના ઝમાનાનો ઈમામ કોણ છે?

હઝરત રસુલુલ્લાહ (સ) પોતાની ઉમતને ઝમાનાના ઈમામને માનવા તાબે થવા તથા બઈઅત કરવાની આવી સખત તાકીદ કરી છે તો દરેક મોમીનની સખત ઝરૂરી ફરઝ છે કે આપ (સ) ના એ હુકમને કોઈબી ભોગે તાબે થવું હવે ઝમાનાના ઈમામની ઈંતેઝારીમાં કયારે રહેવું અને તે શું કામ કરનારો હશે તેના વાસ્તે રસુલુલ્લાહ (સ) ઉપર ફરમાવી ચુકા છે કે "બેશક અલ્લાહતઆલા હરસદીની શરૂઆતમાં એક શખસને ઉભો કરશે કે જે દીનને તાઝો કરશે એ મુજબ દર સો સો વરસે ઝમાનાના ઈમામો અથવા દીનને તાઝા કરનારા મુજદદ સાહેબો જાહેર થતા ગયા અને ખુદાથી ડરનારા મુસલીમોએ તેઓને માની પોતાની ફરઝ અદા કરતા રહયા. જયારે ઘણા જાહેલ મુસલમાનો તથા મોલવીઓ એવા બી હતા જેઓ દુન્યાદારીમાં ચકચુર હતા તેઓએ એઓનો ઇનકાર કરયો એટલુંજ નહી પણ સાંબે તેઓપર કુફરનો ફતવો બી લગાડી આપ્યો. અફસોસ તેઓ જાણુતા ન હતા કે જેનો તેઓ ઈનકાર કરતા હતા તે ખાસ તે મુજદદ સાહેબોની ઝાતનો ઇનકાર ન હતો પણ તેઓ ખાસ ખુદાની નાફરમાની કરતા હતા જેમકે રસુલુલ્લાહ (સ) ફરમાવી ચુકા છે જે "જે કોઈ મારા અમીરની નાફરમાની કરશે તેણે બેશક મારી નાફરમાની કરી અને જેણે મારી નાફરમાની કરી તેણે બેશક અલ્લાહની નાફરમાની કરી." (મુસલીમ) વલી તેઓએ એ બી ચેતાવી આપ્યું કે "અલ્લાહ ફરમાવે છે જે જેણે મારા વલીની હલકાઈ યા દુશમની કરી તો તે બેશક મારી સાંબે લડવા નીકલ્યો." (બુખારી)

આગલી સદીઓમાં થયલા મુજદદ સાહેબો ઇસલામી આલમમાં

સારી રીતે મશહુર છે જેઓમાંના છેલા કેટલાકના મુબારક નામો નીચે મુજબ છે હઝરત સયદ અબદુલ કાદર જીલાની હઝરત સયદ મોહીનુદીન ચીશતી હઝરત શેખ આહમદ સરહંદી, હઝરત સયદ મહમદ જુનાપુરી, હઝરત શાહ વલીઅુલ્લાહ, હઝરત સયદ આહમદ બરેલવી, હઝરત મહમદ ઇસમાઇલ શહીદ વગેરે. એ લોકોએ પોતાને ઝમાનાના ઇમામ તરીકે જાહેર કરયા ને લોકોને ફરમાવ્યું કે જ્યાં સુધી તેઓપર ઈમાન લાવી તેઓને તાબે થશે નહી તેમની નજાત થનાર નથી જે વીસે તેઓના અસલ ફરમાનો વાંચ્યાથી વધારે ખાત્રી થશે. જેમકે હઝરત શાહ વલી અુલ્લાહ સાહેબ ફરમાવે છે "જયારે મારા (પરવર દીગાર) રબ જલ જલાલે મને જાહેર કરયું છે કે અમોએ તને આ (ઇસલામના) તરીકતનો ઇમામ બનાવ્યો છે અને લોકોને જરૂર છે કે તેઓ તારી મોહબત કરે અને તારી ફરમાબરદારીને પોતાની નજાતનો રસ્તો સમજે અને હવે તે શખસપર આસમાની બરકાત નહી ઉતરશે જે તારી સાથે અદાવત તથા કીનો રાખશે અને ન ઝમીની બરકતો પામશે અને પુરવ અને પશચીમના લોકો તારી રૈયત છે અને તું તેઓનો બાદશાહ છે. (એટલે આ ઉમત રૂહાની સલતનત છે અને તુ તેઓનો ઇમામ છે) અને લોકો તારી આ હકીકતથી જાણીતા થાય યા ન થાય અગર તેઓ તને ઓળખશે તો કામ્યાબ થશે અને અગર ન ઓલખશે તો નુકસાન ઉપાડશે" (જુઓ તેઓની કીતાબ તફીમાતે ઇલહી)

તે પછી હઝરત મહમદ ઇસમાઈલ શહીદ રહેમતઅલ્લાહ અલેહી પોતાની કીતાબ 'મનસબે ઇમામત'માં ફરમાવે છે "અગર કોઇ શખસ હઝાર તરેહથી ખુદાની મારીફત તથા નફસની ઈસલાહ સારૂ કોશેશ કરે અને (તેબી) ખરી કોશેશ કરે છતાં જ્યાં સુધી રસુલ પર ઇમાન ન લાવશે નજાતે આખરી હરગીઝ નસીબ ન થશે ને ખુદાંના ગઝબથી તથા જંહનમના અઝાબથી ખલાસી ન પામશે તેવીજ રીતે અગર કોઇ શરીઅતી ઇબાદત તથા દીની ફરમાન

બરદારી બજાવી લાવે અને ઇસલામી અહકામોમાં પુરેપુરી કોશેશ કરે પણ જ્યાં સુધી પોતાના વખતના ઇમામની તાબેદારીમાં ગરદન ન મુકશે અને તેની ઇમામતનો એકરાર ન કરશે હરગીઝ તેની મઝકુર ઇબાદત આખેરતમાં કામ ન આવશે અને રબે ખદીરની પકડથી ખલાસી ન પામશે જેવી રીતે નબી કરીમે (સ) ફરમાવ્યું છે કે જે કોઇ પોતાના ઝમાનાના ઇમામને ન ઓળખશે અને મરશે તે બેશક જહાલતની મોતે મુઓ (એટલે ઇસલામની પેહલે જહાલતના ઝમાનાના કાફરોના જેવી મોતે મુઓ)

ઉપલી જાહેરાતથી બે બાબતોનો ખુલાસો રોશન થઇ ગયો એક તો એ કે આ ઉમતના લોકોને ઝમાનાના ઇમામની ખબર (દાવત) પોંહચે યા ન પોહચે તેઓએ પોતાના વખતના ઇમામની તલાશમાં રહેવું જોઈએ કેમ કે નબી સાહેબે એવો શખસ હર સદીની શરૂઆતમાં જાહેર થશે એવું સાફ અને ખુલ્લી રીતે ફરમાવી ચુકા છે એટલે હવે એ વીસે કશો શક યા ગુચવાડો રહયો નહી. જેથી દરેક ઇસલામીપર એક અતી અગત્યની ફરજ થઇ પડી કે જેવી સદીની શરૂઆત થઇ કે એવા એક શખસની ઇંતેજારીમાં રહે ને જ્યારે તે શખસ ઇસલામના સરવે અહકામોનો બરાબર પાબંદ હોય અને ઇસલામની ખીદમત કરનારો હોય તો તેને ઝમાનાનો ઇમામ તરીકે કબુલ રાખી તેની બઇઅત કરે એજ મુજબ બીજા સાહેબના ખુલાસાથી એ બાબત રોશન થઈ ગઇ કે એક શખસ ગમે તેટલી ઇબાદત કરે અને ઇસલામના બીજા અહકામો જેવા કે રોઝા ઝકાત હજ વગેરે બરાબર બજાવતો રહે છતાં જ્યાં સુધી તે પોતાના ઝમાનના ઇમાનાને ન ઓળખશે તેની સરવે નેકીઓ રદ છે એ તેઓની ચેતવણી અલ્લાહતઆલા તથા રસુલુલ્લાહ (સ) ના ફરમાનો મુજબ બરાબર છે કેમકે અલ્લાહતઆલા એ જ્યારથી દુન્યા શરૂ કરી છે ત્યારથી એજ અજમાયશ તમામ લોકોપર મુકરર કરી છે જેમકે તે કોરાને શરીફમા ફરમાવે છે " ઓ આદમના છોકરાઓ ખચીત તમારી પાસે તમારામાંથી પેગમ્બરો (ખુદાના

પ્રતીનીધીઓ) આવશે જેઓ મારી આયતો (ફરમાનો) બ્યાન કરશે ત્યારે જે કોઈ પરેહઝગારી કરશે અને પોતાને સુધારશે તેઓને નથી કશી તરેહની ધાસ્તી ન કોઈ ડર પણ જે કોઇ અમારી આયતોને જુઠલાવશે (ખુદાના પ્રતીનીધીઓના ફરમાનો ન માનશે) અને મગરૂરીથી તેનાથી મોંહ ફેરવશે તો તેઓ આગમાં રહેનારા થશે અને તેમાં તેઓ સદાકાળ રહેસે (કુરાન પ્રકરણ ૪ × ૯૩) તે મુજબ ખુદાના પ્રતીનીધીઓ વખતો વખત આવતા હતા અને લોકોને ખુદા સીવાય બીજા કોઇની બંદગી કરવાની મના ફરમાવતા અને ખુદાના એકજ મઝહબ ઉપર ચાલવાની હીદાયત કરતા છતાં લોકો પોતાના અસલી ફીરકાને ચીટકી બેસતા ને નવા પ્રતીનીધીને માનવા તેઓને બહુ ભારી લાગતુ એથી તેઓ જુદી જુદી કોમોમાં વહેંચાઈ ગયા પણ ખુદાને તો પોતાના સરવે બંદાઓને એકજ ફીરકામાં રાખવું મનજુર હતું માટે છેવટે ૧૩૦૦ વરસ ઉપર મહાન પેગમબર હઝરત મહમદ મુસતફા (સ) ને અરેબીઆના મકા શેહરમાં ઉભો કરયો અને તેઓની મારફતે જાહેર કરાવ્યું કે એઓ દુન્યાની સરવે કોમોને એકંત્ર કરવા દુનીઆની તમામ કોમો માટેના પેગમ્બર નેમાયા છે માટે સરવે લોકોએ એઓપર ઇમાન લાવવુ ને સરવે માટે મેં (ખુદાતઆલાએ) ઈસલામ મઝહબ મુકરર કરયો છે તેમાં શામીલ થવુ અને એ એકજ મઝહબ સીવાય બીજો કોઈ મઝહબ હું હરગીઝ કબુલ કરનાર નથી. છતાં અગર કોઈ શખસ એઓપર ઇમાન ન લાવી બીજા કોઇ મઝહબમાં રહી ગમે તેટલી ઇબાદતો તથા નેકી કરશે તે સરવે રદ જશે અને આખરતમાં દોઝખની દુખદાયક અઝાબનો ભોગ થશે એવી ખુલ્લી ચેતવણી આપી દીધી જે હરકોઇ કોરાનના માહીતગારને સારી રીતે રોશન છે. (જુઓ શરૂઆતનો દીબાચો)

ઇનશાન ઉપર એ એક બહુજ સખત અજમાયશ છે કેમકે કોઇને બી પોતાનો ફીરકો સગા વાહલા દોસ્ત આશનાવ તથા દુન્યાના લોકોની પરવા કીધા વગર ખુદાના નવા આવેલા પ્રતીની-

ધીને તાબે થઈ તેના ઉભા ,કરેલા નવા ફીરકામાં જવાને બહુજ ભારી લાગે તેમાં શક નથી પણ જ્યારે ખુદાતઆલાએ પોતાના બંદાઓથી એવીજ તાબેદારી ચાહી છે તો તે ખાલીકને તાબે થવુંજ જોઇએ. એ પરથી સમજાશે કે મઝહબ કાંઇ મામુલી ચીઝ નથી. ઇનસાનને કાંઈ ફકત ખાવા પીવા પેહરવા ઓઢવા ફરવા હરવા યા સંસારી પછાડા મારવા માટેજ ખાસ પેદા કરવામાં આવ્યો નથી પણ મઝહબની એક મહાન અજમાયશ માટે પેદા કરવામાં આવ્યો છે. અને તેથી ખુદાતઆલાએ સાફ જાહેર કરી દીધું છે જે ઈન- સાનને મે બીજા કોઇ કામ સારૂ નહી પણ મારી ખાસ તાબેદારીજ માટે પેદા કરયો છે તો જેમ હરેક નોકરને પોતાના માલીકની જે તાબેદારી માટે નોકરી રાખવામાં આવ્યો હોય તે તેણે બજાવવીજ જોઇએ તેવીજ રીતે આપણો ખાલીક આપણાથી એ તાબેદારી ચાહે છે તો આપણે તેના ખાકસાર બંદાઓએ તેની મરજી મુઆફકની તાબેદારી બજાવીજ જોઇએ.

ઉપલી અજમાયશ તથા તાબેદારી ખુદાતઆલાએ પોતાના સરવે બંદાઓ ઉપર એક સરખી રીતે રાખેલી છે કેમકે ખુદાતઆલાની નઝરમાં પોતાના સરવે બંદા એક સરખા હોવાથી ઇસલામીઓબી એવીજ અજમાયશથી મુકત રહયા નથી. જેવી રીતે આગલા લો- કોએ એકજ મઝહબના અસંખ્ય ફીરકા બનાવી બેઠા તેવીજ રીતે ઇસલામીઓમાં બી ઘણા ફીરકા થઇ પડયા જે વીસે આપણા મહાન પેગમ્બર સાહેબે ૧૩૦૦ વરસપર જે આગમચેતી કરી હતી જે "જેવી રીતે આગલી ઉમત એકજ મઝહબના ૭૨ ફીરકા બનાવી બેઠી તેવીજ રીતે તમો બી કરસો બલકે તેઓએ ૭૨ કરયા તો તમો ૭૩ કરશો પણ તેમાંનો એક ફીરકો જે મારા તથા મારા સહાબીઓની તરીકા પર રહેશે તે સીવાય બાકીના સરવે ફીરકા દોઝખી થશે." કેમકે ખુદાતઆલાને અવલથી એકજ મઝહબને એકજ ફીરકો મંજુર હતો તેથીજ આગલી સરવે કોમોને ઇસલા- મના મઝહબમાં દાખલ થઈ એકજ ફીરકામાં રહેવાનો હુકમ કરયો

ત્યારે ખુદ ઇસલામીઓ તેના હુકમ વીરૂધ અમલ કરે અને જુદા જુદા ફીરકા બનાવી બેસે તેથી રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે તેઓ સરવે એક સીવાય દોઝખી થશે તે બીલકુલ બરાબર કહયું અને એવી ખુલ્લી ચેતવણી છતાં અફસોસ કે ઇસલામીઓએ પોતાના પેગમ્બર સાહેબની વફાત થવા પછી તુરતજ પોતામાં જગડા ઉભા કરયા ને રફતે રફતે એટલા બધા ફીરકા થઇ પડયા કે આજે દરેક ઇસલામી ફીરકો એ પેશગોઇ વાલી હદીસ આબાદ ખરી પડેલી પોતાના નઝરેનઝર જુએ છે.

છતાં ખુદાતઆલા પોતાના બંદાઓ ઉપર ઘણો દયાલુ હોવાથી એ વીખરાઇ ગયલા ફીરકાઓને પાછા એકંત્ર કરવા માટે એણે દર સો સો વરસે પોતાના એક પ્રતીનીધીને ઉભો કરવાનો નીયમ ચાલુ રાખ્યો ને તે મુજબ દર સો સો વરસે ઇસલામી આલમમાં એવા શખસો ઉભા થતા ગયા જેઓએ પોતાપર ઈમાન લાવી તાબે થવાનો હુકમ ફરમાવતા ગયા ને સાફ જાહેર કરી દીધું જે અમોને માનવા વગર તમો ગમે એટલી નમાઝો પઢશો યા નેકીઓ કરશો તે સરવે રદ જસે (જેવી રીતે પારકી કોમો પોતાના મઝહબમાં રહી અને હઝરત રસુલુલ્લાહ (સ) પર ઈમાન ન લાવી ગમે તેટલી નેકીઓ કરસે તો રદ જસે ને દોઝખના અઝાબનો ભોગ થસે તેવીજ રીતે ઇસલામીઓ પોતાના ઝમાનાના ઇમામોને ન માનશે તો કુફરના મોતે મરશે ને ખુદાના ગઝબથી છુટકારો પામશે નહી.) જેની વીગતવાર તફસીલ આપણે ઉપર વાંચી ગયા છીએ. છતાં વંસપરમપરાથી ઉતરી આવેલી ખાસીયત મુજબ ઇસલામી ફીરકાઓને બી પોતાના ફીરકાને છોડી નવાને તાબે થવા ભારી લાગતું. ભારી તો સરવેને લાગેજ. અવલથી સરવેને ભારી લાગતુંજ આવ્યું પણ ખુદાતઆલાની નઝરમાં પોતાના સરવે બંદા એક સરખા હોવાથી તેણે સરવે સારૂ એકજ અપક્ષપાત કાયદો મુકરર કરયો. પછી તે શખસ ઇસલામી હોય યા ગેરઇસલામી, તવંગર હોય યા ગરીબ, મરદ હોય યા ઓરત, સરવે જણાઓ પર એક સરખી

અજમાયશ મુકી એ તેનો મઝહબ હતો, એ તેનો કાયદો હતો, એ તેનો અપક્ષપાત ઇનસાફ હતો. ને એ એવો ખરો ઈનસાફ હતો કે કોઇને બી તેની સામે અવાજ કાઢવાની જગા રહેતીજ નથી ને દુન્યા ફના થશે ત્યાં સુધી તેના એ કાયદામાં ફેરફાર થનાર નથી.

ઈસલામીઓ જેઓ રસુલુલ્લાહ (સ) ઉપર ઇમાન લાવી ચુકા છે તેઓ પર બી આગલા જેવી અજમાયશ થશે તેની વધુ સાબેતી સારૂ ખુદાતઆલાનાજ બોલો ટાંકુ છુ જેથી સરવેની પુરેપુરી ખાત્રી થશે ને એ બાબે કશો શક રહેશે નહી. "શું માણુસો એમ સમજે છે જે તેઓને એમજ છોડી દેવામાં આવશે એ કહેવાથી જે 'અમે ઇમાન લાવ્યા છૈએ' અને તેઓની અજમાયશ ન કરવામાં આવશે? અને જ્યારે અમોએ એઓથી જેઓ આગળ હતાં તેઓની અજમાયશ લીધી છે." (કુરાન પ્રકરણ ૨૯—૧—૨)

ઉમેદ છે જે ઉપલા સતાવાર ખુલાસાથી દરેક શખસ પોતાની હયાતી દરમ્યાન ખુદાતઆલાના પ્રતીનીધીને (ઝમાનાના ઇમામને) ઓળખવાની અજમાયશમાંથી પસાર થવાની ગંભીર ફરજ માશે લટકેલી છે તે આસાનીથી સમજી સકસે.

માટે હવે આપણે આપણા ઝમાનાના ઇમામની તપાસ કરીયે કેમકે ઇસલામીઓનો આ ૧૩૩૩ મો સાલ છે એટલે ૧૩ મી સદી ખતમ થઇને નવી સદી શરૂ થઇને ૩૩ વરસ ઉપર થઈ ચુકા જ્યારે ઇસલામીં મઝહબ મુજબ દર સદીની શરૂઆતમાંજ દીનને તાઝા કરનારા ઇમામો જાહેર થતા ગયા જે મુજબ આ નવી સદીનો બી ઇમામ અત્યાર આગમજ જાહેર થઇ ચુકો હોવો જોઇએ જેની આપણે તપાસ કરી તેને ઓલખી તે પર ઇમાન લાવી તેની બઇઅત કરી તેના ફીરકામાં શામીલ થઈ આપણે માથેની ફરજ ઉતારી નાખ્યે. કેમકે આપણા પર બી આગલા લોકો મુજબની ખુદાના પ્રતીનીધીને ઓળખવાની અજમાયશ છે જે વીસે હવે કશો શક

રદ્દોજ નથી. કેમકે દુન્યા શરૂ થઇ ત્યારથી એ કાયદો ચાલતો આવ્યો, 'તો આપણે તે કાયદાથી કેમ છટકી સકયે ? પણ પોતા ઉપર ઉપલી ફરજ આવેલી જાણુતાંજ લોકો છટકવાના બાહના શોધસે કેમકે પોતાનો આટલા વરસોનો ચાલતો આવેલો ફીરકો છોડી પોતાના સગાવાહલાઓ દોસ્ત આશનાવોની પરવા કીધા વગર નવા ઇમામને તાબે થવા જેમ અસલના લોકોને ભારી લાગતું હતું તેવું આપણુને બી ભારી લાગે તેમાં શક નથી પણ ખુદાની તો એજ સરવે પર એકસરખી અજમાયશ છે માટે આ ચાર દાહડાની દુન્યાની પરવા કીધા વગર આખરી આગની દુખદાયક સઝાથી બચવા ખાતર આપણુને જે કાંઇ તકલીફ ખમવી પડે તે ખમીને બીં ખુદાના કાયદાને તાબે થવુંજ જોઇએ. આગલા લોકોએ પોતાના જાન માલની પરવા કીધા વગર રસુલુલ્લાહ (સ) પર ઇમાન લાવવા સખત ભોગ આપ્યો ત્યારેજ તેઓ મોમીન કહેવાયા માટે આપણે બી તેવોજ ભોગ આપીશું તોજ આપણે બી મોમીન કહેવાઇશું. નહી તો બીજી ગેર ઇસલામી કોમ જેઓ ખુદાના પ્રતીનીધી ને માનવા ઇનકાર કરયો તેજ કારણુસર તેઓની નજાત થનાર નથી તેમ આપણી બી તેજ કારણુસર નજાત ન થશે તેનુ તદન સાફ બયાન આપણે વાંચી ચુકા માટે ખુદાપર ભરોસો રાખી આ અજમાયશમાંથી પસાર થવાની હીંમત કરવી જોઇએ.

ખુદાતઆલાના કાયદામાં અને રસુલુલ્લાહ (સ) ની પેશગો ઇમાં કદી ફરક પડયો નથી તો આ વખતે કેમ ફરક પડશે ? હરગીઝ ફરક નહી પડશે ને કયામત સુધી તેમાં ફરક પડનાર નથી. તેથી આગલી સદીઓ મુજબ આ સદીની શરૂઆતમાં એક મુજદદ સાહેબ પંજાબ તરફ આવેલા કાદયાન ખાતે જાહેર થયા જેઓનુ મુબારક નામ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ છે. આગલા મુજદદોની માફક એઓએ બી પોતાનો દાવો રજુ કરયો કે વંસ પરંમપરાની ઉતરી આવેલી ખસલત મુજબ લોકોએ તેઓને હસી કાહડયા એટલુંજ નહી પણ જેમ આગલા મુજદદો પર તે વખ

તના મુલ્લાં લોકોએ કુફ્રનો ફ્તવો લગાડયો તેમ આ વખતના મુલ્લાઓએ એઓ પર બી તેજ ફતવો લગાડયો. એટલે કોઇ બી શખસ એઓને માનવાની હીમત કરી શકેજ નહી પણ અગર એ શખસ ખોટા હતે તો મુલ્લાઓના ઉપલા ફતવાથી દબીને બેસી જતે ને લોકોમાંથી કોઇ બી તેઓ પર ઈમાન ન લાવતે પણ એ શખસ ખુદા તરફના હતા કેમકે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું છે કે સદીની શરૂઆતમાં દીનને તાઝા કરનાર શખસ જે જાહેર થશે તે બેશક અલ્લાહ તરફથી જાહેર થનાર છે. હવે જે શખસને અલ્લાહ જાહેર કરનાર હોય તે શખસની સામે આખી દુન્યા બી વીરૂદ્ધ થાય છતાં તેઓનુ કશુ વલનાર નથી તેજ મુજબ લોકોની સખત વીરૂદ્ધતા છતાં ખુદાથી ડરનારા એવા ઘણા શખસો તેઓની તપાસ સારૂ બાહેર પડયા ને કાદયાન ગયા ત્યાંના લોકોમાં તપાસ કરીને જયારે જણાયું કે એઓ ઘણા નેક અને પરહેઝગાર શખસ છે. ઈસલામની એવી એવી ખીદમતો કરી છે કે જેના જેવી આજદીન સુધી કોઇએ કરી નથી. સારાંશ ઈમામની સરવે લાયકાત જોઇ લોકો બઇઅત કરી તેઓના ફીરકામાં શામીલ થવા લાગા ને રફ્તે રફ્તે એ ફીરકો વધીને હાલ ૪ થી ૫ લાખ આસામીઓની જમાત ધરાવે છે અને હજી બી દરરોજ લોકો સામેલ થતાજ જાય છે. કેમકે જયારે લોકોએ જોયું કે સદીની શરૂઆતમાં એક મુજદદ તો જરૂર જાહેર થવોજ જોઇએ તે વીસે તો કસો શક હતોજ નહી પણ એઓજ તે મુજદદ છે યા નહી તે વીસે કોઇને બી શક રહે પણ જયારે આ સદીના આટલા બધા વરસો ગુજરી ગયા ને બીજો કોઇ બી મુજદદનો દાવો કરનાર બાહેર પડયોજ નહી એટલે એઓને મુજદદ માન્યા વગર છુટકો હતોજ નહી જો કે કેટલાક લોકોએ એ વાંધો કાહડયો કે મુજદદ એટલે દીનને તાજો કરનાર અને એવા દીનને તાજા કરનારા એટલે ઇસલામની ખીદમત કરનારા ઘણા લોકો છે તે સરવે મુજદદ કહેવાય પણ તેનો જવાબ એ છે જે એમાં કાંઇ બી શક નથી જે દીનની ખીદમત કરનારા

ઇસલામમાં ઘણુ છે પણ અત્રે તો રસુલુલ્લાહ (સ) એક ખાસ શખસ વીસે ફરમાવે છે જે ચોકસ વખતે અલ્લાહ તરફથી બાહેર પડનાર છે. અને તે મુજબ એઓ સીવાય બીજો કોઇ બાહેર પડયોજ નહી. અગર કોઇ છે તો કસમ ખાઇને બાહેર પડે જે મને ખુદાતઆલાએ આ સદીનો મુજદદ મુકરર કરયો છે. અને અગર કોઇ હતે તો સદીની શરૂઆતમાંજ બાહેર પડતે ને પોતાનો દાવો પેશ કરતે ને અત્યાર સુધી લાખો લોકો તેને માની તેની બઇઅત કરી તેના ફીરકામાં શામીલ થઇ જને અને તેનો સીલસીલો મશહુર થઇ જતે પણ તેવો કોઇ બાહેર પડયોજ નહી ને હવે કોઇથી બી બાહેર પડાયજ નહી કેમકે તે શખસનો જાહેર થવાનો વખત સદીની શરૂઆતનો હતો જ્યારે આ સદીને શરૂ થઇને ૩૩ વરસ ઉપર થઇ ચુકા એટલે મીરઝા ગુલામ આહમદ સાહેબ વગર તકરારે ને વગર બીજા કોઇ હરીફે આ સદીના મુજદદ તરીકે સાબેત થઇ ચુકા. એઓની સામે બીજો કોઈ હરીફ ન ઉભો થવું એજ સાબેત કરે છે કે એઓ અલ્લાહ તરફના સાચા મુજદદ છે પણ એઓનો મુજદદ હોવા ઉપરાંત બીજો એક મહાન દાવો મસીહ અને મહેદી હોવાનો હોવાથી ઘણા લોકો એઓને માનવાને આંચકી ખાવા લાગ્યા ને હજી સુધી એજ કારણુસર તેઓને માનવાને આંચકી ખાય છે. જો કે એઓની ઇસલામી ખીદમત હીંદુસ્તાન ઉપરાંત એશીઆના બીજા ભાગોમાં તથા આફ્રિકા યુરોપ અને અમેરીકા આસ્ટ્રેલીઆ સુધીમાં જગ જાહેર છે તે જોઇને લોકો કહે છે જે અમે એઓને મુજદદ હોવાનુ બેશક માનીએ છીએ પણ એઓનો બીજો દાવો મસીહ અને મહેદીનુ માનતા નથી. એઓનો મસીહ અને મહેદી હોવાનો દાવો બી તદન ખરો છે તે બી કુરાન અને હદીસથી આ કીતાબમાં સાબીત કરીને બતાવ્યો છે. પણ તે સાબેતીઓ સીવાય બી એઓનો દાવો ખરૂ હોવાનો મજબુત કારણુ એ છે જે કે જે ધણી ખુદા તરફથી નેમાયલો હોય તે જુઠુ બોલેજ કેમ ? અગર એઓનો એ મસીહ મેહદી હોવાનો દાવો ખોટો

હોય તો એઓનો મુજદ્દદ હોવાનો બી દાવો ખોટો હોવો જોઈએ કેમકે ખુદા તરફનો માણુસ હોય તો તેની બેઉ વાતો સાચી હોવી જોઇએ પણ તેની એક વાત સાચી ને બીજી વાત ખોટી એ કેમ બને? પણ લોકોની સમજ કાંઇ અજબ તરેહની છે જે તેઓ એક દાવો કબુલ કરે છે ને બીજાનો ઇનકાર કરે છેઃ લોકોનુ ચાલતે તે તેઓ એકબી દાવો કબુલ નહી કરતે પણ તેઓનુ તેમ ચાલી શકે જ નહી. કેમકે મુજદ્દદ તો સદીની શરૂઆતમાં આવવોજ જોઇએ ને એઓના સીવાય બીજો કોઇ ઉભો થયોજ નથી ત્યારે એઓને મુજદ્દદ તરીકે માન્યા વગર છુટકોજ નથી. ને જયારે મુજદ્દ મનાયા એટલે અલ્લાહ તરફના પ્રતીનીધી ઠરયા ને જયારે અલ્લાહ તરફના પ્રતીનીધી ઠરયા તો તેઓ ખોટુ બોલેજ નહી તે કોઇબી સાદી સમજનો બી માણુસ સમજી સકસે. પણ લોકોને તે કબુલ કરતાં બહુ ભારી લાગે છે કેમકે કબુલ કીધું તો તેઓને માની તે ઓના ફીરકામાં જવું પડે જેથી પોતાનો ફીરકો છોડવો પડે જે દુન્યાના ડરથી છોડાતો નથી. ને પોતાની આખેરત બગાડે છે આપણે આગળ વાંચી ચુકા છૈએ જે ખુદાતઆલાએ આગલ મશહુર મુજદ્દદ શાહ વલી અુલ્લા સાહેબને જણાંવ્યું હતું જે "લોકે તારો દાવો જાણે યા ન જાણે જો તેઓ તને ઓળખશે તો કામ્યાબ થશે નહીકા અઝાબના પાત્ર થશે કેમ કે લોકોપર સદીની શરૂ આત થતાંજ એવા શખસની ઇંતેજારીમાં રહેવાની ફરજ સાબીત થઇ ચુકી છે તે મુજબ લોકોએ સાવચેતીમાં રહેવું જોઇએ, અને તે મુજબ આ સદીની શરૂઆતમાં મીરઝા ગુલામ આહમદ સાહેબે પોતાનો દાવો જાહેર કરયો જેથી આપણાપર ખુદાતઆલાનો ઘ મોટો એહસાન થયો કે આપણને પોતાને સદીની શરૂઆતમાં આ પણા ઇમામને શોધવા નીકળવાની જરૂર ન પડી. એઓ ફરમાવે જે "ખુદાતઆલાએ મને જાહેર કરયુ છે જે દરેક શખસ જે મારી દાવત (દાવાની ખબર) પોહચે અને તેણે મને કબુલ નથ કરયો તે મુસલમાન નથી અને ખુદાની નજદીક સઝાના લાયક છે

(૨) જે શખસ મને નથી માનતો તે ખુદા અને રસુલને બી નથી માનતો (જેવી રીતે કે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે જે મારા અમીરની નાફરમાન કરશે તેણે મારી નાફરમાની કરી અને જેણે મારી નાફરમાની કરી તેણે અલ્લાહની નાફરમાની કરી) (૩) જે શખસ મને નથી માનતો તે મારો નહી પણ જેણે મારા આવવાની પેશગોઇ કીધી હતી તેનો નાફરમાન છે (૪) ખુદાતઆલા ફરમાવે છે 'જે શખસ તારી પેરવી નહી કરશે અને તારી બઇઅતમાં દાખલ નહી થશે અને તારો વીરોધી રહેસે તે ખુદા અને રસુલની નાફરમાની કરનાર અને જંહનમી છે (૫) દરેક શખસ જે તારાથી સંબંધ રાખશે પછી તે તારી બીબી હોય યા તારો દોસ્ત નજાત પામશે અને તેને બહેશતી જીંદગી મલશે અને આખરે બહેશતમાં દાખલ થશે. (૬) તમો (એ આહમદી જમાત) અગર (ગેર આહમદીઓમાં) મીલતા જુલતા રેહશો તો ખુદાતઆલા જે ખાસ નઝર તમારીપર રાખે છે તે ન રાખશે પાક જમાત અલગ થાય તેમાંજ તરક્કી થાય છે (૭) જુઓ તે વખત ચાલ્યો આવે છે બલકે નજદીક છે કે ખુદા આ સીલસીલાની દુન્યામાં મોટી માન્યતા ફેલાવશે અને એ સીલસીલો પુરવ અને પશચીમ અને ઉતર અને દક્ષીણમાં ફેલાશે અને દુન્યામાં ઇસલામથી મુરાદ એજ સીલસીલો રહેશે એ વાતો ઇનસાનની વાતો નથી એ તે ખુદાની વહી છે કે જેની આગળ કોઈ વાત અશકય નથી."

ઉપલી ચેતવણીઓ કાંઇ નવી નથી દુન્યા શરૂ થઇ ત્યારથી ખુદાતઆલાના પ્રતીનીધીઓ વખતો વખત પોતાના ઝમાનાના લોકોને જાહેર કરતા હતા તેજ ચેતવણીઓ છે. આગલાઓનો વખત વીતી ગયો હવે આપણી વારી છે. ખરો ભાગ્યશાળી તે જે ખુદાનો અને કયામતના દીનનો ખોફ રાખી પોતાની ફરજ અદા કરે. હા અગર એકથી વધારે દાવાદાર હતે તો હજી બી આપણુને ફીકર રહે તે જે ખરો કોણ હશે ને ખોટો કોણ પણ જયારે આ સદીમાં એઓ સીવાય ખુદાનો પ્રતીનીધી હોવાનો દાવો કરનાર બીજો કોઇજ

નથી તો આપણુ સારૂ રસ્તો તદન ખુલ્લો છે તેથી વગર અચકાવે એ ફરજ બજાવી નાખવી જોઇએ. હા એઓના સીલસીલામાં દાખલ થવા પેહલા એઓની શું શરતો છે એ જાણવું જરૂર છે તોતેઓએ તા. ૧૨ મી જાનેવારી ૧૮૮૯ ના દીને બાહેર પાડેલી શરતો નીચે મુજબ છે.

બીસમીલ્લાહ હીર રહમાન નીર રહીમ નહમદહુ નુસલ્લે અલા
રસુલ હીલ કરીમ

(૧) બઇઅત કરનારે સાચા દીલથી એ વાતને માની લેવું જોઇએ કે તે ભવીશમાં તે વખત સુધી કે તે કબરમાં દાખલ થાય શીરકથી બચતો રહેસે (ખુદાની ઝાત સીફાત યા ઇબાદતમાં કોઇને જોડશે નહી.)

(૨) એ કે જુઠાપણાથી ઝીનાથી બદનઝરીથી ઝુલમથી અપ્રમાણીકપણાથી હુલડ અને ફીતુર વગેરે બદીથી બચતો રહેશે અને પોતાના નફસાની જોશો (મનો વીકાર)ને તાબે થશે નહી. પછી તેનો હુમલો કેવોબી સખત કાંય નથી હોતો

(૩) એ કે ખુદા તથા તેના રસુલના હુકમ મુજબ પાંચ વખતની નમાઝ વગર ખાડે પઢતો રહેસે અને પોતાથી બની શકતી દરેક કોશેશ વાપરી મધરાત પછીની તહજ્જુદની નમાઝ પઢતો રહેશે તથા પોતાના નબી કરીમ (સ) ઉપર દરૂદ મોકલવા અને દરરોજ પોતાના ગુનાહોની માફી ચાહવા તથા ઈસ્તગફાર કરવા તથા ખુદાતઆલાથી મદદ માગવા (દુઆ ચાહવા) નો નીયમ રાખશે અને ખરી.મોહબતથી અલ્લાહતઆલાના હેશાનો યાદ કરી તેની તારીફ તથ શુકર બજા લાવતો રહેશે.

(૪) એ કે ખુદાની આમ મખલુકને તથા ખાસ કરીને મુસલમાનોને પોતાના મનોવીકારના જોશથી કદી બી ઇજા કરશે નહી. ન હાથથી ન ઝબાનથી ન બીજી કોઇ તરેહથી.

(૫) એ કે કોઇ બી ખુશી ગમીમાં અથવા સુખ દુખમાં અથવા આબાદી યા મુસીબતમાં ખુદાને વફાદર રહેશે (એટલે ખુશીમા પુલાઈ નહી જશે પણ શુકર કરશે અને ગમીમાં નીરાશ ન થશે પણ સબર કરશે) મતલબ એ કે હરહાલમાં ખુદાને એવો તાએ રહેશે કે એની રાહમાં કાંઇબી અપમાન યા દુખ ખમવા તૈયાર રેહશે અને કદી કોઇ આફત વરસે નો તેનાથી નીરાશ ન થઇ જશે બલકે હીમતથી આગળ વધશે.

(૬) એ કે ખોટી રસમોથી તથા બદ ખાહેશોથી દુર રેહશે અને કોરાને શરીફના ફરમાનોને સદંતર આધીન થઇ રબેસે અને ખુદાતઆલાના તથા રસુલુલ્લાહ (સ) ના ફરમાનોને પોતાની જીંદગીમાં અમલ કરવાનો કાનુન સમજશે.

(૭) એ કે તકોબરી તથા મગરૂરીને સદંતર છોડી દેશે અને નરમી આજીજી સભ્યતાઇ સાલેસાઇથી જીંદગીના દહાડા પુરા કરસે.

(૮) એ કે દીનને અને દીનની ઇઝતને અને ઇસલામની ખેરખાહીને પોતાના જાન માલ તથા પોતાની અવલાદ તથા પોતાના દરેક પ્યારાથી પ્યારો સમજશે.

(૯) એકે ખુદા ખાતર તેની મખલુક સાથે દીલસોજીથી વરતશે અને ખુદા તરફથી તેને બખશાયલી નેઅમત તથા સકતી

તેનાથી બની સકે તેટલી વાપરી તેની મખલુકાતને ફાયદો પોંહચાડશે.

(૧૦) એ કે આ આજીઝથી (એટલે મીરઝા ગુલામ આહમદ તે મસીહ અને મેહદીથી) ખાસ ખુદાના વાસ્તે ભાઈચારાનો સંબંધ સ્થાપશે એ કરારથી કે પોતાના મરણ સુધી તેના દરેક નેક ફરમાનને તાબે થશે અને એ સગપણનો ગાંઠ એવા ઉંચા પ્રકારનો રેહશે કે તેનો દાખલો દુન્યાઈ સગપણ અથવા માલક અને નોકર દરમ્યાનમાં પણ કદી દીઠામાં ન આવ્યો હોય.

કોઈબી મોમીન ઉપલી શરતો વાંચી કબુલ કરશે કે તે એકે એક ઈસલામના અહકામ મુજબની શરતો છે. એમાં ઈસલામની વીરૂદ્ધ નવું કશુંએ નથી. અગર ઈસલામની વીરૂદ્ધ કશુંબી નવું હતે તો આપણને માનવાની જરૂર ન હતી પણ જ્યારે એ ઈસલામ મુજબજ છે તેથીજ આપણને આપણી ખુશી હોય યા નહી તે છતાં માનવાની અને તાબે થવાની ફરજ પડે છે જેમકે રસુલુલ્લાહ (સ) ફરમાવે છેઃ—

"મુસલમાન શખસ કોઈ બાબતને પસંદ કરતો હોય યા નહી પસંદ કરતો હોય જ્યારે (ઈમામ) ગુનાહને હુકમ ન કરતો હોય ત્યાં સુધી સાંભલવું તથા તાબેદારી કરવી છે પણ જો ગુનાહનો હુકમ કરે તો સાંભલવું નહી (તેમ) તાબેદારી નહીજ કરવી જોઈએ." (બુખારી મુસલીમ)

જ્યારે એઓ એકલાજ ઝમાનાના ઈમામ તરીકે સાબેત થઈ ચુકા છે કેમકે બીજો કોઈ સદીની શરૂઆતથી દાવેદાર ઉભો થયોજ નથી અને આપણને બીજા કોઈની દાવત પોંહચીજ નથી

ત્યારે જેઓની દાવત પોહતી છે અને જેઓ ઇસિલામના અહકામ મુજબની શરતો સાથે (એટલે હમેશા નમાઝ પઢવાની તાકીદ, હમેશા ગુનાહોની તોબા કરવાની તાકીદ, હમેશા ખુદાના એહસાન માની તેના શુકર બજાવી લાવી તેને યાદ કરતા રહેવાની તાકીદ, રસુલુલ્લાહ (સ) પર હમેશા દરૂદ મોકલતા રેહવાની તાકીદ, પોતાની જીંદગી ખુદાતઆલાના કલામે શરીફ મુજબ તથા રસુલુલ્લાહ (સ) ની સુનત મુજબ ગુજારવાની તાકીદ, સારાંશ હરહાલમાં ખુશીમાં હો તો શુકર તથા ગમીમાં હો તો સબર સાથે જીંદગીના દાહડા પુરા કરવાની તાકીદ કરનારને કબુલી તાબે થઇ બઈઅત કરવાનો ઈનકાર કોણ કરશે? તેજ શખસ તાબે થવા તથા બઈઅત કરવાને ઈનકાર કરશે કે જેના વીસે રસુલુલ્લા (સ) ફરમાવ્યું છે જે "જે શખસ મરી ગયો અને બઈઅત ન કરી મુઓ તો તેની મોત અબુ જેહલના મોત જેવી છે" (હવે અબુ જહેલ પાકો કાફર અને દોઝખી છે તે વીસે કોઇને શક છેજ નહી) તો એવી મોત કોણ ચાહશે? જે બઈઅત કરવાથી ઈનકાર કરશે તેજ.

કદાચ કોઈ એમ વીચાર કરે જે બઈઅત કરી લેવામાં શું ગયું? પંણ એવી નામની બઈઅત એઓને મંજુર નથી એઓને અમલ સાથેની બઈઅત જોઇએ જે નીચે લખેલા ખુલાસાથી સમજ પડશે.

પહેલે તો એઓની જમાતમાં દાખલ થનારા આહમદીથી બીજા કોઈ ગેરઆહમદી પાછલ નમાઝ પઢાયજ નહી અગર કોઈ ઠેકાણે આહમદીઓની જમાત ન હોય તો તેણે એકલાએજ મસજીદમાં યા ઘરમાં નમાઝ પઢી લેવી અગર એક કરતા વધુ આહમદી હોય તો જમાતની નમાઝ થઈ ગઈ.

બીજુ તેવીજ રીતે કોઈ ગેરઆહમદીના જનાઝાની બી નમાઝ ન પઢાય પછી મરનાર પોતાનો સગો યા દોસ્ત કાંય નથી હોતો ત્રીજુ આહમદીએ પોતાની દીકરી કોઈ ગેર આહમદીને ન આપવી જોઇએ.

કેમકે જ્યારે રસુલુલ્લાહ (સ) સાફ ફરમાવી દીધું જે જે કો ઇએ પોતાના ઝમાનાના ઈમામને ન ઓળખ્યો તે જહાલતના મોતે મરયો. ત્યારે તે શખસ જેણે પોતાની હયાતીમાં ઝમાનાના ઈમા મને ઓળખવાની દરકાર ન કરી ને રસુલુલ્લાહ (સ) ના ફરમાન વી રૂદ્ધ અમલ કરનારો અને જાહેલ ઠડયો ત્યારે તેવા પાછળ નમાઝ કેમ પઢાય? એ ઉપરાંત રસુલુલ્લાહ (સ) એ બી ફરમાવી દીધું જે તમારામાં ૭૩ ફીરકા થશે તેમાંથી એક સીવાય બાકીના સરવે દોઝખી થશે. અને જે એક ફીરકો જન્તી હશે તે મારા ફરમાન મુજબ અમલ કરનારો હશે અને તે ફીરકો તેઓના ફરમાન મુજબ ઝમાનાના ઈમામને તાબે થનારો ફીરકો છે કે જેનો ઈમામ રસુલુલ્લાહ (સ)ના સરવે ફરમાનને તાબે થવાનો હુકમ કરે છે વલી એ ઉપરાંત અલ્લાહ તઆલાએ ફરમાવ્યું છે જે શખસ મારા વલીની હલકાઈ કરશે (એટલે તેને જુઠો સમજી ઈનકાર કરશે) તે બેશક મારી સાથે લડવા નીકલ્યો. એટલે બાકીના ફીરકા જેઓ એઓનો ઈનકાર કરનારા છે તેઓ ખુદા સાથે લડનારા ઠડયા ત્યારે એવા ખુદા સાથે લડનારા શખસની પાછલ નમાઝ કેમ પઢાય? તેને પોતાની છોકરી કેમ અપાય? અને તેના સારૂ જનાઝાની નમાઝ પઢી દુઆ કેમ માંગી સકાય? કોરાને શરીફમાં તો એવા શખસોની કબર પાસે ઉભો રેહવાનીબી મનાઈ છે.

આ ઉપરથી અઇઅત કરી આ ફીરકામાં શામેલ થવાની અને પોતાને અબુ જહેલ જેવી મોતથી બચાવી આખેરત સુધારવાની કેટલી અગત છે તે ઉપલા ફરમાનોથી સાફ સાબેત થઇ ચુકુ પણ લોકોને એ અજમાયશ ભારી પડે છે કેમકે એમ કરવાથી પોતાના ફીરકાને છોડવું પડે જેથી લોકોની નજરમાં આવી જાય ને લોકો વાતો કરે એજ એઓને મોટો ડર છે પણ જે લોકોથી ડરયો ને ખુદાથી ન ડરયો ને તેના ફરમાનને તાબે ન થયો તેણે શીરક કરયું. લોકોનો ડર ખુદા કરતા મોટો સમજ્યો. એવા શીરકની સજા ખુદા પાસે બીજા સરવે ગુનાહો કરતાં ભારી છે. ખુદાતઆલાએ કોરાને

શરીફમાં સાફ અનેકવાર જણાવી દીધું છે જે શીરકનો ગુનાહ હર ગીઝ માફ કરનાર નથી.

જ્યારે આપણને આપણા ઇસલામી મઝહબના હુકમો પ્રમાણેજ ચલાવનારા ઇમામને માનવાને અને તેના ફીરકામાં શામીલ થવાને ભારી લાગે તો ગેરઇસલામી કોમોને પોતાનો મઝહબ તથા ફીરકો છોડી ઇસલામી ફીરકામાં દાખલ થવા કેટલું ભારી લાગે? પણ જેમ તેઓપર ઇસલામી ફીરકામાં શામેલ થવાની ફરજજ છે તેવીજ રીતે આપણને એ ફીરકામાં શામેલ થવાની ફરજજ છે. જેવી રીતે ખુદાતઆલાએ આગલા ઝમાનાના લોકોપર જે અજમાયશ શરૂઆતથી મુકી હતી તેવીજ અજમાયશ ગેરઇસલામીઓ પર મુકી છે અને તેવીજ આપણાપર બી મુકાયલી છે ને કયામત સુધી લોકોને એવીજ અજમાયશમાંથી પસાર થવું છે. કેમકે ખુદાતઆલાને એક સીવાય વધારે ફીરકા જોઈતાજ નથી જે કોરાને શરીફ તથા રસુલુલ્લાહ (સ) ના ફરમાનોથી સાબેત થયલુ આપણે વાંચી આવ્યા છે એ જે એક સીવાય બાકીના સરવે ફીરકા દોઝખી છે.

અને જે ખરો ફીરકો છે તેમાં દાખલ થવું અને તેના પ્રતીનીધીને માનવું અને તેની શરતોને તાબે થવું ભારી તો લાગેજ પણ ખાસ ખુદાની ખાતર આપણા નફસને મારી એ અજમાયશ જે વંશપરમપરાથી ચાલતી આવી છે તેમાંથી પસાર થવાની જરૂર દરેક પર છે.

એ પરથી બીજી એ બાબત બી સાબેત થાય છે કે અગર મીરઝા ગુલામ આહમદ સાહેબ ખુદાના ખરા પ્રતીનીધી ન હતે ને પોતાની નામના યા પૈસો ભેગો કરવાની નીયત રાખનાર અને ખોટો દાવો કરનાર શખસ હતે તો તેઓ ખુદાના અહકામો એવી સખતાઈથી બજાવવાની તાકીદ ન કરતે તેમજ બીજાઓ પાછલ નમાઝ ન પઢવી પોતાની છોકરી બીજા ન માનનારાના નીકાહમાં ન આપવી વગેરે સખત શરતો ન કરતે બલકે ઘણી છુટ છાટ આપતે

(જેવી રીતે કે હાલના ઝમાનામાં પીરી મુરીદીનો રીવાજ ચાલે છે તે મુજબ) અને જ્યાં ત્યાંથી મુરીદો વધારી નામના અને પૈસો ભેગો કરવાની તજવીજ કરતે પણ એઓ ખુદાના ખરાજ પ્રતીની ધી હોવાથી પોતાની જમાતમાં લોકો દાખલ થાય યા ન થાય તેની દરકાર કરતા નથી. જે ખુદાના ખરા અહકામો છે ને જે શરતો ઈસલામની રૂએ જરૂર છે તે કબુલ કરનારનેજ પોતાની જમાતમાં બોલાવે છે. બીજાઓ જેઓ નામની બૈયત કરવાનો ઈરાદો રાખતા હોય તે જોઈતાજ નથી બલકે એઓની જમાતમાં એવા હોય તે બી એઓની જમાતમાંના ન લેખાશે એમ ખુલ્લુ જણાવી આપે છે જે એઓનાજ બોલોમાં જણાવું છું જેમ કે તેઓ ફરમાવે છે

"ફક્ત ઝબાનથી (યા લખાણથી) બઈઅતનો એકરાર કરવો કોઈ ચીઝ નથી જ્યાં સુધી કે ખરા અંતકરણથી તે પર પુરેપુરો અમલ ન કરો. માટે તમારામાંથી જે કોઈ પોતાને મારી જમાતમાંનો લેખતો હોય તે આસમાન પર ત્યારેજ મારી જમાતમાંનો લેખાશે જ્યારે તમે સાચા એકીનથી નેકીની રાહપર પગલાં ભરશો. માટે તમો તમારી દરરોજની પાંચ વખતની નમાઝ એવા ખોફથી અને આજીજીથી અદા કરો કે ગોયા તમો ખુદાતઆલાને જુઓછો. અને તમારા રોઝા નીખાલસ ખુદા ખાતર પુરા કરો. દરેક જે ઝકાતને લાયક છે તે ઝકાત આપે. અને જેના પર હજ ફરઝ થઈ ચુકી છે અને કોઈ નડતળ ન હોય તે હજ કરે. સાલેસાઈથી નેકી અદા કરો. ધીકારથી બદી દુર કરો. અગર તમારી સરવે ઝમીન ઈઝત જતી રહે તો ફીકર કરો નહી. ખુદા તમને આસમાન પર કાયમ રહેનારી ઈઝતથી નવાજશે. માટે તમે ખુદાને ભુલો નહી. અને એમ જરૂર થશે કે તમારા પર દુખ આવી પડશે અને તમારી ધારેલી ઉમેદો પાર પડશે નહી તો તેવે વખતે તમો દલગીર થશો નહી કેમકે તમારો ખુદા તમને અજમાવે છે કે તમો એની રાહમાં સાબીત કદમ છો યા નહી અગર તમે ચાહતા હો કે આસમાન પર તમારી તારીફ થાય તો તમે ખુદા ખાતર માર ખાઓ અને ખુશ રહો. ગાલો

સાંભળો અને શુકર કરો. નીશફળતા • ખમો પણ જોડાણ તોડો નહી. તમો ખુદાની આખરી જમાત છો માટે તમે એવા નેક અમલ દે ખાડો કે જેના કમાલમાં છેડોજ ન હોય હરેક જે તમારામાં સુસ્ત થઈ જશે તે એક ગંદી ચીઝની માફક (મારી) જમાતમાંથી બાહેર ફેંકી દેવામાં આવશે અને પસ્તાવા તથા પશેમાનીમાં મરશે. જુઓ હું તમોને ખુશ ખબર આપું છું તમારો ખુદા (ફક્ત મોહડેથી કહેવાનો ખુદા નથી પણ તે તમારી સામે) ખરેખર મોજુદ છે અને જો કે (દુન્યામાં) દરેકે દરેક એના બંદા છે છતાં ખુદા તેનેજ ચુટે છે જે ખુદાને ચુંટે છે. અને ખુદા તેનીજ પાસે આવે છે જે ખુદાની રાહમાં કદમ ઉપાડે છે અને જે ખુદાને માન આપે છે તે નેજ ખુદા માન આપે છે. (ઈઝત બખશે છે)

વલી તેઓ પોતાની જમાતને ફરમાવે છેઃ—

જે શખસ જુઠુ કહેવું અને ફરેબ આપવું ન છોડે તે મારી જમાતમાંનો નથી. જે શખસ દુન્યાની લાલચોમાં ફસેલો છે અને આ ખેરતની ફીકર નથી રાખતો તે મારી જમાતમાંનો નથી જે શખસ ખરી રીતે દીનને દુન્યાપર સર્વોપરી ન રાખે તે મારી જમાતમાંનો નથી. જે શખસ પાંચ વખતની નમાઝ બરાબર બજા નથી લાવતો તે મારી જમાતમાંનો નથી. જે શખસ ખુદાનો ખોફ રાખી તેને યાદ નથી કરતો અને તેનાથી દુઆઓ ચાહતો રહેતો નથી તે મારી જમાતમાંનો નથી. જે શખસ નઠારા દોસ્તો જે તેના પર નઠારી અસર નાખે તેને નથી છોડતો તે મારી જમાતમાંનો નથી. જે શખસ માબાપની ઈઝત નથી કરતો અને નેક કામો જે કોરાન વીરૂધ નથી તે વાતને નથી માનતો અને તેઓની ખીદમત બજાવવાની પરવા નથી કરતો તે મારી જમાતમાનો નથી. જે શખસ પોતાની ઓરત તથા તેણીના સગાવાહલાઓથી નરમી અને એહસાનથી નથી બર તતો તે મારી જમાતમાંનો નથી. જે શખસ પોતાના પાડોસીઓને અદનામાં અદના ભલાઈમાં બી ભાગ નથી આપતો તે મારી જમા તમાંનો નથી જે શખસ પોતાના તકસીરવારનો ગુનાહ નથી બખ

શતો અને કીનો લેવાનો ઈરાદો રાખે તે મારી જમાતમાંનો નથી દરેક મરદ જે પોતાની ઓરતથી યા ઓરત જે પોતાના ખાવંદથી અપ્રમાણીકપણે વરતે તે મારી જમાતમાંનો નથી જે શખસે બઈઅત કરતી વખતે જે કરારો કરયા હતા તે કોઈ બી રીતે તોડે તે મારી જમાતમાંનો નથી. જે શખસ (ખુદાતઆલાના તથા રસુલુલ્લાહ (સ) ના વાયદા મુજબનો મને ખરેખરો મસીહ અને મેહેદી નથી માનતો તે મારી જમાતમાંનો નથી અને જે શખસ મારા વીરોધીઓની જમાતોમાં બેસે છે અને તેઓની સાથે હામાં હા મેળવે છે તે મારી જમાતમાંનો નથી ”

આ તેઓની નસીહતો છે. આ તેઓના ફરમાનો છે.

આ ઉપરથી કોઈ સાધારણ સમજનો બી માણસ આસાનીથી સમજી સકસે કે આવા ખુદાતઆલા તથા રસુલુલ્લાહ (સ) ના અહ કામો મુજબના ફરમાનો ખુદાનો ખરો પ્રતીનીધી હોય તેજ બતાવે અગર કોઈ ખોટો શખસ હોય તો તેની તાલીમ ઓરજ હોય.

એઓએ ઈસલામની હદ વગરની ખીદમત બજાવી છે. જેની વીગતવાર તફસીલ લખવામાં આવે તો પોથાઓ ભરાય ટુકમાં ખુદાનો પસંદ કરેલા ઈસલામ મઝહબમાં લોકોએ ઘણો બગાડો કરી નાખ્યો ફક્ત નામનો ઈસલામ રહી ગયો. કેમકે ઈસલામનો મુળ પાયો કોરાંને શરીફ છે તેનોજ લોકોએ અમલ કરવો છોડી દીધો. પેહલે તો મોટો ભાગ વાંચેજ નહી. જે થોડા વાંચે તે સમજે નહી બલકે તેમાંનો મોટો ભાગ એ કારણથી સમજવાની દરકાર નહી કરે કે એનો અર્થ કાઢવો ગુનાહ છે અગર જો એનો અરથ કાઢવો ગુનાહ હતે તો ખુદા એવી કીતાબ મોકલતે શું કામ ? ને રસુલુલ્લાહ (સ) એ ખુદાની દોરડીને મજબુત પકડી રાખવાની આટલી ભલામણ કરતે શું કામ ? એ મુલ્લા લોકોની ખોટી તાલીમને આભારી છે. જેના પરીણામમાં ખુદાના અસલ ફરમાનથી અજ્ઞાન રહી દેખાદેખીની ખોટી રસમોને પોતાનો ઈસલામ મઝહબ સમજી લીધો.

તેવીજ રીતે નમાઝ પઢતા તે બી સમજતા નહી.. મોટો ભાગ તો નમાઝ પઢતોજ નહી. ને જે નાહનો ભાગ નમાઝ પઢે તે બી વગર સમજે અને બેધ્યાનપણે એક રસમને આદત મુજબ ઉતાવલેથી પઢી કાસલ પતાવી નાખતા. નમાઝ ખુદા સાથેની મુલાકાત છે. નમાઝ દુઆ છે. નમાઝ આપણી ખુદા પાસે અરજ છે જયારે આપણે એક મોટા માણુસ પાસે જનાર હોઈએ તો કેવી અદબથી ઉભા રહી આપણને તેની સામે શું બોલવું છે તેનો આગળથી અભયાસ કરી સમજીને ધ્યાનથી બ્યાન કરયે છીએ તેવીજ રીતે ખુદાતઆલા પાસે આપણને આજીજીથી ઉભા રહી નમાઝની તથા દુઆની મતલબ સમજીને ધીરેથી અને ધ્યાનથી પઢવી જોઈએ કેમકે ખુદાતઆલા પોતાનો બંદો કેટલી રકાત નમાઝ પડે છે તેની ગણુત્રી યા દરકાર કરતો નથી પણ તેમાંનો કેટલો ભાગ હુઝુરેદીલથી પઢે છે તેનીજ ગણુત્રી કરે છે એવીજ રીતે ઈસલામના બીજા દરેક અહ કામમાં લોકોએ બગાડો કરી નાખ્યો તે વીસે-એક બે નહી પણ ૮૦ કરતાં વધારે કીતાબો લખી બાહેર પાડી છે કોરાને શરીફ દરેક શખસે વાંચવું સમજવું અને અમલ કરવું જોઈએ અને એ કીતાબ વગર દુન્યાની સરવે કીતાબો રદ છે અને સરવે ઈલિમનો પ્રકાશ એમાંથીજ નીકળે છે ને એ કીતાબ હર ઝમાનાના લોકોને માફક આવતા કાનુનો ધરાવે છે અને કયામત સુધી એજ કીતાબ કાયમ રહેનારી છે વગેરે બાબતો એક એકથી સરસ દાખલા દલીલો સાથે સાબેત કરી તેના અહકામોની શું શું ઝાહેર તથા બાતેની ખુબી છે તે એવી અસરકારક રીતે સમજાવતા કે તે દરેકે જાણુવા શીખવાને અમલ કરવા જોગ છે.

એઓની સમજાવેલી રીતી તથા લખાણુ મુજબ અગર એક જંગલી માણુસ બી અમલ કરે તો એક ખરોજ નીતી રીતી વાલો માણુસ બની જાય અને અગર કોઈ નીતી રીતી વાલો માણુસ તે પર અમલ કરે તો ફીરેશતાઈ ખસલતનો બની જાય. એઓની કેટલીક અરબી કીતાબો એક મોજેઝો છે કે જેના જેવી કોઈબી

બનાવી લાવે તો રૂ. ૧૦૦૦૦) નો ઈનામ જાહેર કરયું હતું પણ આજદીન સુધી કોઈએ બી તેનો મુકાબલો કરવાની હીમત કરી નથી એજ એક દાખલો એઓ ખુદાના ખરા પ્રતીનીધી છે તે સાબેત કરવાને બસ છે.

જુદા જુદા મઝહબોના અધીકારીઓની લાહોર ખાતે ૧૮૯૬ ના સાલમાં એક મોટી કાન્ફરંસ ભરાણી હતી તેમાં એઓ ઈસલામ તરફના પ્રતીનીધી નેમાયા હતા. તેમાં એઓએ જાહેર કરયું હતું જે દરેક પ્રતીનીધી જે પોતાના મઝહબની ખુબી બયાન કરે તે ફકત તેઓના મઝહબની અસલ ખુદાઈ ફરમાનો વાલી કીતાબનાજ આધારે ખુબી દરશાવવી અને તે મુજબ હુ બી ઈસલામના ખુદાઈ ફરમાનો વાળી કીતાબ કોરાને શરીફનાજ આધારથી ઈસલામ મઝહબની ખુબી બયાન કરીશ. તે વખતે એઓની એક મહાન ફતેહ થઈ કેમકે એક મતે સરવે લોકોએ ઈસલામનુ બયાન બીજા મહઝબો વાલાના બયાન કરતા ઉતમ ઠેડવ્યું જે ભાશાણ પાછળથી એક બુકના આકારમાં Teachings of Islam ના નામે પ્રગટ કરવામાં આવ્યું. દરેક ઈસલામીએ એ કીતાબ વાંચવી જોઈએ જેથી કોરાને શરીફ મુજબનો ખરો ઈસલામ શું છે તેનો કાંઈ ખ્યાલ આવશે. જેની જાહેરખબર આ કીતાબના પાછલે પાને થોડા જાણીતા મતો સાથે આપવામાં આવી છે.

અલ્લાંહતઆલા કોરાને શરીફમાં ફરમાવે છે જે "તે (ખુદા) એ છે કે જેણે પોતાના રસુલને હીદાયત અને સાચા મઝહબ સાથે મોકલ્યો છે કે જેને તે તમામ મઝહબો ઉપર ગાલેબ કરે અને ખુદા સાક્ષી તરીકે બસ છે" હવે રસુલુલ્લાહ (સ) પોતાના ઝમાનામાં બન્યું એટલુ બીજા મઝહબો ઉપર દાવત મોકલી ગાલેબ આવ્યા તે પછી એઓના ખલીફાઓ તથા હર સદીની શરૂઆતમાં અલ્લાહ તરફથી જાહેર થતા ઝમાનાના ઈમામો ઈસલામનો ફેલાવો કરતા ગયા અને સૌથી છેલ્લે રસુલુલ્લાહ (સ) ના મસીહ અને મેહદી મારફતે બીજા તમામ મઝહબો ઉપર ઈસલામની સર્વોપરી જાહેર થઈ ગઈ.

દુન્યાની તમામ ખુદાઈ કીતાબ વાલી મઝહબી કોમોમાં એ જણાવેલુ છે જે આખરી ઝમાનામાં તેઓમાંના ગુજરી ગયલા પેગમ્બરોમાંનો એક દુન્યામાં પાછો આવશે. હવે ગુજરી ગયલા પેગમ્બરોમાંનો પાછો કોઈ જીવતો થઈ આવે તે તેનો બીજો અવતાર અથવા પુર્નજન્મ થયું. ઈસ્લામ પુર્નજન્મના ખ્યાલને સદંતર વ ખોટી કાહડે છે પણ એની મતલબ તેજ મઝહબો વાલી કેટલીક કીતાબોમાં સમજાવવામાં આવી છે તે એ છે જે કે તે પેગમ્બરોની રૂહાની ખાસ્યત ધરાવનારો કોઈ બીજોજ શખસ જાહેર થશે. તેવીજ રીતે આપણા રસુલુલ્લાહ (સ) વીસે સુરે જુમામાં એઓ બીજી વખતે આખરી ઝમાનાના લોકોને મળશે તેનો ઈશારો છે તેની બી તેજ મતલબ જાહેર થઈ છે કેમકે જ્યારે મજકુર આયત નાઝીલ થઈ ત્યારે સહાબીઓએ પુછ્યું કે એ કોણ છે ત્યારે રસુલુલ્લાહ (સ) એ સલમાન ફારસીની ખાંધ પર હાથ મુકીને કહ્યું કે આ શખસની અવલાદમાંથી બાઝ જાહેર થશે જે ઈમાન જ્યારે સુરયા સુધી જશે ત્યારે તે પાછો લઈ આવશે (બુખારી) હવે રસુલુલ્લાહ (સ) એ સલમાન ફારસીને પોતાની એહેલેબેતમાંના ગણ્યા છે તે હદીસોથી પુરવાર છે તે સરવેને રોશન છે અને હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ તેજ ફારસી અવલાદ છે. એથી એઓ આખરી ઝમાનાના ખુદાના પ્રતીનીધી ફક્ત ઈસ્લામ માટેજ નહી પણ દુન્યાના તમામ મઝહબો માટે છે. બીજી કોમોએ પોતાના પેગમ્બરના બીજા અવતારની વધુ વાર વાટ જોવી નહી અને ખુદાના ફરમાન મુજબ ઈસ્લામ કબુલી પોતાની કીતાબમાં જણાવેલા પેગમ્બરની ખાસ્યત ધરાવનાર શખસ તરીકે એઓને કબુલી ઈમાન લાવવું.

એ મુજબ ખુદાતઆલાનો રસુલુલ્લાહ (સ) વીસેનો બીજી વખત ઝાહેર થવાનો તથા તમામ મઝહબો ઉપર ઈસ્લામને સર્વોપરી ઠરાવવાનો વાયદો હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ મારફતે પુરો થયો. હવે એઓએ ખુદાતઆલાના વાયદો પુરો કરવા આગળ બયાન કરેલી બાબતો ઉપરાંત બીજુ શું શું કીધું તે સા

ભલો. એઓએ પોતાના દાવાની શરૂઆતમાં ૩૦ વરસ ઉપરે દુન્યાના તમામ ભાગોના જુદા જુદા મઝહબોના અધીકારીઓને લગભગ ૧૨૦૦૦ શખસોને રેજીસ્ટર પોસ્ટ મારફતે પોતાનો દાવો પોહચાડયો. જેની કોઇને સાબેતી જોઇતી હોય તો કાદયાનની પોસ્ટ આફીસમાં તપાસ કરીને ખાત્રી કરી લે. તે પછી અરબી ઉરદુ અંગ્રેજીમાં ચોપાન્યા વગેરે બાહેર પાડી બીજા મઝહબોના ઈસલામ પર થતા હુમલા રદ કરનારી દલીલો તથા ઇસલામજ હવે છેલ્લો ને સાચો મઝહબ રહ્યો છે તે પુરવાર કરતા રહ્યા. એઓનો અંગ્રેજી માસીક Review of Religions ની કોઈ થોડાક વરસોની ફાઇલો વાંચી જુએ તો એઓ મારફને ઇસલામનો કેવો ખરો ખઝાનો બાહેર પાડવામાં આવ્યો છે તેની ખાત્રી થશે. એઓની જમાતના લોકો યુરોપ–આફ્રીકા–આસ્ટ્રેલીઆ વગેરે ભાગોમાં છે ત્યાંના ઘણાખરા પરદેશીઓને એ ચોપાન્યુ દર માસે હજી સુધી મુફત મોકલવામાં આવે છે. એટલુજ નહી પણ કાદયાનમાં જુદા જુદા મઝહબોના લોકોને જુદી જુદી ભાષામાં કેવી રીતે સમજાવવું તેની કેળવણી આપવાની એક સ્કુલ સ્થાપવામાં આવી છે જ્યાં દીની તાલીમ મુફત શીખવવામાં આવે છે. એટલુંજ નહી પણ તે શીખાઉ આલીમોને ખવાડી પીવાડી પગાર તથા ખરચ આપી ગામે ગામ તથા દેશ પરદેશ ઇસલામના ફેલાવા માટે મોકલવામાં આવે છે. ઉપરાંત કાદયાનમાં યુનીવરસીટીની ઢપ મુજબની હાઇસ્કુલ સ્થાપવામાં આવી છે જ્યાં અંગ્રેજી કેળવણી સાથે કોરાન હદીસની દીની તાલીમ શીખવવામાં આવી છે તે ઉપરાંત બોરડીંગ હાઉસો આરફનેજો મોહતાજ ખાનાઓ વગેરે નીભાવવામાં આવે છે. કોઇ બી શખસને એ વીસે પોતાની ખાત્રી કરવી હોય યા મઝહબ બાબે કશા ખુલાસા પુછવા હોય તો ખુશી સાથે ત્યાં જાય તેઓને ત્યાં ઘટતા માન સાથે મેહમાન તરીકે રાખી માવજત કરવામાં આવશે અને દીનને લગતો જે કાંઇ ખુલાસો પુછવામાં આવશે તે સમજાવવામાં આવશે. પછી તેની ખાત્રી થાય તો બઇઅત કરી ફીરકામાં શામીલ થાય યા નહી તો

એમજ પાછો આવી જાય. તેની પાસેથી એક પૈસો બી માંગવામાં ન આવશે. સેંકડોના હીસાબે ત્યાં દરરોજની આવજાવ ચાલુ છે. એ ખુદાઈ સીલ સીલો છે તેની લાખો લોકોને ખાત્રી થઈ ગઇ છે તેથી તેઓ તે ફીરકામાં દાખલ થઇ પોતાના જાનોમાલથી એની ખેરખાહી કરે છે. ઉપલા સરવે જુદા જુદા ખાતાઓનો ખરચ એ જમાતનાજ લોકો ઉપાડે છે કેમકે કોરાને શરીફમાં ખુદાના પ્રતીની ધીઓને જાનોમાલથી મદદ કરવાની તાકીદ છે. રસુલુલ્લાહ (સ)ના ઝમાનામાં તથા તેઓ પછી તેઓના ખલીફાઓના ઝમાનામાં ચંદા તથા ઝકાત અપાતી હતી બલકે તે:વસુલ કરવા સારૂ ખાસ માણુસો જતા હતા. પણ અત્રે એઓએ કોઈ પર બી એટલી ચોકસ રકમ આપવા વીસે કશી ફરજ નાખી નથી પણ ઉપલા સરવે ખાતાઓના નીભાવ સારૂ તથા પોતાને જાનોમાલથી ખરચ કરનારા મુસલીમો થવા સારૂ જે કાંઇ પોતાથી બને તે દર માસે આપતો રહેવા ફરમાવ્યું છે પછી તે રકમ એક પૈસો બી કાંય નથી હોતી તે તેઓની શકતી તથા દીલની મુનસફી પર છાડયું છે.

• એ ચંદા ત્યાંની બે અનજુમનો (સદર અનજુમને આહમદયા અને અનજુમને તરકકીએ ઇસલામને પડબાડો મોકલવામાં આવે છે જેની દરેકને રસીદ આપવામાં આવે છે અને દર માસે તેનો હીસાબ બાહેર પાડવામાં આવે છે. એ ખુદાઇ સીલસીલો છે અને તેજ તેને નીભાવે છે. આ વાંચ્યા પછી કોઇ બી શખસને ઉપલી બાબતોની સચાઇની ખાત્રી કરવી હોય તો બેલાશક કાદયાન જઇને સરવે રાહગાટ નઝરોનઝર જોઇ પોતાની ખાત્રી કરી લે ત્યારેજ તેને ખબર પડશે કે ખુદાનો ખરો ઇસલામ એજ છે બાકી બીજા લોકોની પાસેનો ઇસલામ ફક્ત નામનો તથા ખોટી રસમોનો ઇસલામ છે જેમાં નાહક પોતાની જીંદગી બરબાદ કરી ખુદાના ગુનેહગાર થાય છે કેમકે ખુદાને પોતાના એકજ મઝહબના અસંખ્ય ટુકડા જોઇતા નથી તેને તો એકજ મઝહબનો એકજ ફીરકો જોઇએ છે ત્યારે

નાહક ખોટા ફીરકાઓમાં રહીને પોતાની જીંદગી બરબાદ કરવામાં તથા આખેરતની સઝાને લાયક થવામાં કાંઇ દાનેશમંદી છે?

માટે દરેક શખસે પોતાના મનમાં એ વીચાર કરવો જોઇએ કે જ્યારે ખુદાને એકજ મઝહબ અને એકજ ફીરકો મંજુર છે ને તેજ મુજબ રસુલુલ્લાહ (સ) સાફ જાહેર કરી આપ્યું છે જે કે ખુદાને માંનનારા તથા તેના રસુલને માનનારા ઈસલામીઓમાં ૭૩ ફીરકા થશે જેમાંથી એકજ ફીરકો જે એઓના હુકમ મુજબ ચાલનારો હશે તે સીવાય બાકીના સરવે ફીરકા દોઝખી છે ત્યારે હું પોતે કયા ફીરકામાનો છું તેનો સવાલ પોતાના મનમાં કરવો જોઇએ અગર તેની ખાત્રી થાય કે તે રસુલુલ્લાહ (સ)ના ફરમાનો મુજબ અમલ કરનારા ફીરકામાંનો છે તો તેણે રસુલુલ્લાહ (સ)ના ભારે અગતનો ફરમાન મુજબ પોતાના ઝમાનાનો ઈમામ જે સદીની શરૂઆતમાં હમેશાં જાહેર થતા આવ્યા છે તેવા આ નવી સદીને શરૂ થઇને ૩૩ વરસ થયા તેવા ઈમામને ઓળખી તેની બઈઅત કરી તેના ફીરકામાં શામીલ થયો છે કે? પણ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ સીવાય કોઈબી ફીરકાના વડાએ સદીની શરૂઆતથી હમણા સુધી એવો દાવો કરયો નથી (અને હવે પછી કોઈ કરી શકનાર બી નથી કેમકે સદીની શરૂઆતનો વખત વીતી ગયો) કે અલ્લાહ તઆલાએ તેને આ ઝમાનાના લોકોનો ઈમામ મુકરર કરયો માટે ખાસો આમ લોકોએ તેને માનવું જોઈએ નહી કા તેઓની નજાત થનાર નથી. અગર કોઈ છે તો કોણ છે? તેણે પોતાનો દાવો કયા સાલમાં જાહેર કરયો? તેની બઈઅતની શરતો કોરાન શરીફ તથા અહાદીસ મુજબનીજ છે કે? તેણે ઈસલામની શું શું ખીદમત કીધી? ઈસલામનો કયાં કયાં ફેલાવો કીધો? વગેરે પણ તેવો કોઈ દાવો કરનાર ઉભો થયોજ નથી જેથી હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ વગર તકરારે અને વગર હરીફે ઝમાનાના ઈમામ સાબીત થયા. ત્યારે એઓના ફીરકામાં શામેલ થઈ

બઈઅત કરી લેવી જોઇએ કેમકે રસુલુલ્લાહ (સ) ના ફરમાનપર ચાલનારાએ ધ્યાનમાં રાખવું જોઇએ કે એઓએ ફરમાવ્યું છે કે "જે શખસ મરી ગયો અને વગર બઈઅતે મુઓ તેની મોત અબુ જહેલ જેવી છે" એટલે અબુ જહેલ જેવા પાકા કાફર અને દો ઝખી જેવી મોત કોઈબી ઈસલામી હરગીઝ પસંદ કરનાર નથી. અગર કોઈ એ બાહનો કાઢે કે એઓનો બીજો મસીહમેહદી હોવાનો દાવો છે તે વીસે અમને શક છે તો જાણવું જોઇએ કે તેવો શક રાખવાની જરાએ જરૂર નથી કેમકે રસુલુલ્લાહ (સ) ફરમાવી દીધું છે જે સદીની શરૂઆત પર આવનારો શખસ ખાસ અલ્લાહ તરફ થી નેમાય છે ત્યારે અલ્લાહ તરફથી નેમાયલો શખસ હરગીઝ જુઠુ ન બોલે એટલુંજ નહી પણ ખુદાતઆલાએ કોરાને શરીફમાં એ બાબતનો ખુલાસો કરી દીધો છે જે અગર કોઇ શખસ ખુદાનો પ્રતીનીધી હોવાનો દાવો કરે અને તમોને ખુદા તરફ રજુ કરે તો તમે, તેને માની લેઓ અગર તે ખોટો છે તો તેનો ગુનાહ તેના ઉપર છે તમોને તો ખુદા તરફ રજુ કરયો પણ અગર તમે તેને માનશો નહી ને કયામત દીને એ સાચો નીકલ્યો તો જે અઝાબનો તમને એણે વાયદો આપ્યો તેનાથી તમો કેમ બચી સકશો ?

એ તો દેખઇતુંજ છે કે એક બાદશાહ પોતાના તાબા હેઠળના કોઈ શહેરમાં પોતાનો એક પ્રતીનીધી મોકલે અને તે શખસ તેઓ ને બાદશાહના ઠડાવેલા કાયદા કાનુન મુજબ ચાલવા ફરમાવે તો તે શહેરના લોકોની ફરજ છે કે તેને તાબે થવું ન કે તેની સાથે એ બાબે જગડવું કે તુજ બાદશાહનો ખરો પ્રતીનીધી છે યા નહી તેની અમોને બરાબર ખાત્રી થતી નથી માટે તને તાબે થતા નથી. અગર તે બાદશાહનો ખરો પ્રતીનીધી ન હશે તો એ બાદશાહનું કામ છે કે એવા ખોટા શખસને પકડાવી મંગાવી સજા કરે અને બાદશાહ હરગીઝ પોતાના લોકોને સજા નહી કરશે કે તમે ફલાણા શખસ જેણે તમને મારા કાયદા કાનુન મુજબ ચાલવા ફરમાવ્યું તેને શું કરવા તાબે થયા. લોકોની ફરજ લોકોએ બજાવવી જોઇએ.

બાદશાહની ફરજ બાદશાહ બજાવે એ વીસે બી ખુદા તઆલાએ ખુદ રસુલુલ્લાહ (સ) વીસે કોરાને શરીફમાં ફરમાવે છે " અ ગર એ શખસ (રસુલુલ્લાહ સ) ખોટા હતે ને મેં નહી ફરમાવેલો હુકમ પોતા તરફથી ઘડી કાહડી બ્યાન કરતે તો હું એઓની ગ લાની રગ કાપી નાખતે. " ત્યારે બીજો કોઈ શખસ આટલા વરસો સુધી ખુદા તઆલાનો પ્રતીનીધી હોવાનો ખોટો દાવો કરે અને ખુદાતઆલાના ન ફરમાવેલા ખોટા ફરમાનો બ્યાન કરે તો તેને ખુદાતઆલા એમજ છોડી આપે ને તેની ગલાની રગ નહી કાપી નાખે ? (એટલે તેને બરબાદ ન કરી નાંખે ?) જ્યારે ખુદાએ ખુદ રસુલુલ્લાહ (સ) વીસે એવું ફરમાવ્યું તો બીજો કોણ બચી સકે? એ બાબત એઓ ખરા હોવાનો બહુ સગીન પુરાવો બતાવે છે.

હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ છેક ૭૫ ૭૬ વરસની લાંબી જીંદગી ભોગવી ૧૯૦૮ માં ખુદાની રહેમતે પોહતા. ને પોતાની પાછળ ૩ થી ૪ લાખ ચુસ્ત ઈસિલામીઓની જમાત મુકી ગયા હમણા તે સંખ્યા ૪ થી ૫ લાખની થઇ છે તે પછી એઓનો એ સીલસીલો જારી રાખવા જેવી રીતે રસુલુલ્લાહ (સ) પછી ખલીફા થતા ગયા તેવીજ રીતે એઓની પછી ખલીફા થતા ગયા એઓના પહેલા ખલીફા એક ઘણાજ બુઝરગ અને મશહુર આલીમ હઝરત હાજી નુરૂદીન સાહેબને ખુદાતઆલાએ જમાતના વડા બનાવ્યા. એઓની વફાત બાદ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબના સાહેબજાદા હઝરત મીરઝા બશીરૂદીન મહમુદ આહમદ સાહેબ ખુદાના ફઝલો કરમથી આહમદી જમાતના બીજા ખલીફા થયા જેઓ બહુજ લાયકીવાલા બાહોશ અને ઉલટમંદ ગ્રહસ્થ છે એઓ ખલીફા થતાંજ ખુદાના ખરા ઇસલામને દુન્યાના ખુણે ખુણામાં પોહચાવવા સખત મહેનત કરતા રહયા છે ખુદા એઓને લાંબી જીંદગી બક્ષે નેએઓની એ મુરાદ પુરેપુરી પાર પાડે. આમીન. એઓની હકુમત હેઠલ ત્યાંની બે અનજુમનો સદર અનજુમને આહમદયા તથા અનજુમને તરક્કીએ ઇસલામ સરવે કારોબાર ચલાવે છેઃ

આ ઝમાનો જેવી રીતે રસુલુલ્લાહ (સ) નો પેહલી વખતનો ઝમાનો હતો તેવીજ રીતે રસુલુલ્લાહ (સ) નો હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ મારફતનો આ બીજી વારનો ઝમાનો છે. જેમકે રસુલુલ્લાહ (સ) ફરમાવે છે "ખચીત શાન તો એ છે જે નજદીક છે જે આ ઉમતની આખરમાં એક કોમ થશે જેના સારૂ સવાબ અવલના સહાબા જેવો થશે જેઓ દીનના હુકમ પોહચવશે અને શરીઅતના વીરૂધના કામો મના કરવા સારૂ પ્રીતનાવાળાઓ સાથે લડશે.

હવે એવી મુબારક જમાતમાં ખરેજ જે અભાગ્યો હશે તેજ દાખલ થવાનો ઇનકાર કરશે કેમકે એ જમાતમાં ખુદાતઆલાના કોરાને શરીફ અને રસુલુલ્લાહ (સ) ના અહાદીસના ફરમાનો સીવાય બીજા ફાલતુ ફતવા યા રસમો છેજ નહી અને કોરાને શરીફથી સાબેત છે જે ખુદા તરફ રજુ કરનારની વાત માનવામાં કશો જોખમ છેજ નહી અગર તે ધણી પોતે ખોટો હશે તો તેનો ગુનાહ તેના માથે છે હવે કોઇબી ઇસલામીને અચકાવાની કોઇ વાતની ફીકર રહીજ નહી હા દુન્યાદારીના લીધે બીહશો તો ખુદાથી ન ડરી લોકોથી ડરવાનો ગુનાહ એટલે લોકોનો ડર ખુદાના ડર કરતા વધુ સમજવાનો શીરક જેવા ગુનાહમાં સપડાશો જુઓ દુંન્યા શરૂ થઇ ત્યારથી ખુદાની એ અજમાયશ હરેકપર થઇ છે. જે ખુદાનો ડર રાખી પોતાના જાનની કુરબાની આપશે તેજ મોમીન કહેવાશે અને આગથી નજાત પામશે. આ ચાર દાહાડાની દુન્યા સારૂ આખેરત ન ગુમાવો. આ દુન્યામાં થોડું દુખ ખમશો તો આવતી દુન્યાંમાં અમર સુખ પામશો.

તમો બચો તમારા કુટુંબને બચાવો. તમારા સગાવાહલા અને

દોસ્તોને બચાવો. આ સાથે ,બઇઅતના બે ફારમો જોડયા છે. એક પર તમારી અને તમારા કુટુંબની સહી સાથે કાદયાંન મોક લાવી આપો. બીજાપર તમારા સગાવાહલા અને દોસ્તોની સહી લેઓ, જેથી તમારો તેઓ પર બી મોટો એહસાન થશે.

જીંદગીનો ભરોશો નથી, માટે ઢીલ કરશો નહી. જે વખતેથી ફારમ ભરી મોકલી આપશો તેજ વખતથી ખુદાની નઝરમાં મો-મીનની જમાતમાં દાખલ થયલા ગણાશો.

આ ચાર દહાડાની દુન્યા કોઈબી રીતે નભી જશે. તમે ખુદાના થશો તો ખુદા તમારો થશે. દાનેશમંદ મોમીન આખરેતના સુખ અને દુખનો ખ્યાલ રાખશે તો દુન્યાના દુખની પરવા કરશે નહી. ખુદા ખાતર કાંઈ ખમવું પડેબી તો જેમ રસુલુલ્લાહ (સ) ના ઝમાનાના લોકોએ ખમ્યુ તેમ તમો બી ખમો ને ખુદાની મુકરર કરેલી અજમાયશમાંથી હીમતથી પસાર થાઓ ને ખુદાના માનીતા મોમીન બનો.

હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ ફરમાવે છેઃ-

"હવે પછીની દુન્યાના સુખ અને દુખથી આ દુન્યાના મોટા ભાગના લોકો અજાણ છે અને તે ભેદ ઘણા જુજ ને જાહેર કરવામાં આવે છે જેઓ પોતાને આ દુન્યામાં પોતાપર જાહેરી મોત આવે તે આગમજ મરેલા સમજે છે. ખુદા તમારી આ દુન્યાદારી જીંદગીનો સ્વરૂપ પુરેપુરો બદલવા ચાહે છે અને તમારાથી આ દુન્યામાં તમોને જાહેરી મોત આવે તે આગમજ એક મોત માંગે છે કે જે પછી તમોને આજ દુન્યામાં એક નવી જીંદગી બખસશે

મુબારક છે તે શખ્સ કે જે ખુદા ખાતર પોતાના નફ્સ સાથે જંગ કરે છે અને અભાગ્યો છે તે શખસ કે જે પોતાના નફ્સ ખાતર ખુદા સાથે જંગ કરે છે"

એઓને ન માનવું એ ખુદાતઆલા સામે જંગ કરવા બરાબર છે કેમકે એ વીસે રસુલુલ્લાહ (સ) ની બુખારીમાં હદીસ છે જે "અલ્લાહ ફરમાવે છે જેણે મારા વલીની હલકાઈ કરી (યાને તે ખોટો છે એમ સમજી તેને માનવાનો ઈનકાર કરયો) તો તે બેશક મારી સામે લડવા નીકલ્યો."

હવે એવા બુઝરગો જેઓ ખુદાતઆલાના તરફથી લોકોને ચેતવણી આપે છે અને ડરાવે છે તેઓને ન માનનારાઓનો કયામતના દીને શું હાલ થશે. તે વીસે ખુદાતઆલા કોરાને શરીફમાં ફરમાવે છે "અને જે લોકોએ ઈનકાર કરયું છે તેઓ વાસ્તે જહનમની આગ છે (ત્યાં તેઓને) મોત નથી કે તેઓ (અઝાબથી બચવા) મરી જાય અને (તેમ) તેઓ પરથી અઝાબ ઓછો કરવામાં ન આવશે. અમો દરેક ઈનકાર કરનારાને એવોજ બદલો આપ્યે છીએ. અને તેઓ (દોઝખમાં) રડીને પુકારશે કે અએ અમારા રબ તું અમોને બાહેર કાઢ કે અમે નેક અમલ કરયે અમે (આગળ) અમલ કરયા હતા તેવા નહી. (ખુદાતઆલા તરફથી જવાબ મલશે) શુ (મે તમોને પુરતી) ઉમર ન આપી હતી કે જે કોઈ નસીહત લેવા ચાહતે તો લઇ શકતે ને તમારી પાસે ડરાવનારો આવ્યો (તેને માની લે તે) માટે તમે (અઝાબ) ચાખો. (કુરાન પ્રકરણ ૩૫ આયત ૩૫–૩૬) વલી ફરમાવે છેઃ—

"જે વખતે (ઇનકાર કરનારાઓનુ) ટોલુ (દોઝખમાં) ન

ખાશે તેઓને તેનો દારોગો પુછશે શું તમારી પાસે કોઇ ચેતવણી આપનારો ન આવ્યો હતો ? (ત્યારે) તેઓ કહેશે બેશકં અમારી પાસે ચેતવણી આપનારો આવ્યો હતો પણ અમોએ તેને જુઠલાવ્યો અને અમોએ કહ્યું ' ખુદાએ કાંઇ ચીઝ નાઝીલ કરી નથી (તમોને ખુદાએ નથી મોકલ્યા) અને તમો મોટી ગુમરાહીમાં છો. અને તેઓ (દોઝખીઓ) કહેશે અગર અમે તેનુ (ચેતવણી આપનારનુ) સાંભલતે ને સમજતે તો (આજે) અમો આગમાં રહેનારા ન થતે પછી તેઓ પોતાના ગુનાહોનો એકરાર કરશે (છતાં ખુદા માફ ન કરશે) અને આગવાળાઓ સાથે દુર કરવામાં આવશે (કુરાન પ્રક રણ ૬૭ આયતો ૮ થી ૧૧)

હવે ખુદાતઆલાનો કલામ જે માનનાર હોય અને ખુદાના અઝાબનો ડર હોય તે આ સાથેનો બઇઅતનો ફારમ ભરી મોકલે નહીકા પછી તે છે અને ખુદા છે. અમારાથી બન્યું તે મુજબ સ મજાવ્યું. ખુદા સરવેને નેક હીદાયત બક્ષે. આમીન.

આહમદી જમાતમાં દાખલ થનારાઓ સારૂ બઈઅતનો ફારમ.

આલી જનાબ હઝરત ખલીફતુલ મસીહ સાની હઝરત મીરઝા બશીરૂ-દીન મહમુદ આહમદ સાહેબ અસલામો અલયકુમ વ રહમતુલ્લાહ વબરકાતોહ મે/અમોએ આહમદયા જમાતની બઇઅતની શરતો અકીદા ઝરૂરી હીદાયત અને ફરઝો વાંચી કબુલ કીધા છે (એના છુટા ફારમો અરબી–ઉરદુ–અંગ્રેજીમાં મળી સકસે જેની ઘણીખરી વીગત આ કીતાબમાં આવી ગઈ છે).

હું/અમે આ બઇઅતનો ફારમ ભરી સહી કરી આપ સાહેબની ખીદમ-તમાં મોકલી અરજ કરૂં છું/કરીયે છીએ કે મારી/અમારી બઇઅત કબુલ રાખશોજી “ હું શાક્ષી આપું છું કે અલ્લાહ સીવાય કોઈ પુજ્ય નથી તે એકજ છે અને તેનો કોઈ ભાગીદાર નથી અને હું શાક્ષી આપું છું જે મહમદ (સ) અલ્લાહના બંદા અને રસુલ છે ” (આ કલમો બે વાર પઢવો)

હું/અમો ____________ દીકરા/દીકરી ____________ના આજ દીને મહમુદના હાથ પર બઇઅત કરી આહમદયા સીલસીલામાં દાખલ થાઉં છું/થઇએ છીએ અને પોતાના તમામ થઈ ગયલા ગુનાહોની તોબા કરૂં છું/કરયે છીએ અને ભવીશમાં બી હર કીસમતના ગુનાહોથી બચવાની કોશેશ કરતો/કરતી/કરતા } રહેવસ/રહીશું શીરક ન કરીશ/કરીશું દીનને દુનયા ઉપર સર્વોપરી રાખીશ/રાખીશું ઇસલામના તમામ હુકમો પર અમલ કરવાની કોશેશ કરીશ/કરીશું કોરાને શરીફ તથા અહાદીસ શીખવા-

શીખવવા–સાંભળવાની કોશેશ કરીશ/કરીશું ઇસલામનો ફેલાવો કરવા પોતાની પહેલી ફરઝ સમજીશ/સમજીશું જે નેક કામ આપ મને/અમને બતાવશો તેમાં આપને બરાબર તાબે થઇશ/થઇશું હઝરત મહમદ મુસતફા (સ) ને ખાતમુન નબીઇન સમજીશ/સમજીશું અને હઝરત મસીહ મઉદના સરવે દાવા પર ઇમાન રાખીશ/રાખાશું.

હું મારા તમામ ગુનાહોના મારા પરવરદીગાર અલ્લાહથી માફી માગુ છું અને તોબા કરૂં છું. ઓ મારા રબ મે મારા જાન પર ઝુલમ કીધો અને હું મારા ગુનાહોનો એકરાર કરૂં છું. તું મારા ગુનાહો બખશ કેમકે તારા સીવાય કોઇ બખશવાવાળો નથી. આમીન"–(ત્રણ વાર પઢવું.)

ઠેકાણું.

(સહી.)

મસીહ અને મહેદી.

હવે આપણે હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબના મસીહ અને મહેદી હોવાની સાબેતીઓ તપાસીએ.

આપણે આગળ વાંચી ગયા છૈએ અને કોરાને શરીફથી સરવે ને રોશન છે કે ખુદાતઆલાએ જયારથી દુન્યા શરૂ કીધી ત્યારથી પેગમ્બરો મોકલવાનો રીવાજ જારી રાખ્યો છે અને તે પેગમ્બરો પોતાના ઝમાનાના લોકોને ખુદાનો મઝહબ શીખવતા તથા બીજું એ. ચેતવતા કે હવે પછી ભવીશમાં ફલાણે વખતે અને ફલાણી નીશાની સાથે ફલાણો પેગમ્બર આવશે પણ જયારે તે પેગમ્બર આવતો ત્યારે લોકો તેને માનતા નહી અને હસી કાહડતા. તેના બે સબબો છે એક તો એ કે ખુદાતઆલા પેગમ્બરને તેજ વખતે મોકલતો કે જયારે લોકો ખુદાનો ખરો મઝહબ ભુલી આડે મારગે દોરવાઇ ગયા હોય કેમકે પેગમ્બરની ત્યારેજ જરૂર છે કે લોકોને ચેતવીને પાછો ખુદાનો ખરો મઝહબ શીખવે પણ તે વખતે લોકો જહાલતના લીધે પોતાનો અકીદો તથા અસલ ફીરકો છોડવાનો ઇનકાર કરતા તેથી તે પેગમ્બરને માનતા નહી. બીજો સબબ એ છે જે લોકોને આગલા પેગમ્બરે હવે પછી આવનારા પેગમ્બર વીસે જે નીશાનીઓ કહી હતી તે તેઓના ધ્યાનમાં ઉતરતી નહી કેમકે આગલો પેગમ્બર જે નીશાની કહેતો તે તદન ખુલ્લા શબ્દોમાં નહી પણ ખુદાતઆલા તરફના ગેબી શબ્દોમાં કહેતો કેમકે ખુદાએ ઇનસાનને દુન્યામાં મઝહબની અજમાઇશના વાસ્તે પેદા કરયો છે કે તેના બંદાઓ જયારે તેનો પેગમ્બર તેઓની પાસે આવે ત્યારે તેઓ ખુદાનો ડર રાખી તેને માન આપી તેની વાતોપર ઇમાન લાવે છે કે તેને જુઠલાવે છે પણ ઘણા ખરા લોકો તે વખતે ગુમરાહીમાં ડુબેલા હોવાથી તેને હસી કાહડી તેનો ઇનકાર કરતા એટલુંજ નહી પણ તેને જુઠો ફરેબી વગેરે કહી બેઇઝત કરતા એટલુંજ નહી પણ તેઓને સખત દુખ દેતા એટલે સુધી કે તે-

ઓને પોતાનો મુલક છોડી બીજે મુલક નાસી જવું પડતું જેવી રીતે કે અરબના લોકોએ આપણા મહાન પેગમ્બર હઝરત મહમદ મુસ્તફા (સ) સાથે વરત્યા અને આખરે તેઓને મકા છોડી મદીને હીજરત કરવાની ફરજ પડી. તેની આગળ એવીજ રીતે યાહુદીઓએ હઝરત ઇસા (અ) ને ખોટા પેગમ્બર સમજી એટલી બેઇઝતી કીધી અને દુખ આપ્યું કે તેઓને છેવટે સુલી દઈ મારી નાખવા તૈયાર થયા.

આપણુને આ બાબત ધ્યાનથી વાંચવી જોઇએ કેમકે મસીહના દાવા સાથે એને ઘણું મળતાપણું છે યાહુદીઓએ ઇસા (અ) ને ખોટો પેગમ્બર સમજ્યા તથા તેઓ સાથે એવી બેઇઝતીથી વરત્યા તેનુ સબબ એ જે યાહુદીઓના મલાકી નામના પેગમ્બરે એ મતલબની નીશાની બતાવી હતી કે ઇસા (અ) જાહેર થશે તે પહેલાં ઈલીઆસ (અ) જેઓને આસમાન ઉપર ઉપાડી લેવામાં આવ્યા છે તે પાછા આસમાન ઉપરથી ઉતરી આવશે. તે પછી ઇસા (અ) આવશે અને યાહુદીઓને તેઓએ ખોહેલી બાદશાહી પાછી આપશે. જ્યારે ઇસા (અ) જાહેર થયા અને પોતાનો દાવો પેશ કરયો કે હુંજ તે શખસ છુ કે જેના વીસે આગલા પેગમ્બરે ચેતવણી આપી હતી ત્યારે યાહુદીઓએ તેમનું માન્યુ નહી અને કહયું કે અગર તમોજ તે ખરેખરા પેગમ્બર હતે તો તમારી પહેલાં ઈલીઆસ (અ) આસમાનથી ઉતરી આવતે અને તમોજ તે ખરેખરા પેગમ્બર હતે તો અમોને બાદશાહી આપતે ઇસા (અ) જવાબ આપ્યો આસમાનપર કોઇ ખાકી શરીર સાથે ગયું નથી. પણ તેની મતલબ રૂહની બુલંદી છે. તેમજ તેઓ આસમાનપરથી ઉતરી આવશે તે વીસે બી જાણવું કે કોઈ ખાકી શરીર સાથે આસમાનથી ઉતરી આવતું નથી પણ તેની મતલબ એ છે કે બીજોજ શખસ તેની રૂહાની ખસલત સાથે આવશે અને તે શખસ મારી આગમજ આવી ચુકા છે ને તેને તમો ઓલખો છો તે યહયા (અ) છે. યાહુદીઓએ યહયા (અ) ને પુછયું તો યહયા (અ) કહયું કે હું ઈલીઆસ નથી હું આસમાન પરથી

આવ્યો નથી પણ જેના વીસે આગલા પેગમ્બરે ચેતવણી આપી હતી તજ હું છું છતા યાહુદીઓએ તે વાત માની નહી. પછી યાહુદીઓએ ગુમાવેલી બાદશાહતની માંગણી કરી તો ઇસા (અ) સમજાવ્યું કે તેની મતલબ એ છે જે તમો ખુદાનો ખરો મઝહબ જે આખેરતની બાદશાહત છે તે ગુમાવી બેઠા છો અને હું ખુદા તરફનો પેગમ્બર છુ મારી પાસે ખુદા તરફની રૂહાની ઇલમની જે આખેરતની બાદશાહત છે તે હું તમને આપીશ. કેમકે ખુદા તરફના માણસને ઝમીની બાદશાહત લાવવાની તથા આપવાની જરૂરત રહેતી નથી પણ યાહુદીઓએ એ બાબત બી માનવા ના પાડી. તેઓએ કેટલા વરસોથી ઇસા (અ) ના જાહેર થવાની રાહ જોતા હતા કે તે આવે અને અમને બાદશાહત મળે. હવે ઇસા (અ) મુસા (અ) પછી બાર ખલીફા થયા બાદ બતાવેલે વખતે બરાબર આવ્યા પણ તેઓની બીજી નીશાનીઓ જેવી યાહુદીઓએ પોતાના મનમાં ધારી રાખી હતી તેવી ન હોવાથી તેઓએ માન્યું નહી એટલુંજ નહી પણ તેઓને ખોટો ફરેબી સમજી સુલી દેવા તૈયાર થયા. એ તેઓએ બહુજ ખોટું કરયું તેઓને અગર ખુદાનો ડર હતે અને ખુદાના પેગમ્બરનો ફક્ત ઇનકાર કરવો તેનોજ કેવો સખત અઝાબ થશે તેનો ખ્યાલ કરતે અને ધીરજથી ઇસા (અ) એ સમજાવેલી તાવીલનો વીચાર કરતે તો તેઓ એવું કામ કદી ન કરતે પણ તેઓએ તેથી ઉલટીજ રીતે વરત્યા અને ખુદાના સખત ગુન્હેગાર ઠરયા અને ખુદાએ તેઓના એવા કરતુકના લીધે એઓને કોરાને શરીફમાં મગઝુબે અલયહીમ કહયું એટલે તે લોકો કે જેના પર ખુદાનો ગઝબ ઉતરયો. અને તે મુજબ ખરેખર યાહુદીઓની મોટી કોમ પર એવો ગઝબ તે પછી ઉતરયો કે તેઓ દુન્યાના હરેક ઠેકાણેથી હીણાતા ફરે છે તે સરવેને રોશન છે ઉપરાંત આખેરતની સજાં પાછળથી જણાશે. આપણા દેશમાં ઘણા યાહુદીઓ છે તેઓને પુછી જોશો તો કેહશે જે હજી અમે ઈલીઆસ (અ) આસમાનથી આવશે તેની ઇતેજારીમાં છેએ જ્યારે આપણે કોરાને

શરીફથી જાણી ચુકા કે ઇલીઆસ (અ) પછી આવનાર ઇસા (અ) બી આવી ચુકા અને તેઓ પછી હઝરત મહમદ (સ) આવનાર હતા તેઓ બી આવી ચુકા અને તેને ૧૩૦૦ વરસ બી થઈ ચુકા. ઉપલી બાબત યાહુદીઓ તથા ખ્રીસ્તીઓની મઝહબી કીતાબ બાઈ-બલથી બી વાંચી જાણી શકાશે. યાહુદીઓએ જ્યારે ઇસા (અ) નો ખોટા પેગમ્બર તરીકે ઇનકાર કરયો ત્યારે ખ્રીસ્તીઓએ તેઓને સાચા પેગમ્બર તરીકે માની લીધો.

હવે આબાદ યાહુદીઓપર જેવી બાબદ ગુજરી તેવીજ આપણા ઇસલામીઓપર ગુજરે છે. આપણા ઇસલામીઓમાં એ અકીદો છે જે ઇસા (અ) ને આસમાન ઉપર ઉપાડી લેવામાં આવ્યા છે અને તેઓજ પાછા આસમાન ઉપરથી ઉતરી આવશે. અને મહેદી ઝાહેર થશે જે દુન્યાની બધી કોમ જે ઇસલામ કબુલશે નહી તેની સામે જેહાદ કરશે અને તેઓને મારી નાખસે અને મુસલમાનોને ખુબ ખઝાનો આપશે વગેરે આ પરથી સમજદાર ઇસલામીઓ આસા-નીથી સમજી સકસે કે એ બાબતો આગલી બાબતો ને ઘણી ખરી મળતી છે. જેથી જેવી રીતે યાહુદીઓએ પોતાના પેગમ્બરની નીશાનીઓની ખરી તાવીલ સમજવાનો ઇનકાર કરયો અને મગ ઝુબે અલયહીમ ઠરયા તેવી રીતે આપણુને ન કરવું જોઇએ. આગલી ઉમતે જે ઠોકર ખાધી તે પરથી આપણુને નસીહત લેવી જોઇએ.

જેવી રીતે ઇલીઆસ (અ) ને ખાકી શરીર સાથે આસમાન પર ન ઉપાડવામાં આવ્યા તેવીજ રીતે ઇસા (અ) ને પણ આ-સમાનપર નથી ઉપાડવામાં આવ્યા જેની ખાત્રી આપણે ખુદાત-આલાના કલામ કોરાને શરીફથી તેમજ રસુલુલ્લાહ (સ) ના અ-હાદીસથી કરીશું તો સાફ જણાશે જે ઇસા (અ) ની વફાત થઇ છે અને કોરાનમાં તથા હદીસમાં એક બી ઠેકાણે આસમાનનો બોલ વાપરવામાં આવ્યોજ નથી જેની રીતે યાહુદીઓએ ભુલથી સમજી ને પોતાની કીતાબમાં લખી લીધું તેવીજ ભુલ ઇસલામીઓમાં બી થઇ છે પણ ખુદાતઆલાના તથા રસુલુલ્લાહ (સ) ના અસલ અ-

રબી શબ્દોમાં આસમાનનો બોલ મુદલ એક પણ ઠેકાણે વાપરવામાં આંવ્યોજ નથી.

બીજુ જેવી રીતે ઇલીઆસ (અ) આસમાનપરથી ન આવ્યા પણ તેઓની રૂહાની ખસલતને મળતો એક બીજોજ શખસ આવ્યો તેવીજ રીતે ઈસા (અ) આસમાનથી નહી આવશે પણ એક બીજાજ શખસ તેઓની રૂહાની ખસલતને મળતા આવશે આ વીસે બી કોરાને શરીફ તથા હદીસોના અસલ અરબી બોલોમાં આસમાનનો બોલ એક પણ ઠેકાણે વાપરવામાં આવ્યોજ નથી એટલુંજ નહી પણ તે આવનાર શખસ આ ઇસલામી ઉમતમાંથીજ આવશે તે સાફ રસુલુલ્લાહે (સ) ખુલ્લા શબ્દોમાં ફરમાવી દીધું છે એટલુંજ નહી પણ અગલા ઇસા (અ) તો જુદા આકારના હતા અને આવનાર શખસ જુદાજ આકારના છે તે સુધાં ખુલ્લુ જણાવી દીધું છે.

બીજુ જેવી રીતે યાહુદીઓને ઝમીની બાદશાહત જોઇતી હતી પણ તેની અસલ મતલબ આખેરતની રૂહાની બાદશાહત હતી તેવીજ રીતે ઇસલામીઓ શારૂ મહેદી તરફથી દુન્યાદારી ખઝાનો નહી પણ ખુદાઇ રૂહાની ઇલમનો ખઝાનો છે. અગર ખરેખર મહેદી દુન્યાદારી ખઝાનો બધાને વેંહચતો ફરે તો દુન્યાની દરેક કોમનો દરેક ઇનસાન તેને ખુશી સાથે કબુલ કરે મહેદીને જેહાદ કરી તલવારથી સરવેને મારી નાખવાની યા ફરજીયાત ઇસલામ કબુલ કરાવવાની બી જરૂરત ન પડે પણ જેમ તે દુન્યાદારી ખઝાનો નથી તેમ તે જેહાદ બી તલવારનીં જેહાદ નથી. હદીસોથી પુરવાર છે કે જેહાદ હાથથી ઝબાનથી અને દીલથી થાય છે. આગલા ઝમાનામાં લોકોના ચાલુ ઝુલમથી બચવા ખાતરજ રસુલુલ્લાહ (સ) ને પોતાના માનનારાઓના બચાવ અરથે જેહાદ કરવી પડી હતી કાંઇ ઇસલામના ફેલાવા સારૂ જંગ કરવી પડી ન હતી. કોરાનમાં સાફ ફરમાવેલું છે જે મઝહબમાં કાંઇ જબરદસ્તી ન જોઇએ. જેને ગમે તે ઇસલામ કબુલ કરે જેને ન ગમે તે ન કબુલે. તેની બાબર

ખુદા લેશે તે તેનું કામ છે આપણું કામ સમજાવવાનું તથા ચેતાવવાનું છે. તેવીજ રીતે મહેદીનું કામ હાથમાં તલવાર લઇને નહી પણ હાથમાં કલમ લઇને જેહાદ કરવી છે. બ્રીટીશ સરકારના અદલ રાજ્યમાં જ્યાં દરેક મઝહબવાળાને પોતાના વીચાર છુટથી દરશાવવાનો હક છે ત્યારે ખુદાના હુકમ વીરૂધ તલવાર ઉપાડવાની જરૂરજ શી રહી? એટલુંજ નહી પણ રસુલુલ્લાહ (સ) એ સાફ ફરમાવી દીધું છે જે મસીહ મહેદી આવશે તે લડાઇના હથયાર છોડી દેશે જ્યારે લોકો યાહુદીઓની માફક તદન ઉલટા વીચાર રાખી બેઠા છે. આપણે ઉપલી સરવે બાબતો કોરાન તથા હદીસથી તપાસી ખાત્રી કરશું. પણ અગર આપણે યાહુદીઓની જેમ પોતાના અસલી અકીદાપરજ ચીટકી બેસીશું ને ખુદાના તથા રસુલ્લાહ (સ) ના ફરમાનપર ધ્યાન નહી આપીશું તો જેવા તેઓના હાલ તેવા આપણા હાલ સમજવા. જ્યારે ખુદાતઆલાએ યાહુદીઓ સારૂ ઇલીઆસ (અ) ને આસમાનથી ન મોકલ્યો ત્યારે આપણા સારૂ અગર ઇસા (અ) ને આસમાનથી મોકલે (જેનો મુદલ વાયદો વટીક નથી કરવામાં આવ્યો) તો ખચીત યાહુદીઓને ઘણો ગેર ઇનસાફ થયલો કહેવાય. તેઓને ત્યારે ખુદાએ મગઝુબે અલયહીમ શું કામ કહયું? યાહુદીઓ તો ઇસા (અ) ને ખોટા પેગમ્બર સમજ્યા પણ આપણે તો સાચા પેગમ્બર સમજ્યે છીએ ત્યારે એઓએ સમજાવેલી તાવીલ અને ફેસલો આપણને કબુલ રાંખવોજ જોઇએ ને તેઓનો ઉપલો ફેસલો આપણી નીશાનીઓ સમજવા અમલમાં લેવોજ જોઇએ તોજ આપણે ઇસા (અ) ને ખરા પેગમ્બર માનેલા કહેવાઇશું. ખુદાતઆલાની નજરમાં તેના સરવે બંદા એક સરખા છે. જેવો તેનો કાયદો યાહુદીઓ સારૂ હતો તેવોજ આપણા સારૂ પણ છે પણ અફસોસ ઘણા ખરા ઇસલામીઓ તે માનતા નથી અને તેઓ માનશે બી નહી એવી રસુલુલ્લાહ (સ) એ પેશગોઇ કરી હતી જે મારી ઉમત બી આખરી ઝમાનામાં યાહુદ થઈ જશે એટલે ઇસલામીઓની રૂહાની ખસલત યાહુદ જેવી થશે ને તેઓ રૂહાની

ખસલતના મસીહ મહેદીને માનવાનો ઇનકાર કરી બેસશે. આપણે એવા ન થઇ જઇએ તે સારૂ ખુદાતઆલાએ આપણને નમાઝમાં સુરે ફાતેહાની આખરી આયતમાં એ તાલીમ આપી છે કે આપણે ખુદાથી એ દુઆ ચાહીએ કે અમને મગઝુબે અલયહીમનો એટલે જેઓપર તારો ગઝબ ઉતરયો છે તેઓનો રસ્તો ન દેખાડ. યાહુદીઓએ મસીહનો ઇનકાર કરયો તેથી ખુદાનો ગઝબ તેઓપર ઉતરયો તેથી અમને તું એવી હીદાયત ન આપ કે અમે બી મસીહનો ઇનકાર કરી તારા ગઝબમાં આવી જઇએ ને એવી દુઆ ચાહતા રેહવા ખુદાએ આપણને તાલીમ આપી છે તો ખુદાની તે તાલીમ મુજબ અમલ કરી મસીહનો ઇનકાર ન કરી મગઝુબે અલયહીમ ન બનવું જોઇએ.

હવે આપણે ઉપર જણાવેલી બાબતો કોરાને શરીફ તથા હદીસોથી તપાસીએ.

ઇસા (અ) ની વફાતની સાબેતીઓ.

ઇસા (અ) ને આસમાનપર ઉપાડવામાં નથી આવ્યા પણ તેઓ વફાત પામ્યા છે તેની સાબેતીઓ તપાસીએ.

(૧) ખુદા ફરમાવે છે " ઓ ઇસા હુ તને વફાત આપીશ અને તને બુલંદ કરીશ (કુરાન પ્રકરણ ૩×૫૪) ખુદા સાફ ફરમાવે છે હુ તને વફાત આપીશ હવે જ્યારે ઇનસાન વફાત પામે તો તે પછી તેનુ રૂહ બુલંદ થાય ન કે તેનુ ખાકી શરીર આસમાનપર ઉપડે અગર કોઇ કહે ખુદા કહે છે વફાત આપીશ પણ વફાત આપી દીધાનુ બ્યાન નથી તો તેનો જવાબ એ છે જે ત્યારે તેઓની રૂહની બુલંદીબી નથી થઇ યા લોકોના સમજવા મુજબ તેઓનુ ખાકી શરીર બી આસમાનપર નથી ઉપડયું. કેમકે પેહલે વફાત પામવાની ખબર છે. બીજું એ બી ધ્યાનમાં રાખવું જોઇએ કે ખુદાએ આસમાનનો બોલ મુદલ વાપરયોજ નથી.

(૨) હવે નીચલી આયતથી વફાત આપી દેવાનું સાબીત થાય છે. ખ્રીસ્તીઓ હઝરત ઇસા (અ) ને ખુદા તથા ખુદાનો છોકરો કહે છે તથા તેની માને પણ તેમાં શામીલ કરે છે તે વીસે ખુદાતઆલા કયામતના દીને ઇસા (અ) ને જે પુછશે તેનો દેખાવ બ્યાન કરે છે "ઓ ઇસા ઇબને મરયમ શું તેં માણસોને કહયું કે મને અને મારી માને ખુદા સીવાય તમે બે ખુદા તરીકે લેઓ ? ઇસા (અ) જવાબ આપશે સરવે તારીફ તારે માટે છે. મને લાયક નથી કે જે મને ઘટતુ નથી તે બોલું. જો મેં તે કહયું છે તો તે તેં જાણ્યું છે તું મારા દીલમાં જે છે તે જાણે છે પણ તારા દીલમાં જે છે તે હું જાણતો નથી બેશક તું ગૈબનો જાણનાર છે તેં જે મને હોકમ કરયો તે સીવાય મેં તેમને કહયું નથી કે તમે ખુદા મારો પરવર દીગાર અને તમારો પરવર દીગારની બંદગી કરો અને હું શાક્ષી રહયો જ્યાં સુધી હું તેઓની વચે હતો **પછી જ્યારે તેં મને વફાત આપી** ત્યારે તુંજ તેઓની ઉપર નીગેહબાન હતો. (કુરાન પ્રકરણ ૫×૧૧૫–૧૧૬) ઉપલી આયત ઇસા (અ) ની વફાત ખુલી રીતે સાબીત કરે છે. એટલુંજ નહી પણ બીજી વાર આવનાર એઓ નથીજ તે પણ સાબીત થાય છે કેમકે અગર એઓજ બીજીવાર બી આવનાર હતે તો કયામતના દીને ખુદાની સામે એમ કેમ કહી શકે કે ખ્રીસ્તીઓ તેને ખુદા યા ખુદાનો છોકરો કહે છે તે બીના હું જાણતો નથી. એઓ બીજીવાર આવનાર હતે તો એઓની કોમે કેવો બગાડો કરયો તે જરૂર જો તે અને તેઓને સુધારતે અને ખુદા પાસે તેવી રીતનુ બ્યાન કરતે પણ તેઓ તો હું કાંઈ જાણતોજ નથી તે બ્યાન કરનાર છે તેથી સાબેત થયું કે બીજીવાર આવનાર એઓ નથીજ અને ખુદાએ તેઓને વફાત આપી તે બીના તેઓ પોતેજ કબુલે છે.

(૩) ઉપલી આયતોમાં અરબી બોલ તવફ્ફી વાપરવામાં આવ્યો છે તેનો ખરો અરથ વફાત યા રૂહ કબઝ થવાનુ છે. કેટલાક તફસીર લખનારાઓ ઉપલો અરથ ખરો લેખે છે કેટલાક જુદા જુદા અરથો કરે છે પણ આપણે સૌથી સતાવાર અર્થ લઇશું જે રસુલુલ્લાહ (સ) ના મશહુર સહાબી ઇબને અબાસે કીધો છે જે વફાત આપવાનુ છે. હવે એઓનો અર્થ ખરો લેખવાનુ કારણ એ જે રસુલુલ્લાહ (સ) એ એઓ સારૂ ખાસ દુઆ કરી હતી કે ખુદા એઓને કુરાનનો ઇલિમ બક્ષે. હવે ખુદાએ જેને રસુલુલ્લાહ (સ) ની દુઆથી ઇલમ બક્ષયો તેનો અર્થ ખરો સમજ્યે યા બીજા કોઇનો ? ઉપરાંત મશહુર ઇમામ બુખારીએ બી પોતાની સહી બુખારીમાં ઉપલા બોલનો અર્થ મોતનો કરયો છે એટલુંજ નહી પણ કોરાન તથા હદીસમાં એ બોલ ૭૦૦૦ વખતે ખાસ વફાત સારૂજ વાપરવામાં આવ્યો છે હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ તરફથી જાહેર કરવામાં આવ્યું કે અગર કોઇબી શખસ એ બોલનો અરથ વફાત નથી થતુ તે સાબીત કરે અથવા ઈસા (અ) વફાત નથી પામ્યા અને આસમાનપર ઉપાડી લેવામાં આવ્યા છે અને એઓજ પાછા આવનાર છે તે રસુલુલ્લાહ (સ) ની સહી હદીસથી યા સહાબા યા ઈમામોની કીતાબથી સાબીત કરે તો રૂ. ૨૦૦૦) ઇનામ આપવાનુ જાહેર કરયું હતું પણ હજી સુધી કોઇબી શખસ તે સાબીત કરી શકયો નથી અને કયામત સુધી કોઇબી એ સચાઇને જુઠ લાવી શકનાર નથી.

(૪) ઉપલા બોલની સચાઇ નીચલી હદીસથી વગર શકે સાબીત થાય છે. કેમકે જે વાકય ઇસા (અ) તરફથી કોરાને શરીફમાં જાહેર કરવામાં આવ્યું છે તેજ વાકય રસુલુલ્લાહ (સ) તરફથી બી જાહેર કરવામાં આવ્યું છે. જેમકે રસુ-

લુલ્લાહ (સ) ફરમાવે છે જે કયામતના દીને જ્યારે મારા કેટલાક ઉમતીઓને પકડવામાં આવશે ત્યારે હુ કેહવશ જે એઓ મારા ઉમતીઓ છે ત્યારે મને જવાબ મળશે જે તું જ્યારે એઓથી જુદો થયો તે પછી એ લોકો મુરતદ થયા ત્યારે હુ તેજ કહેવશ જે નેક બંદા ઇસા ઇબને મરયમે કહયા કે " હું તેઓના હાલથી વાકેફ હતો જ્યાં સુધી હું તેઓ વચે હતો પછી જ્યારે તેં મને વફાત આપી તે પછી તુજ નીગેહબાન છે. "

(આ હદીસ બુખારીમાંની છે અને તેના રીવાયત કરનાર ઇબને અબાસ છે જુઓ સહી બુખારી પાનુ ૪૮૩–૪૯૦) હવે રસુલુલ્લાહ (સ) તો વફાત પામ્યા છે તે સરવેને રોશન છે અને એઓની કબર શરીફ મદીને મુનવરામાં છે અને તેઓએ ' તવફી ' નો અરથ પોતા સારૂ વફાત પામવાનો કરયો છે ત્યારે તેજ બોલનો અરથ ઇસા (અ) સારૂ કરવા માટે આસમાન ઉપર ઉપાડવાનુ કરવું એ કેટલી નાદાની છે તે કોઈબી આસાનીથી સમજી શકસે.

(૫) કદાચ કોઈના મનમાં એ શક ઉપજે કે જ્યારે ખુદાતઆલા કોઇનો ખાકી શરીર આસમાનપર ઉપાડતો નથી અને સરવેના રૂહનીજ બુલંદી થાય છે ત્યારે એ બુલંદ થવાનુ બોલ લખવાની શી જરૂર હતી ? તેનો જવાબ એ છે જે યાહુદીઓએ ઇસા (અ) ને ખોટો પેગમ્બર માન્યો અને તેઓની કીતાબમાં હતુ જે ખોટો પેગમ્બર હોય તે મારયો જાય અને જે ફાંસીના માચડાપર મારયો જાય તે લાનતી મોતે મરે અને તેનુ રૂહ બુલંદ ન થાય. યાહુદીઓનો એ ખોટો ખ્યાલ કહાડવા ખુદાતઆલા કોરાને શરીફમાં ફરમાવે છે જે "તેઓએ (યાહુદીઓએ) તેને (ઇસા અ) ને કતલ કરયો નથી તેમ ફાંસીના માચડાપર મારયો નથી પણ તેઓએ તે ભુલ ખાધી હતી" (કુરાન ૪×૧૫૬) ઇસા (અ) ફાંસીના માચડાપર મરી ન ગયા હતા પણ

બેહોશ થઇ ગયા હતા પણ યાહુદીઓએ ભુલ ખાધી જે એઓ મરી ગયા છે અને તે પછી જ્યારે તેઓને ફાંસીના માચડા પરથી ઉતારી નાખ્યા ત્યારબાદ તેઓ સહાબીઓના હાથમાં હુશીયાર થયા અને ત્યાં રહેવાનું સલામત ન ધારી ત્યાંથી નીકળી ગયા તે છેક ફરતા ફરતા કેશમીર પુગા અને ત્યાં લાંબી મુદત પછી મામુલી રીતે વફાત પામ્યા એટલે તે-ઓના રૂહની બુલંદી થઈ. અગર ફાંસીના માચડાપર મરી જતે તો તેઓની કીતાબ મુજબ એઓના રૂહની બુલંદી ન થતે તે સારૂ ખુદાતઆલાએ કોરાને શરીફમાં યાહુદીઓની ભુલ બતાવી છે. ઇસા (અલે) કેશમીરમાં વફાત પામ્યા અને ત્યાં તેઓની કબર છે તે ખુદ ખ્રીસ્તી તવારેખ નવે-શોની કીતાબોથી સાબીત છે એટલુંજ નહી પણ તેઓને જ્યારે ફાંસીના માચડાપર ચડાવ્યા ત્યારે તેઓની ઉમર ફક્ત ૩૩ વરસની હતી અને વફાત પામ્યા ત્યારે તેઓની ઉમર ૧૨૦ વરસની હતી અને એ વાત રસુલુલ્લાહ (સ) ની હદીસથી સાબેત થાય છે કેમકે એઓ ફરમાવે છે જે "મને ખબર આપવામાં આવી છે જે ઇસા ઇબને મરયમ ૧૨૦ વરસની ઉમર પામ્યા અને હું ઉમેદ રાખું છું જે મારી ઉમર તેઓથી અરધી થશે." અને તે મુજબ બરાબર થયું.

(૬) કદાચ કોઇના મનમાં એ વીચાર આવે જે ખુદાતઆલાએ પોતાના પેગમ્બરની એવી બેઇઝતી શું કરવા થવા દીધી કાય નહી એને આસમાનપર ઉચકીને બચાવી લીધો તો જાણવું જોઇએ કે ખુદાતઆલાનો કાયદો સરવે પોતાના બંદાઓ સારૂ એકજ છે પેગમ્બરો બી ખુદાના બંદાજ છે અને સરવે પેગમ્બરોને શરૂઆતમાં તેઓની કોમે ઘણું દુ:ખ દીધું છે અને સરવે ખુદાપર ભરોસો રાખી સબર કરી ખમતા આવ્યા જેમકે ઈબરાહીમ (અલે) ને આ-

ગમાં નાખી દેવામાં આવ્યા. યુસુફ (અલે) ને વરસો સુધી કેદખાનામાં રેહવું પડયું. યુનુસ (અલે) ને માછલીના પેટમાં રહેવું પડયું મુસા (અલે) ને દરયામાંથી પસાર થવું પડયું આપણા મહાન પેગમ્બર હઝરત મહમદ મુસતફા (સ) ને અંધારા ઊંડા ગારમાં સંતાઈ રહેવું પડયું તેવીજ રીતે ઇસા (અલે) ને ફાંસીના માચડાપર ચડાવવામાં આવ્યો અને જેવી રીતે ખુદાતઆલાએ આગલા સરવે પેગમ્બરોને બચાવી લીધા તેવી રીતે એઓને બી બચાવી લીધા પણ જુદી જુદી મુસીબતો તો સરવેને વેઠવી પડી તેવી રીતે ઈસા (અ) ને એ મુસીબત વેઠવી પડી.

(૭) ઇસા (અ) ની રૂહની બુલંદી થઇ તેની બીજી સાબેતી એ છે જે રસુલુલ્લાહ (સ) શબે મેઅરાજમાં બીજા વફાત પામેલા માનવંત પેગમ્બરો જેવા કે મુસા (અ) ઇબરાહીમ (અલે) સાથે એઓને બી દીઠા એ બુખારી અને બીજી મોતેબર હદીસોથી સાબીત છે. અગર એઓને ખાકી શરીર સાથે જીવતા ઉપાડી લેવામાં આવ્યા હતે તો વફાત પામેલાઓની રૂહો સાથે એઓ શું કામ રહેતે ?

(૮) ખ્રીસ્તીઓ ઇસા (અ) ને ખુદા તથા ખુદાનો છોકરો વગેરે મોટો દરજો આપતા હતા તે વીસે ખુદાતઆલા ફરમાવે છે એ ફક્ત બીજા પેગમ્બરો જેવો એક ઈનસાન હતો અને જેવી રીતે બીજા પેગમ્બરો વફાત પામી ચુકા તેવી રીતે એ બી વફાત પામ્યો છે જેમકે તે કોરાને શરીફમાં ફરમાવે છે "ઇસા ઈબને મરયમ એક પેગમ્બર સીવાય બીજો કોઇ નથી અને બેશક એની અગાઉના સરવે પેગમ્બરો વફાત પામી ચુકા છે" (કુરાન પ્રકરણ ૫×૭૪)

(૯) હજી બી કોઇને શક હોય તો નીચલી આયત જુઓ કે જ્યારે ઓહોદની લડાઈમાં રસુલુલ્લાહ (સ) ઘાયલ થયા

ત્યારે એવી અફ્વા ઉડી કે. હઝરત મહમદ (સ) શહીદ થઇ ગયા છે ત્યારે કેટલાઓના મન ઇસલામ વીસે ડચુપચુ થવા લાગુ ત્યારે ખુદાતઆલાએ એ આયત નાઝીલ કરી કે "અને મોહમદ એક પેગમ્બર સીવાય બીજો કોઇ નથી બેશક એની અગાઉના સરવે પેગમ્બરો વફાત પામી ચુકા છે (તેવીજ રીતે) જો એ (બી) મરી જાય અથવા મારયો જાય તો શું તમે તમારી એડી ઉપર પાછા ફરસો (એટલે ઇસલામથી ફરી જશો) કુરાન પ્રકરણ ૩×૧૪૩

છેલી બે આયતોથી એ સાબીત થયુ કે ઇસા (અ) તથા હઝરત મહમદ (સ) ની અગાઉના સરવે પેગમ્બરો વફાત પામી ચુકા ત્યારે ઇસા (અ) તો હઝરત મહમદ (સ) ની અગાઉના પેગમ્બર હતા તો તેઓ બી વફાત પામી ચુકા કે નહી? ખુદાના કલામને માનનારો હોય તે વફાત માને નહીતો હજી તેઓને (આસમાનપરજ ખાકી શરીર સાથે) ખુદા જેવો અમ્મર જીવતો સમજે ને શીરકનો ગુનેહગાર બને.

(૧૦) હજી બી કાંઇ શક હોય તો એજ આયત બીજા એક ટાંકણે વાપરવામાં આવી તે સાંભળો. જયારે આપણા રસુલુલ્લાહ (સ) વફાત પામ્યા ત્યારે હઝરત ઉમર (રદી) ના મનમાં એ વીચાર આવ્યો જે હજી ઇસલામના સરવે વીરોધીઓ હલાક થયા નથી તેની આગમજ રસુલુલ્લાહ (સ) કેમ વફાત પામે તેથી તેઓએ કહયું કે જે કોઇ કેહશે જે રસુલુલ્લાહ (સ) વફાત પામી ચુકા છે તો હું તલવારથી તેને કતલ કરી નાખીશ. સરવે સહાબા ભેગા થયા અને હઝરત અબુબકર (રદી) ઉઠયા અને ફરમાવ્યું કે "મહમદ (સ) એક પેગમ્બર સીવાય બીજો કોઇ નથી બેશક એઓની અગાઉના સરવે પેગમ્બરો વફાત પામી ચુકા છે" તેવીજ રીતે એઓ બી વફાત પામ્યા છે. એ સાંભળતાંજ હઝરત ઉમર (રદી) એ પોતાની તલવાર

નાખી દીધી અને કહયું ખુદાતઆલાએ ગોયા એ આયત તમોપર ખાસ નાઝીલ કરી હોય તેવી મને અસર થઇ છે. અગર હઝરત ઉમર યા બીજા સહાબીઓના મનમાં એ ખ્યાલ હતે કે ઇસા (અ) આસમાનપર ખાકી શરીર સાથે જીવતા બેઠા છે તો તેજ વખતે હઝરત અબુબકર સાથે તકરાર કરતે કે ઇસા (અ) તો વફાત નથી પામ્યા અને તમે કેમ કહો છો જે સરવે પેગમ્બરો વફાત પામી ચુકા છે પણ સરવે સહાબાએ ઉપલી આયતને માન્ય રાખી ખુદાના કલામનો કોણ ઇનકાર કરે ? પણ અફસોસ ઈસલામીઓ યાહુદીઓની જેમ પોતાનાજ વીચારને ચીટકી બેસવા માગે છે (ઉપલી હકીકત સારૂ જુઓ સહી બુખારી પાને ૬૪૦)

(૧૧) હજી બી કોઇને શક હોય તો સાંભળો એક વખત કેટલાક સહાબીઓ તોરેત-ઇંજીલ પઢતા હતા તથા તકરાર કરતા હતા ત્યારે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે અગર મુસા (અ) યા ઇસા (અ) જીવતા રહેતે તો મારી પેરવી કરતે" એઓએ જ્યારે ફરમાવ્યુ કે "જીવતા રહેતે તો" એથી સાબેત થયુ કે તેઓ વફાત પામ્યા છે.

(૧૨) રસુલુલ્લાહ (સ) ની હદીસ સહી મુસલીમ તથા તીરમઝીમાં ફરમાવેલું છે જે " આજથી સો વરસ પછી હાલના મોજુદ લોકોમાંથી કોઇબી જીવતો ન રહેશે " હવે કશોબી શક રહયો ? આ ઉપરથી ઇસા (અ) ઉપરાંત બીજા જે કોઇ વીસે ઝીંદો હોવાનો અકીદો હોય તેઓની વફાત સાબીત થઇ ગઇ.

(૧૩) બીજી એક હદીસ એ છે જે રસુલુલ્લાહ (સ) એ ફરમાવ્યું કે " તમે પોતાના નબીની વફાતથી શા માટે બીહોછો શું કોઇ નબી મારાથી પેહલે જીવતો રહયો છે જે હું તમારામાં રહું ? "

એવી ઘણી હદીસો તથા આયતો ઇસા (અ) ની વફાત સાબીત કરવા માટે મોજુદ છે પણ ઉમેદ છે જે ઉપલી આયતો તથા હદીસોથી કોઇબી ખુદાથી ડરનાર અને સમજદાર ઇસલામીની પુરેપુરી ખાત્રી થઇ જશે માટે વગર અગતે લંબાણ કરવા દુરૂસ્ત નથી ધારયુ.

આ ઉપરથી જણાશે કે જેવી રીતે યાહુદીઓમાં એક ખોટો અકીદો પેવસ થઇ ગયો હતો કે ઇલીઆસ (અ) વફાત પામ્યા નથી પણ તેઓને ખાકી શરીર સાથે આસમાન ઉપર ઉપાડી લેવામાં આવ્યો છે તેવીજ રીતે આપણે જોયું કે ઇસલામીઓમાં બી એવોજ ખોટો અકીદો પેવસ થઇ ગયો કે ઇસા (અ) વફાત પામ્યા નથી પણ તેઓને બી ખાકી શરીર સાથે આસમાન ઉપર ઉપાડવામાં આવ્યા છે હવે આપણે તે વીસે કોરાને શરીફ તથા હદીસોથી તપાસ કરી તો સાબેત થયું જે તેમાં કોઇબી ઠેકાણે આસમાનનો બોલ તેમજ ખાકી શરીરનો બોલ વાપરવામાં આવ્યોજ નથી જયારે તેની બદલે ખુલ્લી રીતે કોરાને શરીફ તથા હદીસોથી વફાત પામવાનું સાબીત થયું છે.

હવે એવીજ રીતે યાહુદીઓનો બીજો ખોટો અકીદો એ હતો કે તેજ ઈલીઆસ (સ) આસમાન ઉપરથી ઉતરી પાછા આવશે પણ તેની ખરી મતલબ ઇસા (અ) સમજાવી જે એક બીજોજ શખસ તેને મળતી રૂહાની ખાસ્યત ધરાવનારો જાહેર થશે અને ખરેખર તેમજ થયું તેવીજ રીતે ઇસલામીઓમાં બી એવોજ ખોટો અકીદો એ છે જે તેજ ઇસા (અ) આસમાન ઉપરથી ઉતરી પાછા આવશે પણ તેની બી ખરી મતલબ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબે સમજાવી તે :એજ છે કે એક બીજોજ શખસ તેને મળતી રૂહાની ખાસ્યત ધરાવનારો જાહેર થશે અને તે હુંજ છું.

હવે આપણે એ બાબતની બી કોરાન તથા હદીસથી તપાસ કરી ખાત્રી કરયે.

પેહલી સાબેતી તો એજ છે કે જ્યારે ઈસા (અ) ની વફાત સાબીત થઇ ચુકી એટલે તેઓ બીજો અવતાર લઇ આવી શકેજ નહી કેમકે ઇસલામમાં હીંદુઓ મુજબનો પુનર જન્મનો અકીદો છેજ નહી કેમકે એવા અકીદાને કોરાન તથા હદીસ વખોડી કાહડે છે ત્યારે સાબેત થયું કે જ્યારે અસલ શખસ આવનાર નથીજ તો તેની બદલીમાં આગળ મુજબ તેનાજ નામનો બીજોજ શખસ જાહેર થવો જોઇએ. એ વીસે હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ પોતાના તા. ૨ જી અકટોબર ૧૮૯૧ ના જાહેરનામાંમાં જણાવે છે જે "હું મસીહ ઇબને મરયમ હોવાનો દાવો કરતો નથી તેમજ ન હું અવતારનો માનનારો છું પણ મારો તો ફક્ત મસીલે મસીહ (એટલે મસીહને મળતો) હોવાનો દાવો છે." જેવી રીતે યહયા (અ) ને યાહુદીઓના ઝમાનામાં ઇલીઆસ (અ) ને મળતા ઠરાવવામાં આવ્યા હતા તે મુજબ.

એ વીસે આપણે તપાસ કરીશું તો આપણને ઘણા દાખલા મળશે જેમ કે આપણે કોઈ અપક્ષપાત ન્યાયધીશને નોશીરવાન કહીએ યા કોઈ અખુટ ખઝાનો ધરાવનારને કારૂન કહીએ યા કોઇ ઘણાજ સખીને હાતમ બીન તાઇ કહીએ તો શું તે શખસોને આગલા ઝમાનાના ખરેખરા નોશીરવાન કારૂન તથા હાતમ બીન તાઇ સમજવામાં આવશે ? હરગીઝ નહી થોડી બી સમજ ધરાવનારો માણુંસ તેની મતલબ એજ સમજશે કે આગલાઓની રૂહાની ખસલતો ધરાવવામાં એઓ તેઓ જેવાજ છે પણ ખરેખર તો એ તદન જુદાજ શખશો છે. અવીજ રીતે આપણે આપણા ફરજંદોના નામ આપણા વડવાઓના નામ જેવા રાખ્યે છીએ જે આપણા ફરજંદો બી તેઓ જેવી ખાસ્યતના થાય તેવીજ રીતે શું ખુદા કોઇને આગલા પેગમ્બરનું ખાસ્યતી નામ ન આપી સકે ? ખુદ આપણા રસુલુલ્લાહ (સ) નું નામ ઈંજીલમાં ફારકલીત છે ત્યારે ખ્રીસ્તીઓ આપણા પેગમ્બરના નામ મહમદ હોવાથી કબુલવાનું ઇનકાર કરે તો શું તેઓએ વાજબી કર્યું ?

એટલુંજ નહિ પણ આપણા કોરાનમાં રસુલુલ્લાહ (સ) વિષે ઈસા (અ) તરફથી જાહેર થાય છે જે "હું તમને ખુશ ખબર આપુ છું કે મારી પાછળ એક પેગમ્બર આવશે જેનું નામ આહમદ હશે" હવે આપણુને કોઇ કહે કે તમારા પેગમ્બરનુ નામ બચપણથી મહમદ હતું અને કોરાનમાં આવનાર શખસનુ નામ આહમદ જણાવેલું છે તમે મહમદ નામના શખસને કેમ કબુલ્યો ? શું ત્યારે નામના ફરકના લીધે આપણે તેઓનો ઇનકાર કરીશું ? હરગીઝ નહિ. રસુલુલ્લાહ (સ) ના ઘણા નામો છે તે સરવે સીફાતી નામો છે. અને અને એવા સીફાતી નામના આસામીઓ આ ઉમતમાંથી બી નીકળશે તે વિષે રસુલુલ્લાહ (સ) આગળથી ચેતાવી બી દીધું છે જે મકે તેઓ ફરમાવે છે "જેટલા કે પેગમ્બરો આગળ થઈ ગયા છે તેવાઓના મીસલ મારી ઉમતમાંથી જરૂર થશે (જેમકે) અબુબકર હઝરત ઈબરાહિમ (અ) જેવા ઉમર હઝરત નુહ (અ) જેવા ઉસમાન હઝરત હારૂન (અ) જેવા અને અલી ઈબને તાલીબ મારા જેવા અને જે શખસ ઈસા (અ) ને જોવા ચાહે તે અબુ ગફારીને જોઈ લે. (જુઓ કનઝલ અમાલ જીલદ છઠી પાનુ ૧૯૩) આ ઉપરથી જણાશે જે એ પ્રમાણે આ ઉમતમાંથી કોઈ શખસને ખુદા ઈસા ઈબને મરયમ ઠરાવે તેમાં ખોટું શું થયું ?

હવે કદાચ કોઈના મનમાં એ વીચાર ઉપજે કે ત્યારે આસમાનથી ઉતરવાની ઝીકર નીકલી શા ઉપરથી ? તો જાણવું કે હદીસમાં એ ફરમાવેલું છે જે ઈસા ઈબને મરયમ નાઝલ થશે હવે "નાઝલ" નો શબ્દ કુરાન તથા હદીસમાં સાધારણ છે. ખુદાતઆલાની રહેમતથી જે કાંઈ ચીજ આપણુને બખશવામાં આવે તેના સારૂ નાઝલ બોલ વાપરવામાં આવે છે પણ લોકોએ તેનો અર્થ આસમાન ઉપરથી ઉતરવું કરી દીધું. કેમકે લોકોના મગજમાં ઈસા ઈબને મરયમને આસમાન ઉપર ઉપાડી લેવાનો ખ્યાલ હોવાથી અને હદીસમા ઈસાઈબને મરયમ આવવાનો વાયદો હોવાથી તેઓ એજ ભુલાવામાં

રહ્યા જે એઓ આસમાન ઉપર ગયા છે તે એઓજ આસમાન ઉપરથીજ પાછા આવવા જોઇએ પણ રસુલુલ્લાહ (સ) ના અસલ અરબી શબ્દોની કોઈ બી હદીસમા આસમાનનો બોલ મુદલ વાપરવામાં આવેલો છેજ નહી. ફક્ત નાઝીલ થવાનો બોલ છે. એમાં તો ખુદા કોરાનમાં ફરમાવે છે જે મેં તમારા સારૂ લોખંદ નાઝીલ કરયું છે. ચોપગાં જાનવરો નાઝીલ કરયાં છે. લીબાસ નાઝીલ કરયો છે ત્યારે શું એ સરવે ચીજો આસમાન ઉપરથી ઉતરી આવે છે? એ ફક્ત ખુદાની નવાજીશના માટે નાઝીલનો માન ભરયો શબ્દ છે. એમ તો ખુદ આપણા રસુલુલ્લાહ (સ) વીશે બી ખુદા ફરમાવે છે જે મે એ પેગમ્બરને તમારા સારૂ નાઝીલ કરયો ત્યારે શું એઓબી આસમાન ઉપરથી ઉતરી આવ્યા છે?

અસલ બાબત એ છે જે મસીહ ઇસા ઇબને મરયમ એક નહી પણ બે છે. એક મુસા (અ) ના મસીહ બીજા રસુલુલ્લાહ (સ) ના મસીહ જેવી રીતે મુસા (અ) બની ઈસરાઈલની વંસના મહાન પેગમ્બર હતા તેવી રીતે રસુલુલ્લાહ (સ) બની ઈસમાઈલની વંશના મહાન પેગમ્બર હતા. જેવી રીતે મુસા (અ) તોરેત જેવી મોટી શરીઅત ધરાવનારા હતા તેવી રીતે રસુલુલ્લાહ (સ) કોરાન જેવી મોટી શરીઅત ધરાવનારા હતા.

જેવી રીતે મુસા (અ) ને ફીરોન જેવી ઝાલીમ કોમમાં મોકલવામાં આવ્યા હતા તેવી રીતે રસુલુલ્લાહ (સ) ને અરબો જેવી ઝાલીમ કોમમાં મોકલવામાં આવ્યા હતા અને એ દાખલાનુ મળતાપણું દેખાડવા ખુદાતઆલા કોરાને શરીફમાં ફરમાવે છે "બેશક મેં તમારામાં એક પેગમ્બર મોકલ્યો શાક્ષી તરીકે **જેવી રાતે** કે મેં એક પેગમ્બર (મુસા અ) ને ફીરોન તરફ મોકલ્યો હતો (કુરાન પ્રકરણ ૭૩×૧૫) અને જેવી રીતે મુસા (અ) પછી ૧૨ ખલીફા થયા અને **૧૩ મો મસીહ ઇબને મરયમ તેવીજ રીતે રસુલુલ્લાહ (સ) પછી બી**

૧૨ ખલીફા થયા અને ૧૩ મો મસીહ ઇબને મરયમ જેની સાબેત
સારૂ રસુલુલ્લાહ (સ) ફરમાવે છે "બેશક મારી પછી થનારા ખલીફ
ની ગણત્રી મુસા (અ) ના નુકબા મુજબ થશે." વલી બીજી હદીસમ
ફરમાવે છે " ખુશી થાઓ ખુશી થાઓ ખુશી થાઓ મારી ઉમત
મીસાલ તે વરસાદના જેવી છે જેની નીસબત ખબર નથી કે તે
શરૂઆત (ની ઉમત) સારી છે યા આખર (ની ઉમત) સારી છે. અ
તે ઉમત કેવી રીતે હલાક થઈ શકશે કે જેની શરૂઆતમાં હું
અને દરમ્યાનયાં મારા પછી ૧૨ ખલીફા થશે અને આખરીમાં
સીહ ઈસાઇબને મરયમ". અને જેવી રીતે મુસા (અ) પછી મસી
ઈબને મરયમ ૧૩ મી સદી પછી આવ્યા તેવીજ રીતે રસુલુલ્લા
(સ) ના પછી ૧૦૦–૧૦૦ વરસે એક ખલીફા મુજબ ૧૨ ખલી
થઈ ગયા પછી ૧૩ મી સદા ખતમ થતાંજ એઓના મસીહ ઈસા
બને મરયમ (તે હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબ) આવ્ય
છતાં જેવી રીતે યાહુદીઓ પોતાના ખોટા અકીદામાં ચીટકી બેર
મુસા (અ) ના મસીહ ઈસાઇબને મરયમને માન્યો નહી તેવી
રીતે ઇસલામીઓ બી રસુલુલ્લાહના મસીહ ઇસા ઇબને મરયમ
પોતાના ખોટા અકીદા પર ચીટકી બેસી તેઓને માનવાનો ઇનક
કરે છે અને યાહુદીઓ મુજબ આસમાન પરથી આવવાની વાટ જો
છે જ્યારે રસુલુલ્લાહ (સ) એક બી ઠેકાણે આસમાનથી આવવા
બોલ મુદલ વાપરયોજ નથી એટલું જ નહી પણ તેની વીરૂદ્ધ
ખુલ્લા શબ્દોમાં પોતાની ઉમતને ફરમાવ્યું છે જે તે તમારા પો
માંથીજ આવશે. જેમકે બુખારી હદીસને પાને ૪૯ માં જાહેર છે
રસુલુલ્લાહ (સ) ફરમાવે છે જે "તમારો શું હાલ થશે જ્યારે
બને મરયમ તમારામાં નાઝીલ થશે અને તે **તમારામાંથીજ** તમા
ઈમામ થશે" (તમારા શું હાલ થશે એટલે તેઓ પર ઈમાન
વશો કે આગલા લોકોના જેવો તમે બી તમારો હાલ બનાવશે
બીજું તેઓ ફરમાવે છે જે એ શખસ તમારા પોતામાંથી થશે
ટલે એજ ઉમતમાંથી થશે કાંઈ આસમાન પરથી યા કોઈ ગેર કો

માંથી ન આવશે) છતાં અફસોસ લોકોએ કોરાન તથા હદીસને છોડી દઈ ખરા મઝહબથી અજ્ઞાન રહી યાહુદીઓ મુજબ આસમા નથી આવવાના અકીદાપર ચીટકી બેઠા છે

ખુદાતલાઆએ જ્યારથી દુન્યા શરૂ કરી ત્યારથી પેગમ્બરો તથા ખલીફાઓને પ્રજા માંહેલામાંથીજ કોઇને ચુંટીને પોતાનો પ્રતીનીધી બનાવવાનો નીયમ રાખ્યો છે. જેમકે ખુદા પેગમ્બરો સારૂ ફરમાવે છે "ઓ આદમના છોકરાઓ બેશક તમારી પાસે **તમારામાંથી** પેગમ્બરો આવશે" (કુરાન પ્રકરણ ૭×૩૪) વલી ખુદા ખલીફાઓ સારૂ ફરમાવે છે "ખુદા વાયદો કરે છે તેઓને કે જેઓ ઈમાન લાવ્યો છે અને નેક અમલ કરયા છે કે (તે) **તેઓમાંથી જમીન પર** ખલીફા બનાવશે જેવી રીતે તેણે આગળ ખલીફા બનાવ્યા હતા" (કુરાન પ્રકરણ ૨૪×૫૫) આ પરથી સાફ જણાયું કે અવલથી ખુદાનો એજ નીયમ છે કે તે પોતાના પ્રતીનીધી તરીકે જમીન પરની પ્રજા માંહેલામાંથીજ એકને ચુંટીને જાહેર કરે કોઇને આસમાન પરથી યા અજાણી કોમમાંથી લાવીને જાહેર કરતો નથી.

જેવી રીતે રસુલુલ્લાહ (સ) ૪૦ વરસ સુધી મકામાં સરવે લોકોની સાથે રહેતા મળતા અને જાણીતા હતા તે પછી ખુદાએ તેઓને પોતાનો પ્રતીનીધી બનાવ્યો અગર એઓને કોઈ બીજાજ મુલકમાંથી લાવીને મકાવાલાઓમાં મોકલતે તો તેઓને એ બાહનો રહેતે જે અમે તમોને ઓળખતા નથી ન તમારા ખાનદાનને કે તમો કેવી ચાલચલણના માણસ છો પણ જ્યારે ખુદાતઆલાએ એઓને એઓની પોતાનીજ કોમમાંથી એક ઘણા પરહેઝગાર અને સરવેને જાણીતા માનીતા થયલાને પેગમ્બર બનાવ્યો છતાં તે લોકો પોતાની મુરતી પુજવાની રસમનેજ ખરો મઝહબ સમજી તથા બીજા ખોટા અકીદા પર ચીટકી બેસી તેઓને માનવાનો ઈનિકાર કરયો પણ એ ઈનિકાર તેઓની નાદાની અને ઝીદને આભારી છે ખુદા પર તેઓનો

કશો દોષ રહયો નહિ. બલકે ખુદાએ પોતાના નિયમ મુજબ તેઓ માંહેલાજ એક જાણીતાને નેમ્યો છતાં તેઓએ ઇનકાર કરયો જેનો તેઓને ખુદાને જવાબ દેવો પડશે; તેવીજ રીતે ખુદાતઆલાએ પોતાના ચાલતા આવેલા નીયમ મુજબ રસુલુલ્લાહ (સ)ના મસીહ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબને આ ઉમતમાંથીજ અને ૪૦ વરસ સુધી લોકોમાં એક ઘણાજ પરહેઝગાર શખસ તરીકે મશહુર થયલાને ચુંટયો છતાં લોકો ખુદાના ચાલતા આવેલા નિયમથી અજ્ઞાન રહી પોતાનાં ખોટા અકીદા મુજબ તેઓ આસમાન પરથી ઉતરી આવે તોજ માનવાની ઝીદ પકડી બેઠા છે અને એઓનો દાવો સાંભલી અજબ થાય છે જેવી રીતે આગલા લોકો બી પોતાના ખોટા અકીદાને લીધે અજબ થતા રહ્યા હતા. જ્યારે ખુદા તેઓની અજાયબી ભાંગવા ફરમાવે છે "શું તમે એટલા માટે અજબ થાઓ છો કે તમારા પરવર દીગાર તરફથી **તમારામાંના એક માણસ** ઉપર ખુદાને સંદેશો આવ્યો કે તે તમને ચેતવણી આપે અને એટલા માટે કે તમે પરહેઝગાર થાઓ અને કદાચ તમારી ઉપર દયા થાય? (કુરાન પ્રકરણ ૭×૬૨) જ્યારે એમાં અજબ થવાનું કશું છેજ નહિ કેમકે એ તો ખુદાતઅલાનો ચાલતો આવેલો નિયમજ છે ને એ પોતાના નિયમમાં કદી ફેરફાર કરતો નથી તે સાફ ફરમાવે છે "ખુદાના શબ્દોમાં કંઈ ફેરફાર થશેજ નહિ" (કુરાન પ્રકરણ ૧૦×૬૩) વલી તે ફરમાવે છે "પણ તું કદી ખુદાના નીયમમાં કાંઈ ફેરફાર જોઈશ નહિ. અને તું કદી ખુદાના નિયમમાં અદલ બદલ જોઇશ નહિ" (કુરાન પ્રકરણ ૩૫×૪૨)

હવે જ્યારે ખુદાનો એ જાવેદાનનો મુકરર કરેલો કાયદો છે ને તેમાં ખુદા સાફ ફરમાવે છે જે હું કદી ફેરફાર કરીશ નહિ અને તેજ મુજબ ખુદાના એક લાખ ચોવીસ હઝાર પેગમ્બરો તથા તેઓના ખલીફાઓમાંથી કોઈ બી આંસમાન ઉપરથી કદી આવ્યો નહિ છતાં ઇસલામીઓ યાહુદીઓ મુજબ ખરેખરા આવેલા શખ

સનો ઇનકાર કરી યાહુદીઓ જેવોજ ખોટો અકીદો રાખી આસમાન પરથી આવવાની વાટ જોય એ તેઓની કેટલી નાદાની છે? ખુદાએ આગળ કદી પોતાનો એ નીયમ બદલ્યો નહિ ત્યારે હવે દુન્યાની આખેરીએ તેને પોતાનો નીયમ બદલી ખોટો પડવાની જરૂરજ શી? તેવીજ રીતે રસુલુલ્લાહ (સ) એ કોઇ પણ પોતાની હદીસમા અસલ અરબી ફરમાનમાં આસમાનને બોલ વાપરયોજ નથી. તેઓ કદી બી ખુદાના ફરમાન વીરૂદ્ધનો વાયદો કરેજ નહી. એક બારગી આસમાનનો બોલ હતે બો તો બી રસુલુલ્લાહ (સ) ના ફરમાન મુજબ ખુદાના બોલનેજ માનવું કેમકે રસુલુલ્લાહ (સ) એ સાફ ફરમાવી દીધું છે જે મારી હદીસો તેજ ખરી સમજવી જે ખુદાના ફરમાનોના વીરૂદ્ધ ન હોય. પણ અત્રે તો હદીસો બી ખુદાના ફરમાનને મળતીજ છે ત્યારે ઇસ્લામીઓની ફરજ છે કે પોતાનો ખોટો અકીદો તરક કરે.

ખુદાનો પ્રતીનીધી પ્રજામાંથીજ આવશે અને તેના ઇનિકાર કરનારાને દોઝખમાં નાખવામાં આવશે તે વખતનો દેખાવ ખુદા કુરાનમાં બયાન કરે છે જે "અને જેઓ ઇનિકાર કરનારા છે તેઓને જહનમ તરફ ટોલાબંધ હાંકી કાઢવામાં આવશે છેવટે જ્યારે તેઓ ત્યાં આવશે ત્યારે તેના દરવાજા ઉઘાડવામાં આવશે અને તેઓને દોઝખના ચોકીદારો કહેશે કે શું તમારી પાસે **તમારામાંથી** પેગમ્બરો આવ્યા ન હતા કે જેઓ તમારી પાસે તમારા પરવરદીગારના ફરમાનો બયાન કરે અને તમને તમારી આ દીવસની મુલાકાતની ચેતવણી આપે? (કુરાન પ્રકરણ ૩૯×૭૦)

દુન્યા શરૂ થઈ ત્યારથી તે દુન્યા ખતમ થઈ જાય ત્યાં સુધી ખુદા તરફનો એક બી ચેતવણી આપનારો અગર આસમાન પરથી આવ્યો હતે તો દોઝખના ચોકીદારોનો સવાલ એ હતે કે "શું તમારી પાસે તમારામાંથી તથા આસમાન પરથી પેગમ્બરો આવ્યા

નહતા ?" પણ અત્રે તો સવાલ એજ છે કે **તમારામાંથીજ** આવ્યા નં હતા ? ત્યારે યાહુદીઓ તથા ઈસિલામીઓ આસમાન પરથી આવવાનો અકીદો રાખે તે કેટલું ખોટું છે તે કોઈબી સાધારણ સમજનો માણસબી આસાનીથી સમજી શકસે.

હજીબી કોઇ એવા ખોટા અકીદા રાખનારના મનમાં કાંઇ વસવસો હોય તો સાંભળો જે રસુલુલ્લાહ (સ) સાફ ફરમાવે છે જે ઇસાઇબ્નિ મરયમ એક નહી પણ બે જુદા શખસો છે જેમાંના એક ઈસા ઈબ્ને મરયમને શબે મેઅરાજમા વફાત પામેલા બીજા પેગમ્બરોની અરવાહો સાથે જોયા અને તે ઈસા ઈબ્ને મરયમનો રંગ સુરખ હતો અને બાલ ગુંગરવાલા હતા (જુઓ સહી બુખારી પાનું ૪૮૯)

જ્યારે બીજા આવનારા ઇસા ઈબ્ને મરયમનો રંગ ગંદુમી તથા બાલ સીધા હતા (જુઓ એજ સહી બુખારી પાને ૧૦૫૫) હવે કાંઈબી શક રહયો કે આગલા ઈસા ઈબ્ને મરયમ જુદા છે અમે આવનારા ઈસા ઈબ્ને મરયમ જુદા છે અને આવનારાનો આકાર જે રસુલુલ્લાહ (સ) એ બયાન કરયો તે આબાદ હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબને મળતો છે. છતાં અગર જે ઈસિલામી આગલાજ ઈસા ઇબને મરયમ આસમાન પરથી આવે તોજ હું માનું એવો અકીદો રાખે તેને ખુદા તથા રસુલુલ્લાહ (સ) નો કેટલો નાફરમાન તથા બેઅદબ સમજવો તે કોઈબી ખુદાથી ડરનાર તથા કયામતને માનનાર ઈનસાન આસાનીથી સમજી સકસે.

અગર કોઈ ખરેખર સુરખ રંગનો અને ગુંગરવાલા બાલવાળો શખસ એરોપલેનમાં બેસી ઉપરથી આવે અને કહે કે હું ઇસા ઇબને મરયમ છું અને આસમાન પરથી આવ્યો છું જેવી રીતે કે તમો વકી રાખતા હતા તો તેનો દાવો સદંતર ખોટો સમજવો **કેમકે આસમાન ઉપરથી આવેલો શખસ ઇસલામને જોઇતોજ નથી.**

ઇસલામીઓને તો રસુલુલ્લાહ (સ) ના ફરમાન મુજબનો આ ઉમતમાંથીજ જાહેર થયલો ઇસા ઇબને મરયમ જોઇએ છે.

ઉમેદ છે જે ઉપલા ખુલાસાથી અને કોરાન તથા હદીસોના પુરાવાથી ઇસલામીઓની ખાત્રી થઇ જશે કે જેવી રીતે યાહુદીઓ ઇલીઆસ (અ) આસમાન ઉપરથી આવશે એવો અકીદો રાખવામાં ખોટા હતા તેવીજ રીતે ઇસલામીઓ ઇસા (અ) આસમાન ઉપ-રથી આવશે એવો અકીદો રાખે છે તે ખોટો છે. માટે જેવી રીતે યાહુદીઓ મુસા (અ) ના મસીહ ઇબને મરયમને માનવાનો ઇન કાર કરી મગઝુબે અલયહીમ બન્યા તેવીજ રીતે ઇસલામીઓ રસુ લુલ્લાહ (સ)ના મસીહ ઇબને મરયમ તે હઝરત મીરઝા ગુલામ આહમદ સાહેબનો ઇનકાર કરી મગઝુબે અલયહીમ ન બનવું જોઇ એ. કે જેઓએ આખી ઇસલામી આલમની આંખ સામેનો પરદો દુર કરી એવા ખોટા અકીદાથી બચાવી લીધા છે.

રસુલુલ્લાહ (સ) ફરમાવે છે "ઇસા ઇબને મરયમ તમા-રામાં નાઝીલ થશે અને સલેબને તોડશે." એટલે ઇસા (અ) સલેબપર (ફાંશીના માચડાપર) મારયા ગયા નથી તેમ તેઓને આ સમાન ઉપર ઉપાડી લેવામાં આવ્યા નથી તે વીસેના જે ખોટા અ કીદાઓ યાહુદીઓ ખ્રીસ્તીઓ તથા ઇસલામીઓમાં પેવશ થઇ ગયા હશે તે તોડશે યાહુદીઓનો એ અકીદો હતો જે ઇસા (અ) ખોટા પેગમ્બર હતા અને તેથી તેઓ સલેબ પર મારયા ગયા. પણ હઝરત મીરઝા સાહેબે સાબેત કરી દેખાડયું કે તેઓ ખુદાના સાચા પેગમ્બર હતા અને તેઓ સલેબપર મારયા ગયા ન હતા પણ બેહોશ થયા હતા અને પોતાના સહાબીઓના હાથમાં હોશમાં આવી ત્યાંથી નીકળી અફગાનીસ્તાનથી થઇને કેશમીર તરફ ગયા અને ત્યાં તે ઓની કબરનો બી પત્તો મલ્યો જેની બારીકે બારીક વીગત, કોરા નથી હદીસથી તથા જાણીતા તવારીખ નવેશોની કીતાબોથી સાબેત

કરી દેખાડયું તે પછી ખ્રીસ્તીઓનો એ અકીદો હતો જે ઇસા (અ) ખુદાના દીકરા હતા અને તેઓએ સઘલી આદમ જાતના આગલા અને પાછલા ગુનાહો બખશાવા સારૂ ખુશીથી પોતાનો જાન સલેબ પર આપ્યો અને પછી પાછા જીવતા થઇ આસમાન પર ચાલ્યા ગયા અને જે કોઈ તેઓના એ અકીદા પર ઇમાન લાવશે તે સરવે જંનતી થશે બાકીના સરવે દોઝખી થશે. અને એ તેઓનો અકીદો આખી દુન્યાના ખુણે ખુણામાં ફેલાવી લાખો લોકોને ખ્રીસ્તી બનાવે છે અને એ કામ સારૂ તેઓને યુરોપ અમેરીકાથી કરોડોની મદદ મળતી રહે છે. હીન્દુસ્તાનના નાહના મોટા શહેરો તથા ગામડાઓમાં ખ્રીસ્તી મીશીનરીઓ એજ ધંધો લઇ બેઠા છે અને અફસોસ આપણા ઇસલામી મોલવીઓ પોતાની અજ્ઞાનતાથી સાંબો તેઓને ટેકો મળે એવો અકીદો રાખે છે જેથી લાખો ઇસલામીઓ બી ખ્રીસ્તી થઈ ગયા. તેનુ સબબ એ છે જે ખ્રીસ્તી મીશીનરીઓ ઇસલામી મોલવીઓના મોંહોડે સરવે પેગમ્બરો કરતાં ખુદ રસુલુલ્લાહ (સ) કરતાં ઇસા (અ) ની ફઝીલત વધારે છે એમ સાબીત કરાવતા. તેઓ એ શરત કરતા કે જેના પેગમ્બરની બુઝરગી વધારે સાબીત થાય તેના પર ઈમાન લાવવું. હવે કહો તમારા પેગમ્બરને મકાના ઝાલીમોથી બચવા કુવા જેવા નીચા ગારમાં છુપવું પડયું હતું યા નહી જયારે અમારા પેગમ્બરને યાહુદી ઝાલીમોથી બચાવા ખુદાએ આસમાન પર ઉપાડી લીધો યા નહી ? બીજુ કહો તમારા પેગમ્બર વફાત પામ્યા છે અને મદીનામાં દફન થયા છે યા નહી જયારે અમારા જીવતા છે અને આસમાન પર જીવતા બેઠા છે યા નહી ? ઈસલામીઓ પોતાના શરમ ભરેલા ખોટા અકીદાને લીધે તેઓની બેઉ વાતો કબુલ કરતા. જયારે ખુદાતઆલાએ કોરાને શરીફમાં સાફ ફરમાવી દીધુ જે એ એક ઈનસાન છે ખાએ છે પીએ છે. દરેકને જમીન પરજ વસવું અને મરવું છે છતાં મોલવીઓ તેઓને આસમાન પર ૧૯૦૦ વરસ થઇ ગયા અને હજી ખુદા માલમ કેટલો વાર ખાધા પીધા વગર ખુદાની માફક અમર જીવતો રાખવા માંગે છે એ કેવો શીરકનો ગુનાહ છે. ખ્રીસ્તીઓ

ત્રીજો સવાલ એ કરતા કે કહો આખરી ઝમાનામાં આખી દુન્યાને તાબે કરવા કોણ આવશે અને એ વીશે તમારો શુ ઇમાન છે તો કહેતા જે તમારા પેગમ્બર ઇસા (અ) આસમાન પરથી આવશે એવો અમારો ઇમાન છે વગેરે. જયારે ભોળા ઇસલામીઓ ખુદ પોતાના મોલવીઓને તેઓની વાત કબુલતા જોએ તો પછી તેઓને ખ્રીસ્તી મીશીનરીઓના હાથમાં ફસાતાં કેટલી વાર લાગે ? અને અફસોસ એ કારણથી લાખો ઇસલામીઓ ખ્રીસ્તી થઇ ગયા અને તેઓ બી પાદરીઓનો ધધો કરી પોતાનો દાખલો દેખાડી બીજા ભોળા ઇસલામીઓને ફસાવતા. પણ જયારથી હઝરત મીરઝાસાહેબ મસીહ તરીકે જાહેર થયા ત્યારથી ખ્રીસ્તીઓનુ ખોટારૂ કોરાને શરીફથી સાબેત કરી દેખાડયું કે ઇસા (અ) આસમાન પર ગયાજ નથી પણ કેશમીરમાં ૧૯૦૦ વરસથી દફન થઇને પડયા છે અને હરગીઝ તેઓ આખરી ઝમાનામાં પાછા આવનાર નથી એટલું જ નહી પણ તમો જે કહો છો જે તમારા પેગમ્બરે ખુશીથી સલેબ પર જાન આપ્યો પણ ખુદ તમારી કીતાબમાં એ જણાવેલું છે જે ખોટો પેગમ્બર હોય તે સલેબ પર મારયો જાય. અને તે લાનતી મોતે મરે અને તેના રૂહની બુલંદી ન થાય અને તમારા હરીફો યાહુદીઓ એજ અકીદો રાખે છે અને તમે તેઓને મળતા થઇ તમારે મોહડે તમારા પેગમ્બરની બેઇઝતી કરો છો અને લાનતી મોતે મારો છો. ખ્રીસ્તીઓએ કહ્યું અમારા પેગમ્બર એક વખત જાન આપ્યો પણ પાછળથી જીવતા તો થયા. હઝરત મીરઝા સાહેબે જણાવ્યું જે તમો એક મીનીટ ખાતર બી તેઓ સલેબ પર મારયા ગયા એવુ કબુલશો તો તમારી કીતાબ મુજબ તમે તમારા પેગમ્બરની લાનતી મોત સાબીત કરશો. એ મુજબ એઓએ ખ્રીસ્તીઓના હુમલાથી ઇસલામને બચાવ્યું એટલુંજ નહી પણ સાંબે તેઓનો આખો કફારાનો અકીદો ખુદ તેઓનીજ કીતાબથી બાતલ કરી નાખ્યો. અને હઝરત મીરઝા સાહેબે એ તેઓનુ ખોટારૂ દુન્યાના ખુણે ખુણામાં એવો દેખાડી આપ્યો જે ખ્રીસ્તીઓના લારડ બીશપે આહમદીઓ સાથે એ બાબે વાદ વીવાદ કરવાનુ મનાનુ સરકયુલર બા-

હેર પાડયું. તેવીજ રીતે ઈસ્લામીઓને બી એ ખોટા અકીદાથી થતી ઇસલામની ખરાબી દેખાડી આપી અને કોરાન તથા હદીસથી સાબીત કરી દેખાડયું જે ઈસા (અ) વફાત પામી ચુકા છે તેઓને આસમાન ઉપર ઉપાડવામાં નથી આવ્યા અને તેઓ પાછા હરગીઝ આસમાન પરથી આવનાર નથી. માટે એ ખોટા અકીદા તરક કરો. એ મુજબ યાહુદીઓ ખ્રીસ્તીઓ તથા ઈસલામીઓના સલેબ બાબતના ખોટા અકીદા તોડયા. રસુલુલ્લાહ (સ) ના મસીહને આખરી ઝમાનામાં એ એક મુખ્ય કામ બજાવવું હતું. તે હઝરત મીરઝા સાહેબે બજાવી આપ્યું. હવે જ્યારે સલેબનો અકીદો એઓ મારફતે સાફ થઇ ગયો ત્યારે હવે બીજો કયો મસીહ આવનાર છે અને તે આવીને કરશે બી શું ? જ્યારે તેનુ કામ તો ખરા મસીહ હઝરત મીરઝા સાહેબે બજાવી દીધું. આ ઉપરથી કોઇ બી દાનેશમંદ વાંચનારને હઝરત મીરઝા સાહેબજ ખરા મસીહ છે તે વીશે જરા બી શક ન રહેશે કેમકે એઓએજ સલેબને ખોટો અકીદો બહુ સફાઇથી તોડી દુન્યાની ત્રણુ ભારે કોમ પર હેસાન કરયું કે જેના લીધે ત્રણે કોમના ઇમાનની ભારે ખરાબી થતી હતી. અને જેઓએ જાહેર થઇ એજ મુખ્ય કામ કરવું હતું. તે કરયું.

તેવીજ રીતે હઝરત મીરઝા સાહેબે ઇસલામી આલમને જેહાદના ખોટા અકીદાથી બચાવ્યા. ઇસલામીઓનો એ અકીદો હતો કે આખરી ઝમાનામાં એક ખુની મહેદી જાહેર થશે જે ઈસ્લામ સીવાયની સઘળી કોમોને ઇસલામ કબુલ કરવાની ફરજ પાડશે. નહીકા તરવારથી તેઓ સરવેની ગરદન ઉરાડી નાંખશે એટલું જ નહી પણ તે ખુની મેહદી ઇસલામના ૭૩ ફીરકામાંથી જે એક ફીરકામાંથી જાહેર થશે તે ફીરકાને છોડી બાકી આખી ઇસલામી આલમને કતલ કરી નાખશે. એ કેવી ત્રાસદાયક ખોટી તાલીમ ઇસલામી કહેવાતા મોલવીઓ આપે છે જ્યારે ખુદાતઆલા કોરાને શરીફમાં ખુલ્લુ ફરમાવે છે **લા ઇકરાહ ફીદીન** એટલે મઝહબમાં કંઇ જબર છેજ નહી. કેમકે ખરો તથા ખોટો માર્ગ પોતાના પેગ-

મ્બરો મારફતે દેખાડી આપ્યો. હવે જેને ખુદાનો ડર હોય તે સાચો માર્ગ પકડે. જો ખુદાને તલવારથીજ સરવેને મુસલમાન બનાવવા હતે તો પછી કયામત તથા જંનત દોઝખની બી શી જરૂરત હતી? તેમજ પેગમ્બરો બી શું કામ મોકલતે તે ચાહતે તો સરવેને એક પળમાં ઇસલામની હીદાયત આપી દેતે પણ ખુદાતઆલા પોતાના બંદાઓની અજમાયશ લેવા માંગે છે કે તેઓ દેખાડી આપેલા ખરે માર્ગે ચાલે છે યા નહી પછી તે મુજબ તેઓને બદલો મળશે. આગલા ઝમાનામાં આપણા નબી સાહેબને તથા એઓના માનનારાઓને જે લડવું પડયું હતું તે પોતાના બચાવ સારૂ હતું ન કે ઇસલામ ફેલાવા સારૂ. અગર તે ઝમાનામાં હાલની જેમ સરકારી કાયદા કાનુન હતે તો આગળ બી તેઓને લડવું ન પડતે. જયારે હાલ તો દુન્યાના સરવે સુધરેલે ઠેકાણે સરકારી કાયદા કાનુન છે. કોઇને આંગળી લગાડવાની તાકત નથી. હીન્દુસ્તાનમાં નોશીરવાવાનથી સરસ આદીલ બ્રીટીશ સરકારની સલતનત છે. દરેક મઝહબવાળાને પોતાનો મઝહબ છુટથી દરશાવવાનો હક બક્ષયો છે તેવા ઝમાનામાં ઇસલામી મોલવીઓ જેહાદની તાલીમ આપે એ ખુદાતઆલા તથા સરકારના ગુન્હેગાર થવું છે. અસલ વાત એ છે જે જેહાદ હાથથી ઝબાનથી તથા દીલથી થાય છે. આ ઝમાનામાં હાથમાં તલવાર લઇને નહી પણ હાથમાં કલમ લઇને જેહાદ કરવી છે જેની અસર દુન્યાના ખુણે ખુણા સુધી પહોંચે છે. અને ખુદા એવોજ જેહાદ માંગે છે તલવારનો જેહાદ નથી માંગતો. એટલુંજ નહી પણ રસુલુલ્લાહ (સ) એ સાફ ફરમાવી દીધું છે જે મસીહ મહેદી જંગના હથીયાર કાહડી નાંખશે (જુઓ સહી બુખારી પાનુ ૪૯૦) એ મુજબ હાલના મોલવીઓ એક તરફથી આવી ખોટી તાલીમ આપે છે જયારે બીજી તરફથી તેનાથી ઉંધો તાલીમ એ બતાવે છે કે તેજ ખુની મેહદી લોકોને તેઓ લઇ ન શકે તેથી ઉપરાંત ખઝાનો આપતો ફરશે. જયારે તે મેહદી આવો અખુટ ખઝાનો લાવી શરવેને આપશે ત્યારે એવો કોણ બેવકુફ હશે જે તેને મેહદી તરીકે ન કબુલી તેની સાથે લડીને પોતાનો જાન ખોહશે?

અફ્સોસ ઇસલામી આલમ એવા ઉલટા સુલટા ખોટા અકીદા ધરાવનારા મોલવીઓના હાથમાં ફસેલી છે જ્યારે એની ખરી મતલબ દુન્યાદારી ખઝાનો નથી પણ ખુદાનો આખેરતનો ખઝાનો છે. અને ઇસલામી આલમને એજ ખરા ખઝાનાની જરૂર છે અને તે રસુલુલ્લાહ (સ) ના ખરા મેહદી હઝરત મીરઝા સાહેબે કોરાન તથા હદીસોની સાબેતી સાથે તથા આગલા એવીજ મતલબના દાખલાઓ ટાંકી ખરો અર્થ સમજાવ્યો છે. યાહુદીઓને બી એવીજ રીતે ઇસા (અ) પાસેથી દુન્યાદારી સલતનત જોઇતી હતી પણ તેઓએ સમજાવ્યું જે ખુદાના પ્રતીનીધી પાસે દુન્યાદારી સલતનત નહી પણ ખુદાની આખેરતની સલતનત હોય છે પણ તેઓએ માન્યું નહી અને તેઓનો ઇનકાર કરી મગઝુબે અલયહીમ થઇ ગયા તેવીજ રીતે હાલની ઇસલામી આલમ તેજ ઠોકર ન ખાય તે સારૂ હઝરત મીરઝા સાહેબે વખતસરની ચેતવણી આપી આખી ઇસલામી આલમ પર હેસાન કરયો છે માટે ખુદાથી ડરનારા ઇસલામીઓ ચેતો અને એ મેહદી પાસેથી ખરો આખેરતનો ખઝાનો મેળવો.

હઝરત મીરઝા સાહેબ રસુલુલ્લાહ (સ) ના જેમ મસીહ છે તેમ મેહદી બી છે. મસીહ અને મેહદી ખેતાબો છે ઈસા (અ) ના સલેબનો અકીદો તોડવાના કામ સારૂ તેઓને મસીહનો ખેતાબ મુકરર થયો અને ઇસલામીઓના ખોટા અકીદાઓ દુર કરવા મેહદીનો ખેતાબ, જ્યારે ઇસલામીઓ મસીહ જુદો અને મેહેદી જુદો એવો અકીદો રાખે છે શું એકજ આસામી બે ઓધા ધરાવી નથી શકતો ? જેનો પુરાવો ઇસલામીઓની સતાવાર ઠરાવેલી સીહાસીતા માંહેલી ઇબને માજામાં રસુલુલ્લાહ (સ) ની મશહુર હદીસ એ છે કે **લા મહેદી ઇલ્લા ઈસા** એટલે ઈસા સીવાય બીજો કોઈ મેહદી છેજ નહી (જુઓ ઇબને માજા જીલદ બીજી પાનુ ૨૫૭) આ પરથી સાફ જણાયું કે ઇસલામીઓનો મહેદી જુદો હોવાનો બી અકીદો ખોટો ઠરયો. હવે એઓજ ખરા મેહદી છે તેની સાબેતીઓ સાંભળો.

રસુલુલ્લાહ (સ) ફરમાવે છે જે "અમારા મેહદીની સાબેતી અને સચાઈ સારૂ બે નીશાનીઓ મુકરર છે કે એના ઝમાનામાં રમઝાન માસમાં ગ્રહણની રાતોમાં પેહલી રાતના ચંદ્રગ્રહણ થશે અને વચલી તારીખમાં સુર્ય ગ્રહણ થશે કે જેવી નીશાનીઓ જ્યારથી આસમાન અને ઝમીન પેદા કરવામાં આવ્યા છે ત્યારથી કોઇ બી દાવાદારના વખતમાં ન થયા હશે" અને તેજ મુજબ ખરા મેહદી હઝરત મીરઝા સાહેબનાં જમાનામાં હીજરી ૧૩૧૧ ના રમઝાન માસમાં અને ઇસ્વી ૧૮૯૪ માં એપ્રીલ માસમાં થયું. હવે જ્યારે રસુલુલ્લાહ (સ) ની જણાવેલી નીશાનીઓ મુજબ એઓની સચાઇ સાબેત થઇ ત્યારે હવે કોઇને બી ઇનકાર કરવાનો શો હક રહ્યો ?

રસુલુલ્લાહ (સ) બીજી નીશાની એ ફરમાવે છે જે " મહેદીના ઝમાનામાં તાઉન (પલેગ) થશે. તે નીશાની ૨૦ વરસ થયા ત્રાસ આપીને ચેતવી રહી છે. હજી બી આંખો ખોળો ચેતો અને માનો. એમાં બીજી ખુબી અને મોજેઝો તો એ છે જે હઝરત મીરઝા સાહેબે પોતાના ઝમાનામાં જે બનાવો બનશે તેના ખુદા તરફથી જે ઇલહામ પામતા તે તુરતા તુરત છાપીને બાહેર પાડતા અને એ તેઓની મશહુર કીતાબ બરહાને આહમદયામાં પ્રગટ કરી ઇશલામી આલમને આજથી ૩૦-૩૫ વરસ અગાઉથી જાહેર કરી દીધું હતું જે વખતે હીંદુસ્તાનમાં બ્યુબોનીક પલેગનુ કદી નામ વટીક કોઇએ સાંભળ્યું ન હતું એ કીતાબની સેંકડો નકલ હજી બી એઓના વીરોધીઓના હાથમાં મોજુદ છે એટલુંજ નહી પણ એની નકલો શરકારમાં તથા લનદનના મ્યુઝીઅમમાં તેજ વખતે મોકલવા આવી હતી કે એની સચાઇ વીસે કોઇને કદી શક નહી ઉપજે. શું કોઇ ખોટો શખસ આત્રી હીમત કરી શકે ? અને અગર એવી હીમત કરે તો બી શું ખુદા એવા ખોટાને મદદ કરવા આબાદ તે નીશાનીઓ પ્રગટ કરે ? અને ખુદ અલાતઆલા આખી દુન્યાને ગુમરાહ થવા મદદ કરે ? બલકે ખોટા શખસના મનમાં તો એજ ધાસ્તી રહે જે મારી જાહેર કરેલી એવી ભારે નીશાની-

ઓ જાહેર ન થઇ તો ખુદ મારી પોતાની કીતાબોથીજ હું પકડાઇ આવીશ. જુઓ ૧૩૦૦ વરસ ઉપર રસુલુલ્લાહ (સ) એ બતાવેલી નીશાનીઓ આબાદ એઓના ઝમાનામાં પુરી થાય છે અને તે પુરી થશે તેની આગળથી કીતાબ મારફતે એઓએ જાહેરાત આપી છતાં કોઈ એઓપર ઇમાન ન લાવશે તે ખુદાતઆલાને શું જવાબ આપશે ?

રસુલુલ્લાહ (સ) એ ફરમાવ્યું જે " મેહદીના ઝમાનામાં આસમાનપર પુછડયો તારો નીકલશે " જે સરવેને જગ જાહેર છે જે કેવો મોટો તારો આજથી ૩૧ વરસની વાત ઉપર ૧૮૮૪ માં દેખાયો હતો.

રસુલુલ્લાહ (સ) એ બીજી એ નીશાની બનાવી કે મેહદીના ઝમાનામાં ઉંટ નકામાં થઇ પડશે અને તેના બદલામાં બીજી સવારી નીકલશે. હવે અરબસ્તાનનાં મુલકોમાં સેંકડો વરસોથી સરવે કારો બાર ઉંટ મારફતેજ ચાલતો હતો. રસુલુલ્લાહ (સ) ૧૩૦૦ વરસ ઉપર જે વાત કહી હતી તે આબાદ આ ઝમાનામાંજ કેવી પુરી થઇ ગઇ અને તે તરફના મુલકોમાં રેલવે ચાલુ થઇ ચુકી છે. એ પ્રાણી ત્યાં બહુજ ઉપયોગી હતું. જેના વગર માણુસોની તથા માલની આવ જાવ બંધ થઇ જાય એવું પ્રાણી સદંતર રદ થઇ પડસે અને એનો કાંઇ જરૂર ન પડશે તે સાંભળીને ખચીત કોઇને બી તાજુબી ઉપજે તે રહી રહીને છેક હમણા આબાદ એ મહેદીના ઝમાનામાં ખરૂં પડયું. એ વીસે વધુ વીગત એ ફરમાવી જે વરસોની સફર મહીનાઓમાં થશે, મહીનાની સફર અઠવાડયામાં થસે, અઠવાડયાની સફર દીવસોમાં થશે, અને તે સવારી રાત દીવસ ચાલસે, તે દીવસના વખતમાં બી થોબસે અને રાતના વખતમાં બી થોભસે (એટલે રેલવે ટ્રેન જેમ દીવસના તેમ રાતના સ્ટેશનો પર તેમ જંકશનો પર થોએ છે તે) એવી રીતે અસલના ઝમાનાથી પેગમ્બરો જે ચીજની પેશગોઇ કરતા તેનુ રૂપ ખુદાતઆલાના ગેબી શબ્દોમાં કહેતા અને જ્યારે તે પેશગોઇ પુરી થઇ જતી

ત્યારે તે વખતના ઇનસાનો ને તેનો ખરો અર્થ તે વખતના ખુદા ના પ્રતીનીધી જે તેઓમાં જાહેર થતો તે તેઓને સમજાવતો. તે વખતે ખુદાથી ડરનારા બંદાઓ કોણ છે તે તેઓની તાબેદારી અને નાફરમાનીથી જાહેર થઇ જતું એ ખુદાનું ચાલતો આવેલો અજમાયશનો તરીકો છે.

બીજું રસુલુલ્લાહ (સ) એ ફરમાવ્યું જે દજ્જાલ નીકલશે તેનો સફેદ ગધેડો હશે તેની સાથે નેહર હશે. અને આગ હશે. અને તેની સવારી વાદલ તથા હવાની માફક દોડશે. અને લોકોને દરયામાં નાખી દેશે (એટલે દરયામાંથી પસાર કરસે) અને પુરવના લો-કોને પશચીમ લઈ જશે. એ રેલવે અને સ્ટીમરને લાગુ પડે છે સફેદ ગધેડો એટલે ફરસ્ટ કલાસનો દબો સમજવો. નેહર અને આગ હશે તે પાણીના નળ છે અને આગ જે એનજીનમાં રહે છે તે. હવે એ દજ્જાલ કોણ છે તે વીશે આપણે તપાસ કરીયે. ઇસ લામીઓ તેને એક અજબ તરેહનો રાક્ષસી શખસ ધારે છે પણ એનો ખરો અર્થ બીજી હદીસો તથા ખુદ કોરાને શરીફથી ખુલ્લો થાયછે. જેમકે અબુ હરીરાથી રીવાયત છે કે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું કે "આખરી જમાનામાં દજ્જાલ નીકલશે જેના લોક દુન્યાને દીનમાં મેળવશે" બુખારી તથા મુસલીમ હદીસમા રસુ લુલ્લાહ (સ) ફરમાવે છે જે "એવો કોઇ નબી ન હશે જેણે પો તાની ઉમતને કાણા દજ્જાલથી ચેતાવ્યો ન હોય જે બહુ ખોટુ બો લનારો છે" એ પરથી જણાયું કે એ કોઈ નવો પ્રાણી નથી પણ હમેશા હર નબીએ ચેતવેલો જુઠાઓનો ટોળો છે. વલી રસુલ્લાહ (સ) ફરમાવે છે જે " દજ્જાલ શીવાય તમારા શારૂ વધુ ખોફનાક ચીજ કોઈ નથી અગર તે નીકળે તે વખતે હું મોજુદ હોવશ તો હું તેનાથી મુકાબલો કરીશ અગર તે એવા વખતમાં નીકળે કે જે વ ખતે હું ન હોવશ તો દરેક ઇનશાન પોતે તેનાથી મુકાબલો કરશે (મુશલીમ તીરમજી) અગર તે કોઇ રાક્ષશી શખશ હતે તો દ રેક શખસ તેનાથી કેમ મુકાબલો કરી શકતે ? એજ દેખાડે છે કે તે

સાધારણ માણસ છે ને તે જુઠો ખોટો અકીદો શખનાર હોવાથી હરકોઈ શખસ તેને માહતં કરી શકસે. વલી રસુલુલ્લાહ (સ) ની બુખારી તથા મુસલીમની હદીસથી જાહેર છે જે "જે શખસ સુરે કહફની પેહલી દસ આયત યાદ કરસે તે દજાલના ફીતના થી બચી રહેસે."

હવે કોરાને શરીફમા એ આયતો જોશો તો ઈસાઇઓ ઈસા (અ)ને ખુદાનો છોકરો કહે છે તે ખોટા છે. ગુમરાહ લોક છે અને એઓનો ઝોર એટલો વધી જશે કે કોઈ કોમ તેના ફીતના થી બચી નહી શકસે વગેરે એને લગતી બાબત છે હવે એ ઉપર થી કોઈબી આસાનીથી સમજી શકસે કે તે ખ્રીસ્તીઓનો પાદરી ઓનો ટોળો છે જેઓ પોતાના મઝહબ સંબંધી ખોટું સમજાવી ગુમરાહ કરતા ફરે છે અને આખી દુન્યાની કોમોના લોકોને પોતા ના મઝહબમાં લેવાનો ધંધો લઈ બેઠા છે. હવે રસુલુલ્લાહ (સ)એ બીજુ એ ફરમાવ્યુ જે "તે કાણો છે અને તેની સાથે જંનત તથા આગ જેવું હશે જેને તે જંનત કહેશે તે હકીકતમાં આગ હશે." એ કાણો છે એટલે ખ્રીસ્તીઓ વેપાર ધંધો તથા શોધ ખોળ હુનર કારીગરીમાં બહુજ હુશયાર છે એ તેઓની એક આંખ સારી છે બીજી આંખે કાણો છે એટલે એવી હુશયાર કોમ હોવા છતાં ધરમ સંબંધી બાબતમાં આંધળી છે. તેથીજ એઓ જે કહે છે જે ઈસા (અ) ખુદાના છોકરા છે એમ માનો તો તમને જંનત મળસે તે વીસે રસુલુલ્લાહ (સ) ફરમાવ્યું જે જેને તે જંનત કહેશે તેને દોઝખ સમજવું તે તદન બરાબર છે.

બીજું એના વીસે એ કહેવામાં આવ્યું છે જે એના કપાળ ઉપર કાફર બોલ લખેલો હસે. હવે કોઈ ઈનસાનના કપાળપર કાંઇ લખેલું રહેતું નથી પણ તેની મતલબ એ છે જે તેને જોતાંજ કોઈ ઓળખી લેશે હવે ખ્રીસ્તી પાદરીની ટોપી એવી છે જે એને જોતાં જ કોઈબી દુરથીબી ઓલખી લેશે કે તે એઓ નામદાર છે. બીજુ

દજ્જાલને લાંબા કાન હશે. એટલે તેની મતલબ લાંબેથી સાંભળી શકસે. જે ટેલીફોન મારફતે છે. જે સરવેંની શોધ એજ કોમ તરફથી થઈ છે.

બીજું એના વીસે એ કહેવામાં આવ્યું જે એ મકા મદીનામાં દાખલ નહી થશે. તે ખરૂં છે જે, ખ્રીસ્તી પાદરીઓ અરબોના મુલકમાં જવાની હીમત નથી કરતા. એવી રીતે હઝરત મીરઝા સાહેબે દજ્જાલ વીસેનો ખરો ભેદ જાહેર કરી ઈસલામી આલમને એક મોટા શીરકના ગુનાહથી બચાવ્યા કેમકે ઈસલામીઓ તો દજ્જાલને એક એવો ખુદાઈ શકતીવાળો શખસ સમજતા હતા કે તે જે ચાહે તે કરી શકે તેની પાસે ખરેખરી જંનત અને દોઝખજ સાથે હોવાનુ સમજે તો પછી બાકી શું રહ્યું ? ખુદા જેવી શકતી બીજો કોઈબી ધરાવી શકે એવો અકીદો રાખવો તેજ શીરક છે. તેથી ખુદા તઆલાએ રસુલુલ્લાહ (સ) ના મસીહ અને મેહેદી મારફતે ઈસલામીઓને એ ભારે ગુનાહ ભરેલા અકીદાથી બચાવી લીધો. બાકી જે લોકો યાહુદીઓ માફક બોલેબોલ મુજબનો દજ્જાલ આવે તોજ માન્યે એવો અકીદો રાખશે તે તેઓના જેવાજ મગઝુબે અલયહીમ થશે. માટે ખુદાથી ડરી પોતાની ઝીદ છોડવી તેમાંજ પોતાની આખેરતની બહેતરી છે.

રસુલુલ્લાહ (સ) એ બીજી નીશાની એ બતાવી જે “ આખરી ઝમાનામાં લોકોની હાલત એવી થઈ ગઈ હશે કે ઈસલામ ફક્ત નામનોજ રહી ગયો હશે. કોરાન પણ રસમી તોરથી પઢવામાં આવશે. મસજીદો ખુબ આબાદ હશે પણ તેમાં હીદાયતનો રસ્તો ન હશે. તે વખતે આલીમો એવા હશે જે આસમાનની નીચે તેઓથી ખરાબ લોક બીજા કોઈ ન હશે જે કાંઈ ફસાદ ફીતના થશે તે તેઓથીજ નીકળશે ” રસુલુલ્લાહ (સ) ની એ પેશગોઈબી કેવી આબાદ સાચી નીવડી છે. આલીમો કેવા ખોટા અકીદા રાખે છે. લોકોને કોરાન રસમી તોરથી ફક્ત પઢવા શીખવે છે પણ તેનો

અર્થ કાઢવાની મના કરે છે જેથી લોકો ઈસલામનો ખરો મઝહબ ભુલી ગયા ને નામનો મઝહબ તેઓના હાથમાં રહી ગયો છે તે દરેક દાનેશમંદ ઈસલામી પોતાની નઝરો નઝર જુએ છે. માટે એ વીસે વધુ લખવાની જરૂર નથી.

રસુલુલ્લાહ (સ) એ બતાવેલી બીજી સેંકડો નીશાનીઓ જાહેર થઈ ચુકી છે ને જે બાકી રહી છે તે પોતાના વખત ઉપર એક પછી એક જાહેર થતી જાય છે.

હજી બી કોઈને શક હોય તો જુઓ રસુલુલ્લાહ (સ) ફરમાવે છે જે " મહેદી એક ગામ જેનો નામ કાદયા હશે (હાલ એ ગામનુ નામ કાદયાન થઈ ગયું છે) (ત્યાંથી) નીકલશે અલ્લાહ તઆલા તેને સાચો ઠેડવશે અને દુરદરાઝ શહેરોથી એની પાસે લોકો જમા થશે " હવે એથી વધારે સાબેતી શું જોઈએ ? રસુલુલ્લાહ (સ) ના ફરમાવેલા ગામમાંથી જાહેર થયા અને દુન્યાના ખુણેખુણાથી લાખો લોકો તેઓની પાસે આવ્યા અને તેઓની જમાતમાં દાખલ થયા. હજી બી સેંકડોના હીસાબે દાખલ થયા કરે છે જેને જોઈએ તે જઈને ખાત્રી કરી લે.

એઓપર ઈમાન લાવી એઓની બઈઅતમાં દાખલ થવા વીસે રસુલુલ્લાહ (સ) કેવી સખત તાકીદ ફરમાવે છે તે સાંભલો "જ્યારે સાંભલો કે મહેદી આવ્યો છે તો તેની બઈઅતમાં દાખલ થાઓ જો તેથી તમને ભલે હાથથી યા પેટના બલથી બરફ પર કાય નહી ચાલવું પડે " એ હદીસ સતાવાર ઠડાવેલી સીહાસીતા માહેલી મોતેબર સહી મુસલીમની હદીસ છે. આવી સખત તાકીદ છતાં જે શખસ રસુલુલ્લાહ (સ) ના એ ફરમાનનો અનાદર કરશે તેનો કયામતમાં શું હાલ થશે તે લખવા કરતાં કોઈબી આસાનીથી સમજી શકશે. અગર એ મોગમમાં કહેલું કોઈ ન સમજી શકે તો સાંભલો તે શખસ વીસે રસુલુલ્લાહ (સ) ફરમાવે છે " જે મેહદીને જુઠ

લાવશે તે બેશક કાફર ઠરશે અને જેણે દજ્જાલને જુઠલાવ્યો તેણે બરાબર જુઠલાવ્યું'' જુઓ એઓને ન માનનારા એટલે એઓની બઈઅતમાં ન દાખલ થનારાઓને રસુલુલ્લાહ (સ) કાફર ઠરાવે છે. અને કાફર વીસે ખુદાતઆલાએ કોરાને શરીફમાં ખુલ્લું ફરમાવી દીધું છે જે તેના સરવે આમાલ રદ છે અને તે હમેશા અને હ મેશા દોઝખમાંજ રહેસે. ઈસલામી ભાઈઓ તમો તમારા પોતાના જાન પર રહેમ કરો તમારા કુટુંબ કબીલાના જાનોપર રહેમ કરો. તમારા પોતાના એકના સારા અથવા નરસા પગલા પર બીજા કેટ લા જાનોની ભલાઈ અથવા ખરાબી લટકેલી છે તેનો ખ્યાલ કરો. દુન્યાના ચાર દહાડા નીકલી જશે પણ જરા ગફલતીથી અંત વગર નો પશતાવો કરવો પડશે તેનો ખ્યાલ કરો. ઓ પાક પરવરદીગાર ઓ રહેમાનો રહીમ તું સરવે ઈસલામી ભાઈઓ પર રહેમ કર. એ ઓની આંખોના સામેનો પરદો દુર કર. અને તારી '**સેરાતલ મુસ્તકીમ**'ની નેક હીદાયત બક્ષ. આમીન સુમ્મ આમીન યા રબ્બી લ આલમીન.

